ગુજરાતની પાંચ પછાત જાતિઓનો પરિચય

(બક્ષીપંચ સૂચિત જાતિઓમાંથી)

સંપાદકો
ડૉ. ઠાકોરભાઈ નાયક
મુસ્તાઅલી મસવી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ ૩૮૦ ૦૧૪

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશન માળા પુ. ૨૬

ગુજરાતની પાંચ પછાત જાતિઓનો પરિચય

(બક્ષીપંચ સૂચિત જાતિઓ)

સંપાદકો :
ડૉ. ઠાકોરભાઈ નાયક
મુસ્તાઅલી મસવી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ ૩૮૦ ૦૧૪

પ્રકાશક

વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગુજરાત વિદ્યાપીઠ મંડળ
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક

પ્રકાશન મંદિર
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

સર્વ હક્ક ગુજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે

પહેલી આવૃતિ : પ્રત ૫૦૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૧૪

કિંમત રૂા. ૫૦-૦૦

માર્ચ, ૧૯૮૮

આવકાર

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાય ભારતની વસ્તીનાં કેટલાંક જૂથો પણ સામાજિક, આર્થિક, શૈક્ષણિક કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ છે. પછાતવર્ગના રક્ષણ માટે સંવિધાનમાં કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. આ ખાસ જોગવાઈઓ આ જૂથોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાનો સ્વીકાર તેમ જ તેમના કલ્યાણ માટે ખાસ પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂકે છે. રાજ્ય કક્ષાએ પણ વખતોવખત પછાત-વર્ગોના વર્ગીકરણ માટે કમિશનો કે સમિતિઓ નિમવામાં આવી હતી.

ગુજરાત રાજ્યે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ સિવાય બીજા પછાતવર્ગોના હિતોના રક્ષણ માટે ૧૯૭૨માં પછાતવર્ગ બોર્ડની રચના કરી હતી અને પછાતવર્ગની જાતિઓના વર્ગીકરણ માટે ૧૯૭૨માં હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અને કાયદા કમિશનના અધ્યક્ષ શ્રી એ. આર. બક્ષીના અધ્યક્ષપદે એક કમિશનની નિમણૂક કરી હતી. આ કમિશને જુદા જુદા અભિગમોનો ઉપયોગ કરી એમાંથી તરી આવતી હકીકતોની તપાસ અને ચકાસણી કરી ૮૨ પછાત કોમોની યાદી તૈયાર કરી હતી. બક્ષીપંચ સૂચિત આ ૮૨ કોમો વિશે વૈજ્ઞાનિક પદ્ધતિથી કોઈ અભ્યાસ થયો નહોતો. ગુજરાત પછાતવર્ગ બોર્ડની કચેરી દ્વારા ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આ જાતિઓમાંથી છનો વૈજ્ઞાનિક પદ્ધતિથી સઘન અભ્યાસ કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. કેન્દ્ર દ્વારા દરેક જાતિનો અલગ અલગ અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરી બોર્ડને સોંપવામાં આવ્યો હતો. આ બધી જાતિઓનો વિસ્તારપૂર્વક અભ્યાસ પ્રસિદ્ધ કરવાનું શકય નહોતું તેથી કેન્દ્ર દ્વારા આ છ જાતિઓમાંથી

પાંચ જાતિઓના અભ્યાસનો સારસંચય તૈયાર કરી પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં ગૂજરાત વિદ્યાપીઠને આનંદ થાય છે. અગાઉ આ કેન્દ્ર દ્વારા શ્રી કાકાસાહેબ કાલેલકરનાં પછાતવર્ગ વિષેનાં મંતવ્યો અને બક્ષીપંચ સમિતિની ભલામણોના અહેવાલનો સારસંચય રજૂ કરતું પુસ્તક **'પછાતવર્ગો વિશે બે મનનો'** નામે પ્રસિદ્ધ થયેલું છે. તેના અનુસંધાનમાં આ પુસ્તક દ્વારા પાંચ પછાત જાતિઓના સઘન અભ્યાસના અહેવાલનું સારદોહન એકી સાથે રજૂ કરવાનો પ્રયાસ છે.

આ સાર પ્રગટ કરવા પાછળની દૃષ્ટિ એ છે કે પછાત જાતિઓના તત્કાલીન આર્થિક-સામાજિક સ્થિતિ અને પ્રશ્નો પર ઉપલબ્ધ સત્તાવાર માહિતી તથા એ પ્રશ્નોને સમજવા માટે જરૂરી દૃષ્ટિ અભ્યાસીઓને અને વિશેષ કરીને પછાત કોમોમાં કામ કરતા કાર્યકર્તાઓને પૂરી પાડવી. આ દૃષ્ટિએ આ પુસ્તક સંશોધનકારો, વહીવટકર્તાઓ, નીતિ ઘડનારાઓ અને સામાજિક કાર્યકરો સૌને ઉપયોગી નીવડે એવી આશા છે.

આ અહેવાલનું સંયોજન કરવા માટે ડૉ. ઠાકોરભાઈ નાયકનો અને શ્રી મુસ્તાઅલી મસવીનો આભાર માનું છું.

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪
તા. ૩૧–૩–૧૯૮૮

રામલાલ પરીખ
કુલનાયક

પ્રસ્તાવના

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાય ભારતની વસ્તીનાં કેટલાંક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા પાછળ છે. પછાતવર્ગના રક્ષણ માટે સંવિધાનમાં કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. પછાતવર્ગના રક્ષણ માટે ગુજરાત રાજ્યે ૧૯૭૨માં પછાતવર્ગ બોર્ડની રચના કરી. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અને કાયદા કમિશનના અધ્યક્ષ શ્રી એ. આર. બક્ષીના અધ્યક્ષપદે એક કમિશનની નિમણૂક કરી હતી. આ કમિશને ૮૨ કોમોને પછાતવર્ગની યાદીમાં સમાવિષ્ટ કરી હતી. આ કોમો અંગે ત્રુટક ત્રુટક માહિતી 'સૌરાષ્ટ્રની પછાત કોમો' નામના પુસ્તક અને ગૅઝેટિયરોમાં ઉપલબ્ધ હતી. પરંતુ એમના વિષે કોઈ વ્યવસ્થિત રીતે વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ થયા નહોતા. ગુજરાત સરકારના પછાતવર્ગ બોર્ડે બક્ષી પંચની અમુક જાતિઓની સામાજિક–આર્થિક સ્થિતિ તેમ જ તેના તાત્કાલિક પ્રશ્નોના અભ્યાસ અંગે ગૂજરાત વિદ્યાપીઠને પ્રસ્તાવ મૂક્યો હતો અને ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી કેન્દ્રે આ જાતિઓના અભ્યાસની તત્પરતા દર્શાવી હતી. આથી ગુજરાત સરકારે ૮૨ જાતિઓમાંથી છ જાતિઓ મિયાણા, વાઘેર, ખારવા, ઠાકોર, છારા અને વાઘરી જાતિના અભ્યાસની જવાબદારી કેન્દ્રને સોંપી હતી. આ માટે એમણે સારું એવું અનુદાન આપ્યું હતું. કેન્દ્રે પછાતવર્ગ બોર્ડે જણાવેલ સમયમર્યાદામાં આ કોમોનો અભ્યાસ કરી તેનો સંપૂર્ણ અહેવાલ બોર્ડને સોંપ્યો હતો.

કેન્દ્ર દ્વારા દરેક જાતિનો સમગ્ર અહેવાલ તૈયાર કરવામાં આવ્યો પરંતુ બધા અહેવાલો પ્રસિદ્ધ કરવાનું શકય નહોતું. આથી કેન્દ્રે

દરેક અહેવાલનો સાર પ્રગટ કરી તેને પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું. આ રીતે આ પુસ્તક પાંચ પછાત જાતિઓ વિષેના મૂળ અહેવાલના સાર રૂપે પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ અહેવાલો તૈયાર કરવાની તેમ જ સારદોહન તૈયાર કરવાની જવાબદારી કેન્દ્રના સેવકોએ ઉપાડી લીધી હતી.

આ અગાઉ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રે પછાતવર્ગ કોને કહેવાય તથા તેમના આર્થિક, સામાજિક વિકાસ માટે શું કરવું જોઈએ એ અંગે ૧૯૫૩માં ભારત સરકાર દ્વારા નીમાયેલ કાલેલકર પંચ અને વર્ષ ૧૯૭૨માં ગુજરાત સરકાર દ્વારા નીમાયેલ બક્ષીપંચ અહેવાલોનું સારદોહન 'પછાતવર્ગો વિશે બે મનનો' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. પ્રસ્તુત પુસ્તક તેના અનુસંધાનમાં ગણી શકાય.

ગુજરાત વિદ્યાપીઠમાં સમાજવિજ્ઞાનના ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશ લે છે. એમનો આખો અભ્યાસક્રમ આદિવાસીઓ, હરિજનો અને પછાતવર્ગોની સમસ્યાઓની એમને સમજ રહે એવો બનાવવામાં આવેલ છે. એના મુખ્ય પુરોધા શ્રી રામલાલ પરીખ છે. સમાજવિજ્ઞાનના વિદ્યાર્થીઓ અને વિકાસ સાથે સંકળાયેલા સરકારી તેમ જ બિનસરકારી અધિકારીઓને પણ વાંચવા વિચારવા કંઈક સારું સાહિત્ય મળે એ વિચારથી પછાત જાતિનો પરિચય કરાવતું આ પુસ્તકનું અમે સંપાદન કર્યું છે.

સૌ પ્રથમ પછાતવર્ગ બોર્ડે કે જેમણે આ કાર્ય અમને સોંપ્યું અને નાણાંકીય સહાય આપી તે બદલ અમે તેમના આભારી છીએ. બોર્ડના તે સમયના અધ્યક્ષ શ્રી લાલચંદભાઈ રહેવરે એમની ચર્ચા દરમિયાન અમને રાહબરી આપી ખૂબ જ પ્રોત્સાહન આપ્યું અને પછાતવર્ગના સમાજશાસ્ત્રની સાચી સમજ પાડી. તે સમયના બોર્ડના સચિવ શ્રી કુરુવાએ અમારા અહેવાલના ઘણા મુદ્દાઓ વિષે ઉપયોગી

સૂચનો કર્યાં હતાં. એમનો બહોળો વહીવટી અનુભવ અને સમાજ-કાર્યની પાર્શ્વભૂમિ અમને પણ માર્ગદર્શક બન્યાં હતાં. આ બંને મહાનુભાવોના તથા ગુજરાતના આદિવાસી વિકાસ અને સમાજ કલ્યાણ ખાતાના અમે ઋણી છીએ.

આ અભ્યાસના અહેવાલ તૈયાર કરનાર તેમ જ સળંગ અહેવાલમાંથી સારસંચય તૈયાર કરનાર કેન્દ્રના મારા સાથી મિત્રોના ઘણા જ આભારી છીએ. જે અભિપ્રાયો છે તે મૂળ લેખકોના છે. મૂળ લેખકો સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ હોઈ સંબંધિત જાતિઓ પ્રત્યે સહાનુભૂતિ અને સૌહાર્દ રાખે છે. આ ગુણો વિજ્ઞાનના અભિગમથી સભર છે. છતાંય કયાંક કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ તેઓ ક્ષમાભાજન છે. સંપાદનમાં કેન્દ્રના સંશોધન અધિકારી શ્રી મુસ્તાઅલી મસવી ઘણા મદદરૂપ થયા છે. આ સર્વનો હું ઘણો આભારી છું. કુલનાયક શ્રી રામલાલ પરીખે પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે, વિચારોની આપ-લે તથા નીતિમૂલક માર્ગદર્શનથી અમને ઘણો જ લાભ પહોંચાડયો છે. એમનો હું સનાતન ઋણી છું. શ્રી વિનોદભાઈ ત્રિપાઠીએ અમારા દરેક પ્રશ્નને તરત હલ કરી અમારો માર્ગ પ્રશસ્ત બનાવ્યો છે. તેમના જેવા સન્મિત્રના અમે સદૈવ આભારી છીએ. ક્ષેત્રમાંની બધી વ્યક્તિઓના પણ અમે આભારી છીએ.

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪
તા. ૩૧-૩-૮૮

ઠા. ભા. નાયક

અનુક્રમણિકા

આવકાર

પ્રસ્તાવના

પ્રકરણ		પૃષ્ઠ
૧	પછાત જાતિઓ	૧
૨	મિયાણા	૧૨
૩	વાઘેર હિન્દુ–મુસ્લિમ	૭૫
૪	ખારવા	૧૪૫
૫	ઠાકોર	૨૦૪
૬	છારા	૨૬૫
	પરિશિષ્ટ–૧	૩૧૩

બક્ષીપંચ સૂચિત પછાત જાતિઓની યાદી

ગુજરાતની પાંચ પછાત જાતિઓનો પરિચય

સંપાદકો

ડૉ. ઠાકોરભાઈ નાયક

શ્રી મુસ્તાઅલી મસવી

પછાત જ્ઞાતિઓ

પ્રાસ્તાવિક

ભારતની વસ્તીનાં કેટલાંક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ છે. આવું સ્પષ્ટ દર્શન આઝાદી મળતાં અગાઉ જ આપણને થઈ ગયું હતું. આઝાદી પ્રાપ્ત થતાં સંવિધાનમાં ઘડવૈયાઓનું ધ્યાન એ તરફ દોરાયું અને એમણે આ વર્ગોના રક્ષણ માટે અને તેમની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવાનું ઈષ્ટ માન્યું હતું. તત્કાલીન પછાત વર્ગોમાં અનુસૂચિત જાતિઓ (શિડ્યુલ્ડ કાસ્ટ્સ) અને અનુસૂચિત જનજાતિઓ (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) સૌથી વધુ જાણીતી હતી. આ બે વર્ગોનાં હિતોનો સંવિધાનમાં વિશેષ રૂપે ઉલ્લેખ કરાયો છે. સૌને રક્ષણ આપવામાં આવ્યું છે.

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાય સામાજિક સ્તરે પછાત હોય અને પછાત ગણી શકાય તેવી કેટલીક જાતિઓ, કોમો હતી; જે વર્ષોની કચડાયેલી, ગુલામી દશા ભોગવતી, ગરીબાઈમાં સબડતી હતી. સંવિધાનની કલમ ૧૫(૪), ૧૬(૪) ૩૩૮(૩) અને ૩૪૦(૧)માં આવા વર્ગોનો "પછાત વર્ગો" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંવિધાનની કલમ (૪૬) રાજ્ય સરકારને સમાજના નબળા વિભાગો અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક હિતોને ખાસ કાળજીપૂર્વક ઉત્તેજન આપવા તેમજ તેમને સામાજિક અન્યાય તથા સઘળા પ્રકારનાં શોષણ સામે રક્ષણ આપવા ફરમાવે છે. કલમ ૧૫(૪), સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાતવર્ગોના વિકાસ માટે અથવા અનુસૂચિત જાતિઓ અને

અનુસૂચિત જનજાતિઓ માટે ખાસ જોગવાઈ કરવાની રાજ્યને સત્તા આપે છે. એ જ રીતે કલમ ૧૬(૪) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ રાજ્ય સરકારની હેઠળની સેવામાં પ્રતિનિધિત્વ ન ધરાવતા પછાત વર્ગના નાગરિકો માટે નિમણૂકો અથવા જગ્યાઓ અનામત રાખવાને લગતી બાબતમાં અપવાદની જોગવાઈ કરે છે. પછાત વર્ગોનાં રક્ષણ માટે સંવિધાનમાં કરાયેલી આ ખાસ જોગવાઈઓ આ વર્ગોના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણાના સ્વીકાર તેમજ તેમના કલ્યાણ માટે ખાસ પ્રયાસોની સઘન આવશ્યકતા પર ભાર મૂકે છે.

આપણા દેશમાં પછાતપણાના પ્રશ્નની તપાસ કરવાની આવશ્યકતા ઘણાં વર્ષોથી અનુભવાય છે. અત્રે એ જણાવી શકાય કે ભારતના રાષ્ટ્રપતિએ સંવિધાનની કલમ ૩૪૦ અન્વયે ૧૯૫૩માં પછાત વર્ગ કમિશનની નિમણૂક કરી હતી, જેમાં એવી જોગવાઈ હતી કે એ કમિશને ભારતીય પ્રદેશમાં સમાજના કોઈ પણ વિભાગને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત ગણવો કે કેમ એ વિચારતી વખતે અપનાવવાનો માપદંડ નક્કી કરવો અને આવા માપદંડ મુજબ આ વર્ગોની એક યાદી તૈયાર કરીને આવા પછાત વર્ગોની સ્થિતિ અને તેમના દ્વારા ઉઠાવાઈ રહેલ પરિશ્રમમાં એમને નડતી મુશ્કેલીઓ તપાસવી અને એમની સ્થિતિ સુધારવા માટે લેવા જેવાં પગલાં અંગે ભલામણો કરવી.

પછાત વર્ગ માટેના કમિશનનો અહેવાલ તા. ૩૦ મી માર્ચ, ૧૯૫૫ના રોજ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલ અંગે લેવાયેલાં પગલાં દર્શાવતા રાષ્ટ્રપતિના યાદી પત્ર સાથે તે સંસદનાં બંને ગૃહ સમક્ષ તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૫૬ ના રોજ મૂકવામાં આવ્યો હતો.

આ અહેવાલમાં એના સભ્યો વચ્ચે પછાતપણાની વ્યાખ્યા કરવા

બાબત સારી એવી મતભિન્નતા હતી. આથી ભારત સરકારે કાળજીભરી વિચારણા બાદ હાલની અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના પછાતવર્ગોની અખિલ ભારતીય યાદી તૈયાર કરવાનું નક્કી કર્યું. પરંતુ પછાતપણાની વ્યાખ્યા કરવા રાજ્ય સરકારને પોતાનો આગવો માપદંડ પસંદ કરવાનો વિવેકાધિકાર હોવાનું અને એમના અનુસ્વાર નથી અભિપ્રાય મુજબ એ બાબતમાં જાતિનાં ધોરણ કરવા આર્થિક કસોટી લાગુ પાડવી બહેતર હોવાનું સૂચવ્યું હતું.

રાજ્યકક્ષાએ પણ વખતોવખત પછાત વર્ગોના વર્ગીકરણ માટે કમિશનો કે સમિતિઓ નીમવામાં આવી હતી મુંબઈ રાજ્યમાં મુંબઈ સરકારે ઈલાકામાંના દલિત વર્ગો અને આદિવાસી જાતિઓની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સ્થિતિ તપાસવા અને એમના ઉત્કર્ષ માટેનાં પગલાંની ભલામણ કરવા તા. ૫મી નવેમ્બર ૧૯૨૮માં સરકારી રાહે એક સમિતિનો રચના કરી હતી. એ સમિતિએ માર્ચ ૧૯૩૦માં એનો અહેવાલ રજૂ કર્યો હતો. એના અહેવાલમાં પછાતવર્ગોને ૩ પેટા વર્ગોમાં, (૧) દલિત વર્ગો (૨) આદિવાસીઓ અને પહાડી જાતિઓ એમાં જે કોમો વનવિસ્તારમાં રહેતી હોય કે અત્યાર સુધી રહી હોય એવી જાતિઓ, (૩) આદિવાસી ન હોય અને વનવિસ્તારમાં રહેતી હોય છતાંય અતિ પછાત હોવાને કારણે ખાસ સંભાળ માંગી લેતી તથા ભટકતી આદિ જાતિઓનાં બનેલા અન્ય પછાત વર્ગોમાં વહેંચી એક યાદી તૈયાર કરી હતી.

૧૯૫૩માં સૌરાષ્ટ્ર સરકારે એના વિકાસ અને આયોજન વિભાગ (પછાતવર્ગ વિભાગ)ના તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૫૩ના ઠરાવથી સૌરાષ્ટ્રના પછાત વર્ગોની તપાસ કરી એક યાદી તૈયાર કરવા સારુ સ્વર્ગસ્થ શ્રી પરીક્ષિતલાલ મજમુદારનાં અધ્યક્ષપદે "પછાત વર્ગ તપાસ સમિતિ" નામની એ સમિતિ નીમી હતી. આ સમિતિએ એનો

અહેવાલ ડિસેમ્બર, ૧૯૫૩માં આપ્યો હતો અને પછાત વર્ગોને (૧) અનુસૂચિત જાતિઓ, (૨) અનુસૂચિત જનજાતિઓ (૩) અન્ય પછાત વર્ગો એમ ત્રણ કક્ષામાં વહેચતી યાદી તૈયાર કરી હતી.

આ સમિતિએ દરેક વર્ગ માટે ક્રમિક ઢાંચો સૂચવ્યો હતો. અન્ય પછાત વર્ગોની કક્ષાએ "ક" ની જાતિઓ અથવા જૂથો વધુ પછાત ગણાતાં હતાં. કક્ષા "ખ" ની જાતિઓ ઓછી પછાત ગણાતી હતી અને કક્ષા 'ગ" ની જાતિઓ એથી પણ ઓછી પછાત ગણાતી હતી.

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યનું મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિભાજન થયા પછી મહારાષ્ટ્ર સરકારે સામાન્ય વહીવટ વિભાગના ૨૪ મી નવેમ્બર, ૧૯૬૧ના ઠરાવથી " નોકરીઓમાં પછાત વર્ગો માટે અનામત જગ્યાઓ" અંગે અહેવાલ તૈયાર કરવા માટે શ્રી બી. ડી. દેશમુખના અધ્યક્ષપદે એક સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિએ એનો અહેવાલ જાન્યુઆરી ૧૯૬૪માં રજૂ કર્યો હતો. આ સમિતિએ પછાતવર્ગના નીચે પ્રમાણે જૂથો પાડયાં હતાં :

(૧) અનુસૂચિત વિસ્તારની બહાર રહેતી વ્યકિતઓ સહિતની અનુસૂચિત જનજાતિઓ

(૨) અનુસૂચિત જાતિઓ અને નવબુદ્ધો

(૩) વિમુકત જાતિઓ અને અસ્થાયી જાતિઓ

(૪) અન્ય પછાત કોમો.

આ સમિતિએ જાતિઓનું પછાત તરીકેનું વર્ગીકરણ આવકનાં ધોરણે નહીં, પરંતુ જાતિના ધોરણે કરવાનું ચાલુ રાખવાનું અને પછાત વર્ગો માટેની અનામત જગ્યાઓની ટકાવારીમાં સુધારો કરી એને વસતિની ટકાવારી સાથે સાંકળવાની ભલામણ કરી હતી. મહારાષ્ટ્ર સરકારે આ

ભલામણોને વિચારણામાં લીધી હતી અને જરૂરી હુકમો બહાર પાડયા હતા.

કેરલમાં શિક્ષણ સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખવા માટે કેરલ સરકારે ૮મી જુલાઈ, ૧૯૬૪ના ઠરાવથી શ્રી. જી. કુકાર પિલ્લાઈના અધ્યક્ષપદે કમિશનની નિમણૂક કરી હતી અને કેરલ રાજ્યમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના કયા વર્ગોને સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત ગણવા તે અંગે અને એમ કરીને શિક્ષણ સંસ્થાઓમાં અનામત જગ્યા રાખવા અંગે અહેવાલ આપવાનું જણાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ કેરલ સરકારે તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૬૮ના ઠરાવથી શ્રી નેતૂર પા. દામોદરનાં અધ્યક્ષપદે બીજા કમિશનની નિમણૂક કરી હતી. આ કમિશને નાગરિકોને પછાતપણા તરફ લઈ જનારાં પરિબળો, લોકોનું પછાતપણું નક્કી કરવા માટે કયું ધોરણ અપનાવવું જોઈએ તે અને સંવિધાનની કલમ ૧૬(૪) માના હેતુ માટે નાગરિકોના કયા વર્ગને પછાત ગણવા તે અને તેમને માટે જગ્યાઓ અનામત રાખવાનું પ્રમાણ અને અમલમાં રહેવા માટેની મુદત વગેરે નક્કી કરવાનું સોંપવામાં આવ્યું હતું. આ કમિશને અહેવાલ નવેમ્બર, ૧૯૭૦માં આપ્યો હતો. આ સિવાય કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તામિલનાડુ રાજ્યોમાં પણ આ પ્રકારનાં કમિશનો રચાયાં છે.

આ પ્રશ્નનું મહત્ત્વ ગુજરાત રાજ્યને પણ સમજાયું હતું અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના બીજા પછાત-વર્ગોના હિતોનાં રક્ષણ માટે સ્વતંત્ર બોર્ડની નિમણૂક કરવા સારુ ૧૯૭૨ માં વિધાનસભામાં હિલચાલ થઈ હતી. છેવટે સરકાર કમિશનની નિમણૂક કરવા વિધાનસભામાં ૧ લી ઑગસ્ટ, ૧૯૭૨ ના રોજ સંમત થઈ હતી અને શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૮ મી ઑગસ્ટ, ૧૯૭૨ ના સરકારી ઠરાવ (નં. એમ. બી. સી. ૧૫૭૨-૬૭૫૦૮૪)

અન્વયે હાઈકોર્ટના નિવૃત્ત અને કાયદા કમિશનના અધ્યક્ષ શ્રી એ. આર. બક્ષીના અધ્યક્ષ પદે એક કમિશનની નિમણૂક કરવામાં આવી હતી. કમિશનના અન્ય સભ્યોમાં (૧) સ્વર્ગસ્થ પ્રો. સી એન. વકીલ, ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના વડા, મુંબઈ યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ, (૨) ડૉ. તારાબેન પટેલ, ભૂતપૂર્વ સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાં પ્રાધ્યાપક અને વડા, (૩) સમાજકલ્યાણ-નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ. સમાજકલ્યાણ-નિયામક એમના હોદ્દાની રુએ સભ્ય-સચિવ હતા અને તેથી તે પદની નિયુક્તમાં ફેરફાર થતાં તે સભ્ય વખતોવખત બદલાતા ગયા.

પછાતપણાની વ્યાખ્યા

પછાતપણાની ચોક્કસ વ્યાખ્યા આપી શકાતી નથી. "પછાતપણું" અને 'પછાત વર્ગો" એ શબ્દો પણ એવા પ્રકારના છે કે અન્ય પછાતવર્ગના કોણ છે એવી શંકા સેવવા કોઈ લલચાય તો એનો નિર્ણય કરવાનો અને એ માટે વ્યવહારિક માપદંડ નક્કી કરવાનો પ્રશ્ન ખૂબ જ ગૂંચવણભર્યો અને ચર્ચાસ્પદ બને છે. ભૂતકાળમાં સમાજવિજ્ઞાનીઓ અને સંવિધાનના નિષ્ણાતો દ્વારા આ શબ્દની ટૂંકી વ્યાખ્યા શોધી કાઢવાના પ્રયાસો થયા છે, પરંતુ વર્ણનાત્મક શબ્દો દ્વારા એને મર્યાદિત બનાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. પ્રથમ પંચવર્ષીય યોજનાના ઘડવૈયાઓએ આ શબ્દ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં દર્શાવ્યું હતું : 'પછાત વર્ગ' શબ્દની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. ખાસ કરીને આર્થિક જીવન અને આરોગ્ય, ગૃહનિર્માણ અને શિક્ષણની બાબતમાં જૂથ અને વ્યક્તિગત સ્વ-વિકાસની તકને અભાવે પછાતપણું કહેવામાં આવે છે. આવકનો નીચો સ્તર, નિરક્ષરતાનું પ્રમાણ અને રહેણીકરણી દ્વારા પ્રદર્શિત થતું નીચું જીવનધોરણ જોઈ આ સંદર્ભમાં તેનો માપદંડ નક્કી કરવામાં આવે છે.

ભારતના સંવિધાનમાં 'પછાત વર્ગ' શબ્દનો ઉલ્લેખ અનેક જગ્યાએ આવે છે. દા. ત. કલમો ૧૫(૪), ૧૬(૪) તેમ જ કલમ ૧૫(૪) માં કલમ ૨૯(૨) નો સંદર્ભ છે. કલમ ૩૩૮(૩) માં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં સંદર્ભમાં 'પછાત વર્ગ' નો ઉલ્લેખ કરાયો છે. તે એમ દર્શાવે છે કે આ કલમમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની કલમ ૩૪૦ ખંડ (૧) હેઠળના પહેલા કમિશનનો રિપોર્ટ માંગેથી રાષ્ટ્રપતિ હુકમ કરીને નિર્દિષ્ટ કરે તેવા. અન્ય પછાતવર્ગો. આમાં એમનો અને આંગ્લ-ભારતીય કોમના ઉલ્લેખોનો સમાવેશ થાય છે એવો અર્થ કરવામાં આવશે. આથી દરેક રાજ્યનાં પ્રવર્તમાન સંજોગોને લક્ષમાં લઈ પછાતવર્ગોમાં બીજા કોણ છે એ પ્રશ્નોનો નિર્ણય સંભવત: વહીવટી તંત્ર પર છોડવામાં આવ્યો છે.

સંવિધાનની કલમ ૧૫(૪) માં સામાજિક પછાતપણા વિષે ખાસ ઉલ્લેખ હોવા છતાં સંવિધાનમાં આ શબ્દની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. સામાજિક પછાતપણું શબ્દનો વિકૃત અર્થ થાય છે. સામાજિક પછાતપણામાં સંખ્યાબંધ પરિબળો ભાગ ભજવે છે. વ્યાવસાયિક, ભૌગોલિક અને એવાં બીજાં પરિબળો સામાજિક પછાતપણામાં ભાગ ભજવી શકે છે. કેટલીકવાર આર્થિક પરિસ્થિતિ પણ સામાજિક પછાત-પણા માટે જવાબદાર હોઈ શકે. સંવિધાનમાં ઉલ્લેખવામાં આવેલ "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત" શબ્દપ્રયોગ ભારતની સર્વોચ્ચ અદાલતમાં ચર્ચાનો વિષય બન્યો હતો. કલમ ૧૫ નો ખંડ (૪) ખંડ (૧) અપવાદરૂપ છે. તેમાં જાતિ કે જ્ઞાતિના કારણે જ ભેદભાવ પાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સમગ્ર રીતે જોતાં એમ જણાય છે કે કોઈ પણ એક પરિબળથી પછાતપણાનું માપ કાઢી શકાય નહીં, કારણ કે 'પછાતપણું' એ સાપેક્ષ શબ્દ-પ્રયોગ છે. અને તે સામાજિક, શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક,

આસપાસની સ્થિતિ અને પ્રણાલિગતતા વગેરે જેવા સખ્યાબંધ સંકુલ પરિબળોને કારણે હોઈ શકે.

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યમાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતે પછાત ગણાતી જ્ઞાતિઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. સામાન્ય રીતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની યાદી તૈયાર કરવાનું કામ મુશ્કેલ નથી. આવી કોમો બહુ નથી અને તેમનો માપદંડ પણ પ્રચલિત છે. આમ છતાં અન્ય પછાતવર્ગો માટે આવું નથી. ભૂતપૂર્વ મુંબઈ પ્રદેશમાં પછાતવર્ગોની યાદી તૈયાર કરવામાં આવી હતી. તેમાં સામાજિક અને શૈક્ષણિક પછાતપણા પર ભાર મૂકવામાં આવ્યો હોવાને કારણે ખેડૂતો અને કારીગરો જેવા આર્થિક રીતે પછાત વર્ગોને યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ યાદીઓ જ્ઞાતિના ધોરણે તૈયાર કરવામાં આવી હતી. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યમાં પછાતવર્ગની યાદીમાં ૭૮ કોમોનો અને મરાઠાવાડની યાદીમાં ૫૫ કોમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિદર્ભ અને કચ્છ પ્રદેશમાં પછાતવર્ગોની કોઈ યાદી તૈયાર ન હતી. સૌરાષ્ટ્ર સરકારે ૧૯૫૩માં પછાતવર્ગોની યાદી તૈયાર કરી હતી, તે યાદી ૧૯૫૯ સુધી અમલમાં હતી. ટૂંકમાં, ૧૯૫૯ સુધી અન્ય પછાત વર્ગોને સંબંધ છે ત્યાં સુધી ઉપર દર્શાવેલ પછાતવર્ગોની યાદી સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર સિવાય ગુજરાત સહિત મુંબઈ રાજ્યમાં અમલમાં હતી. ૧૯૫૯માં તે યાદી પાછી ખેંચી લેવામાં આવી હતી અને અલગ રાજ્ય તરીકે ગુજરાત રાજ્યની રચના થતાં ઉપરની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી.

ગુજરાત રાજ્યે નીમેલ બક્ષી કમિશને જુદા જુદા અભિગમોનો ઉપયોગ કરી અને અભિગમોમાંથી તરી આવતી હકીકતોની તપાસ અને ચકાસણી કરી પછાતવર્ગોની યાદી તૈયાર કરી હતી. કમિશને પછાતપણું નક્કી કરવા માટે નીચે જણાવેલ વિવિધ અભિગમો અપનાવ્યા હતા.

(૧) આધારસામગ્રીનાં પ્રાપ્તિ-સ્થાનો (પ્રસિદ્ધ થયેલાં તેમ જ અન્ય) નો અભ્યાસ,

(૨) સામાજિક કાર્યકરોએ અને/અથવા જ્ઞાતિઓ/વર્ગો/જૂથો/વિભાગો/કોમોના આગેવાનો/પ્રતિનિધિઓએ કરેલી રજૂઆતો,

(૩) જિલ્લા કક્ષાના અધિકારીઓ પાસેથી મેળવેલી માહિતી અને મંતવ્યો,

(૪) શૈક્ષણિક અને સામાજિક પછાતપણું સુનિશ્ચિત કરવા માટેના અનુભવસિદ્ધ માપદંડ તેમજ મિશ્ર સૂચિ તૈયાર કરવા અનુસરવાની પરિણામલક્ષી પદ્ધતિ વિશે સમાજશાસ્ત્રીઓનાં મંતવ્યો,

(૫) સંસદસભ્યો, ધારાસભ્યો, સામાજિક કાર્યકરો અને અન્ય જાણકાર વ્યકિતઓનાં મંતવ્યો,

(૬) શિક્ષણની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ સંસ્થાઓમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજી પછાત જ્ઞાતિઓ/કોમોનાં વિદ્યાર્થીઓના પ્રવેશને લગતી આધારસામગ્રી,

(૭) કમિશને નીમેલ મૌખિક પુરાવા અને રાજ્યના જુદા-જુદા ભાગોની સ્થળવિષયક મુલાકાતો અને

(૮) સમગ્ર રાજ્યની આર્થિક-સામાજિક મોજણી.

કમિશને ઉપલબ્ધ બધી જ પ્રસ્તુત સામગ્રીને યોગ્ય રીતે ધ્યાનમાં લીધા બાદ કેટલીક જ્ઞાતિઓ/વર્ગો/જૂથોના પછાતપણા અંગે નિર્ણય કર્યો; અને એણે વિચારણાના મુદ્દાના કાર્યક્ષેત્રમાં રાજ્યમાંથી કુલ ૮૨ કોમોને શૈક્ષણિક અને સામાજિક દૃષ્ટિએ પછાત જાહેર કરી. ૮૨ કોમોની યાદી પરિશિષ્ટ નં. ૧ માં સામેલ છે. જેમનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી એમની બાબતમાં પછાત ગણવા માટે પૂરતા પુરાવાઓ એમને મળ્યા નથી.

પંચે તેનો અહેવાલ ૧૯૭૬ માં સરકારને સુપ્રત કર્યો હતો. સરકારે પંચની તમામ ભલામણો સ્વીકારી છે પંચની ભલામણ પ્રમાણે પરિશિષ્ટ–૧ માં દર્શાવેલ ૮૨ જ્ઞાતિઓ/વર્ગો/જૂથોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવામાં આવેલ છે. સરકારે એ સાથે એ પણ ઠરાવ્યું છે કે કુટુંબોની વાર્ષિક આવક બધાં સાધનોમાંથી રૂા. ૪૮૦૦થી વધતી ન હોય તેમને આર્થિક રીતે પછાત ગણવા અને તેમને નોકરીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત જગ્યાઓ સિવાયની તમામ સવલતો ફંડની મર્યાદામાં રહીને આપવી; જેમાં ખેતમજૂરો, ગ્રામ કારીગરો, સીમાંત ખેડૂતો, અસંગઠિત અને અશિક્ષિત શહેરી છૂટક મજૂરો અને અન્ય આર્થિક રીતે પછાત વર્ગના સભ્યો કે જેઓ સ્વતંત્ર રોજગાર કરતા હોય, જેવા કે હાથલારીવાળા, પગરિક્ષા અને ઑટોરિક્ષાવાળાઓ, ડ્રાઈવરો, ઘોડાગાડીવાળા, ઊંટગાડીવાળા, પશુપાલકો, માછીમારો અને નાના દૂકાનદારોનો સમાવેશ થાય છે. સરકારે તા. ૧–૪–'૭૮ થી આ ભલામણો અમલમાં મૂકેલ છે. આ ભલામણોને આધારે રાજ્ય સરકાર તરફથી આ વર્ગોના ઉત્કર્ષ માટે કેટલીક સવલતો મંજૂર કરેલ છે, જેનો સમાવેશ પરિશિષ્ટ–૨ માં આપેલ છે. તદુપરાંત રાજ્ય સરકારે દરેક જિલ્લામાં બક્ષીપંચ માટે બીજા વર્ગના અલગ સમાજ કલ્યાણ-અધિકારીની નિમણૂક કરી છે. અને તે માટેના જરૂરી કર્મચારીઓની પસંદગી પણ કરવામાં આવી છે. દરેક જિલ્લામાં બક્ષી પંચ સૂચિત સમાજ કલ્યાણ અધિકારીની કચેરી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

બક્ષીપંચ સૂચિત ૮૨ કોમો વિશે વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થયો નથી. આ કોમો વિષેની માહિતી–સાહિત્ય તૂટક–તૂટક સરકારી ગૅઝેટિયરમાં ઉપલબ્ધ છે. આમાંથી કેટલીક કોમોની માહિતી 'સૌરાષ્ટ્રની પછાત કોમો' ભાગ–૧ અને ૨ માં પ્રાપ્ય છે. કેટલીક કોમોની માહિતી લેખરૂપે પ્રસિદ્ધ થયેલી જોવા મળે છે. ગુજરાત પછાત વર્ગ બોર્ડની કચેરી, ગાંધીનગર તરફથી આ ૮૨ કોમો અંગે આદિવાસી કેન્દ્ર દ્વારા

સર્વેક્ષણ થયું છે કે કેમ તે અંગે પૃચ્છા કરવામાં આવી હતી. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રનું કાર્ય મુખ્યત્વે આદિવાસીઓ અને આદિવાસીની વિસ્તાર પૂરતું મર્યાદિત હોઈ કેન્દ્રમાં આ કોમો વિશે કોઇ સંશોધન થયું ન હતું. પરંતુ કેન્દ્રે આવું કાર્ય કરવાની તૈયારી બતાવી હતી.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર રાજ્યમાં સંશોધન ક્ષેત્રે અગત્યની સંસ્થા છે અને સંશોધનનો વિશાળ અનુભવ ધરાવતા જુદા જુદા અભ્યાસીઓનો વિવિધ વિષયમાં લાભ મળે તે દૃષ્ટિએ કેન્દ્રે આ કોમોનાં આર્થિક, સામાજિક સર્વેક્ષણ માટેની એક દરખાસ્ત પછાત વર્ગ બોર્ડ સમક્ષ મૂકી હતી. પછાત વર્ગ બોર્ડ આપણા કેન્દ્રની દરખાસ્ત મંજુર રાખી. સરકારશ્રીના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૬–૫–'૭૯ ના ઠરાવ ક્રમાંક–બકર–૧૯૭૮–૩૨૨૭૯ (૭૯) અનુસાર નીચેની જ્ઞાતિઓના સઘન અભ્યાસ કરવાનું કામ કેન્દ્રને સોંપ્યું હતું.

(૧) છારા, આડોડિયા, સાંસી
(૨) માછી (હિન્દુ) ખારવા, ખલાસી
(૩) મિયાણા (મુસ્લિમ)
(૪) ઠાકરડા—ઠાકોર
(૫) દાતણિયા–વાઘરી
(૬) વાઘેર (હિન્દુ અને મુસ્લિમ)

આ જ્ઞાતિઓના સઘન અભ્યાસ માટે રૂા. ૭૨૦૦૦ (જ્ઞાતિદીઠ રૂપિયા ૧૨,૦૦૦) મંજૂર કરવામાં આવ્યા હતા. સરકારની મંજૂરી મળતાં ઑગસ્ટમાં મોજણીકારોની નિમણૂક કરવામાં આવી હતી અને ઉપરોક્ત જણાવેલ છ જાતિના અભ્યાસનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ જાતિઓ વિષે માહિતી હવે પછી આપીશું.

મિયાણા

ઐતિહાસિક માહિતી અને વસતિ

મિયાણાઓના ઈતિહાસ અંગે જે કેટલીક માન્યતાઓ પ્રવર્તે છે તે નીચે પ્રમાણે છે :

(૧) લગભગ તેરમી સદીમાં અલ્લાઉદ્દીનના સમયમાં મહીકાંઠા વિસ્તારમાં રહેતા રજપૂતો મહી રજપૂતો નામે ઓળખાતા. તે વિભાગના સૂબાને અલાઉદ્દીને અહીંના રજપૂત રાજાઓ પાસે ખંડણી ઉઘરાવવા જણાવ્યું. પરંતુ રજપૂત રાજાઓ ખંડણી આપવા તૈયાર ન હતા. તેઓએ ભેગા મળી સૂબાને મારી હટાવવા માટે તે જે શહેરમાં રહેતો હતો તેને ઘેરો ઘાલ્યો, અને તેને સર કરવા અનેક પ્રયત્નો કર્યા, પરંતુ તેઓ ફાવ્યા નહિ. ત્યારે કોઈ ફકીરે કહ્યું કે "જો તમે ઈસ્લામ ધર્મ સ્વીકારશો તો જ એ કિલ્લો સર થઈ શકશે." આથી રજપૂત સૈન્યે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો અને કિલ્લો સર કર્યો. ઈસ્લામ ધર્મ સ્વીકારનારાઓમાં સિંધના નગર સમોઈ રાજ્યના સમા જાડેજા, રજપૂતોના જેડો તથા મનોઅર શાખાના હાટકોટના ચાવડા, રજપૂતોમાંથી કટિયા શાખાના, જેસલમેરના રજપૂતોમાંથી ભટી શાખાના તેમજ બીજા જાડેજા રજપૂતોમાંથી જામશાખના રજપૂત તથા મહીકાંઠાના મેહ રજપૂત સૈનિકો હતા તે લોકો જ્યારે સિંધમાં ગયા ત્યાં પણ "મેહ" ને નામે ઓળખાયા. કાળક્રમે રજપૂત રાજ્યો નાશ પામ્યા અને "મેહ" છૂટાછવાયા રહ્યા. તેમાંના મોટે ભાગે માછીમારી તથા લૂંટફાટ કરી ગુજરાન ચલાવતા. સિંધી ભાષામાં "મેહ" શબ્દનો અર્થ નીચ, હલકા અને પાપી થાય છે. આ મેહ લોકો ત્યાર બાદ "મિયાણા"

મિયાણા

મૂળ લેખક

શ્રી મુસ્તાઅલી મસવી

શ્રી ભીખાભાઈ સો. પટેલ

સંક્ષેપકાર

શ્રી હસમુખભાઈ પરમાર

કહેવાયા. પરંતુ તેઓ આમ કેમ અને શાથી કહેવાયા: તેનો કોઈ યથાર્થ પુરાવો મળતો નથી. " મિયાણા " નામાભિધાન અંગેના કેટલાક મત આ પ્રમાણે છે :

— 'મેહ' લોકોના પૂર્વજોમાં એક પૂર્વજનું નામ "મિયા" અથવા "મિયાણેા" હતું. તેના નામ ઉપરથી આ કોમ મિયાણા તરીકે ઓળખાઈ. અગાઉ જોઈ ગયા તેવી શાખાઓ જેવી કે જેઠ, મનોઅર કટિયા, જામ, ભટ્ટી વગેરે આજે પણ મિયાણા કોમમાં જોવા મળે છે.

— તલવાર જેમ મ્યાનમાં સુરક્ષિત રહી શકે છે તેમ આ લોકોની મદદથી રાજાઓ સુરક્ષિત રહેતા હતા, તેથી તેમને "મ્યાના" અને તે ઉપરથી "મિયાણા" કહેવાય છે.

— આ ઉપરાંત કેટલાક એમ માને છે કે તેઓ મૂળ સિંધમાંથી જ આવ્યા હતા અને સિંધમાં "મીણી" નામની જે કોમ વસે છે તેના આ વંશજો છે અને તે અહીં "મિયાણા" કહેવાયા.

મિયાણા સોરાષ્ટ્રમાં કેવી રીતે આવ્યા તેનો ઈતિહાસ આ પ્રમાણે છે :

માલિયાનું રાજ્ય મોરબી રાજ્યથી અલગ થયું હતું ત્યારે માલિયાની ગાદી ઉપર કાકોરશ્રી મોડજી આવ્યા હતા. મોરબીની ગાદી ઉપર ત્યારે ઠાકોરશ્રી અલિયાજી હતા. મોડજીને માળિયા તથા બીજા ચારેક ગામો વારસામાં મળ્યાં હતાં. તે ગામો મોરબીના ઠાકોરની હકૂમત નીચે હતા. પરંતુ મોડજીનો હકૂમત નીચે નહિ રહેતાં પોતાનું અલગ રાજ્ય બનાવવાનો ઈરાદો હતો. તે માટે મોરબીના ઠાકોરનો સામનો કરી શકે તેટલું સૈન્ય પણ તેની પાસે ન હતું. તેથી તેણે કચ્છમાંથી મિયાણાઓને માલિયામાં વસવાટ કરવા આમંત્રણ આપ્યું અને મિયાણાઓને સૈન્યમાં સમાવ્યા બાદ માલિયાને મોરબીના તાબામાંથી મુક્ત કરી આજુબાજુનાં ગામો કબજે કર્યાં. મિયાણાઓની મદદથી દિવસે દિવસે માળિયા

રાજ્યનો વિસ્તાર વધતો ગયો તથા મિયાણાઓનો ત્રાસ પણ આજુબાજુનાં ગામોમાં વધતો ગયો. તેઓ લૂંટફાટ કરવા લાગ્યા.

ત્યારબાદ ઓગણીસમી સદીમાં માલિયાની ગાદી ઉપર શ્રી ડોસાજી હતા અને મોરબીમાં શ્રી જસાજી હતા. બન્નેએ મુલકગીરી ઉઘરાવવામાં એકબીજાને સાથ આપ્યો, પરંતુ જસાજીના સૈન્યે દગો કરી ડોસાજીને બંદીવાન કર્યા અને ઘણા મિયાણા સૈનિકોની કતલ કરી તેથી મિયાણા ખૂબ જ રોષે ભરાયા. તેમણે કેર વર્તાવા માંડ્યો તેથી મોરબીના ઠાકોર ડોસાજીને ગાયકવાડના સૂબાને હવાલે કર્યા અને ગાયકવાડ સૂબાએ મોરબીના સૈન્યની મદદથી માલિયા સર કરવા પ્રયત્ન કર્યો પણ ફાવ્યો નહીં. આખરે મિયાણા સાથે મોરબી ઠાકોરે સમાધાન કર્યું. ડોસાજીને છૂટા કર્યા. આમ વફાદારીપૂર્વક અને કર્તવ્યનિષ્ઠાવાન મિયાણાઓને માળિયાના રાજાએ કચ્છમાંથી માળિયા બોલાવ્યા હતા તેવું કહેવાય છે.

અન્ય વાત એવી પ્રવર્તે છે કે લગભગ પંદરમી સદીમાં રસૂલાબાદ કરીને શહેર હતું. તે પડી ભાંગ્યું. ત્યારબાદ મિયાણાઓએ ફરી વસાવ્યું અને તે માળિયાના નામે ઓળખાયું. (સૌરાષ્ટ્રની પછાત કોમો, ભાગ-૧, સોરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ, રાજકોટ.)

આ ઉપરાંત મિયાણા જાતિની ઉત્પત્તિ અંગે બીજી કેટલીક માન્યતાઓ પ્રવર્તે છે. તે આ પ્રમાણે છે : મિયાણા પોતે પોતાને રજપૂત જાડેજા અને કચ્છના વતની કહેવડાવે છે. કચ્છનું રણ પોતાને તાબે રાખવા રાજસાહેબના સૂબા ફતેહમહમદ જોડે ધીંગાણું (લડાઈ) થયું તેમાં મિયાણા કોમની ઘણી વ્યક્તિઓ ખપી ગઈ હતી. ત્યારે ફતેહમહમદ પાસેથી ભાગી છૂટીને માળિયા આવી વસ્યા અને મજૂરી તથા મચ્છી-મારીનો ધંધો કરી ગૂજરાન ચલાવવા લાગ્યા.

અગાઉ આપણે જોઈ ગયા તેમ મિયાણા હિંદુઓ હતા અને તેઓને મુસ્લિમ ધર્મ કઈ રીતે સ્વીકાર્યો તે અંગે આપણે આગળ જોયું છે. તે ઉપરાંત બીજી વીગતો પણ છે :

મહીનગર કે આજે માળિયા મિયાણા છે તેના બાદશાહ મોગલ હતા. આ લોકો બાદશાહને મળ્યા. બાદશાહે પૂછ્યું કે "તમે કેવા છો અને શા માટે આવ્યા છો ?" તેમણે કહ્યું કે "અમે રજપૂત જાડેજા છીએ અને મહીનગરના કિલ્લાને સર કરવા આવ્યા છીએ." તો બાદશાહે કહ્યું કે "જો તમે ઈસ્લામ ધર્મ સ્વીકારશો તો જ કિલ્લો સર કરી શકશો." એટલે તેમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો અને મહીનગરનો કિલ્લો સર કર્યો. આ જ વખતે રસૂલાબાદ (કે જે આજનું માળિયા તરીકે ઓળખાય છે.) માં સૂબાનું રાજ હતું તેને હટાવી રસૂલાબાદ સર કર્યું અને તેને માળિયા નામ આપ્યું. મિયાણા શરૂઆતમાં અહીં આવ્યા ત્યારે હિંદુ ધર્મ પાળતા હતા. તેની સાબિતીરૂપે ગામની બાજુએ તળાવના કિનારે શંકર ભગવાનનું મંદિર છે, જે તેમણે બંધાવેલું હતું.

માળિયાના ગરાસિયા લખુભાએ દિલ્હીનો કિલ્લો સર કરવાની પ્રતિજ્ઞા લીધી. તેઓ પોતાના માણસો સાથે દિલ્હીના કિલ્લા ઉપર ચઢાઈ કરવા ગયા. ત્યાં એક ફકીર બેઠા હતા. તેમણે કહ્યું કે, "જો તમારે આ કિલ્લો જીતવો હોય તો અમારી સાથે ભળી જાવ, કલમુતીરો (તલવાર) પકડો અને કોળિયો ભરી વટલાઈ જાઓ અને આ જગ્યાએ લીલી ઝંડીને બદલે પીળી ઝંડી ચડાવો. એનો સ્વીકાર કરીને તેઓ વટલાઈને મુસલમાન બન્યા. ત્યારબાદ તે ભૂજ આવ્યા પરંતુ ભૂજના દરબારે તેમનો અસ્વીકાર કર્યો તેથી તેઓ રાજકોટ જિલ્લાની પૂર્વની પટ્ટીના દરિયાકિનારે માળિયાની બાજુમાં વસવાટ કર્યો.

મિયાણા જાતિ અંગેની કેટલીક ઐતિહાસિક બાબતો જાણવા મળી હતી તે જોઈએ :

ઈ. સ. ૧૭૦૧ ના સમયગાળામાં મોરબીના જાડેજા કાયાજીના પુત્ર માળિયાના જાડેજા મોરજી મિયાળા લોકોને સિંધમાંથી માળિયામાં લાવ્યા હતા. તેઓ નામચીન ધાડપાડુઓ હતા. મોરજીએ પોતાનો હેતુ પાર પાડવા માટે આ પ્રજાને લાવી વસાવી હતી. દિનપ્રતિદિત તેમની વસતિ વધતાં તેઓનો રંજાડ પણ વધવા લાગ્યો. ખાસ કરીને કાઠિયાવાડના ઉત્તર દ્વીપકલ્પમાં તેઓ રંજાડ કરતા હતા. તેમની ટોળકીનો નેતા માળિયાનો મોવર સાધવાણી હતો. તે ખૂબ જ કેર વર્તાવતો હોવા છતાં તેને સરકાર પણ પકડવામાં નિષ્ફળ નીવડી હતી. ત્યાર પછી તેણે માળિયાને ભડકે બાળવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે પણ પોલીસને હાથતાળી દઈ નાસી છૂટ્યો હતો. પરંતુ ઈ. સ. ૧૮૮૫ ના માર્ચ માસમાં તે કેપ્ટન સબમેનને તાબે થયો હતો. ત્યારબાદ તેના પર કેસ ચલાવવામાં આવ્યો હતો પરંતુ તેમાંથી પણ તે છૂટી ગયો હતો. ત્યારબાદ તે નવી જિંદગી શરૂ કરી શાંતિમય જીવન ગાળે તે માટે તેને નવાનગર રાજ્યમાં નોકરી આપી હતી. તેમ છતાં તેણે ફરીથી તેની પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. કહેવાય છે કે જૂનાગઢના દક્ષિણ ભાગમાં તેણે ૮૧ ગામડાં લૂંટ્યાં હતાં. ૨૧ માણસોનાં ખૂન કર્યાં હતાં અને ૯૮ વ્યક્તિઓના હાથપગ કાપી નાખ્યા હતા.

આવી જ રીતે ૧૯૦૩ માં ફરીથી એક માયા પૂજા નામના મિયાણાની સરદારી હેઠળ ૭ થી ૮ મિયાણાની ટુકડીએ સોનગઢ, રાજપૂર, ધંધુકા, ચૂડા વગેરે જગ્યાઓએ રાડ બોલાવી હતી. છેવટે વઢવાણના મુખ્ય કૉન્સ્ટેબલ શ્રી મહોબતસિંહે અને શ્રી ઉમાશંકર રાવની ટુકડીઓ દ્વારા માયા પૂજા અને તેની ટુકડીના માણસો કેટલાક મરાયા અને કેટલાક શરણે થયા હતા. આમ મિયાણા કોમમાં પણ આવા બહારવટિયાઓ પાકેલા જેનો પુરાવો આ નોંધ આપે છે.

વસતિ :

મિયાણા કોમની વસતિ મુખ્યત્વે માળિયામાં તથા માળિયા તાલુકાના કાંજરડા, હંજિયાસર, નવું હંજિયાસર, નવાગામ, જાખરિયા પીર વિસ્તાર, ચીખલી તથા સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વિરમગામ, ખારાઘોડા, કુડ, જામનગર, બેડી, રાજકોટ, અમદાવાદ, સુરત, ભરૂચ અને સૂરજબારી (કચ્છ) વગેરે જગ્યાએ જોવા મળે છે.

માળિયામાં કુલ વસતિ ૮ થી ૯ હજારની છે. જેમાં મિયાણા લોકોની વસતિ ૮૦ ટકા છે. અન્ય જાતિમાં વાણિયા, લુહાણા, હરિજન, કુંભાર, બ્રાહ્મણ, ભંગી, ભરવાડ વગેરે કોમ છે. તેમાંથી હરિજન, કોળી, ભંગી અને વાઘરી સાથે મિયાણા રોટીવ્યવહાર રાખતા નથી અને તેઓ તેમનાથી પોતે ઊંચા છે તેમ ગણાવે છે.

કાંજરડા ગામમાં ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલી વસતિ છે, જ્યાં ફક્ત મિયાણા જ વસે છે. જૂના હંજિયાસરની વસતિ ૭૦૦ થી ૮૦૦ની છે. નવા હંજિયાસરની ૬૦૦ જેટલી વસતિ છે તથા નવાગામમાં પણ ૪૦૦ જેટલા મિયાણાની વસતિ છે.

તે ઉપરાંત સુરેન્દ્રનગરમાં લગભગ ૩૦૦૦, ધ્રાંગધ્રામાં ૧૦૦૦ થી ૧૨૦૦ તથા અમદાવાદમાં ૨૦૦૦ જેટલી તેમની વસતિ છે.

ભૌતિક સંસ્કૃતિ

રહેઠાણ :

આ લોકોનાં રહેઠાણો અમુક જગ્યાએ સાથે તથા ક્યાંક છૂટાં જોવા મળે છે. મકાનો પોતાની જાતિના જ સભ્યો સાથે હોય તેવું નથી. અન્ય જાતિઓના ફળિયામાં પણ તેમનાં મકાનો હોય છે. આમ તેમનો વસવાટ અલગ અલગ જોવા મળે છે. આ ઉપરાંત ખાસ કરીને માળિયા અને તેની બાજુબાજુ લોકો ખેતરમાં સ્થાયી વસવાટ કરે છે, જેને તેઓ વાંઢ તરીકે ઓળખે છે.

મકાન બનાવવાનું મુહૂર્ત કરે ત્યારે મોટા પીરનું નામ લઈ શ્રીફળ વધેરવામાં આવે છે તથા આડસર ચડાવે ત્યારે લીલું કપડું રાખવામાં આવે છે. તેની પાછળ એવી માન્યતા રહેલી છે કે ઘરમાં હંમેશાં લીલાલહેર રહે. શહેરોમાં ત્રણ ખંડવાળાં તથા રસોડાની સગવડવાળાં મકાનો અને ગામડામાં ઓસરીવાળાં એક ખંડનાં મકાનો હોય છે પરંતુ તેમાં હવા ઉજાસની પૂરતી સગવડ હોતી નથી. તે ઉપરાંત 'વાંઢ' વિસ્તાર અને ગ્રામવિસ્તારમાં ઝૂંપડાંઓ જોવા મળે છે. ઘરમાં સામાન રાખવાની વ્યવસ્થા બરોબર હોતી નથી. સામાન્ય રીતે જોઈએ તો ખંડમાં કોઠીઓ તથા જૂના લાકડાનાં કોઠલા જોવા મળે છે. તેના ઉપર સૂવા માટેની ગોદડીઓ અને અન્ય વસ્તુઓ પડી રહે છે. બહાર ઓસરીની દીવાલ પરની લાકડાની ખીંટીઓ પર માછલાં પકડવાની જાળ અને બિનજરૂરી વસ્તુઓ ટીંગાવેલી નજરે પડે છે. ઘરના ખૂણામાં ચૂલો હોય છે. કાયમી જરૂરી વસ્તુઓ આમ તેમ પડેલી હોય છે. પાણીયારું મોટે ભાગે ઓસરીમાં હોય છે. મિયાણાઓ બહારની અજાણી વ્યકિતઓને ઘરમાં પ્રવેશવાની તક આપતા હોતા નથી. તે ઉપરાંત તેઓ ઘરમાં કોઈ સ્થાનક પણ બેસાડતા નથી. તે પાછળ તેમની એવી માન્યતા છે કે આપણે પાક હોઈએ કે નહિં તેથી તે ઘરમાં હોય તો તેની પવિત્રતા આપણાથી ન જળવાય. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લઈ તેમનાં રહેઠાણો ઝાકઝમાળવાળાં હોતાં નથી. કેટલાક તો મોરબી હોનારતમાં ધરાશય થયેલા મકાનો હજુ ઊભાં કરી શકયા ન હતા.

સવેક્ષણમાં આવરી લેવાયેલા ગ્રામ્ય વિસ્તારના ૧૬૦ કુટુંબોમાંથી ૮૨ કુટુંબોનાં મકાન કાચાં હતાં જ્યારે ૭૮ કુટુંબોનાં મકાન પાકાં હતાં. શહેરી વિસ્તારનાં ૧૭૦ કુટુંબો પૈકી ૮૫ કુટુંબોનાં મકાન કાચાં અને ૮૫ કુટુંબોનાં મકાન પાકાં હતાં. છાપરાંમાં દેશી નળિયા, વિલાયતી નળિયા અને ઘાસવાળા હતા. ગ્રામ્ય વિસ્તારમાં એક ઓરડા-

વાળાં ૪૦, બે ઓરડાવાળાં ૮૧, ત્રણ ઓરડાવાળાં ૩૭, અને ત્રણથી વધુ ઓરડાવાળાં ૨ મકાનો હતાં જ્યારે શહેરી વિસ્તારમાં એક ઓરડાવાળાં ૩૯, બે ઓરડાવાળાં ૬૮, ત્રણ ઓરડાવાળાં ૨૮ અને ત્રણથી વધુ વાળાં ૫ મકાનો હતાં.

ઘરવખરી :

ઘરવખરીની ચીજોમાં વાસણો, ખાટલા, ગોદડા, બાંકડો, પાટ, નાનું મોટું ફર્નિચર, ખેતીનાં સાધનો અને માછલાં પકડવાની જાળ વગેરે જોવા મળે છે. ખાસ કરીને એલ્યુમિનિયમનાં અને માટીનાં વધુ વાપરે છે. થોડાં કુટુંબો પાસે ટેબલ ખુરશી, લોખંડના પલંગ અને ગાદલાં જોવા મળ્યાં હતાં.

એકત્રિત કરેલી માહિતીના આધારે એમ જોવા મળ્યું કે એલ્યુમિનિયમ, પિત્તળ અને માટીનાં વાસણોની સાથે અન્ય પ્રકારની ચીજવસ્તુઓનું પ્રમાણ ઠીક ઠીક હતું. તેમાં ચીનાઈ માટીનાં નાનાં મોટાં વાસણો તેમજ કેટલાક પાસે સ્ટીલનાં વાસણો જોવા મળ્યાં હતાં. મોજશોખની ચીજવસ્તુઓ જેવી કે રેડિયો, ઘડિયાળ, ફર્નિચર પણ કેટલાંક કુટુંબોમાં જોવા મળ્યું હતું. તે ઉપરાંત ૩૫ કુટુંબો પાસે સીવવાના સંચા તથા થોડાઘણા અંશે રાચરચીલુ જોવા મળ્યું હતું.

ઘરેણાં :

મિયાણા પાસે ઘરેણાનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે. ઘરેણાં ખાસ કરીને સ્ત્રીઓ જ પહેરતી હોય છે. સ્ત્રીઓ પાસે પણ ઘરેણાંનું પ્રમાણ ઓછું જોવા મળે છે. તેનું મુખ્ય કારણ આ લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે તે છે.

ઘરેણામાં હાર, દોરો, ઠોળિયાં, કણકુ, શ્રી (રમી), કડું, વીંટી, કડલા, બેડી, બટન વગેરે પહેરતા હોય છે.

પહેરવેશ :

નાના છોકરાઓ ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. નગ્ન અવસ્થામાં પણ કેટલાંક જોવા મળે છે અથવા ચડ્ડી પહેરી હોય તો બુશર્ટ ન હોય અને બુશર્ટ પહેર્યો હોય તો ચડ્ડી ન હોય. છોકરીઓ ઘાઘરી અને પોલકું પહેરે છે. જુવાન છોકરાઓ બુશર્ટ અને પેન્ટ પહેરે છે જ્યારે વૃદ્ધ પુરુષો ખમીશ, બંડી પહેરે અને માથે ફાળિયું બાંધે છે.

સ્ત્રીઓ ઇજાર, આંબો, કાપડો, બંડી અને ઓઢણું ઓઢે છે. જુવાન સ્ત્રીઓ ઘાઘરી, પોલકું અને સાડી પહેરે છે.

ખોરાક :

સવારમાં ચા સાથે રોટલી અને કોઈક સેકેલાં પાંઉ લે છે. બપોરના શાક અને રોટલી તથા છાશ. શાકમાં મટન તથા મચ્છીનો ઉપયોગ કરે છે. સાંજે મોટે ભાગે શાક રોટલી અથવા ચટણી હોય છે. કોઈ વાર ખીચડી તથા દાળભાત પણ બનાવે છે. જ્યારે ઉત્સવતહેવાર હોય ત્યારે મટનચોખા (બિરિયાની), મીઠી સેવ અને મીઠાઈ બનાવે છે. તેઓ મરઘાં, બકરાં, હરણ, તેતર વગેરેના માંસનો ઉપયોગ કરે છે અને ખાસ કરીને મચ્છીનો ઉપયોગ વિશેષ કરતા હોય છે.

પીણાં :

ખાસ કરીને મિયાણા લોકોમાં નાનામોટાં સ્ત્રી અને પુરુષ બધાં ચા નાં રસિયાં હોય છે. બાળક પાંચ વર્ષથી ઉપરનું થાય ત્યારથી બીડી પીવા લાગે છે. કેટલીક બહેનો પણ બીડી પીએ છે. મુસ્લીમ ધર્મમાં દારૂ પીવા ઉપર નિષેધ હોવા છતાં દારૂ પિવાય છે.

ભાષા :

મિયાણા લોકોની ભાષા કચ્છી છે તેમ છતાં તેઓ ગુજરાતી સારી રીતે બોલી તેમજ સમજી શકે છે. તેઓ અંદરોઅંદર વ્યવહારમાં તેમની પ્રાદેશિક ભાષામાં જ વાત કરતા હોય છે. આ કચ્છી ભાષા કેવી હોય છે તેનો ખ્યાલ નીચેનાં વાકયો દ્વારા મેળવીએ.

(૧) હું બહાર ગામ જઉં છું.
કચ્છી : આંવ બહાર ગોથ વનાતો.

(૨) આજરોજ તમે મારે ત્યાં આવજો.
કચ્છી : આજ આઈ મોય તે અચીંની.

(૩) એક રાજા હતો.
કચ્છી : હકળો રાજા વો.

(૪) હું દિવસમાં ત્રણ વખત જમું છું.
કચ્છી : આ ઉ ડિ મિત્રે વેરા ખ્યા તો.

(૫) હું ખેતી અને મચ્છી ઉદ્યોગમાં કામ કરું છું.
કચ્છી : આઉ ખેતીને મચ્છી ઉદ્યોગ મે કમ કળ્યા તો.

આ ઉપરાંત તેઓ આંકડા પોતાની ભાષામાં નીચે પ્રમાણે બોલે છે.

આંકડા

૧	એક
૨	બો
૩	ત્રે
૪	ચાર
૫	પંચ
૬	છુ
૭	સત
૮	અઠ
૯	નો

૧૦	દો
૧૧	અગિયારો
૧૨	બારો
૧૩	તેરો
૧૪	ચોડો
૧૫	પંદરા
૧૬	સોલો
૧૭	સતરો
૧૮	આયણો
૧૯	ઉણી
૨૦	ઈસ

સામાજિક સંરચના અને રીતરિવાજ

વસવાટ :

ઉપર જણવ્યું તેમ રાજકોટ જિલ્લાના માળિયા–મિયાણા વિસ્તારમાં મિયાણા જાતિની વસતિ છે. આ ઉપરાંત ગુજરાતના અમદાવાદ જિલ્લામાં સુરેન્દ્રનગર જિલ્લામાં અને સુરત જિલ્લામાં પણ મિયાણા જાતિ સ્થિર થયેલી છે. મૂળે આ જાતિ કચ્છની છે. દિનપ્રતિદિન તેની વસ્તી ગુજરાતમાં વિસ્તરતી જાય છે. એક સ્પષ્ટતા કરવી ઘટે કે મિયાણા જાતિ ગુજરાતમાં જ છે. તપાસનાં કુલ ૩૦૦ કુટુંબોમાંથી ૭૩ કુટુંબો જે તે જગ્યાએ કાયમી વસવાટ કરે છે.

મૂળ વતન :

ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાંથી ૪૮, કુટુંબો હંજિયાસર, ૩૩ નવાગામ, ૩૧ કાજરડા, ૧૯ માળિયા, ૧૫ જૂનુ હંજિયાસર, ૧૦ કચ્છ ભૂજ, ૩ સૂરજબારી અને ૧ મોરબીનાં વતની હતાં, જ્યારે શહેરી વિસ્તારમાં રહેતાં કુટુંબોમાંથી ૯૯ માળિયાનાં, ૩૨ કાજરડાનાં, ૪ કચ્છ ભૂજનાં, ૧ ગોસીડાનું, ૩ સુરેન્દ્રનગર અને ૧ હંજિયાસરનાં વતની હતાં. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આપણે અગાઉ જોઈ ગયા તેમ માળિયા–મિયાણા તથા કચ્છ ભૂજ સિવાયના બહારના વિસ્તારના કોઈ વતની નથી.

ગોત્ર :

મિયાણાજાતિમાં જુદાં જુદાં ૨૭ ગોત્ર છે. એક એવી માન્યતા પ્રવર્તે છે કે આ જાતિના એક વડવાના ચાર પુત્રો માલો, સધુ, બધો નેગ મોવર હતા. તેમના નામ ઉપરથી આખી કોમનો ઉદ્ભવ અને

વિકાસ થયો છે. આમની વચ્ચે કોઈ સ્તરીકરણ કે ઊંચનીચનો ભેદભાવ નથી. એકજ ગોત્રમાં બેટીવ્યવહાર પર નિષેધ છે. અન્ય ગોત્રમાં લગ્ન થઈ શકે છે.

જે ૨૭ ગોત્ર જોવા મળ્યાં હતાં તેની યાદી આ પ્રમાણે છે.

ક્રમ	ગોત્ર	ક્રમ	ગોત્ર
૧	મોવર	૧૬	નોતિયાર
૨	જામ	૧૫	સમાણી
૩	ભટ્ટી	૧૭	મુસાણી
૪	કાજેડિયા	૧૮	સમિયા
૫	કટિયા	૧૯	માલાણી
૬	જેડા	૨૦	અંધાર
૭	પારેડી	૨૧	ખોડ
૮	માણેક	૨૨	બીરા
૯	લધાણી	૨૩	ઢુસા
૧૦	સામતાણી	૨૪	મુલા
૧૧	બાયદાણી	૨૫	મકવાણા
૧૨	સધવાણી	૨૬	ઓલા
૧૩	મેર	૨૭	જંગિયા
૧૮	તાલબ		

ઉપર્યુકત ગોત્રમાંથી કયું ગોત્ર ક્યાંથી આવેલું છે તેની વિગતો આ મુજબ જાણવા મળી હતી : જેડા, ભટ્ટીશાખા કચ્છમાંથીમેર પોરબંદર, વડોદરા અને જૂનાગઢમાંથી, માણેક ઓખામાંથી, કટિયા

ગોસિડોમાંથી અને ઢુંસા તથા જંગિયા કચ્છમાંથી આવેલ છે. આ સિવાયનાં ગોત્ર ક્યાંથી આવ્યાં તેની માહિતી મળી નહોતી.

કુટુંબ–વ્યવસ્થા

મિયાણા સમાજમાં સંયુકત અને વિભકત એમ બે પ્રકારની કુટુંબ-વ્યપસ્થા જોવા મળે છે. એમનામાં પિતૃસત્તાક કુટુંબો જોવા મળે છે. વૃદ્ધ વડીલો–વ્યકિતઓનો આદર કરવામાં આવે છે. દરેક બાબતોમાં તેઓના મત જાણવામાં આવે છે. તે લગભગ સ્વીકારાય છે. સ્ત્રીઓની પણ સલાહ લેવામાં આવે છે. જો ઘરમાં મુખ્ય પુરુષ અવસાન પામે તો મોટો છોકરો ઘરની જવાબદારી ઉઠાવે છે. કુટુંબમાં ઝઘડા થાય તો કુટુંબના આગેવાનો તેનું નિરાકરણ લાવે છે. પતિ–પત્નીના ઝઘડાઓમાં બન્ને પક્ષના વડીલો મળી સમાધાન કરે છે. મોટે ભાગે કમાણી પુરુષો પોતાની પાસે રાખે છે. અને ઘર ચલાવવા પૂરતા પૈસા સ્ત્રીઓને આપે છે.

કુટુંબનું વિભાજન સામાન્ય રીતે છોકરાના લગ્ન બાદ થાય છે. સંયુકત કુટુંબોમાં ભાઈ–ભાઈ, બાપ–દીકરો, સાસુ–વહુ વચ્ચે ઝઘડા પણ થાય છે. આ ઝઘડાઓનું ઘરના વડીલો, પાડોશીઓ તથા કુટુંબીજનો અને પોતાની શાખના મુખી મળી નિરાકરણ લાવે છે. પત્નીને તલાક આપવાના કિસ્સા બહુ ઓછા બને છે. પોતાના ગોત્ર બહારની અન્ય વ્યકિતઓ સાથે પણ સંબંધો સારા હોય છે. સારાનરસા પ્રસંગોએ એકબીજાને ત્યાં હાજર રહે છે. આર્થિક રીતે મુશ્કેલી પડે ત્યારે ગોત્રનાં તથા સગાં સંબંધી પાસેથી મદદ લેવામાં આવે છે.

મિયાણાઓમાં મોટે ભાગે વિભકત કુટુંબો વધુ પ્રમાણમાં જોવા મળે છે; પરંતુ ધંધા રોજગાર અને મહેનતમજૂરીનાં કામોમાં સંયુકત

પ્રથા વધુ જોવા મળે છે. કુટુંબનો પ્રકાર દર્શાવતો નીચેનો કોઠો આ બાબતને વધુ સ્પષ્ટ કરશે :

અ. નં.	વિસ્તાર	કુલ કુટુંબો	સંયુક્ત	વિભક્ત
૧.	ગ્રામ	૧૬૦ (૧૦૦.૦૦%)	૪૪ (૨૭.૫%)	૧૧૬ (૭૨.૫%)
૨.	શહેરી	૧૪૦ (૧૦૦.૦૦%)	૭૮ (૫૫.૭%)	૬૨ (૪૪.૩%)
૩.	કુલ	૩૦૦ (૧૦૦.૦૦%)	૧૨૨ (૪૦.૭%)	૧૭૮ (૫૯.૩%)

નોંધ : કૌંસમાં આપેલા આંકડા ટકાવારી દર્શાવે છે.

વયજૂથ :

નમૂનાનાં કુટુંબોના સભ્યોની સંખ્યા વયજૂથ પ્રમાણે જોઈએ તો ૧ થી ૬ વર્ષની ઉંમરના ૨૩.૮ ટકા પુરુષો અને ૨૦.૬ ટકા સ્ત્રીઓ હતી, જ્યારે ૭ થી ૧૪ વર્ષની ઉંમરના ૨૩.૫ ટકા પુરુષો અને ૨૦.૯ ટકા સ્ત્રીઓ હતી. ૧૫ થી ૨૪ વર્ષની ઉંમરના ૧૯.૯ ટકા પુરુષો અને ૨૦.૫ ટકા સ્ત્રીઓ, ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના ૧૫.૭ ટકા પુરુષો અને ૧૬.૬ ટકા સ્ત્રીઓ, ૩૬ થી ૫૯ વર્ષની ઉંમરના ૧૫.૦ ટકા પુરુષો અને ૧૯.૩ ટકા સ્ત્રીઓ હતી. જ્યારે ૬૦ વર્ષથી ઉપરની વયના પુરુષો માત્ર ૨.૧ ટકા અને સ્ત્રીઓ ૨.૫ ટકા હતી. આમ ૧ થી ૬ અને ૭ થી ૧૪ વર્ષની વયના સભ્યોની સંખ્યા વિશેષ જોવા મળી હતી.

કુટુંબ-કદ :

શહેરી વિસ્તારમાં ૭ થી ૧૦ સભ્યોની સંખ્યા ધરાવતાં કુટુંબોનું પ્રમાણ વધુ હતું. સભ્યસંખ્યાને આધારે કુટુંબની સરેરાશ સંખ્યા ૬.૫ માણસોની થાય છે. પ્રસ્તુત કોઠા પરથી તેનો વધુ સ્પષ્ટ ખ્યાલ મેળવીએ :

કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ

અ, નં.	કુટુંબનું કદ	ગ્રામ વિસ્તાર કુટુંબ-સંખ્યા	ટકા	શહેરી વિસ્તાર કુટુંબ-સંખ્યા	ટકા
૧	૧ થી ૩ સભ્યો	૨૯	૧૮.૧	૧૩	૯.૩
૨	૪ થી ૬ સભ્યો	૭૪	૪૬.૨	૪૯	૩૫.૦
૩	૭ થી ૧૦ સભ્યો	૫૦	૩૧.૩	૫૪	૩૮.૬
૪	૧૧ થી વધુ	૭	૪.૪	૨૪	૧૭.૧
	કુલ	૧૬૦	૧૦૦ ટકા	૧૪૦	૧૦૦ ટકા

જાતિપંચ :

અ ય જાતિઓની જેમ મિયાણા જાતિમાં તિપંચ જોવા મળતું નથી. એટલે તેનું બંધારણ પણ નથી. તેમ છતાં તેમની 'જમાત' એ જાતિપંચની ગરજ સારે છે. જમાતમાં દરેક જાતિના મુખીઓનો સમાવેશ થાય છે. જમાત ફક્ત શહેરી વિસ્તારમાં જ જોવા મળે છે; તથા ગ્રામ વિસ્તારમાં જમાત હોતી નથી. પરંતુ જ્યાં દરગાહ હોય છે, ત્યાં જમાત હોય છે. આગળ જોયું તેમ જમાતમાં કોઈ બંધારણ કે અધિકારો હોતા નથી. પરંતુ વડીલોને લીધે સમાજવ્યવસ્થા જળવાઈ

રહે છે. દરેક શાખાના વડીલને મુખી બનાવવામાં આવે છે. આ મુખીઓ જમાત/કોમના ઝઘડા, પતિપત્નીના ઝઘડા, કૌટુંબિક ઝઘડા વગેરેનું નિરાકરણ લાવે છે.

સમાજવ્યવસ્થામાં સ્થાન :

મિયાણા જાતિના લોકો અન્ય જાતિઓ સાથે વસવાટ કરે છે. આર્થિક ક્ષેત્રે મર્યાદિત અને એક સરખી પ્રવૃત્તિ કરતા હોવાથી અન્ય જાતિઓ સાથેના સંબંધો સારા હોય છે. પરંતુ મિયાણા સ્વભાવે ઝઘડાખોર અને ઝનૂની હોવાથી અન્ય કોમના લોકો તેમનાથી (મિયાણાથી) દબાયેલા રહેતા હોય છે એમ કહેવાય છે. ખાસ કરીને આવું ગ્રામ વિસ્તારમાં જોવા મળે છે.

શહેરી વિસ્તારની વાત કરીએ તો ગ્રામ વિસ્તારની સરખામણીમાં અહીં મિયાણા જાતિના અન્ય જાતિ સાથેના સંબંધો ઘણા સારા કહી શકાય. શહેરોમાં મિલમજૂરી, છૂટક મજૂરી તથા નાનામોટા નોકરીધંધાને કારણે અન્ય જાતિ સાથે સહચારિતા ઉપરાંત શહેરોમાં એમની લઘુમતીને કારણે પણ અન્ય જાતિઓ સાથેના સંબંધો સારા જોવા મળ્યા હતા.

સામાન્ય રીતે મિયાણા જાતિ વિષે એક એવો મત પ્રવર્તે છે કે મિયાણા કોમ ગુનેગાર, ચોર, લૂંટફાટ અને ઝઘડા કરનારી છે. પરંતુ ક્ષેત્રકાર્યના આધારે એટલું જરુર કહી શકાય કે બીજી જ્ઞાતિઓ સાથેના સંપર્કથી, સહકારની ભાવનાથી, સમયની સાથે તેમનામાં પરિવર્તન આવતું જાય છે. તેમનામાં સામાજિક, આર્થિક અને ધંધાકીય પરિવર્તન જોવા મળે છે. અન્ય જાતિઓ સાથેના સંબંધો પણ સારા એવા છે અને તે ઉપરોકત મતને સમર્થન આપતા નથી.

સગાઈસંબંધો :

અન્ય સમાજોની જેમ મિયાણા જાતિમાં બે પ્રકારના સંબંધો જોવા મળે છે : (૧) લોહી પર આધારિત સંબંધો (૨) લગ્ન પર આધારિત સંબંધો.

લોહી પર આધારિત સંબંધોમાં પિતા, માતા, પુત્ર, ભાઈ, બહેન કાકા વગેરેના સંબંધો; જ્યારે લગ્નસંબંધોમાં મામા-મામી, સાળો-સાળી, નણંદ-ભોજાઈ, બનેવી વગેરેના સંબંધો જોવા મળે છે. ઉપર્યુક્ત સંબંધોમાં એક સ્પષ્ટતા કરવા જેવી એ છે કે આ જાતિમાં મામા-ફોઈનાં સંતાનો લગ્નથી જોડાતાં હોવાથી એકબીજાને નામથી બોલાવે છે. લગ્ન તેમ જ લોહી પર આધારિત સંબંધોવાળા સભ્યોને શું કહેવાય છે અને તેમને કયા શબ્દોથી સંબોધવામાં આવે છે તે અંગેની માહિતી એકઠી કરવામાં આવી હતી. તેમાંની કેટલીક આ પ્રમાણે છે :

ગુજરાતી શબ્દ	સગાઈ શબ્દ	સંબોધન
(૧) પિતા	પે	પે
(૨) પુત્રી	છોકરીથી	નામથી
(૩) પત્ની	બાયડી	સંબોધન કરે
(૪) ભાઈ (પુબો)	ભા	ભા
(૫) બહેન (પુબો)	બાઈ	બાઈ
(૬) મોટા ભાઈ (પુબો)	વડોભા	આપહલ્યા
(૭) મોટા ભાઈ (સ્ત્રીબો)	વડોભા	આપ હલ્યા
(૮) નાનો ભાઈ (પુબો)	નઢોભા	તું હલ્યા
(૯) નાનો ભાઈ (સ્ત્રીબો)	નઢોભા	તું હલ્યા

(૧૦) મોટાભાઈનો પુત્ર (પુબો)	ભાતરિયો	નામથી
(૧૧) મોટાભાઈનો પુત્ર (સ્ત્રીબો)	ભાતરઈ	બાઈ
(૧૨) પિતાની બહેનનો પુત્ર	ફુઈઓ પૂતર	નામથી
(૧૩) પિતાની બહેનની પુત્રી	પુઈજી ધી	નામથી
(૧૪) પિતાનો પિતા	ડાડો	ડાડા
(૧૫) પિતાની માતા	ડાડી	ડાડી
(૧૬) મોટી બહેનનો પતિ	ભેણયો	નામથી
(૧૭) પત્નીની બહેનનો પતિ	સાઢુભાઈ	નામથી

મર્યાદા અને મશ્કરીના સંબંધો :

દરેક સમાજમાં પોતાની જાતિના અમુક સભ્યો સાથે મર્યાદાના સંબંધો હોય છે, જ્યારે કેટલાકની સાથે મશ્કરીના સંબંધો હોય છે. તેમાં ખાસ કરીને લગ્નસંબંધથી જોડાતા અમુક સભ્યો સાથે મશ્કરીના સંબંધો અને રક્તસંબંધીઓ સાથે મર્યાદાના સંબંધો જોવા મળે છે. જેમ કે પત્ની વડીલોની હાજરીમાં ઘૂમટો તાણે છે. પતિ–પત્ની બેકાં હોય અને વડીલ આવે તો બન્ને પાત્રો અલગ પડી જાય છે. પત્ની વડીલોની હાજરીમાં ઘૂમટો તાણે છે અને રસ્તામાં સામે વડીલ મળે તો એક બાજુ ઊભી રહી જાય છે. સાળા/સાળી બનેવીને બન્ને અરસપરસ મજાક કરે સાથે અથવા તો ખોડખાપણ હોય તો તેને અનુલક્ષીને મશ્કરી કરતાં હોય છે. તેમ છતાં મિયાણા જાતિમાં મર્યાદા ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવે છ અને મશ્કરી કરવા ઉપર પણ અમુક કક્ષાએ પ્રતિબંધ હોય તેવું લાગે છે.

સામાજિક રીતરિવાજ :

રજસ્વલા : રજસ્વલા સ્ત્રીને "લૂગડાં આયાં", "માસિક આવી"

"બેજીયાતી" એ નામે બોલાવવામાં આવે છે. રજસ્વલા સ્ત્રી પોતે રજસ્વલા થઈ છે તેમ અન્યને વાત કરતી નથી કારણ તેનાથી તે નાનમ અનુભવે છે. આ સમયે કોઈ સામાજિક, ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. સામાન્ય રીતે આવી સ્ત્રી મસ્જિદે જતી નથી. બાકી ઘરનું તમામ કામ કરે છે. રજસ્વલા સ્ત્રી છ દિવસે માથું ધુએ છે. આ સમયમાં પોતાના પુરુષ સાથે સંબંધ બંધતો નથી. તેઓ તેને ધર્મથી વિરુદ્ધ માને છે. રજસ્રાવ બંધ થાય ત્યાર બાદ તે પતિને જાણ કરે છે અને બે માસ રજસ્વલા ન થાય તો પતિને જાણ કરે છે કે તેને ગર્ભ રહી ગયો છે. સ્ત્રીને ગર્ભ રહેવા પાછળ જાતિય સંબંધને કારણભૂત ગણવામાં આવે છે. જોકે તેમાં અલ્લાની રહેમ છે તેમ માનવામાં આવે છે. માળિયાથી ૫ કિ. મી. દૂર શહેનશાહની દરગાહ છે. જે સ્ત્રીને ગર્ભ ન રહેતો હોય તે ત્યાં જઈ ધાર્મિક વિધિ કરે છે. એમ કરવાથી તેમની મનોકામના પૂરી થાય છે તેમ માનવામાં આવે છે.

સીમંત :

ગર્ભવતી સ્ત્રીને પાંચમો માસ બેસે ત્યારે સીમંત (ખોળો ભરવાની) વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે સ્ત્રીના પિયરમાંથી બે–પાંચ સ્ત્રીઓ એક જોડી કપડાં લઈને આવે છે. ગર્ભવતી સ્ત્રીને સવારમાં નવરાવી પિયર પક્ષથી લાવેલાં કપડાં પહેરાવી લાકડાના પાટલા ઉપર બેસાડી ખોળામાં શ્રીફળ અને સાત પડા જેવા કે સાકર, તજ, લવિંગ, દ્રાક્ષ, સોપારી વગેરે મૂકવામાં આવે છે. ત્યાર પછી કુટુંબીજનોની સ્ત્રીઓ ગર્ભવતી સ્ત્રીના ખોળામાં ચોખા નાખીને વધાવે છે. ત્યાર બાદ સાતમે માસે ગર્ભવતી સ્ત્રીને પ્રસૂતિ માટે તેના પિયરમાં લઈ જવામાં આવે છે.

પ્રસૂતિ :

મિયાણા જાતિમાં પ્રથમ પ્રસૂતિ પિયરમાં કરાવવામાં આવે છે. મોટા ભાગે પ્રસૂતિ દાયણો દ્વારા જ કરાવવામાં આવે છે. કોઈ સ્ત્રીની હાલત ગંભીર જણાય તો જ દવાખાનામાં લઈ જવામાં આવે છે. બાળકના જન્મ સમયે મુશ્કેલી જણાય તો પ્રસૂતાના સાથળ ઉપર અલ્લા રસુલની " તાવીજ " બાંધવામાં આવે છે. અને બાળકના જન્મ બાદ તેને છોડી લેવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે તાવીજ બાંધવાથી કોઈ તકલીફ પડતી નથી. આ જાતિમાં પુત્રજન્મથી આનંદ થાય છે. પરંતુ પુત્રી જન્મે તો દુઃખી થતા નથી કે અપશુકન થાય તેમ માનતા નથી. પુત્રજન્મ થાય તો " ખૈરાત " કરવામાં આવે છે. એટલે કે હાજર હોય તેમને મીઠું મોં (ખાંડ, ગોળ આપીને) કરાવવામાં આવે છે.

બાળકના જન્મ્યા પછી નાળ દોરીથી કાપવામાં આવે છે. એક જગ્યાએ એવું જાણવા મળ્યું હતું કે દાયણ નાળ છરીથી કાપે છે. ત્યારબાદ નાળને ફળિયામાં અથવા પાણિયારા નીચે દાટવામાં આવે છે. એની પાછળનું કારણ એવું છે કે જો નાળ બહાર રહી જાય અને તેને કૂતરાં-મીંદડાં અડે તો ઓલાદ ખરાબ પાકે. પ્રસૂતિ બાદ પ્રસૂતાને ધીમો શેક આપવામાં આવે છે તથા અમુક પ્રકારના તેલથી માલીશ કરવામાં આવે છે. દાયણને રૂ. ૧૦ થી ૧૫ આપવામાં આવે છે. સામાન્ય રીતે અડચણરૂપ ન થાય તેવી જગ્યાએ ખાટલો રાખવામાં આવે છે. ખાટલો ફેરવતી વખતે ખૂણામાં કે એક બાજુ રાખવામાં આવે છે.

બાળકનો જન્મ થાય એટલે તેના જમણા કાનમાં " અજાન " અને ડાબા કાનમાં " એકામત " મોલવી દ્વારા પઢાવવામાં આવે છે.

છઠ્ઠીની વિધિ :

છઠ્ઠીની વિધિ અંગે ગ્રામ અને શહેરી વિસ્તારમાં અલગ અલગ માહિતી મળી હતી. ગ્રામ વિસ્તારમાં પચાસથી સાઠ વર્ષ પહેલાં છઠ્ઠીની વિધિ કરવામાં આવતી હતી. ત્યારે પીપળાનાં પાન રાખી થાળી વગાડતા અને જન્મેલ બાળકને નીચે નાખી ફેરવતા અને નામકરણવિધિ કરવામાં આવતી હતી. આજે આવી કોઈ વિધિ કરવામાં આવતી નથી આજે બાળક જન્મે તો ફોઈ તેનું નામ પાડે છે.

શહેરી વિસ્તારમાં બાળકના જન્મના છઠ્ઠા દિવસે રાતના સમયે છઠ્ઠીની વિધિ કરવામાં આવે છે. તે સમયે ગોળના લાડવા તેલમાં પકાવી બનાવે છે, બાળકને નીચે ફેરવે છે, તેનું નામ પાડવામાં આવે છે અને લોકોને મીઠું મોં કરાવવામાં આવે છે.

નામો :

મિયાણા જાતિમાં નીચે પ્રમાણે નામો જોવા મળે છે :

વૃદ્ધ પુરુષો :

ભેમભાઈ, મુસો, અલીયાસ, ઈસાભાઈ, મામદ, અબ્દુલ, ઈબુ

યુવાન પુરુષો :

હારુન, ઉમર, રહીમ, મહમદ

બાળકો :

યુસુફ, અસગરઅલી, ગફન, તાજમામંદ, સદીક, ફતેમામદ, હૈદર

વૃદ્ધ સ્ત્રીઓ :

હવા, આયશા, ધનબાઈ, શકીના, એમણા, ખીમાબાઈ

યુવાન સ્ત્રીઓ :

રુપા, જેતુન, હાવાબાઈ, ફાતમા, હનીફા, સકીના, હલીમ

બાળકીઓ :

શેરબાનુ, મરિયમ, નૂરબાનુ, રેહમત, યુનફા, ખતીજા, રોશન, મેરુલ

સુન્નત (ખત્ના) :

બાળક થોડું મોટું થાય એટલે 'સુન્નત" કરવામાં આવે છે. એમાં વયની કોઈ મર્યાદા હોતી નથી પરંતું નાનપણમાં સુન્નત કરાવવી વધારે હિતાવહ હોય છે. તેમની માન્યતા પ્રમાણે સુન્નત કરાવવી એ મહમદ પયગંબર સાહેબનું ફરમાન છે. જ્યારે કેટલાકે એમ પણ જણાવેલ કે પરંપરાથી આ વિધિ ચાલી આવે છે એટલે અમે અનુસરીએ છીએ. સુન્નતની વિધિ કરનાર વ્યકિત અથવા શહેરમાં ડૉકટર પાસે કરાવડાવે છે. સુન્નત બાદ જો ઘરની આર્થિક સ્થિતિ સારી હોય તો ફુલેકું કાઢવામાં આવે છે અને ખેરાત કરવામાં આવે છે. તેમાં બકરાનું માંસ તથા ચોખા પકાવી કુટુંબીજનો અને સગાંવહાલાંને ખવડાવવામાં આવે છે.

બાળકો :

જન્મ બાદ બાળકો જીવતાં ન હોય તો ઈબ્રાહીમ અલય હિસ્સલામ મુલ્લા આલે સલામ ઉપર યકીન (શ્રદ્ધા) રાખી તેની માનતા રાખવામાં આવે છે. અથવા તો પીરના તાવીજ કે દોરા યકીન રાખી બાંધે છે. શહેરોમાં ડૉકટરી તપાસ કરાવે છે. સાથે સાથે ઉપર મુજબ બાધા દોરા, તાવીજ પણ કરે છે.

નાનાં બાળકો તેમનાથી નાનાં બાળકોને રમાડવાનું કામ કરે છે. ગ્રામ વિસ્તારમાં ૧૦-૧૨ વર્ષનાં બાળકો મચ્છીકામ અને ખેતીકામમાં મદદ કરે છે. શહેરી વિસ્તારમાં ૧૦-૧૨ વર્ષનાં બાળકો કોલસા વીણવા, હોટલમાં કામ કરવું વગેરે પ્રવૃત્તિ કરે છે. બાળકોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. સાથે સાથે શિક્ષણ પ્રત્યે અભિરુચિ પણ ધરાવતાં નથી.

લગ્ન પહેલાં અને પછીના જાતીય સંબંધો :

લગ્ન પહેલાંના જાતીય સંબંધો ઉપર સમાજમાં સંપૂર્ણ નિષેધ છે. આ કામ ખૂબ જ ઝનૂની સ્વભાવની છે. કોઈની જાણમાં આવી જાય કે અમુક જણ વચ્ચે જાતીય સંબંધો છે તો ધીંગાણું થઈ જાય છે. માથાં કપાઈ જાય છે. લગ્ન બાદ પણ અન્ય સાથેના જાતીય સંબંધોમાં ઉપર પ્રમાણેનું જ પરિણામ આવે છે.

સગાઈ :

મિયાણા જાતિમા છોકરો પાંચથી સાત વર્ષનો અને છોકરી ત્રણથી ચાર વર્ષની થાય ત્યારે સગાઈ કરવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં સગાઈ મોડી પણ કરવામાં આવે છે. સગાઈની શરુઆત છોકરા પક્ષ તરફથી થાય છે. જો મામા-ફોઇનાં છોકરા-છોકરી હોય તો સામસામે સગાઈસંબંધો નક્કી કરવામાં આવે છે અને જો ન હોય તો કુટુંબીજનોમાં પૂછાવી સગાઈ થાય છે. છોકરી પક્ષવાળા પૂછવા જતા નથી, કારણ તેમાં તેઓ નીચાપણું છે તેમ માને છે. પાત્રોની પસંદગી માતા-પિતા દ્વારા નક્કી કરવામાં આવે છે. હવે છોકરા-છોકરીઓનો અભિપ્રાય લેવામાં આવે છે.

સગાઈની વિધિ :

સામસામા પક્ષે સગાઈનું નક્કી થઈ જાય એટલે છોકરા પક્ષથી સાત-આઠ સ્ત્રીઓ સગાઈની વિધિ માટે જાય છે. તે વખતે છોકરી માટે ત્રણ કપડાં ખરીદે છે અને શક્તિ હોય તો સોનાચાંદીનાં ઘરેણાં પણ લે છે. છોકરીને ત્યાં જઈ કપડાં-ઘરેણાં પહેરાવવામાં આવે છે. ત્યાર બાદ તેને પૂર્વ દિશામાં બેસાડી ખોળામાં શ્રીફળ, કંકુ, ચોખા મૂકવામાં આવે છે અને કન્યાને વધાવવામાં આવે છે. ત્યારબાદ આવેલા મહેમાનોને ચા-પાણી આપવામાં આવે છે. પછી જમાડે છે. પહેલાં મહેમાનોને મીઠું મોં કરાવવામાં આવે છે. પછી મચ્છી-શાક, રોટલા અને જેની આર્થિક સ્થિતિ સારી હોય તે લાડુ, ગાંઠિયા, શાક જમાડે છે. મહેમાનો જો ગામના જ હોય તો ફક્ત ચા-પાણી જ થાય છે. બહારગામના હોય તો જમાડવામાં આવે છે. આ સમયે કોઈ પ્રકારની લેવડ-દેવડ થતી નથી. સગાઈ બાદ છોકરા છોકરીને મળવા-ફરવા ઉપર પ્રતિબંધ આવી જાય છે.

દહેજ :

વીસથી ત્રીસ વર્ષ પહેલાં મિયાણા સમાજમાં દહેજપ્રથા હતી, જેમાં છોકરા પક્ષ તરફથી છોકરી પક્ષને રૂ. ૬૦ આપવામાં આવતા હતા. આ પૈસા તો જ્યારે છોકરા પક્ષ તરફથી લગ્નની તારીખ નક્કી કરવા દશ-પંદર માણસો આવતા ત્યારે જ જમણવારમાં ખર્ચાઈ જતા. જો કે લાલ તો એ દહેજના રૂ. ૬૦ પણ બંધ કરવામાં આવ્યા છે. તે આજના દહેજના દૂષણથી ખદબદતા સમાજોએ મિયાણા જાતિ પાસેથી શીખવા જેવું છે.

લગ્ન:

આપણે આગળ જોઈ ગયા કે મિયાણા જાતિ મુસ્લિમ ધર્મ પાળે છે. મુસ્લિમ ધર્મમાં લગ્નસંસ્થા સાર્વત્રિક જોવા મળે છે. લગ્ન માટે છોકરાની ઉંમર ૧૮થી ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૬થી ૧૮ વર્ષ વચ્ચેની રહે છે. કન્યાપક્ષને ત્યાં છોકરાપક્ષના જઈ લગ્ન નક્કી કરે છે. મોટે ભાગે ફાગણ, ચૈત્ર, વૈશાખ અને જેઠ આ ચાર માસમાં લગ્ન કરવાનું પસંદ કરે છે. લગ્નની તારીખ નક્કી થયા બાદ કન્યાને બીજા દિવસથી પીઠી ચોળવામાં આવે છે. છોકરાને પોતાના કુટુંબની ઇચ્છા પ્રમાણે પીઠીએ બેસાડે છે. લગ્નના આઠ-દશ દિવસ હોય ત્યારે સગાંસંબંધીઓને કંકોત્રી લખાય છે અને પાંચેક દિવસ અગાઉ વરરાજાને ફુલેકે ચઢાવવામાં આવે છે. એમાં વરરાજાને નવાં કપડાં પહેરાવી ઘોડા ઉપર બેસાડી ગામમાં ફેરવવામાં આવે છે. આગળ ઢોલ વગાડવામાં આવે છે. પાછળ વરઘોડો અને અન્ય પુરુષો તથા તેમની પાછળ સ્ત્રીઓ ગીત ગાતીગાતી આવે છે.

જાનના આગલા દિવસે સવારે "ગણેશ" બેસાડવામાં આવે છે, જેમાં એક ઓદડા પર શ્રીફળને ચાંદલો કરી મૂકવામાં આવે છે. એને ઘઉંના આસનમાં રાખવામાં આવે છે. ગણેશ સ્ત્રીઓ બેસાડે છે અને રાત્રે "સોરત" કરવામાં આવે છે. ઢોલી ઢોલ વગાડે છે અને સ્ત્રીઓ રાસડા લે છે. રાત્રે તલ, ચણા અને ઘઉંના ટોઠા તથા ચા-પાણી આગંતુકોને આપવામાં આવે છે. જાન જવાની હોય તે દિવસે હેસિયત હોય તો બપોરે ભોજન રાખવામાં આવે છે. વરરાજાને રેશમી કપડાં જરી વગેરે છાંટી શણગારવામાં આવે છે અને લાલ કલરનાં બૂટ પહેરાવવામાં આવે છે. જાન બહારગામ જવાની હોય તો એક વખતનું ભાડું છોકરાપક્ષ તરફથી આપવામાં આવે છે અને એક ભાડું જાનમાં

જનારી વ્યક્તિતએ આપવાનું હોય છે. જનમાં આશરે પચાસથી સાઠ માણસો જાય છે. વરપક્ષ તરફથી કન્યા માટે કાનના કાંપ, બેડી, હાથનાં કડાં, ઝાંઝરી અને બે જોડી કપડાં આપવામાં આવે છે. સાથે સાથે વરની સાસુને કપડું આપવામાં આવે છે, જેમાં સાડી હોય છે. જન સીધી ઉતારે લઈ જવામાં આવે છે. ત્યાં થોડી વાર આરામ કરી કન્યાને ત્યાં જાય છે.

આંગણામાં મહેમાનો તથા વરરાજાને બેસાડવામાં આવે છે. લગ્નની ધાર્મિક વિધિ "મોલવી" કરાવે છે. પ્રથમ નિકાહ પઢાવે છે. તે પહેલાં છોકરાપક્ષ તરફથી બે વકીલ રાખે છે અને છોકરીપક્ષ તરફથી પણ બે વકીલ રાખે છે અને હાજર રહેલાં બધાં સગાંસંબંધીને પણ બંધનમાં લે છે. ત્યારબાદ મોલવીજી છોકરાને પૂછે છે કે ફલાણાભાઈની દીકરી સાથેનું લગ્ન કરવા તું તૈયાર છે? આ રીતે ત્રણ વખત છોકરાની સંમતિ લેવામાં આવે. ત્યારે કન્યા ઘરમાં જ હોય છે. ત્યાર બાદ કન્યાની સંમતિ લેવામાં આવે છે બન્ને સંમતિ દર્શાવે ત્યારબાદ નિકાહ પઢાવવાનું શરૂ કરે છે.

ત્યારપછી વરની સાસુ આવી વર તથા તેમના આણવર ને શાલ ઓઢાડી જાય છે અને સ્ત્રીઓ વરને વધાવે છે. હાજર રહેલાંને ખજૂર-પતાસાં વહેંચે છે. ત્યારબાદ જાનને જમાડવામાં આવે છે. તેમાં લાડુ, દાળ, ભાત, શાક કે મટન પણ હોય છે. વરરાજા અને આણવરને દૂધ, ઘી, ખાંડ, ચોખા જમાડવામાં આવે છે. પછી વરરાજા ઘરમાંથી થાળી મંગાવે છે અને તેમાં રૂ. ૨૫ કે રૂા. ૫૦ મૂકે છે અને ત્યારબાદ દરેક સભ્ય રૂા. ૨ થાળીમાં મૂકે છે. પછી કન્યાને સ્નાન કરાવી કપડાં અને ઘરેણાં પહેરાવવામાં આવે છે અને જાન ઘેર જાય છે. કન્યા પક્ષવાળાની શક્તિ હોય તો રાત્રી રોકાણ જાનને કરાવડાવે છે.

જાન વરપક્ષને ત્યાં પહોંચે એટલે વરનાં માતા અથવા ભાભી વરકન્યાને આંગણામાં રાખી પોંખે છે, જેમાં પાણીના ભરેલા લોટા ઉપર શ્રીફળ મૂકી તેના ઉપર ચૂંદડીનો છેડો ઢાંકી ચાર વખત ઉતારવામાં આવે છે. ત્યારબાદ ચાર ગોળની કણી અથવા ખારેક લઈ વરકન્યાની સામે ચાર વખત ઉતારી ચારે દિશામાં ફેંકવામાં આવે છે. સાત—આઠ સ્ત્રી પુરુષો આવી કન્યાને તેડી જાય છે. કન્યા પંદરેક દિવસ પિયરમાં રોકાયા પછી તેના પતિપક્ષના માણસો આવી તેડી જાય છે. પછી કાયમ પતિને ત્યાં રહે છે. લગ્નમાં આશરે ત્રણથી ચાર હજાર રૂપિયા ખર્ચો બન્ને પક્ષે થાય છે. લગ્ન વખતનાં ગીતોમાં હિંદુઓમાં ગવાતાં ગીતો પણ હોય છે.

વૈવાહિક દરજ્જો :

મિયાણા જાતિનાં તપાસેલ ૨૦૦ કુટુંબોમાં ૧૦૨૯ પુરુષો અને ૯૦૮ સ્ત્રીઓ હતી, જેમાં ૩૮૮ એટલે ૩૭.૭ ટકા પુરુષો પરિણીત હતા, જ્યારે ૪૦૦ એટલે કે ૪૪.૦૫ ટકા સ્ત્રીઓ પરિણીત હતી. તેમાં વિધવા અને છૂટાછેડા લીધેલી સ્ત્રીઓનો પણ સમાવેશ થયેલો છે. લગ્નની વય જોઈએ તો મોટાભાગના પુરુષોનાં લગ્ન ૧૯થી ૨૨ વર્ષની વયે અને સ્ત્રીઓનાં લગ્ન ૧૫થી ૧૮ અને ૧૯થી ૨૨ વર્ષની વયે થયેલાં હતાં. ૨૩ વર્ષથી વધુ ઉંમરે લગ્ન થયાં હોય તેવા કિસ્સાઓનું પ્રમાણ અલ્પ હતું.

છૂટાછેડા :

છૂટાછેડા સમાજમાન્ય હોવા છતાં મર્યાદિત અને અમુક સંજોગોમાં જ આપવામાં આવે છે. સામાન્ય રીતે પત્ની કહ્યામાં ન રહે, પુરુષને સ્ત્રી ગમતી ન હોય, સ્ત્રીને ઘર ન ચલાવવું હોય, કૌટુંબિક કલહ હોય

અથવા તો બન્નેમાંથી એકાદ પક્ષે શારીરિક (જાતીય) ખામી હોય તો છૂટાછેડા લેવાય છે. છૂટાછેડાનો અધિકાર ફક્ત પુરુષને જ છે. પુરુષ લેખિત આપે કે આજથી છૂટા ત્યારે જ સામાજિક અને ધાર્મિક રૂએ રીતે છૂટાછેડા મળે છે.

પુનર્લગ્ન :

મિયાણા જાતિમાં પુનર્લગ્ન સમાજમાન્ય છે. આવાં લગ્ન વિધવા, વિધુર, છૂટાછેડા લીધેલ સ્ત્રીપુરુષ અન્ય કોઈપણ સાથે કરી શકે છે. જો એકબીજાની ઈચ્છા હોય તો વિધવા કુંવારા પુરુષ સાથે, વિધુર કુંવારી સ્ત્રી સાથે અને છૂટાછેડા લીધેલ અન્ય કુંવારી વ્યક્તિ સાથે લગ્નસંબંધથી જોડાઈ શકે છે. પુનર્લગ્નમાં ખાસ કાંઈ વિધિ હોતી નથી. સ્ત્રી પુરુષને ત્યાં બેસી જાય એટલે લગ્ન આપોઆપ થઈ ગયાં કહેવાય છે. પુનર્લગ્નમાં સ્ત્રી પોતાનાં બાળકો સાથે પણ લઈ જઈ શકે છે અથવા વિધવા સ્ત્રીનાં દિયર કે જેઠ બાળકોને સાચવે છે. પુનર્લગ્નમાં કાંઈ પણ ખર્ચ થતો નથી. વિધવા સ્ત્રીનું સ્થાન સમાજમાં અન્ય સ્ત્રી જેવું જ છે. તેને અપશુકનિયાળ માનવામાં આવતી નથી.

કયારેક એવું બને કે પુરુષને એક પત્ની હોય અને અન્ય સ્ત્રી આ પુરુષને ચાહતી હોય અને તે એના ઘરમાં બેસવા માંગતી હોય પણ આવી સ્ત્રીનાં અન્ય જગ્યાએ લગ્ન થયેલાં હોય ત્યારે તે સ્ત્રી જેના ઘરમાં બેસે તે પુરુષ તે સ્ત્રીના અગાઉના પતિને દંડ પેટે પાંચથી પંદર હજાર રૂપિયા આપે છે. જો ન આપે તો વેરઝેર થાય છે; કયારેક ખૂન પણ થઈ જાય છે.

દિયરવટુ :

પતિના મૃત્યુ બાદ તેની પત્ની પોતાના દિયર સાથે લગ્ન કરવા

ઈચ્છતી હોય તો તે થઈ શકે છે. પરંતુ પતિના મૃત્યુ પછી તેના મોટાભાઈ સાથે લગ્ન કરી શકતી નથી. તેમાં સમાજમાન્ય ધાર્મિક નિષેધ છે. પતિના મોટાભાઈને ભાઈ સમાન માનવામાં આવે છે. તેથી જેઠવટુ થઈ શકતું નથી.

સાળીવટુ :

પત્નીના મૃત્યુ બાદ તેનો પતિ પત્નીની નાની કે મોટીબહેન સાથે લગ્ન કરી શકે છે. નાની બહેન સાથે લગ્ન થયેલાં જોવા મળે છે. મોટી બહેન સાથે લગ્ન થયાં હોય તેવું જોવા મળ્યું નથી, જોકે મોટી-બહેન સાથે લગ્ન કરવા ઉપર નિષેધ નથી.

મૃત્યુ :

જ્યારે કોઈ મૃત્યુ પામે ત્યારે સૌ પ્રથમ મોલવી, કુંભાર અને ભંડારીને બોલાવવામાં આવે છે, કારણ કે મૃત્યુ પછીની વિધિ આ વ્યક્તિઓથી થાય છે. આ ઉપરાંત મૃત્યુના સમાચાર ગામમાં પોતાનાં સગાંસંબંધીને આપવામાં આવે છે. મોલવી મૃત દેહ પાસે ઊભા રહીને " બાંગ " પોકારે છે, જેથી આજુબાજુનાને ખ્યાલ આવે કે અહીં કોઈનું મૃત્યુ થયું છે. મૃતદેહને જ્યાં દફનાવવાનો હોય ત્યાં કુંભાર ૩ ફૂટ ઊંડો અને ૪ થી ૫ ફૂટ લાંબો ખાડો ખોદે છે, જેને ઘર ગામવું તેમ કહે છે. ભંડારી મૃતદેહને નવડાવે છે. ત્યારબાદ જનાજો તૈયાર કરવામાં આવે છે. જનાજો લગભગ દરેક ગામમાં જ્યાં મુસ્લિમોની વસ્તી હોય ત્યાં તૈયાર હોય છે. મૃતદેહને નવડાવ્યા પછી મોલવી " કસોદો " પઢે છે. કાપણ માટે ત્રીસથી બત્રીસ વાર કાપડ લાવવામાં આવે છે. મૃતદેહ ઉપર અત્તર-કપૂર વગેરે છાંટવામાં આવે છે. જનાજો ભાઈ-પુત્ર અને કુટુંબીજનો દ્વારા ઉપાડાય છે. કબ્રસ્તાનમાં જ્યાં ઘર

ખોદયું હોય છે ત્યાં લઈ જવામાં આવે છે, અને મૃતદેહને દફનાવવામાં આવે છે. તેની ઉપર માટીનાં માટલાં ઊંધાં મૂકવામાં આવે છે. તેના ઉપર ધૂળ નાંખવામાં આવે છે. હાજર રહેલા સર્વે મૂઠી મૂઠી ધૂળ નાખે છે. આ સમયે મોલવી બાંગ પોકારે છે. પાછા ફરતી વખતે કબરથી ચાલીસ કદમે મોલવી " ફાતિયો " પઢે છે. સગાંવહાલાં રોટલા ખાવા ત્રણ દિવસ રોકાય છે. આ દિવસોમાં મૃત્યુ પામેલ વ્યક્તિને ઘેર રંધાતું નથી પરંતુ સગાંસંબંધીને ત્યાંથી રસોઈ આવે છે અને બધાં જમે છે.

બીજા દિવસની વિધિને " જત " વાળવાની વિધિ કહેવામાં આવે છે. સૌ સગાં-સંબંધી મસ્જિદમાં જાય છે. ત્યાં મોલવી " ફાતિયો " પઢે છે. ત્યારબાદ સૌને પૌંઆ અને દાળિયા ભેગા કરી વહેંચવામાં આવે છે અને હાજર રહેલા સૌને તેલમાં આંગળી બોળાવે છે. ઘેર આવી ઘરની મુખ્ય વ્યક્તિ કહે છે કે આજે મારે ત્યાં " મોલુદ " છે. મોલુદમાં બકરાને કાપવામાં આવે છે. ચોખા રાંધી, મસાલો કરી, રસોઈ બનાવી સૌને જમાડવામાં આવે છે.

ત્રીજા દિવસની વિધિને " ખતમા "ની વિધિ કહેવામાં આવે છે. આ દિવસે લાપસી અને મીઠા ચોખા બનાવવામાં આવે છે અને નાના છોકરાઓને જમાડવામાં આવે છે. ત્યારબાદ ચાલીસમે દિવસે તેઓનામાં " શોક " ઉતારવાની વિધિ થાય છે. ત્યારે સગાં-સંબંધી, મામા, ફુઈ વગેરેને બોલાવવામાં આવે છે. આ દિવસે મામા-ફુઈ તરફથી બકરો આપવામાં આવે છે. જે ઘેર મૃત્યુ થયેલ હોય તે ચોખા લે છે અને બન્નેની રસોઈ બનાવી બધાં ખાય છે.

મહોરમને દિવસે કેળાં-ખજૂર, અન્ય ફળો વગેરે જ્યાં મૃત વ્યક્તિને દફનાવી હોય ત્યાં લઈ જવામાં આવે છે. ત્યાં ફાતમો પઢવામાં આવે છો અને ખાવાની વસ્તુ છોકરાઓને વહેંચી દેવામાં આવે છે. આ રીતે મૃત્યુ થાય ત્યારે વિધિ કરવામાં આવે છે.

ધાર્મિક-જીવન

ધર્મ એ માનવી સાથે વણાઈ ગયેલ શ્રધ્ધાને પરિપકવ કરનારું સાધન છે, જે સમાજની સંસ્કૃતિ, વાતાવરણ અને વારસાને જીવંત રાખે છે. જો કે ભિન્ન ભિન્ન ધર્મોની માન્યતાઓ વચ્ચે કેટલીક ભિન્નતા જોવા મળે છે. જ્યાં સુધી મિયાણા જાતિને લાગુ પડે છે ત્યાં સુધી આગળ જોઈ ગયા તેમ, તેઓ મૂળ હિન્દુ હતા પરંતુ વટલાઈને મુસ્લિમ થયેલા છે. હાલ તેઓ મુસ્લિમ ધર્મ પાળે છે.

મિયાણા જાતિના લોકો મુસલમાનમાં આવતા પીર, ફકીરને તથા સાધુ-સંત વગેરેને માને છે. ઈસ્લામ ધર્મમાં આવતી વાતોને તેઓ અગત્યની માને છે અને તેનું પાલન કરે છે, જે નીચે મુજબ છે.

(૧) કલમાએ તૈયબાહ :

" લાઈલાહા ઈલ્લાહ મોહમદુર રસૂલુલ્લાહ " ઈશ્વર સિવાય બીજો કોઈ ઉપાસનાને લાયક નથી અને હજરત મહમંદ સાહેબ ખુદાના મોકલેલા રસૂલ (સંદેશવાંહક) છે.

(૨) કલમાએ શહાદત :

" અશહદુ અન લાઈલાહા ઈલ્લાહ વ અશહદ અને માહમ્મદ ન અબ્દ હુ વરસૂલ હુ. " હું સાક્ષી આપું છું આ વાતની કે ઈશ્વર સિવાય બીજો કોઈ ઉપાસનાને લાયક નથી તથા સાક્ષી આપું છું કે આ વાતની કે હજરત મહમદ સાહેબ ઇશ્વરના એક બન્દા અને "પયગંબર" છે.

(૩) તહારત :

દરેક મુસલમાને શારીરિક તેમજ માનસિક રીતે પાક સ્વચ્છ રહેવું જોઈએ.

નમાજ :

હિંદુઓ મંદિરમાં ભગવાનની પૂજા કરે છે તેવી જ રીતે મિયાણાઓ નમાજ પઢે છે. નમાજ ઘર તથા મસ્જિદમાં પણ પઢી શકે છે. તે પહેલાં વજૂ કરવી પડે છે એટલે કે માથું, નાક, કાન, ગળું વગેરે વ્યવસ્થિત ધોવાં પડે છે. દરેક મુસલમાન પાંચ નમાજ પઢે છે. તેનાં નામ અને સમય આ પ્રમાણે છે : (૧) વહેલી સવારે ૫-૩૦ વાગે " ફજર " ,(૨) બપોરે ૧-૩૦ વાગે " ઝુહર ", (૩) સાંજે ૪-૩૦ વાગે " અસર ", (૪) રાત્રે ૭-૦૦ વાગે " મગરીબ " અને (૫) રાત્રે ૯-૩૦ વાગે " ઈશા ".

નમાજનો સમય ઋતુ પ્રમાણે બદલાય છે. મુસ્લિમોમાં નમાજનું ખૂબ મહત્ત્વ છે. તેઓ એમ માને છે કે કયામતના દિવસે નમાજનો હિસાબ લેવામાં આવશે. નમાજ નહીં પઢનાર માટે જહન્નમ છે અને નમાજી માટે જન્નત છે.

રોજા :

રમજાન મહિનો મુસલમાનોનો ઉપવાસનો મહિનો ગણાય છે. મુસલમાનો આ માસમાં ૩૦ દિવસના " રોઝ " રાખે છે. બાળકો પણ રોજા રાખે છે અને તેમાં ખુદાની ઉપાસના કરવામાં આવે છે. સ્ત્રીઓને પણ રોજા રાખવાનું ફરજિયાત હોય છે.

હજ

મુસલમાન સમાજમાં જે કોઈની આર્થિક પરિસ્થિતિ સારી હોય

તેને જિંદગીમાં એક વખત " હજ " પઢવી ફરજિયાત છે. "હજ" પઢવા માટે મક્કા જવું પડે છે. હજ પઢવા પાછળ એવી માન્યતા છે કે તેનાથી તમામ ગુનાઓમાંથી મુક્તિ મળે છે. " હજ " પઢવા જતાં પહેલાં કોઈનું દેવું હોય તો તે ચૂકતે કરી દેવું પડે છે.

જેહાદ :

ધર્મના નામે લડાઈમાં જોડાવાનો હુકમ થાય તો દરેક મુસ્લિમે તેમાં જોડાવાની તૈયારી રાખવી પડે છે.

ઉત્સવો :

અન્ય મુસલમાન સમાજની જેમ મિયાણા સમાજના લોકો અમુક તહેવારો શરિયતની આજ્ઞા મુજબ ઊજવે છે. અન્ય ધર્મોની જેમ કેટલાક દિવસો શુભ માનવામાં આવે છે, જ્યારે કેટલાક દિવસોએ પીર ઓલિયા વગેરેને યાદ કરી ફાતિયા પઢવામાં આવે છે. તેમાંના કેટલાક ઉત્સવો વિષે ટૂંકમાં જોઈએ.

મહોરમ :

મુસ્લિમ દેશોમાં પ્રચલિત હિજરી સંવતનો પહેલો મહિનો મહોરમ છે. મહોરમ શબ્દ અરબી ભાષામાંથી ઊતરી આવેલો છે. એનો અર્થ "હરામ" થાય છે. આ મહિનો ખૂબ જ શુભ ગણાય છે. ઈ. સ. ૬૨૨ની ૧૬મી જુલાઈએ હજરત મહમદ પયગંબર સાહેબ મક્કા છોડીને મદીના ચાલ્યા ગયા હતા. એટલે કે હિજરત કરી હતી. આ દિવસથી મુસલમાનોનો સંવત શરૂ થયો હતો તેને હિજરી સન કહેવામાં આવે છે. અત્યારે હિજરી સન ૧૪૦૮મી ચાલે છે.

આ જ મહિનાની ૧૦મી તારીખે હજરત મહંમદ સાહેબના નવાસા હજરત ઈમામ હુસેન બગદાદની દક્ષિણ-પશ્ચિમે ૫૦ માઈલને અંતરે આવેલા કરબલા શહેરમાં શહીદ થયા હતા. તેને લીધે આ સ્થળ પવિત્ર તીર્થધામ બન્યું અને આ મહિનો શોકનો ગણાયો.

મિયાણા જાતિમાં પણ મહોરમમાં શોક પાળવામાં આવે છે. મિયાણાઓ આ મહિનામાં સગાઈ કે લગ્ન કરતા નથી. કેટલાક મહોરમની સાતમી તારીખથી ઉપવાસ કરે છે. દશમી તારીખે લગભગ બધા જ ઉપવાસ કરે છે. આ દિવસોમાં મજલિસ કરવામાં આવે છે. દસમા દિવસે તાજિયા નીકળે છે. મિયાણાઓ પણ નાનામોટા તાજિયા કાઢે છે. પછી નદીના પાણીમાં ઠંડા મૂકી દેવામાં આવે છે. દશમી તારીખે ખીચડો (ઘઉં, દાળ અને મટનનું મિશ્રણ) બનાવવામાં આવે છે. મિયાણા લોકો ઈમામ હુસેનના નામ પર શરબત અને દૂધ પિવડાવે છે. માળિયા મિયાણામાં રહેતા મિયાણા તાજિયાનું સરઘસ કાઢે છે.

મવલૂદશરીફ અને બારેવફાત :

રબીઉલસબલની ૧૨મી તારીખે હજરત મહમદ સાહેબનો જન્મદિન છે. મહમદ પયગંબરનો જન્મ અને મૃત્યુ દિવસ એક જ છે. ઘરમાં સારું રાંધવામાં આવે છે. મજલિસ થાય છે. મુલ્લાસાહેબ વાએજ ફરમાવે છે. મહમદ સાહેબના નામ પર દુરૂદ સલવાત પઢવામાં આવે છે. આ દિવસે દહીં-માખણ અથવા બાસુંદી-ચાવલનું મિશ્રણ બનાવવામાં આવે છે.

૧૧મી રજબ :

આ દિવસે હજરત જફર ઈમામ આદિકની ખીરપૂરી બનાવી સંબંધીઓ

તેમ જ બાળકોને આપવામાં આવે છે તથા ઈમામ જફર પર સલવાત પઢવામાં આવે છે.

૨૭મી રજબ મે'રાજ :

આ દિવસની રાત્રે મહમદ પયગંબર સાહેબ ખુદાની પાસેથી મુસલમાનો માટે પાંચ વખતની નમાજ લઈ આવેલા એવું માનવામાં આવે છે. અરબી ભાષામાં "મે'રાજ" શબ્દનો અર્થ થાય છે, ઊર્ધ્વ ગમન કરવું, જેના વડે ઉપર ચઢી શકાય એવી સીડી. આ પ્રસંગ રાત્રે બન્યો હોવાથી તેને શબે મે'રાજ કહે છે. આ દિવસે કુરાનનું પઠન કરવામાં તથા સારું ભોજન બનાવવામાં આવે છે.

શબે બરાત :

હિજરી સનના આઠમા મહિના "શાબાન"ની ચૌદમી તારીખની રાત્રે આ તહેવાર આવે છે. "શબ" એટલે રાત્રી અને "બરાત" એટલે પ્રકાશ. મુસ્લિમોનું એવું માનવું છે કે આ દિવસે લોકોને જહન્નમમાંથી છુટકારો મળે છે. એટલે પૂર્વજોને યાદ કરી પ્રાર્થના કરવામાં આવે છે તથા ઘઉંમાં ફળ, ઘી, અને સૂકો મેવો નાખી હલવો બનાવી ખાય છે.

શબે કદ્ર :

રમજાન એ મુસ્લિમો માટે પવિત્ર મહિનો છે અને તેમાંય શબે કદ્રની રાત હજારો મહિનાઓ કરતાં પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ આ રાત્રે હજરત મહમદ પયગંબર સાહેબ પર કુર્આન નાજિલ (ઉતારવાનું) થયું હતું. આખી રાત સ્ત્રી, પુરુષો અને બાળકો ખુદાની બંદગી કરે છે. એવું માનવામાં આવે છે કે આ રાત્રે બંદગી

કરનારાઓના બધા જ ગુના ખુદા માફ કરે છે. આ દિવસે ગરીબોને અનાજ, કપડાં, રોકડ વગેરેનું દાન કરવામાં આવે છે.

રમજાન ઈદ :

રમજાન મહિનાના ૩૦ દિવસના ઉપવાસ પછી સવ્વાલની પહેલી તારીખે ઈદ આવે છે. આ ઈદને ઈદુલફિતર પણ કહે છે. દરેક મુસલમાન સ્ત્રી-પુરુષને ઈદની નમાજ પઢવી પડે છે. આ દિવસે એકબીજાને ત્યાં જઈ "ઈદ મુબારક" કહે છે અને ભેટો પણ આપે છે. આ દિવસે ખાસ કરીને દૂધ, સેવ અને સૂકા મેવાનો શીરખુમો બનાવે છે.

બકરી ઈદ :

રમજાન ઈદ કરતાં બકરી ઈદનું મહત્ત્વ વધુ છે. તે ઝિલહજ મહિનાની ૧૦ તારીખે આવે છે. આ ઈદને "ઈદુ દુલા" પણ કહે છે. આ દિવસે બકરી, બળદ, ઘેંટાની કુરબાની ચઢાવે છે અને કુરબાનીનું મટન સગાંસંબંધી અને ગરીબોને વહેંચે છે. જે હજ કરી આવ્યાં હોય એમણે ફરજિયાત કુરબાની કરવી પડે છે.

આ ઉપરાંત મિયાણાઓ ભારતમાં આવેલા મુસ્લિમ પીરોને પણ માને છે. તેમાં અજમેર ખ્વાજા સાહેબના ઉરસમાં યાત્રા માટે જાય છે અને ત્યાં ફાતિયા પઢે છે. મીરા દાતાર અને પીરાનપીર દસ્તગીરને પણ માને છે. તેમની માનતાઓ રાખે છે અને તેમના નામે ફાતિયા પઢાવે છે.

મિયાણાના તહેવારોની હિજરી સન પ્રમાણે યાદી :

અ. નં.	મહિનો	તહેવાર
૧.	મહોરમ	૧૦મી આસુરા તાજિયા જુલુસ
૨.	સફર	—
૩.	રબીઉઅવલ	૧૨મી બારે વફાત, પયગંબર સાહેબનો જન્મ-મૃત્યુ દિવસ
૪.	રબીઉલઆખર	—
૫	જમાદિલઅવલ	—
૬.	જમાદિલઆખર	—
૭.	રજબ	૧૧મી તારીખ હજરત, ઈમામ જફર સાદિકનો જન્મ દિવસ અને ૨૭મી શબે મેરાજ
૮.	શાબાન	૧૫મી શબે બરાત
૯.	રમજાન	રોજાનો મહિનો
૧૦.	શવ્વાલ	૧લી ઈદુલફિતર
૧૧.	ઝિલક'દ	—
૧૨	ઝિલહજ	૧૦મી બકરીઈદ

મિયાણાઓ ભૂતપ્રેત અને ડાકણોમાં પણ માને છે. ક્ષેત્રકાર્ય દરમિયાન એવા કિસ્સાઓ નોંધવામાં આવ્યા હતા. કોઈ બીમાર પડે કે સાપ કરડે ત્યારે મસ્જિદમાં જાય છે અને ધર્મના વડાની સલાહ લે છે. શારીરિક મુશ્કેલીના સમયે દવા અને ધાર્મિક બાબતોનો સહારો લે છે.

શિક્ષણ

આપણે જાણીએ છીએ તેમ શિક્ષણ એ વિકાસ અને પરિવર્તનના પાયાનું અવિભાજ્ય અંગ છે. કોઈ પણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર શિક્ષણને અવગણી શકે તેમ નથી. એટલે શિક્ષણનું જેટલું મહત્ત્વ આંકીએ તેટલું ઓછું છે.

મિયાણા જાતિમાં શિક્ષણ ખૂબ જ ઓછું છે. નમૂનાનાં કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ગ્રામ વિસ્તારમાં ૬. ૧ ટકા પુરુષોએ શિક્ષણ પૂરું કર્યું હતું, જ્યારે ૩.૮ ટકા કુમારો શિક્ષણ લઈ રહ્યા હતા. સ્ત્રીઓમાં ૦. ૯ ટકા સ્ત્રીઓએ શિક્ષણ પૂરું કર્યું હતું અને ૦. ૫ કન્યાઓ શિક્ષણ લઈ હતી. અભણ પુરુષો ૯૦. ૬ ટકા હતા અને અભણ સ્ત્રીઓ ૯૬. ૬ ટકા હતી. તેવી જ રીતે શહેરી વિસ્તારમાં જોઈએ તો ૧૮. ૭ ટકા પુરુષોએ શિક્ષણ પૂરું કર્યું હતું. ૮. ૬ ટકા કુમારો શિક્ષણ લઈ રહ્યા હતા. અને ૦. ૮ ટકા સ્ત્રીઓએ શિક્ષણ પૂરું કર્યું હતું, જ્યારે ૧. ૯ ટકા કન્યાઓ શિક્ષણ લઈ રહી હતી. અભણ પુરુંષો ૭૨. ૭ ટકા હતા. અને અભણ સ્ત્રીઓ ૯૭. ૩ ટકા હતી. એકંદરે જોતાં આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ તેમની કુલ વસતિના ૧ ટકા જેટલું પણ ન હતું.

પસંદ કરેલાં ગામોમાં મિયાણાઓની વસતિ જોતાં અને મિયાણા કોમનાં ભણવા લાયક બાળકોની વસતિના પ્રમાણમાં નિશાળનાં હાજરી પત્રક જોતાં જેટલા ટકા છોકરાઓની સંખ્યા નિશાળમાં જોઈએ તેના ૫ ટકા પણ ન હતી. તેમાંય છોકરીઓનું પ્રમાણ શૂન્ય જેવા મળ્યું હતું. તાલુકા શાળા માળિયાની મુલાકાત સમયે ધોરણ ૧ થી ૭માં

અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા ૪૧૭ હતી, જેમાંથી ૪૦. ૩ ટકા મિયાણાનાં હતાં, જ્યારે ૫૯. ૦૭ ટકા બાળકો અન્ય જાતિનાં હતાં. કન્યા શાળા-માળિયામાં અભ્યાસ કરતી કુલ છોકરીઓમાંથી માત્ર ૫. ૯ ટકા છોકરીઓ મિયાણા કોમની હતી અને ૯૪. ૧ ટકા છોકરીઓ અન્ય કોમની હતી.

એવી જ રીતે ખાનગી હાઈસ્કૂલમાં પણ ધોરણ આઠથી દશ અને ધોરણ ૧૧માં કુલ મિયાણા બાળકોની સંખ્યા માત્ર ૫ ટકા હતી. એમાં ધોરણ ૮ માં મિયાણાની માત્ર ૧ છોકરી હતી, જ્યારે ૯૦.૦૦ ટકા માળિયામાં સ્થાયી વસવાટવાળા અન્ય સમાજના છોકરાઓ શિક્ષણ લઈ રહ્યા હતા.

હંજિયાસર ગામની વાત કરીએ તો ત્યાં શાળા નથી એટલે બાળકોને માળિયા જવું પડે છે. વચ્ચે મચ્છુ નદી હોવાથી બાળકોને મુશ્કેલી પડે તે સ્વાભાવિક છે. આ ઉપરાંત વાંઢ વિસ્તારનાં બાળકોને પણ શાળામાં જવા માટે ઘણી મુશ્કેલીઓ નડે છે. આ થઈ સ્થળના લીધે શિક્ષણ લેવામાં પડતી મુશ્કેલી. કેટલીક સામાન્ય મુશ્કેલીઓ પણ છે. (૧) તેમને શરુઆતથી નિશાળે જવાની ટેવનો અભાવ (૨) મા-બાપની બેદરકારી (૩) બાળકોનું ઘરકામમાં રોકાણ (૪) વાલીઓની નબળી આર્થિક સ્થિતિ (૫) સામાજિક પછાતપણું અને (૬) અજ્ઞાનતા વગેરે બાળકોમાં અને સર્વસામાન્ય રીતે મિયાણા જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવા માટે જવાબદાર છે.

જો કે વ્યવસાયોમાં ફેરફાર થવાથી, શહેરી સમાજ સાથે નિકટતા આવવાથી અને અન્યોમાં શિક્ષણને લીધે થયેલા ફેરફારો જોઈ હવે મિયાણા જાતિના લોકો પણ શિક્ષણનું મહત્વ થોડી થોડી સમજવા લાગ્યા છે. તેના પરિણામે ચારથી પાંચ છોકરાઓ ગ્રેજ્યુએટ થયા છે. છએક વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ લઈ રહ્યા છે.

માળિયા તાલુકામાં શિક્ષણની વ્યવસ્થા જોઇએ તો ૨૯ ગામોમાં ૧થી ૭ ધોરણની શાળા હતી. ૩ ગામોમાં ૧થી ૬ ધોરણની શાળા હતી. ૭ ગામોમાં ૧થી ૫ ધોરણની શાળા હતી. ૧૪ ગામોમાં ૧થી ૪ ધોરણની શાળા હતી. માત્ર એક જ ગામમાં શાળા નથી. ઉપર્યુક્ત શાળાઓમાં ૧૯૭૯માં કુલ ૮૯૫૦ બાળકો શિક્ષણ લઈ રહ્યાં હતાં, જેમાં ૫૩૧૪ કુમાર અને ૩૬૩૬ કન્યાઓનો સમાવેશ થાય છે.

આર્થિક જીવન

દૈનિક પ્રવૃત્તિ :

આ પ્રવૃત્તિઓનો ખ્યાલ સહભાગી નિરીક્ષણ દ્વારા મેળવવામાં આવેલો છે. પુરુષો સવારે છ વાગ્યાની આસપાસ ઊઠી વહેલી સવારે નદી કાંઠા પર પહોંચી જાય છે, તો કેટલાક માળિયા આવવા નીકળી જાય છે. ત્યાં આખો દિવસ હોટલોમાં ચા-નાસ્તો કરી વાતોના ગપાટા મારતા હોય છે. જ્યારે જેમના ઉપર કુટુંબનો આધાર હોય છે તેવા સવારે ઊઠયા પછી દશેક વાગે મીઠાકામ, કડિયાકામ, કોલસાકામ વગેરેની મજૂરીએ જાય છે. સાંજે થાકયા પાકયા ઘેર આવી જમી સૌ આઠથી નવ વાગે બહાર ખાટલા નાખી બેસતા હોય છે.

સ્ત્રીઓ સવારે પુરુષોથી વહેલી ઊઠી પાણી ભરવા જાય છે. પીવા માટેનું પાણી દૂરથી લાવવું પડે છે. ત્યારબાદ ચા-પાણી કરે છે. નાહવા-ધોવા માટેનું પાણી મચ્છુ નદીમાંથી લાવે છે. ત્યાર પછી જમવાનું બનાવી કેટલીક સ્ત્રીઓ પોતાનાં બાળકોને પીઠ પાછળ કપડે બાંધીને સાથે રાખી મજૂરી કરવા જતી જોવા મળી હતી.

મોટાં બાળકો નાનાં બાળકોને સંભાળતાં હોય છે. દશ-બાર વર્ષની ઉંમર થતાં તે પણ ખેતીકામ તથા મચ્છીકામમાં મદદ કરવા લાગે છે. યુવાનવર્ગ ઠાઠમાઠથી ફરતો હોય છે.

આર્થિક પ્રવૃત્તિઓ :

આમ તો દૈનિક પ્રવૃત્તિમાંથી પણ આર્થિક પ્રવૃત્તિનો આછો ખ્યાલ આવી જાય છે, તેમ છતાં તે અંગે વિશેષ ખ્યાલ મેળવીએ.

મચ્છીકામ (લોધકામ) :

મચ્છીકામને આ લોકો લોધકામ પણ કહે છે. આ કામની મોસમ મુખ્યત્વે શ્રાવણ મહિનાની શરુઆત અને આસોના પ્રથમ પંદર દિવસ એટલે કે બેથી અઢી માસ જેટલી હોય છે. તેઓ જુદી જુદી જાતની માછલીઓ પકડે છે અને તે વેરાવળના તેમ જ જાતિભાઈઓ કે જે વેપારીઓ છે તેઓને ઘણા ઓછા ભાવોમાં વેચી દે છે. આમ તો મોસમમાં તેઓ પૂરતી આવક મેળવી લે છે પરંતુ આયોજનના અભાવ અને ખોટા ખર્ચાને લીધે પાછળથી મજૂરી કરવી પડે છે. બીજી બાજુ તેમની પાસે આ ધંધાનાં પૂરતાં સાધનો હોવાથી તેઓ સારી આવક મેળવે છે.

તેઓ લોધના ધંધામાં નીચે મુજબની જાળનો ઉપયોગ કરે છે : (૧) પલાની જાળ (૨) જિંગાની જાળ (૩) છોડી જાળ (૪) ખગી જાળ (૫) ડેલમર જાળ.

તે ઉપરાંત વપરાતાં કેટલાંક સાધનોનાં નામ અને તેમની રૂપીઆમાં કિંમત આ પ્રમાણે છે :

સાધન	કિંમત	સાધન	કિંમત
(૧) રછ	૩૦૦	(૫) જાળી	૩૦૦
(૨) ગુજ	૨૫૦	(૬) વરી	૧૬૦૦
(૩) પટી	૧૫૦	(૭) ગોલવો	૪૦૦૦
(૪) કાતર	૨૦૦૦	(૮) રછઝાડા	૨૫૦૦

માળિયા વિસ્તારમાંથી મળતી મચ્છીના (૧ કિલોના) ભાવો નીચે પ્રમાણે હતા :

મચ્છીનું નામ		કિંમત
(૧)	ઢાંગરી	૨. ૦૦
(૨)	છોડી	૨. ૫૦
(૩)	થલો	૪. ૦૦ નંગ–૧ ના
(૪)	ખગી	૨. ૦૦
(૫)	ખગો	૨. ૦૦
(૬)	સેર	૨. ૦૦
(૭)	મોરાકી	૪. ૦૦
(૮)	ડભરો	૪. ૦૦
(૯)	માવર	૩. ૦૦
(૧૦)	સુરમાઈ	૧. ૫૦
(૧૧)	ખેટર	૩. ૦૦
(૧૨)	ગાંધિયો	૧. ૫૦
(૧૩)	કેરી	૪. ૦૦
(૧૪)	ધરંગ	૧. ૫૦
(૧૫)	કાંટિયાં	૧. ૨૫
(૧૬)	જિંગા (સૂકા)	૧૦. ૦૦
(૧૭)	સીંગારો	૧. ૫૦
(૧૮)	જરકા (નદીના)	૧. ૫૦
(૧૯)	કાફટ	૧. ૨૫
(૨૦)	ચરી	૩. ૨૫

જમીન અને પાકો :

ખેતીલાયક જમીનમાંથી ઉત્પાદન સારું લઈ શકાય છે. મોટા ભાગની જમીન રેતાળ છે. ખેતી મોટે ભાગે બળદથી કરે છે. મચ્છુ લોનારતમાં વાંઢ (સીમા) વિસ્તારમાં વસતાં ખેતી કરતાં ઘણાં કુટુંબોના બળદો તણાઈ જતાં તેઓને એક વધારાની સમસ્યા ઊભી થઈ હતી.

જેમની પાસે થોડીઘણી જમીન છે તેઓ જુવાર, બાજરો અને કપાસની ખેતી કરે છે. કઠોળમાં મગ, વાલ અને તુવેર પકવે છે. આઠ દશ કુટુંબો પાસે પિયતની સગવડ છે. તેઓ શિયાળામાં ઘઉં અને શાકભાજી વાવે છે. ખાસ કરીને ચોમાસુ પાક ઉપર જ આધાર રાખવો પડે છે. જેથી ચોમાસું નિષ્ફળ જાય ત્યારે તેમને મોટી સમસ્યા ઊભી થાય છે.

ખેતીનાં સાધનો :

મિયાણા જાતિનાં ખેતી કરતાં કુટુંબો પાસે આધુનિક ખેત-ઓજારો ખાસ જોવા મળતાં નથી. તેઓ પાસે મોટે ભાગે જૂનાં ખેતી-ઓજારો જોવા મળે છે. તેનાં નામ અને કિંમત આ પ્રમાણે છે :

ખેત-ઓજારનું નામ		કિંમત (રૂા. માં)
(૧)	દંતાળ-વાવણિયો	૧૫૦
(૨)	રપટો	૧૫૦
(૩)	વખેડો	૧૦૦
(૪)	બિલ્લી	૧૦૦
(૫)	હળ	૧૦૦
(૬)	કરબ	૧૦૦
(૭)	કાંટિયો કરબ	૭૫
(૮)	રેકડી	૭૫
(૯)	ગાડી	૧૫૦
(૧૦)	પાવડો	૨૫૦૦
(૧૧)	કોદાળી	૫
(૧૨)	કુહાડો	૫
(૧૩)	રાંપ	૫

પશુધન :

નમૂનાનાં કુટુંબો પાસે ગ્રામ વિસ્તારમાં ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, બળદ, વાછરડાં, પાડા, ઊંટ અને મરઘા હતાં. તે બધાં મળી કુલ ૮૬૩ હતાં, જેની કુટુંબદીઠ સરેરાશ ૬ હતી. અર્થાત ૧૯૮૭.૧ રૂ. નું સરેરાશ પશુધન એક કુટુંબ પાસે જોવા મળ્યું હતું. તેવી જ રીતે શહેરી વિસ્તારમાં પશુધનની સંખ્યા ૩૧૧ની હતી, જેમાં સરેરાશ ૨ની હતી અને સરેરાશ કિંમત ૮૨૯. ૬ રૂા.ની હતી. પશુધનમાં વિશેષ કરીને મરઘાં ૩૦૩, અને ઘેટાં બકરાં ૩૩૦ હતાં.

મજૂરીના દર :

અ. નં.	મજૂરીનો પ્રકાર	વિસ્તાર	પુરુષનો મજૂરીનો દર રૂ.માં	સ્ત્રીનો મજૂરીનો દર રૂ.માં
૧	મીઠાના અગરની	ગ્રામ	૧૦થી૧૨	૬થી૮
૨	ખેતીકામ	ગ્રામ	૪થી૫	૩થી૪
૩	રોડકામ, કડિયાકામની	ગ્રામ	૫	૫
૪	કારખાનાંની	શહેરી	૭	—
૫	સેન્ટ્રિંગ કામ	શહેરી	૧૦થી૧૫	—
૬	મિલમાં	શહેરી	૨૦થી૨૫	—
૭	છૂટક	શહેરી		—

મિયાણા સમાજમાં ઘણા મજૂરી કરીને જીવન ગુજારે છે. ગ્રામ અને શહેરી વિસ્તારમાં જે મજૂરી તેઓ મેળવે છે તે બંન્નેમાં ઘણો તફાવત જોવા મળે છે.

વ્યવસાય :

ગ્રામ વિસ્તારમાં ખેતી કરતા મિયાણા લોકો દિવસે દિવસે ખેતી તરફ દુર્લક્ષ સેવતા જાય છે. તેમાંય છેલ્લાં ત્રણેક વર્ષથી ઉત્પાદન ખૂબ જ ઓછું આવવાથી તેમાં વધારો થયો છે. ઉપરાંત ૧૯૭૯ની મચ્છુ હોનારતથી ખેતજમીનનું ધોવાણ થવાથી તથા ખેતરોમાં રેતી પથરાઈ જવાથી તે નવસાધ્ય ન થાય ત્યાં લગી ઉપયોમાં આવે તેવી રહી નથી. જો કે જમીનને નવસાધ્ય કરવાનું કામ રાજ્યના ખેતી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગર તેમ જ ધ્રાંગધ્રામાં વસતા મિયાણાનું જીવન મજૂરી ઉપર નિર્ભર છે. તેમાં સુરેન્દ્રનગરમાં વસતા કુલ મિયાણાનાં કુટુંબોમાંથી ૩૦ કુટુંબો કડિયાકામ, ૫૦ કુટુંબો મિલમાં નોકરી, ૩૦ કુટુંબો બળદગાડાં દ્વારા માલવહન તથા ૨૦ કુટુંબો રેકડીથી મજૂરી કરે છે. ૨૫ કુટુંબો મચ્છીના ધંધામાં રોકાયેલાં છે, ૪ કુટુંબો બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર છે. તે ઉપરાંત ૧૫ કુટુંબો રિક્ષા ચલાવવાનો અને ૧૦ કુટુંબો રેલવેમાં નોકરી અને ૧૦ કુટુંબો દારૂનો ધંધો કરે છે. બાકીનાં ૨૦૦થી ૨૫૦ કુટુંબો છૂટક મજૂરી ઉપર નિર્ભર છે. ધ્રાંગધ્રામાં વસતા મિયાણા કેમિકલ્સના કારખાનામાં નોકરી, પાનના ગલ્લા તેમ જ રહાની લારી કરે છે.

તે ઉપરાંત માળિયા વિસ્તારમાંથી અમદાવાદ સુરેન્દ્રનગર વગેરે જગ્યાએ જઈ વસેલા મિયાણાઓ મિલોમાં નોકરી, ખાસ કરીને

સાળખાતામાં બદલીઓ ભરવાની કરે છે, કેટલાક પાનના ગલ્લા, સાઈકલની દુકાન, નગર નિગમમાં ડ્રાયવરી, સરકારી કે બિનસરકારી ઑફિસોમાં ચોથા વર્ગની નોકરી, સળિયાકામ, સેન્ટ્રિંગકામ, સૂકી માછલીનો વેપાર, રિક્ષા ચાલવાનું કામ, કાપડની ફેરી, જુદી જુદી ફેકટરીઓમાં નોકરી, લોખંડનો ભંગાર એકઠો કરવાનું કામ તથા રાની કીટલી ફેરવવાનું કામ કરે છે. કેટલાક દારૂના વ્યવસાય સાથે પણ સંકળાયેલા છે.

તે ઉપરાંત સ્ત્રીઓ પણ પૂરક રોજી પૂરી પાડે છે. તેઓ કોલસા વીણવાનું, સીવણકામ વગેરે કામ કરતાં હોય છે. ૮થી ૧૧ વર્ષનાં બાળકો રાની કીટલી ઉપર દિવસના રથીક ફેરાના રોજથી કામ કરતાં હોય છે.

કમાનાર અને નહિ કમાનાર વ્યકિતઓ :

ગ્રામ અને શહેરી વિસ્તાર બન્નેના મળી પસંદ કરાયેલા કુલ ૩૦૦ કુટુંબોમાં ૧૦૨૯ પુરુષો અને ૯૦૮ સ્ત્રીઓ મળી કુલ ૧૯૩૭ સભ્યો હતા. તેમાંથી કામ કરનાર પુરુષોમાં ૧૦થી ૨૪ વર્ષની ઉંમરના ૩.૨૧ ટકા, ૨૫થી ૩૮ વર્ષની ઉંમરના ૨૨.૬૪ ટકા અને ૬૦થી ઉપરની ઉંમરના માત્ર ૨.૦૨ ટકા હતા, જ્યારે સ્ત્રીઓમાં ૧૦થી ૨૪ વર્ષની ૦.૧૧ ટકા તથા ૨૫થી ૫૯ વર્ષની ૦.૪૪ ટકા સ્ત્રીઓ કમાતી હતી. કમાનાર અને તેના ઉપર આધારિત એવા ૧૦થી ૨૪ વર્ષની ઉંમરના ૧૪૨૯ ટકા, ૨૫થી ૫૯ વર્ષની ઉંમરના ૬.૪૧ ટકા, અને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના ૧૯ ટકા પુરુષો હતા. આવી સ્ત્રીઓનું પ્રમાણ ૧૦થી ૨૪ વર્ષની ઉંમરમાં ૧૧.૪૫ ટકા, ૨૫થી ૫૯ વર્ષની ઉંમરમાં ૧૦.૯૩ ટકા અને ૬૦ વર્ષની ઉપરની ઉંમરમાં સ્ત્રીઓમાં ૧.૨૧ ટકાનું હતું. કમાણી નહીં કરનાર અને બીજા ઉપર આધારિત એવા ૦થી ૯ વર્ષથી ઉંમરના

૩૨.૬૬ ટકા, ૧૦થી ૨૪ વર્ષની ઉંમરના ૧૩.૨૩ ટકા, ૨૫થી ૨૯ વર્ષની ઉંમરના ૦.૭૮ ટકા, ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના ૦.૯૭ ટકા પુરુષો હતા. એજ રીતે સ્ત્રીઓનું પ્રમાણ ૦થી ૯ વર્ષથી નીચેની ઉંમરમાં ૨૮.૩૦ ટકા, ૧૦થી ૨૪ વર્ષની ઉંમરમાં ૨૩.૫૭ ટકા, ૨૫ થી ૫૯ વર્ષની ઉંમરમાં ૧૧.૫૭ ટકા તેમ જ ૬૦ વર્ષથી ઉપરની ઉંમરમાં ૩.૪૩ ટકા હતી. આ બધી અન્ય કમાનાર ઉપર આધારિત હતી.

સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો કુલ ૧૦૨૯ પુરુષો અને ૯૦૮ સ્ત્રીઓમાં ૨૯૬ પુરુષો અને ૫ સ્ત્રીઓ કમાતી હતી. જ્યારે કમાનાર અને તેના પર આધારિત એવા પુરુષો ૨૧૫ અને સ્ત્રીઓ ૨૯૬ હતી, અને નહીં કમાનાર અને કમાનાર પર આધારિત એવા પુરુષો ૫૧૮ અને સ્ત્રીઓ ૬૦૭ હતી.

વ્યવસાયદીઠ આવક :

તપાસમાં લીધેલા કુલ કુટુંબોમાંથી ૧૬૦ કુટુંબો ગ્રામ વિસ્તાર અને ૧૪૦ કુટુંબો શહેરી વિસ્તારમાંથી પસંદ કર્યાં હતાં. તે કુટુંબો આ પ્રમાણે વ્યવસાયમાં રોકાયેલાં હતાં :

અ.નં.	વ્યવસાય	ગ્રામ કુટુંબો	શહેરી કુટુંબો
૧	ખેતી	૨૪	૭
૨	મજૂરી	૫૪	૬૫
૩	લોધકામ (મચ્છીમારી)	૬૬	૧૪
૪	ધંધા–નોકરી	૧૦	૩૧
૫	વેપાર	૫	૩૧
	કુલ	૧૬૦ (૫૩.૩%)	૧૪૦ (૪૬.૭%

તે ઉપરાંત તપાસેલ કુટુંબોમાં કુટુંબદીઠ ધંધા/સાધનવાર આવકનું પ્રમાણે તપાસ્યું હતું, જે નીચે પ્રમાણે માલૂમ પડયું હતું :

એ.નં.	વ્યવસાય	ગ્રામ વિસ્તારની કુ. દીઠ વાર્ષિક આવક રૂપિયા	શહેરી વિસ્તારની કુ. દીઠ વાર્ષિક આવક રૂપિયા
૧	ખેતી અને પશુપાલન	૧૫૮૧.૧	૮૬૮.૯
૨	લોધકામ (મચ્છીમારી)	૩૧૫૪.૯	૭૮૬.૧
૩	વેપાર–ધંધા	૭૨૭.૯	૧૦૪૯.૬
૪	મજૂરી	૧૫૬૪.૯	૨૨૪૪.૨
૫	નોકરી	૨૭૫.૧	૧૩૯૭.૧
૬	અન્ય ધંધામાંથી	૩૮૦.૪	૩૪૩.૬

ઉપર્યુંકત ધંધાઓમાંથી સૌથી વધુ આવક લોધકામ (મચ્છી પકડવી) માંથી પ્રાપ્ત થાય છે. દરિયા કિનારાની નજીકના ગામોમાં ગામ વિસ્તારના મોટા ભાગનાં કુટુંબોનું જીવન આ ધંધા સાથે સંકળાયેલું છે. આ ધંધામાં મિયાણાઓનું ખૂબ શોષણ થાય છે. તેમનું શોષણ અટકે એ જરૂરી છે. તે માટે સહકારી મંડળીની રચના કરી માલની લે વેચની વ્યવસ્થા ઊભી કરી ધંધાને પ્રોત્સાહિત કરવો જોઈએ, જેથી માછલીના સારા ભાવો પ્રાપ્ત થતાં, આવક વધતાં અન્ય જાતિઓની જેમ જીવનસ્તર થોડું ઊંચુ લાવી શકાય.

ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં લોધકામની સરખામણીએ ઓછી આવક થાય છે. દિવસે દિવસે ખેતી પ્રત્યે દુર્લક્ષ સેવાતું જાય છે. એનું કારણ એ છે કે વર્ષની કમાણી બે માસમાં મળતી હોય તો પછી આખું વર્ષ મજૂરી શા માટે કરવી એમ એઓ વિચારે છે.

મજૂરી મારફતે ગ્રામ વિસ્તારમાં ૨૦.૪ ટકા અને શહેરી વિસ્તારમાં ૩૩.૫ ટકા આવક મેળવે છે, જ્યાંયે શહેરી વિસ્તારમાં મજૂરી, નોકરી અને વ્યાપાર-ધંધામાંથી સારી આવક મળે છે. શહેરી વિસ્તારના કુલ આવકના ૩૩.૫ ટકા આવક મજૂરી દ્વારા મેળવે છે, જ્યારે નોકરીમાંથી કુલ આવકની ૨૦.૯ ટકા આવક મેળવે છે તથા વેપાર-ધંધામાંથી કુલ આવકના ૧૫.૭ ટકા આવક પ્રાપ્ત કરે છે. ખેતી, બાંધકામ અને અન્ય ધંધામાંથી મળતી આવકનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે.

આ રીતે ગ્રામ અને શહેરી વિસ્તારનાં નમૂનાનાં ૩૦૦ કુટુંબની વાર્ષિક સરેરાશ આવક જોઈએ તો અનુક્રમે ખેતી અને પશુપાલન લોધકામ, વેપાર-ધંધા, મજૂરીની, નોકરીની અને અન્ય આવકનું પ્રમાણ ૧૭.૩%, ૨૮.૪%, ૧૨.૧%, ૨૬.૧%, ૧૧.૧% અને ૫.૦% મળી

કુલ ૧૦૦ ટકા આવક મેળવે છે. ગ્રામ વિસ્તારમાં વસતા મિયાણાં કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા. ૭૬૮૩૩ હતી. શહેરી વિસ્તારમાંથી નમૂનાનાં કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૬૬૮૯ હતી.

આવક પ્રમાણે વર્ગીકરણ :

તપાસમાં લીધેલા ગ્રામ અને શહેરી વિસ્તારનાં ૩૦૦ કુટુંબોની વાર્ષિક આવકને તપાસી હતી જે નીચે પ્રમાણે જાણવા મળી. તેમાં ૩ કુટુંબોની વા. આવક, ૧૦૦૧થી ૧૫૦૦ રૂા. ની હતી. ૩ કુટુંબોની વા, આવક ૧૫૦૧ થી ૨૦૦૦ હતી, ૨૭ કુટુંબોની વા. આવક ૨૦૦૧થી ૩૦૦૦ સુધીની હતી. ૪૮ કુટુંબોની વા. આવક ૩૦૦૧થી ૪૦૦૦ ની હતી. ૩૨ કુટુંબોની વાર્ષિક આવક રૂા. ૪૦૦૧થી ૫૦૦૦ સુધીની હતી ૬૪ કુટુંબોની વાર્ષિક આવક ૫૦૦૧થી૭૦૦૦ રૂા. સુધીની હતી. ૭૫ કુટુંબોની વા. આવક ૭૦૦૧થી ૧૦૦૦૦ સુધીની હતી અને બાકીનાં ૪૮ કુટુંબોની બધી મળી કુલ વાર્ષિક આવક રૂા. ૧૦૦૦૧થી ૧૫૦૦૦ સુધીની હતી.

મિલકત : (અસ્કયામતો) :

તપાસેલ કુટુંબોની જુદી જુદી અસ્કયામતો જેવી કે મકાન પશુધન, ધંધાના સાધનો, ખેતીનાં સાધનો, માછલાં પકડવાનાં સાધનો, જમીન-ઘરવપરાશનાં સાધનો, સોનાચાંદીનાં ઘરેણાંની કિંમત જોઈએ તો ગ્રામ વિસ્તારનાં તપાસેલ કુટુંબોમાં કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ ૧૫૭૫૧.૪ રૂા. હતું, જ્યારે માથાદીઠ પ્રમાણ ૨૮૧૨.૮ રૂા. હતુ. તથા શહેરી વિસ્તારમાં તપાસેલ કુટુંબોમાં કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ રૂા ૧૦૯૦૮.૦૦ હતું અને માથાદીઠ રૂા. ૧૫૧૫.૦૦ થતું હતું.

કુલ સ્થાવર મિલકતનું વધુ પ્રમાણ ગ્રામ વિસ્તારમાં હતું જેમની પાસે પોતાનું મકાન, જમીન અને પશુધન છે તેમની સ્થાવર મિલકતમાં તે વધારો કરે છે. ગ્રામ અને શહેરી વિસ્તારમા આવક અને મિલકતનું પ્રમાણ જોઈએ તો સૌથી વધુ આવક પ્રાપ્ત કરતાં કુટુંબો અને વધુ સ્થાવર મિલક ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ગ્રામ વિસ્તારમાં વધુ હતું.

વપરાશી ખર્ચ :

ખર્ચ મોટે ભાગે આવક પ્રમાણે થતું હોય છે. મિયાણા જાતિમાં તપાસેલાં કુટુંબોના ધંધા પ્રમાણે વપરાશી ખર્ચ જોઈએ તો ગ્રામ વિસ્તારમાં ખેતીનો ધંધો કરતાં કુટુંબોનું કુટુંબદીઠ વપરાશી ખર્ચ રૂા. ૮૪૯૭.૪ થાય છે. મજૂરી પર જીવતાં કુટુંબોનું કુટુંબદીઠ ખર્ચ ૪૮૬૯.૩ રૂા. થાય છે. લોધકામ કરતાં કુટુંબોનું સરેરાશ ખર્ચ ૪૯૮૦.૮ રૂા, છે, જ્યારે નોકરી કરતાં કુટુંબોનું સરેરાશ ખર્ચ ૫૧૪૩.૫ રૂા. થાય છે વેપારમાં રોકાયેલાં કુટુંબોનું સરેરાશ ખર્ચ ૫૬૧૬ રૂા. થાય છે. તેવી રીતે શહેરી વિસ્તારમાં ખેતી કરતાં કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૧૧૮૪૨.૯ રૂા. થાય છે, જ્યારે મજૂરી કરતાં કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૪૭૧૩.૨ રૂા થાય છે લોધકામ કરતાં કુટુંબોનું સરેરાશ ખર્ચ ૭૦૮૮.૬ રૂા., નોકરી કરતાં કુટુંબોનું સરેરાશ ખર્ચ ૫૮૮૫.૮ રૂા. છે. જ્યારે વેપાર–ધંધો કરતાં કુટુંબોનું સરેરાશ ખર્ચ ૭૦૧૮.૫ થાય છે.

આ રીતે જોતાં ગ્રામ વિસ્તારમાં તપાસેલાં કુટુંબોમાં માથાદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ ૯૪૩.૫ રૂા. થાય છે. શહેરી વિસ્તારમાં થોડો ઓછો થાય છે.

દેવું :

તપાસમાં લીધેલા ગ્રામ વિસ્તારનાં કુલ ૧૬૦ કુટુંબોમાંથી ૧૦૦ કુટુંબો દેવાદાર હતાં, જ્યારે શહેરી વિસ્તારનાં ૧૪૦ કુટુંબોમાંથી ૬૭

કુટુંબો દેવાદાર હતાં. ગ્રામ વિસ્તારમાં દેવાદાર કુટુંબોમાં કુટુંબદીઠ સરેરાશ દેવું ૧૩૮૨.૮ રૂા. નું જ્યારે શહેરી વિસ્તારમાં કુટુંબદીઠ સરેરાશ દેવું ૧૧૨૯.૩ રૂા. હતું તેવી જ રીતે ગ્રામ વિસ્તારમાં માથાદીઠ દેવું ૨૬૮.૨ રૂા. હતું જ્યારે શહેરી વિસ્તારમાં ૧૫૬ ૮ રૂા. હતું.

દેવાનાં કારણો :

દેવું થવાનાં કારણો તપાસતાં મુખ્યત્વે નીચે મુજબનાં કારણો જાણવા મળ્યાં હતાં : શહેરી વિત્તારમાં ધંધો કરતા અથવા તે વિકસાવવા માટે કુલ દેવાના ૫૧.૭૧ ટકા દેવું થયેલું હતું. ઉપરાંત ૧૮.૮૫ ટકા નિર્વાહ ખર્ચ માટે, ૧૪.૧૭ ટકા મકાન બાંધકામ તથા સમારકામ માટે, ૧૧.૦૭ ટકા સામાજિક પ્રસંગો માટે અને ૪.૨૦ ટકા અન્ય સાધનો માટે દેવું કરવું પડયું હતું. ગ્રામ વિસ્તારમાં કુલ દેવાના ૩૬.૦૨ ટકા ધંધા પાછળ, ૨૯.૫૧ ટકા નિર્વાહ માટે, ૨૪.૬૩ ટકા મકાન–બાંધકામ અને સમારકામ માટે તથા ૫.૮૮ ટકા સામાજિક ખર્ચાઓ પાછળ અને ૩.૯૬ ટકા અન્ય ખર્ચાઓ પાછળ થયું હતું. સમગ્રતયા જોઈએ તો ગ્રામ અને શહેરી વિસ્તારમાં રોજગારી ઊભી કરવા પાછળ વધુ રકમનું દેવું કરવામાં આવ્યું હતું.

મૂડીરોકાણ :

ગ્રામ તેમ જ શહેરી વિસ્તારની તપાસમાં આવરી લીધેલાં કુટુંબોમાંથી ગ્રામ વિસ્તારનાં કુલ ૧૩૦ કુટુંબોમાંથી છેલ્લા વીસ વર્ષના ગાળામાં નવા મકાનના બાંધકામ અને સમારકામ તથા જુદા જુદા ધંધાનાં સાધનોની ખરીદી પાછળ કુલ મૂડીરોકાણ ૩૧૮૯૦૦ રૂા. થયું હતું. આ મૂડીરોકાણ કુટુંબદીઠ રૂા. ૧૯૯૩. ૧૩ અને માથાદીઠ રૂા. ૩૪૩.૩

હતું. શહેરી વિસ્તારમાં ઉપર્યુક્ત ક્ષેત્રે કરેલ મૂડીરોકાણ રૂા. ૧૬૩૨૦૦ હતું. આ પ્રમાણ કુટુંબદીઠ જોઈએ તો રૂા. ૧૧૬૫.૭૧નું હતું, જ્યારે માથાદીઠ રોકાણ રૂા. ૧૬૧.૯ હતું, ટૂંકમાં, વધુ રોકાણ રહેઠાણના ક્ષેત્રે થયેલું માલૂમ પડયું હતું.

મિયાણા જાતિનો અભ્યાસ જ્યારે હાથ ધરવામાં આવ્યો તે અગાઉના માસમાં (તા. ૧૧/૮/૭૯ ના રોજ) મચ્છુ-૧ બંધ તૂટવાથી મોરબી તથા માળિયા વિસ્તારમાં મોટા પાયા ઉપર તારાજગી થવા પામી હતી. આ નુકસાન અંગે કેટલીક વિગતો એકઠી કરી હતી જે સંક્ષિપ્તમાં પ્રમાણે છે.

ખાસ કરીને મકાન, પશુધન, ઘરવખરી અને ખેતીનાં સાધનોનો નાશ, પાકનું ધોવાણ તેમ જ મચ્છીમારીના ધંધાને નુકશાન વગેરેને ગણાવવામાં આવ્યાં હતાં, તપાસમાં લીધેલ ગ્રામ વિસ્તારના ૧૬૦ કુટુંબોમાંથી ૧૩૦ કુટુંબો તથા શહેરી વિસ્તારનાં ૧૪૦ કુટુંબોમાંથી ૩૯ કુટુંબો હોનારતનો ભોગ બન્યાં હતાં. તેમાં વિશેષ નુકસાન ઘર તેમ જ ઘરવખરી અને આર્થિક ઉપાર્જનનાં સાધનોને થવા પામ્યું હતું. નુકસાનનો ભોગ બનેલ કુટુંબોને સ્વૈચ્છિક સંસ્થાઓ, વ્યકિતઓ અને સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવી હતી. જો કે નુકસાનના પ્રમાણમાં સહાય ઓછી હતી.

છેવટે ગ્રામ અને શહેરી વિસ્તારનાં તપાસેલાં કુટુંબોના આર્થિક જીવનનો ખ્યાલ મેળવ્યા બાદ એટલું કહી શકાય એમ છે કે બિનપછાત જાતિઓના જીવનધોરણની હરોળમાં મિયાણા જાતિને લાવવી હોય તો તેમના ધંધાનો વિકાસ કરવો આવશ્યક છે. તેમને રોજગારી પૂરી પાડવી જરૂરી છે કારણકે તેઓ તે સ્વીકારવા તૈયાર છે અને તે માટે તેઓ પ્રયત્નશીલ પણ છે.

ઉપસંહાર અને સૂચિત વિકાસ કાર્યક્રમ

મિયાણા જાતિની વસતિ ને તેનાં વિસ્તાર, કુદરતી અને ભૌતિક સંપત્તિ, ક્ષેત્રકાર્યના અનુભવો, આર્થિક પરિસ્થિતિ, વાર્ષિક આવક વગેરેને ધ્યાનમાં રાખી વિકાસને લગતું આયોજન કરવામાં આવ્યું છે. મિયાણા જાતિને અન્ય જાતિની હરોળમાં લાવવા, તેમના જીવનસ્તરને ઊંચે લાવવા અને આર્થિક સામાજિક પછાતપણાને દૂર કરવા વિકાસ સંબંધી કેટલાંક સૂચનો પણ કરવામાં આવ્યાં છે. તેમાંથી આપણે પ્રથમ પાયાની સગવડો જોઈશું અને ત્યારબાદ વ્યવસાય વિષે જોઈશું.

રહેઠાણ :

માળિયા-મિયાણા પાસે પૂરતી રહેવા યોગ્ય સુવિધા નથી. કેટલાક લોકો વાંઢ (સીમ) વિસ્તારમાં નાનાં ઝૂંપડાં બનાવી વસવાટ કરે છે. તેમાં ય છેલ્લે મચ્છુ હોનારત વખતે રહેઠાણનાં મકાનોને ઘણું નુકસાન થયું હતું. આ બધી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગ્રામ વિસ્તારમાં ઘરથાળની જમીનો આપવી જોઈએ, અલગ સોસાયટી ઊભી કરવી જોઈએ અને અલગ વસવાટો ઊભાં કરવા જોઈએ.

પીવાનું પાણી :

પીવાનું પાણી એ મનુષ્યની કેટલીક પાયાની જરૂરિયાતમાંની એક છે. માળિયાની આજુબાજુમાં આવેલાં ગામોમાં મિયાણાઓ વસે છે.

લગભગ તે બધાં જ ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી. પીવાના પાણી માટે બબ્બે, ત્રણત્રણ કિલોમીટર દૂર જ્યાં કોતર કે નાળું હોય ત્યાં પાણી લેવા જવું પડે છે. ખાસ કરીને ઉનાળામાં પાણીની ખૂબ જ મુશ્કેલી ઊભી થાય છે. ખાસ કરીને માળિયા મિયાણામાં દરિયાકાંઠાના વિસ્તારમાં કૂવાઓ બનાવી ખારા પાણીને પીવા લાયક, યોગ્ય બનાવવા સોલર પ્લાન્ટની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. લોકોની આરોગ્ય અંગેની સુખાકારીમાં વધારો કરવા પણ પીપાના પાણીનો પ્રશ્ન હલ કરવો જોઈએ.

રસ્તાઓ :

નવું અને જૂનું હજિયાસર, કાજરડા અને અન્ય ગામોને જોડાતા રસ્તાઓની ખાસ જરૂર છે, જેથી ચોમાસાના સમય દરમિયાન ગામડા-માંથી ઉત્પાદિત વસ્તુ, મુખ્યત: માછલીની હેરફેર શકય બને તથા રસ્તાકામને લીધે મજૂરી ઊભી થઈ શકે.

શિક્ષણ :

ગામડાંઓમાં શિક્ષણ માટેની વ્યવસ્થા પૂરી પાડવી જોઈએ. ક્ષેત્રકાર્ય દરમિયાન એક બાબત ખાસ ધ્યાન ખેંચતી હતી કે શિક્ષણની પૂરતી વ્યવસ્થા ઉપલબ્ધ નથી. કાજરડા, જૂનું હંજિયાસર, નવું હંજિયાસર અને માળિયાને આવરી લેવાય એ રીતે આશ્રમશાળા અને છાત્રાલયની વ્યવસ્થા કરવી જોઈએ. સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપવું જોઈએ. કારણ કે સ્ત્રીશિક્ષણ બિલકુલ નથી.

પંચાયત :

નવા અને જૂના હંજિયાસર ગામે પંચાયત કે શાળા બન્નેમાંથી

એક પણ નથી, જેથી રોજબરોજના કામે માળિયા જવું પડે છે. શિક્ષણ માટે બાળકોને પણ માળિયા જવું પડે છે. માટે શાળા તથા પંચાયતઘરને અગત્ય આપી તે સત્વરે થાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

આરોગ્ય :

નાનાં નાનાં આરોગ્ય કેન્દ્રોની સુવિધા ઊભી કરવી, જેથી જોઈતાં દવા કે મદદ મળી શકે. ચોમાસામાં બીમાર માણસોને પડતી હાલાકી દૂર થાય.

આટલી થઈ પાયાની સવલતોની વાત હવે કેટલીક વ્યવસાયગત બાબતો જોઈએ :

ખેતી :

ગ્રામ વિસ્તારમાં કેટલાક મિયાણાઓ ખેતી કરે છે. જમીન રેતાળ, કાળી અને ઓછી ફળદ્રુપ છે. જમીનમાં ખારાશનું પ્રમાણ વિશેષ છે. તેથી ખેતી–ઉત્પાદકતા ઓછી છે. જમીનમાંથી ખારાશ ઓછી કરી તેની ઉત્પાદકતા વધારવા કેટલાંક સૂચનો આ પ્રમાણે છે :

જમીનની નવસાધ્યતા ।

(૧) દરિયાકિનારે પાળા બાંધી ભરતીના સમયે ખારા પાણીને વધુ જમીનમાં ફેલાતું રોકવું જોઈએ.

(૨) ખારાશ અટકાવવા મોટા પ્રમાણમાં જંગલી બાવળનો ઉછેર કરવો જોઈએ. પાંચ વર્ષમાં બાવળ તૈયાર થાય છે. તેનાં પાંદડાંમાંથી સેન્દ્રિય ખાતર અને લાકડામાંથી કોલસા પણ થઈ શકે છે.

(૩) જમીનનું સ્તર એકસરખું કરવું જોઈએ.

(૪) પડતર જમીનને નવસાધ્ય કરી ખેતીવિહોણાંને તે આપવી જોઈએ.

(૫) મચ્છુ-હોનારતથી જમીન પર રેતીના થર થઈ જવાથી બગડેલી જમીનને ફરી ખેડવા લાયક બનાવવી જોઈએ. તેમાં ખેડૂતોને મોટા પાયા ઉપર સહાય કરવી જોઈએ.

સિંચાઈ :

(૧) માળિયા-મિયાણા તાલુકો સૂકી ખેતી નીચે આવેલો વિસ્તાર છે, જ્યાં ખેતીનો આધાર વરસાદ ઉપર જ છે. સિંચાઈની બિલકુલ વ્યવસ્થા નથી માટે ખેત-તલાવડાની યોજના અમલમાં મૂકાવી જોઈએ.

(૨) શકય હોય ત્યાં પાઈપલાઈન દ્વારા સિંચાઈની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(૩) નદીમાં આડા બંધો બાંધી કેનાલનું કામ હાથ ધરીને "લિફ્ટ ઈરિગેશન" દ્વારા સિંચાઈની સગવડ આપવી જોઈએ.

ખેતીનાં ઓજારો :

ગ્રામ વિસ્તારમાં ખેતી કરતા ખેડૂતોની આર્થિક સ્થિતિ સદ્ધર નથી. તેઓ જૂનાંપુરાણાં ટાચાં સાધનો દ્વારા ખેતી કરે છે. ખેતીનાં સાધનો માટે સહાય અને ધિરાણ આપી તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. આ ઉપરાંત જુદા જુદાં કિટ્સ પણ તેમના લગી પહોંચાડવાં જોઈએ. ખેતીમાં ખાસ કરીને બળદોનો જ ઉપયોગ થાય છે. મચ્છુ-હોનારત વખતે ઘણાખરાના બળદ તણાઈ ગયા છે, મરી ગયા છે. તેમને બળદ ખરીદવા ધિરાણ આપવું જોઈએ.

પશુપાલન :

ખેતી તથા ખેતમજૂરી કરતાં મિયાણા કુટુંબો પૂરક રોજી મેળવી શકે તે માટે દરેક કુટુંબને એક એક ભેંસ આપવાની સગવડ ઊભી કરવી જોઈએ. તે માટે સહકારી મંડળી શરૂ કરવી જોઈએ. ગૌચર તથા પડતર જમીનને સુધારી તેમાં ઘાસચારો પ્રાપ્ત બનાવી શકાય.

મત્સ્ય-ઉદ્યોગ :

માળિયા તાલુકામાં મત્સ્ય-ઉદ્યોગ વિકસાવવાની તક સારી છે. મિયાણા માંછલાં પકડવાનો ધંધો પણ કરે છે, પરંતુ તેમની પાસે પૂરતાં સાધનો નથી અને વ્યવસ્થિત માછલાં પકડવાની આવડત નથી. જૂના-

પુરાણાં સાધનો અને જૂનીપુરાણી રીતે તે માછલાં પકડે છે. તે માટે તેમની આર્થિક સ્થિતિ પણ કેટલેક અંશે જવાબદાર ગણાવી શકાય. આ લોકોને યોગ્ય તાલીમ અને સાધનો આપી વેપારી ધોરણે ઉદ્યોગ શરૂ થાય તો રોજી, ઉત્પાદન અને આવક વધશે, ઉદ્યોગ વધુ વિકસશે. જો જરૂરી હોય તો સહકારી એકમ ઊભું કરી તે દ્વારા ધિરાણ કરાવી વેચાણની વ્યવસ્થા પણ થઈ શકે. માછલીઓની જાળવણી માટે માળિયામાં બરફનું કારખાનું પણ મત્સ્ય ઉદ્યોગમાં સહાયભૂત થઈ શકે. ટૂંકમાં આ ઉદ્યોગમાં તાલીમથી માંડી વેચાણ-બજાર વ્યવસ્થાનો સુયોગ્ય પ્રબંધ થાય તો મત્સ્ય–ઉદ્યોગનો વિકાસ જરૂર થાય. તે મિયાણા સમાજની સ્થિતિમાં પરિવર્તન લાવવામાં ખૂબ જ પ્રભાવક નીવડે.

મીઠા–ઉદ્યોગ :

માળિયા–મિયાણાના દરિયાકાંઠાના વિસ્તારમાં મીઠું પકવવાનો ઉદ્યોગ ખાનગી અને સહકારી ધોરણે આગળ વધી રહ્યો છે. હંજિયાસરમાં ઘણાં કુટુંબો આ ઉદ્યોગમાં સંકળાયેલાં છે, જેઓ સારી આવક મેળવે છે. તેમની પાસે આ અંગેનું જ્ઞાન/આવડત પણ છે. કોન્ટ્રાક્ટ પદ્ધતિને લીધે કોન્ટ્રાકટરો મિયાણા અને અગરિયાઓ પાસેથી ઘણા ઓછા ભાવે મીઠું ખરીદે છે. જેમ કે ૯ થી ૧૦ રૂા ના ભાવે ટન મીઠું ખરીદે ને ૫૦થી ૬૦ રૂા. ના ભાવે વેચે છે. આમ મીઠાના ઉત્પાદકોનું ખૂબ શોષણ થાય છે. આ ક્ષેત્રે સહકારી મંડળી કામ કરતી હતી, પરંતુ ૧૯૭૩માં ૨ લાખ રૂા. નું મીઠું ધોવાઈ જતાં મંડળીઓ પણ ધોવાઈ ગઈ છે. આથી સહકારી ક્ષેત્ર વિકસાવી મીઠા ઉત્પાદકોને શોષણમાંથી બચાવવા આવશ્યક છે. વધુ વિકાસ માટે કાચા માલના પરિવહન માટે રસ્તાઓ, રેલ્વેલાઈન વગેરે ઉપલબ્ધ કરવવાં જોઈએ એમ થાય તો મીઠા-ઉદ્યોગની સાથે સાથે મત્સ્ય–ઉદ્યોગ પણ વિકસી શકે તેમ છે.

ઉપરાંત મીઠાના પૂરક ઉદ્યોગો જેવા કે સોડા, કેમિકલ અને ફર્ટિલાઈઝર નાં નાના એકમો પણ ઊભા કરી શકાય, જે ઔદ્યોગિક વિકાસ સાથે રોજગારી પણ પૂરી પાડી શકે.

મરઘાં ઉછેર :

માળિયા મિયાણા તાલુકામાં મોટા ભાગે મિયાણાઓ વસે છે, તેઓ બિનશાકાહારી હોવાથી અને કેટલાક મરઘાં ઉછેર કરતાં હોવાથી તેમને મરઘાં ઉછેર માટે જરૂરી સવલતો અપાય તો તે પણ આવકનું સાધન બની શકે.

ગૃહ અને નાના ઉદ્યોગો :

ગૃહઉદ્યોગોમાં સીવણકામ, ગૂંથણકામ અને ચરખાકેન્દ્રો તેમ જ હાથશાળ–વણાટના કામ દ્વારા પૂરક રોજગારી કાયમી ધોરણે ઊભી થઈ શકે. આ માટે ખાસ કરીને સ્ત્રીઓને તાલીમ તથા મશીન વગેરે આપવાં જોઈએ.

વ્યકિતગત વ્યવસાયો અને તાલીમ :

- ઊંટગાડી, બે પૈડાંવાળી લારી, નાની દુકાન માટે આર્થિક સહાય આપવી જરૂરી છે.
- ઈંટો પાડવી કે નળિયાં બનાવવાં જેવા ધંધાને પ્રોત્સાહન આપવા જેવું છે.

- રણમાંથી સફેદ માટી (ચિનાઈ), અબરખ અને પીળી માટીનો ઉપયોગ કરી કોઈ વ્યવસાય ઊભો કરી શકાય.
- લુહારી અને સુથારી કામની તાલીમ આપી બેકાર યુવાનોને રોજી આપી શકાય.
- બાવળનાં લાકડાંના કોલેસા પાડવા માટે યોગ્ય સુવિધા આપી કોલસા-ઉદ્યોગ શરૂ થઈ શકે.
- જરૂરી હોય ત્યાં અનાજ દળવાની ઘંટી પણ નાખવા રસ ધરાવનાર વ્યક્તિને સહાય કરવી જોઈએ.

શહેરી વિસ્તારમાં વસતા મિયાણા જાતિના લોકો માટેના કાર્યક્રમ માટેનાં સૂચનો :

- રહેઠાણની સવલત આપવી.
- નોકરીની તકો આપવી.
- વ્યક્તિગત વેપાર ધંધો કરવા ઈચ્છનાર ને આર્થિક લોન/સહાય આપવી.
- સાયકલ રિપેરિંગ, સીવણ કામ માટે સાધનો પૂરાં પાડવાં.

વાઘેર

(હિંદુ-મુસ્લિમ)

મૂળ લેખક

શ્રી મુસ્તાઅલી મસવી

સંક્ષેપકાર

શ્રી કાંતિલાલ ડા. મકવાણા

વાઘેર

હિન્દુ–મુસ્લિમ

પ્રાસ્તાવિક

વાઘેર જાતિનો સમાવેશ બક્ષી પંચ સૂચિત જાતિઓમાં થાય છે. આ અહેવાલ સામાજિક પછાતપણાના સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન–રુપે છે. ગુજરાત રાજ્યે નીમેલ બક્ષી કમિશને જુદા જુદા અભિગમોનો ઉપયોગ કરી તેમાંથી તરી આવતી હકીકતોની ચકાસણી કરી પછાત વર્ગોની યાદી તૈયાર કરી હતી. કમિશને આ અભિગમમાં પછાત-વર્ગના જીવનધોરણના દરેક પાસાની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક શૈક્ષણિક અને ધાર્મિક દષ્ટિએ મોજણી કરી પ્રસ્તુત સામગ્રીને યોગ્ય રીતે ધ્યાનમાં લીધા બાદ કેટલીક જ્ઞાતિઓ, વર્ગો અને જૂથોના પછાત પણા અંગે નિર્ણય કર્યો અને કમિશને વિચારણાના મુદ્દાના કાર્યક્રમોમાં રાજ્યમાંથી ૮૨ કોમોને સામાજિક અને શૈક્ષણિક તેમ ૭૪ આર્થિક રીતે પછાત જાહેર કરી હતી. આ વાત જાણીતી છે.

તપાસનો હેતુ :

આ જાતિની તપાસનો મુખ્ય હેતુ તેની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ જાણવાનો હતો. બીજું, તેઓમાં મોટા ભાગના લોકો ગરીબીની રેખા નીચે જીવે છે, જેથી વૈજ્ઞાનિક ઢબે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી તારણોના આધારે તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે ઉકેલો સૂચવવાનો હતો.

તપાસ પ્રવિધિ :

આ જાતિના અભ્યાસ માટે માનવીના જીવનના સઘળાં પાસાંને આવરી લેતી એક અનુસૂચિ, પ્રશ્નાવલી તૈયાર કરી માહિતી મેળવવામાં આવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક માહિતી મેળવવા ગ્રંથાલયનો ઉપયોગ કર્યો હતો. તેમ જ મુલાકાત અને કિસ્સા એકત્ર કરવાની પ્રવિધિ દ્વારા તેમના જીવન અને સંસ્કૃતિનાં વિવિધ પાંસાઓ વિશે માહિતી એકત્ર કરવામાં આવી હતી. તદુપરાંત ક્ષેત્રકાર્યના વિસ્તારોમાં સહભાગી અવલોકન અને મુલાકાત દ્વારા જ્ઞાતિના આગેવાનો, તાલુકા અને જિલ્લાકક્ષાના અધિકારીઓ સાથે ચર્ચાવિચારણાઓ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. હિન્દુ વાઘેરોની તપાસ માટે કુલ ૧૫૦ કુટુંબો (ઓખા મંડળના વાંચ્છુ ગોરિયાળી, વસઈ, મૂળવાસર, બરડિયા અને દ્વારકાના પચ્ચીસ પચ્ચીસ કુટુંબો) પસંદ કરવામાં આવ્યાં હતાં. મુસ્લિમ વાઘેરોની તપાસ માટે જામનગર તાલુકાના બેડી અને સિક્કાનાં અનુક્રમે ૫૦ અને ૩૦ કુટુંબો, મળિયા તાલુકાના સલાયા ગામનાં ૩૦ કુટુંબો અને જોડિયા ગામનાં ૪૦ કુટુંબો પસંદ કરાયાં હતાં. આમ કુલ હિન્દુ અને મુસ્લિમ વાઘેરોના ૩૦૦ કુટુંબો તપાસમાં આવરી લીધાં હતાં.

ઐતિહાસિક ભૂમિકા, વિસ્તાર પરિચય

વાઘેરોને સમજતાં પહેલાં તેમના પ્રદેશનો ઈતિહાસ જાણવો જરુરી બને છે. ઓખા મંડળનો સિલસિલાબદ્ધ ઈતિહાસ અમરેલી પ્રાન્ત સર્વ સંગ્રહમાં આપવામાં આવ્યો છે, જેનો સાર આ પ્રમાણે છે :

ભારતના વાયવ્ય ખૂણા તરફનો ઓખા મંડળનો પ્રદેશ અતિ

પ્રાચીન અને પુરાણપ્રખ્યાત છે. ઓખા મંડળની ઉત્તરે કચ્છનો અખાત, પૂર્વે ધૂધવતો નીલરંગી અરબી સમુદ્ર અને દક્ષિણ પશ્ચિમ દિશાએ ખડકાળ ધરતી ને ખારાપાટનું રણ આવેલાં છે. આ રણ ઓખા મંડળને જામનગર રાજ્યની હદથી જુદું પાડે છે. લીલોતરી વિનાના મેદાનો, અહીંતહીં જમીન ઉપર ઊપસી આવેલ કેટલીક ડુંગરની ધારો અને સપાટી ઉપર જ્યાં જોઈએ ત્યાં થુવરીઆનાં જંગલોનાં જંગલો છે. ઉત્તર અને પશ્ચિમ કાંઠા પર રેતીની ટેકરીઓ છે. આ મહાલમાં એક પણ નદી નથી.

પ્રદેશ હાલારના છેડા પરથી ઓખા નદીના દક્ષિણ કિનારાથી ઓખા બંદર અને શંખોદ્ધાર સુધી વિસ્તરેલ છે. ૨૨°–૨૮" ઉત્તર અક્ષાંશ અને ૬૮°–૫૯" અને ૬૯°–૧૨" પૂર્વ રેખાંશ વચ્ચે ઓખા મંડળનો પ્રદેશ આવેલો છે. ઓખા મંડળનો પ્રદેશ એ વાઘેરનો પ્રદેશ છે.

પુરાણો અને પ્રાચીન ગ્રંથોમાં પણ આ પ્રદેશના અનેક ઉલ્લેખો સાંપડે છે. તેમાં મુખ્ય છે હરિવંશ, મહાભારત, ભાગવત, વિષ્ણુપુરાણ સ્કંધ પુરાણ, પ્રભાસખંડ, સિકંદરના એલચીની નોંધો વગેરે.

'ઓખા મંડળ'ના નામ માટે કેટલાક કહે છે કે "ઓખા" એટલે 'ખરાબ'ને મંડળ એટલે 'મહાલ'. સ્થાનિક દંતકથા એવી છે કે કૃષ્ણનો પૌત્ર અનિરુદ્ધ શોણિતપુરના રાજા બાણાસુરની કન્યા ઓખાને સ્વેચ્છાએ વર્યો ને તેને લાવી અહીં રહ્યો તેથી તે પ્રદેશનું નામ ઓખા મંડળ પડ્યું.

ઓખા મંડળના ઘણા જૂના વખતના ઈતિહાસ વિશે કશું જાણવું નથી. એમાં કહાણી તથા દંતકથાનો ભાગ એટલો પ્રબળ છે કે તેમાંથી સત્ય કેટલું અને અસત્ય કેટલું એ નક્કી કરવું મુશ્કેલ છે. આ

પ્રદેશગ્રંથોમાં એટલા માટે ઉલ્લેખાયો છે કે તે શ્રીકૃષ્ણના પરાક્રમ અને હામી સમ છે. તે જ કાળથી આ વાઘેરો અહીં વસતા હોય તેવું માનવાને કારણો મળે છે. એક પ્રચલિત દોહો છે :

"સમય સમય બલવાન હૈ. નહીં પુરુષ બલવાન
કાબે અર્જુન લૂંટિયો, વો હી ધનુષ વો હી બાણ."

આ દોહામાં ઉલ્લેખ પામેલ કાબા લોક આ જ ધરતીના સંતાનો હોવાનું મનાય છે અને વાઘેરોના તેઓ પૂર્વજ હોવાનું મનાય છે. કાબા લોકોની ઉત્પત્તિ શ્રીકૃષ્ણે કરી તેવી એક દંતકથા છે.

વાઘેરોના બહારવટાના સમયમાં કાઠિયાવાડમાં ઘણીબધી બહારવટિયાઓની ટોળીઓ હતી એમાં મુખ્ય જેવા માણેકની ટુકડી, દેવા માણેકની ટુકડી, વીરા વાઘેરની ટુકડી, ચિંધા માણેક અને રુડા રબારીની ટુકડી તથા દરિયામાં ચાંચિયાગીરી કરતી ટુકડીઓમાં દરિયાઈ સારંગ, કાબેલ વહાણવટિયો ભિયો માણેક તથા કાળાકેરની ટુકડીઓ દરિયામાં લૂંટ ચલાવતી હતી. જેઠા માણેકનું બહારવટું ચાલ્યું ત્રણ વર્ષ, દેવા માણેકનું ચાલ્યું ચૌદ વર્ષ. આ વાઘેરોએ ઘણાં ગામમાં ધર્મની બહેન કરેલી હતી. એમના તરફથી ભોજન મળી રહેતું.

ઈ. સ. ૧૮૧૭માં ઓખા મંડળ ગાયકવાડને સુપ્રત કરવામાં આવ્યો, જે ઈ. સ. ૧૯૪૯માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી તેમના તાબામાં રહ્યો. ગાયકવાડી રાજ્ય સમયે ઓખા મંડળ તાલુકો અમરેલી જિલ્લાનો ભાગ હતો. ૧ લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યનું અલગ રાજ્ય થતાં ઓખા મંડળનો જામનગર જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો.

વાઘેરોની ઉત્પત્તિ વિશે દંતકથાઓ :

વાઘેરોની ઉત્પત્તિ વિશે દંતકથા એવી છે કે શ્રીકૃષ્ણ ગોમતીમાં ક્રીડા કરતા હતા. ત્યાં એક અસુર હતો તેને જીતી કૃષ્ણ પાતાળમાં આવ્યા અને જે ખાડો પડયો તેમાંથી વાઘેર નીકળ્યા.

બીજી એક દંતકથા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે બાણાવળી અર્જુનનો ગર્વ ઉતારવા પોતાના શરીર ઉપરનો મેલ ઉતારી ત્રણ પૂતળાં બનાવી તેમાં જીવ મૂક્યો. આ ત્રણમાંથી ઉપજેલી કાબા જાતિમાંઓથી વાઘેરો ઉતરી આવેલા છે.

વાઘેર શબ્દની ઉત્પત્તિ :

વાઘેર જાતિની ઉત્પત્તિ વિશે કાઠિયાવાડ સર્વસંગ્રહમાં દંતકથા નોંધાઈ છે કે એક વખત એક દેવ ભૂલોકની લીલા જોવા સારુ સ્વર્ગમાંથી ઊતરી ઓખા મંડળમાં આવ્યા ત્યારે તેની આસપાસ મૃત્યુ પામેલા મનુષ્યો વીંટળાઈ વળ્યા, જેથી તેને એટલો બધો તાપ લાગવા માંડયો કે તેણે 'વા-ઘેર' (વા એટલે પવન અને ઘેર એટલે નાખ) શબ્દો ઉચ્ચાર્યા. પછી લોકોએ તેને પંખો નાખી ઠંડક કરી તેથી તેણે ખુશ થઈ લોકોને 'વાઘેર' નામ આપ્યું. બીજી એક દંતકથા એવી છે કે જે આદમીએ કૃષ્ણનો વાઘો પહેર્યો અને પ્રતિહાર બન્યો તે વાઘેર કહેવાયો.

વડોદરા રાજ્યની વસ્તી ગણતરીના અહેવાલમાં જણાવ્યા મુજબ 'વાઘેર' શબ્દનો અર્થ એવો કરવામાં આવે છે કે વા-વિના ઘેર-વાસ અર્થાત્ સૂંઘવાની શક્તિ વિનાની જાતિ વખત જતાં કાબા નામની જાતિને આ શબ્દ લાગુ પાડવામાં આવ્યો. તેઓ વાઘ જેવા હિંસક અને લોહીતરસ્યા હતા.

વાઘેરોનું મૂળ :

શ્રી કે. કા. શાસ્ત્રી લખે છે કે શ્રી કૃષ્ણ કાળયવનના ત્રાસથી ઓખા મંડળમાં આવીને વસ્યા તે પહેલાં આ પ્રદેશમાં કાળા, મોડા અને કાબા ત્રણ જાતિઓ હતી તેમાંની કાબા જાતિ વાઘેરોની પૂર્વજ છે.

વાઘેરોની શાખાઓ :

ઓખા મંડળના જૂના રહીશોમાંની કાબા જાતિમાં જેમ બહારથી આવેલ ક્ષત્રિયો ભળતા ગયા તેમ તેમ વાઘેરોની નવી શાખા અસ્તિત્વમાં આવતી ગઈ. આ શાખાઓ માં પણ કોઈ પરાક્રમી પૂર્વજના નામ પરથી કે તેમનામાં બનેલ મહત્ત્વની ઐતિહાસિક કે સામાજિક ઘટનાઓના કારણે તેની પ્રશાખાઓ પડતી ગઈ છે છતાં વાઘેરોની મુખ્ય શાખાઓ સોળ ગણાય છે.

હિન્દુ વાઘેરમાંથી મુસ્લિમ વાઘેરમાં રૂપાંતર :

વાઘેરોના મીર જુમ્મા કાસમના કહેવા મુજબ આજના મુસ્લિમ વાઘેર મૂળ હિન્દુ વાઘેર હતા, પરંતુ ઔરંગઝેબના સમયમાં વહાણવટાનો ધંધો ભટેલા લોકો કરતા હતા. આ વખતે વાઘેરો ભટેલા લોકોનાં વહાણો લૂંટતા. ભટેલા પહેલેથી જ મુસ્લિમ હતા. આથી ભટેલાઓએ દિલ્હી મુકામે ઔરંગઝેબને ફરિયાદ કરી. આથી ઔરંગઝેબના લશ્કરે આવી વાઘેરો મુસ્લિમ ધર્મ અપનાવે તો વહાણવટાના ધંધાની છૂટ આપવાનું કહ્યું, નહીં તો શૂળીએ ચડાવવાની ધમકી આપી. આથી કેટલાક હિન્દુ વાઘેરોએ શૂળીની બીકથી મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને મુસ્લિમ વાઘેર થયા.

આ ઉપરાંત ૧૮૫૭માં ઓખામાં બળવો થયો. અંગ્રેજ સરકારે ગુના પ્રમાણે તેમને સજા કરી. આથી વાઘેરોમાંના સુચલિયાગાદ, ભાયા, કેર કાળા વગેરે લોકો નાસીને સલાયા, સિક્કા, બેડી, વાડીનાર પ્રદેશમાં ચાલ્યા ગયા. તેઓ ઔરંગઝેબના સમયમાં જે વાઘેરો મુસ્લિમ થયા હતા તેમને આશ્રયે ગયા અને તેઓએ મુસ્લિમ ધર્મ અપનાવ્યો. આમ હિન્દુ વાઘેરોમાંથી મુસ્લિમ વાઘેરો ધર્માન્તર પામ્યા હોય તેવી માન્યતાઓ છે. આજે પણ હિન્દુ વાઘેરમાં જે જુદી જુદી જાતિઓના નામ છે તે મુસ્લિમ વાઘેરમાં પણ જોવા મળે છે. દા. ત., કેર, ગદ્દ સુમણિયા, ભથિયા, માણેક વગેરે. હિન્દુ વાઘેર ઓખાથી કુસગા સુધીની પટ્ટીમાં વિશેષ જોવા મળે છે, જ્યારે મુસ્લિમ વાઘેર જામનગર, બેડી, સલાયા, સિક્કા, વાડીનાર, ભરાણા સરમંન, વેનાર સુમાણા, બાલાચડી, ખંભાળિયા, જોડિયા અને નવલખી વગેરે સ્થળોએ જોવા મળે છે.

વસતિ અને વસવાટ :

હિન્દુ જેમ જ મુસ્લિમ વાઘેરોની વસતિ કેટલી છે તેની ચોક્કસ માહિતી મળતી નથી કારણ કે વસતિ ગણતરીમાં જ્ઞાતિવાર માહિતી એકત્ર કરવામાં આવી નથી. ૧૯૧૧માં ઓખા મંડળનો સમાવેશ અમરેલી પ્રાન્તમાં થયેલો હતો. તે સમયે વડોદરા રાજ્યની વસતીગણતરી મુજબ હિન્દુ વાઘેરોની વસતિ ૪૨૭૨ની હતી, જે વધીને ૧૯૮૦માં લગભગ ચાલીસ હજારની હશે એમ કહી શકાય. હિન્દુ વાઘેરો ઓખા મંડળમાં જે છે તે સિવાય બીજે કયાંય નથી.

મુસ્લિમ વાઘેરો દરિયાકાંઠાના વિસ્તારમાં જોવા મળે છે. તેમનો બીજો ધંધો વહાણવટું અને માછીમારીનો હોઈ દરિયાકિનારે વસવાટ કરે છે. તેમની વસતિ મુખ્યત્વે જામનગર જિલ્લાના જામનગર તાલુકા, ખંભાલિયા તાલુકા અને જોડિયા મહાલમાં આવેલી છે. આ વિસ્તાર

સિવાય થોડી ઘણી વસતિ નવલખી બંદરે, ઓખા બેટમાં અને કચ્છ માંડવીમાં આવેલી છે. આમ તેઓની વસ્તી મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં દરિયા-કિનારાના વિસ્તારમાં આવેલી છે.

મુસ્લિમ વાઘેર આગેવાનોએ આપેલી માહિતી મુજબ ગુજરાતમાં મુસ્લિમ વાઘેરોની વસતિ આશરે ૧ લાખથી વધુ છે. જેમાં મુખ્યત્વે વસતિ બેડી (૨૦,૦૦૦), સિક્કા (૧૮,૦૦૦) અને સલાયા (૧૫,૦૦૦) અને જોડિયા (૪,૦૦૦)માં છે. વસતિના આંકડા ચોક્કસ નથી, પરંતુ સ્થળ પરથી તપાસ વખતે મેળવવામાં આવ્યા હતા તે અહીં રજૂ કરવામાં આવ્યા છે.

ભૌતિક સંસ્કૃતિ

મહોલ્લો :

ઓખા મંડળના ગ્રામ વિસ્તારમાં વાઘેરોની વસાહત મોટે ભાગે ઊંચા ટેકરા પર વસેલી છે. તેઓનાં મોટા ભાગનાં ગામો ટેકરાઓ પર વસાવવામાં આવ્યાં છે અને ગામને ફરતા ગઢ ચણાવી લેવામાં આવ્યા છે. તેમ કરવાનું કારણ તેમને સતત લડાઈઓ લડવી પડેલી તે છે. ગામમાં તેમનો વસવાટ જુદો જોવા મળે છે. પરંતુ આવું બધ ગામોમાં જોવા મળતું નથી. કેટલાક ગામોમાં તેમનાં ઘરો એક જ હારમાં જોવા મળે છે. દરેક વાઘેર ગામમાં પશ્ચિમ દિશાએ પાળિયા હોય છે. તેમના પાળિયામાં તેમની કલ દષ્ટિ જોવા મળે છે.

ઘર :

વાઘેરોનાં ઘરો પથ્થરની સ્થાનિક વિપુલતાને કારણે તેમાંથી બનાવેલાં

હોય છે. ગામડામાં તેમનાં ઘરો નીચા ઘાટનાં હોય છે. તેની ઉપર નળિયાં હોય છે. ખેતરમાં કે વાડીમાં છાપરું બાંધે છે, તે પણ પથ્થરનું હોય છે. ઘાસથી તેને છાજવામાં આવે છે.

(ખોરડાનો) ઘરનો આધાર આર્થિક સ્થિતિ પર નિર્ભર રહે છે. સારી રચનાવાળા ઘરમાં બારીબારણાં વગરના બે ઓરડા અને તેની સમાંતર ઓસરી હોય છે. ભીંતો પથ્થરની હોય છે અને છાપરું દેશી નળિયાનું હોય છે. એક ખૂણે માટીનો ચૂલો, ભીંત પર માટીની અભરાઈ રાખે છે, જેની ઉપર પિત્તળનાં, કાંસાનાં અને એલ્યુમિનિયમનાં વાસણો મુકાય છે. બીજા ખૂણે લાકડાનું પાણિયારું હોય છે. ચોથે ખૂણે અનાજ દળવાની ઘંટી હોય છે. ખોરડાંઓ મોટે ભાગે ૧૫ થી ૨૦ અને ૨૦ થી ૨૫ ફૂટનાં જોવા મળે છે. જેમની પાસે ઢોર હોય તેઓ ઢોર માટે જુદું ખોરડું બનાવે છે.

તપાસમાં લીધેલાં કુલ ૧૫૦ કુટુંબોમાંથી ૧૨૮ પોતાની માલિ-કીનું મકાન ધરાવતાં હતાં, જ્યારે ૨૨ કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં. ૧૪૪ ઘરો કાચાં અને ૬ ઘરો પાકાં હતાં.

મુસ્લિમ વાઘેર: ગામ અને મહોલ્લો :

મુસ્લિમ વાઘેરોનો મુખ્ય ધંધો વહાણવટું અને માછીમારીનો હોવાથી તેમનો વસવાટ મુખ્યત્વે દરિયાકિનારા પાસે છે. મુસ્લિમ વાઘેરોનાં ગામોમાં લુહાણા તથા વાણિયાઓની વસતિ પણ જોવા મળે છે. વાઘેરોની સાથે અન્ય મુસ્લિમ કોમો જેવી કે સીદી, ફકીર, ખલીફા લોકો વસે છે. તેમના ગામમાં અંદર અંદર ઝગડો જોવા મળતો નથી અને બધી કોમના લોકો ભાઈચારાથી રહે છે. તેમનાં ગામોમાં સુંદર મસ્જિદો જોવા મળે છે.

ઘર :

તેમનાં ઘરો સપાટ જમીન પર એકબીજાની લગોલગ હોય છે. એક જ હારમાં સામસામાં ઘરો બાંધે છે. એક જ ગોત્રના અને એક જ લોહીના સંબંધીઓ એકબીજાની નજીક રહેતા હોય છે.

સામાન્ય રીતે દરેક ઘરમાં બે ઓરડાઓ હોય છે. અને સામે ઓસરી હોય છે. બધાંના ઘરોમાં હવા ઉજાસ અને બારીબારણાંની સગવડ હોતી નથી. કેટલાક લોકો બારીબારણાં મૂકે છે. સુખી વાઘેરોનાં ઘરો ત્રણથી ચાર ઓરડાવાળાં હોય છે. એક ઓરડામાં રસોઈની વ્યવસ્થા કરે છે. ઘરનું છાપરું પણ દેશી કે વિલાયતી નળિયાંવાળું હોય છે. કેટલાંક મકાનો પાકા જોવા મળે છે પરંતુ તેની સંખ્યા જૂજ છે. ઘરની બધી વસ્તુઓ દીવાલ પર અભરાઈ બનાવીને મૂકે છે. એક ઓરડા અને બે ઓરડાવાળાં ઘરોમાં ચૂલો એક ખૂણામાં રાખવામાં આવે છે. ત્યાં રાંધવાની વ્યવસ્થા હોય છે. પાણિયારું મોટે ભાગે ઘરની બહાર આગળના ભાગમાં ઓસરીમાં હોય છે.

તપાસેલાં કુલ ૧૫૦ કુટુંબોમાંથી ૧૨૭ ઘરો કાચાં પથ્થર ને માટીનાં બનાવેલાં હતાં અને ૨૩ ઘરો પાકી ઈંટોથી બનાવેલ હતાં. ૧૪૭ કુટુંબો પોતાની માલિકીનું મકાન ધરાવતાં હતાં જ્યારે ૩ કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં

રાચરચીલું :

હિન્દુ વાઘેરોના ઘરમાં સામાન્ય રીતે રાચરચીલું ઘણું ઓછું હોય છે. પ્રાથમિક જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાય વધારાનો કોઈ સામાન હોતો નથી. તપાસમાં લીધેલાં કુટુંબોની માહિતી પરથી

જણાય છે કે મોટા ભાગનાં કુટુંબો પાસે એલ્યુમિનિયમ, પિત્તળ અને માટીનાં વાસણો હતાં. સ્ટીલનાં વાસણો ધરાવનાર કુટુંબોની સંખ્યા ઓછી હતી. આધુનિક સગવડતાવાળાં સાધનો ઓછાં કુટુંબો પાસે હતાં. માછલાં પકડવાની જાળ માત્ર ૬ કુટુંબો પાસે હતી.

મુસ્લિમ વાઘેરોના ઘરમાં પણ ઘરવખરીની ચીજોમાં ખાસ ખાસ ચીજવસ્તુઓ જોવા મળે છે. તેમની પાસે મુખ્યત્વે તાંબા, એલ્યુમિનિયમ અને માટીનાં વાસણો હતાં. ખાટલા મોટે ભાગે કાથીના ધરાવતા હતા. સ્ટીલનાં વાસણમાં પાણી પીવા માટે એકાદ ગ્લાસ ધરાવતા હતા. જ્યારે આધુનિક સુખસગવડનાં સાધનો ઘણાં ઓછાં કુટુંબો પાસે હતાં.

પહેરવેશ :

વાઘેર પુરુષો કસવાળી લાંબી બાંયની આંગડી અને ગડીવાળો ચોરણો પહેરે છે. ચોરણાની તેમ જ આંગડીની બાંય ખૂબ લાંબી હોય છે. તેને ગડી ચડાવી ટૂંકી કરે છે અથવા સફેદ મેલખોરિયું બાંધે છે. એઓ પછેડીની ભેટ બાંધવાના, હાથ પર કે ખભા પર ધાબળો રાખવાના તેમ જ પાઘડી પહેરવાના શોખીન છે. પગમાં ચૌડ ચૌડ બોલે તેવા જોડા પહેરે છે.

નવી પેઢીમાં ભણેલા જુવાનો પાટલુન, બુશશર્ટ કે ખમીશ પહેરે છે. તેઓ ઓખાઈ જોડાને બદલે બુટ ચંપલ પહેરે છે. માથે પાઘડી પહેરતા નથી. કેટલાક જુવાનો સુરવાલ, બટનવાળાં કાપેલ કફનાં પહેરણ પહેરી માથે રૂમાલ બાંધીને ફરે છે.

ઉંમરલાયક વાઘેર સ્ત્રીઓ સીવેલ ઘાઘરો, ઓઢણું અને કાપડું પહેરે છે. માથે કાળા રંગનું ઓઢણું ઓઢે છે. તેમના ઘાઘરાનો રંગ

લાલ કે લીલો હોય છે પરંતુ કુંટુંબમાં કોઈનું મરણ થાય તો થેપાડું પહેરીને આગળ પટલી મારે છે. ઓઢણાના માત્ર છેડા જ થેપાડામાં ભરાવે છે. આને ફટકો પણ કહે છે. કાપડું લાંબી બાંયનું કસવાળું હોય છે. આ કસવાળો ભાગ બરડાનો હોય છે અને પેટ આગળ ઢંકાય તેવો લટકતો લૂગડાંનો ચીરો હોય છે. સ્ત્રીઓ પગમાં ઓખાઈ જોડા પહેરે છે.

કુંવારી વાઘેર કન્યા ટૂંકી બાંયવાળી સફેદ આંગડી કે ઝૂલડી પહેરે છે. કેટલીક ઘાઘરો પહેરે છે અને માથે ઓઢણી ઓઢે છે.

ઘરેણાં :

પુરુષો અલંકાર પહેરવાના શોખીન છે. તેઓ કાનમાં કોડિયા, હાથમાં ચાંદીનાં કડાં, પગમાં તોડો, કેડે ચાંદીનો કંદોરો, તથા ચાંદીના સરાથી બાંધેલ કાળા પથ્થરના મણકાની માળા, રૂપાની સાંકળી સાથે દાંત ખોતરણી, ચાંદીનાં બટન, ગળામાં સોનાનું કે ચાંદીનું માદળિયું પહેરે છે.

વાઘેર સ્ત્રીઓ કાનમાં રવેવાળા ટબૂકલા, નાકમાં સોનાનો વીંઢો, પગમાં રુપાના કાંબીકડલા, આંગળીએ રૂપાના વેઢ તેમજ ગળામાં સોના રુપાના ઝૂમખાં પહેરે છે. લગ્ન પ્રસંગ સિવાય વાઘેર સ્ત્રીઓ કોઈ દિવસ કપાળે ચાંલ્લો કરતી નથી. સૌભાગ્યવતી વાઘેરાણી હાથમાં બલૈયા, કંકણ કે ચૂડા પહેરતી નથી. તેઓ માને છે કે મૂળો માણેક મરાયો ત્યારે વાઘેરાણીઓએ કાળા કપડા પહેર્યા અને શોકને કારણે કોઠીએ ચૂડીઓ નાખી. તે કોઈએ આવી પહેરાવી નથી. માટે તેઓ આજે પણ પહેરતી નથી.

છૂંદણા :

વાઘેર સ્ત્રીઓ હાથ, હથેળીનો પાછળનો ભાગ બે ભ્રમરોની વચ્ચેનો ભાગ, ગળું, છાતી અને પગ ઉપરના ભાગ પર છૂંદણા ત્રોફાવે છે. દરેક સ્ત્રીને લગ્ન પહેલાં છૂંદણા ત્રોફાવવા ફરજીયાત છે. ન ત્રોફાવે તો એમ માને કે પરિણીત પતિ-પત્ની ભાઈ-બહેન ગણાય. મુસ્લિમ વાઘેર સ્ત્રીઓ છૂંદણા છૂંદાવતી નથી.

મુસ્લિમ વાઘેરનો પહેરવેશ :

મોટી ઉંમરના વાઘેર પુરુષો મોટેભાગે પહોળી મોરીનો પાયજામો અને ખમીસ પહેરે છે. કેટલાક લોકો ખમીસ ઉપર કાળા રંગનું જેકેટ પહેરે છે. માથે ટોપી પહેરે છે. મોટાભાગના વાઘેર પુરુષો માથું ઉઘાડું રાખીને ફરતા હોય છે.

મુસ્લિમ વાઘેરોમાં યુવાન છોકરાઓ ખમીસ-પાટલુન, પાયજામો અને પહેરણ પહેરે છે. સ્ત્રીઓ સુરવાલ, ચૂડીદાર પાયજામો અને ધુંટણથી નીચે સુધીનું અડધી બાંયવાળું ફ્રોક પહેરે છે. અને માથે ઓઢણી ઓઢે છે. પુરુષો અને સ્ત્રીઓ બૂટ અને ચંપલ પહેરે છે.

ઘરેણાં :

પુરુષો હાથમાં સોનાની વીંટી, ગળામાં સોનાની ચેન અને કપડે સોનાનાં બટન પહેરે છે.

મુસ્લિમ વાઘેર સ્ત્રીઓ ખાસ કરીને કાનમાં નખલી, ઢોળિયા અને પૈસા જેવડી મોટી અને નકસીદાર ચૂંક એ વાઘેરાણીનું એક અનિવાર્ય ઘરેણું મનાય છે. પગમાં ચાંદીના તોડા અને તે સાથે બેડી

પહેરે છે. ગળામાં કેટલીક સ્ત્રીઓ સોનાનો દોરો અને પેંડલ પહેરે છે. સુખી ઘરની સ્ત્રીઓ સોનાના દાગીના પહેરે છે. બાકી સામાન્ય રીતે ચાંદીના દાગીનાનો ઉપયોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે. મુસ્લિમ વાઘેરો હિન્દુ વાઘેર પુરુષ-સ્ત્રીની જેમ છૂંદણાં ત્રોફાવતા નથી.

ખોરાક-પીણાં :

વાઘેર માંસાહારી કોમ છે. તેઓ દરિયામાંથી માછલાં પકડીને વાપરે છે. તેઓ પશુ-પક્ષીનો શિકાર કરીને પણ ખાય છે. સામાન્ય રીતે તેઓ ખોરાકમાં બાજરીનો રોટલા અને શાક લે છે. રોટલો શાક એ તેમનો રોજનો ખોરાક છે. તેઓ ત્રણ વખત ભોજન લે છે. સવારે ચા સાથે બાજરીનો રોટલો લે છે. બપોરે જમવામાં શાક, બાજરીનો રોટલો અને છાસ લે છે. સાંજે ભોજનમાં પણ બાજરીનો કે જુવારનો રોટલો અને શાક લે છે. લીલી શાકભાજીનો પણ ઉપયોગ કરે છે. તેઓ ઘંઉના રોટલા, ખીચડી કે ભાત ભાગ્યે જ ખાય છે.

પીણાંઓમાં ચા પીએ છે. દ્વારકા, મીઠાપુર વગેરે સ્થળોએ જવાનું થાય છે ત્યારે તેઓ સોડા અથવા લીંબુ સોડા પીએ છે. બીડી, ચલમ અને હુક્કો પીએ છે. સ્ત્રીઓ બીડી પીતી નથી, પરંતુ કેટલીક સ્ત્રીઓ તપખીર સૂંઘે છે. હિન્દુ વાઘેર કોમમાં વ્યસનો અને બૂરી ટેવો જોવા મળે છે. અફીણ, દારૂ, ગાંજાની ટેવને સ્વાભાવિક માને છે. શિક્ષિત વાઘેરોમાં આ વ્યસનો જોવા મળતાં નથી.

મુસ્લિમ વાઘેર ખોરાક અને પીણાં :

મુસ્લિમ વાઘેરો હિન્દુ વાઘેરોની જેમ માંસાહારી છે. સવારમાં ચા સાથે આગલા દિવસે વધેલા ઘઉં કે બાજરીના રોટલા લે છે. બપોરના

ભોજનમાં બાજરી કે જુવારના રોટલા સાથે માછલીનું શાક કે દાળ અથવા શાકભાજી લે છે. સાંજે મોટે ભાગે બપોરનું વધેલું ખાય છે. શાકભાજીમાં ડુંગળી, બટાટા તેમ જ લીલાં શાકભાજી લે છે. તેઓ સૂવર (ભૂંડ) સિવાય દરેક પ્રકારનું માંસ ખાય છે. ઈંડાંનો કોઈક વાર ઉપયોગ કરે છે.

પીણામાં દૂધવાળી અથવા દૂધ વગરની ચા પીએ છે પીણામાં સોડા પણ પીએ છે. મુસ્લિમ વાઘેરો દારૂ પીતા નથી કારણ કે ઈસ્લામ ધર્મમાં દારૂનો નિષેધ છે. કેટલાક છાના છૂપા પીતા હશે.

વ્યસનમાં બીડી તથા સિગારેટ પીએ છે. કેટલાક લોકો પાન ખાવાના પણ શોખીન છે. મુસ્લિમ વાઘેર સ્ત્રીઓ ખરીદી કરવા શહેરમાં જાય ત્યારે પાન ખાઈ લે છે. કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ તપકીર સૂંઘે છે.

મુસ્લિમ વાઘેરોમાં જુગાર રમવાની ટેવ છે. અભ્યાસ દરમ્યાન તપાસેલ ગામોમાં નાનાં બાળકોથી માંડીને જુવાન લોકોને ફળિયામાં જુગાર રમતા અમે નિહાળ્યા હતા.

વાઘેરોનું લોકભરત :

કપડાંઓના રંગબેરંગી ટુકડાઓને ચોરસ, લંબચોરસ, ગોળાકાર, ત્રિકોણાકાર કાપી તેને યોગ્ય રીતે જોડીને ઘડકીની વિવિધ કલાત્મક ભાતો તેમણે ઉપસાવી છે. ઘડકીઓમાં ઘોડા, હાથી, ગાય જેવાં પશુઓ અને પોપટ, મોર જેવાં પક્ષીઓ પણ ટાંકેલાં જોવા મળે છે. જ્યાં જરૂર જણાય ત્યાં ફુલો અને ઝાડવાં ગોઠવી દે છે. કેટલાક ઘડ-

કીઓમાં આભલાંનાં ચોકડીવાળાં ફુલ અને માછલીઓ વગેરે ટાંકે છે. તેઓ લગ્નપ્રસંગોમાં વપરાતા અને બળદોને પણ શણગારે છે.

માટીકામ અને લીંપણ :

વાઘેરો તેમના નાનકડા ઓરડાઓમાં જીવનની જરૂરિયાતો સંતોષવા કોઠી કોઠલા, પાણિયારું, અભરાઈ વગેરેને જાતે બનાવી તેમાં વિવિધ પ્રકારનું શિલ્પ કરે છે. કોઠી પર લીંપણની વિવિધ ભાતો ઉપસાવે છે અથવા સાદા લીંપણમાં લાલ, લીલો અને કાળો રંગ પૂરે છે. વાઘેરની માટીની કોઠી ઘણી જ કલાત્મક હોય છે. આ કોઠીઓ તેઓ જાતે જ બનાવે છે.

આર્થિક જીવન

પ્રાચીન કાળમાં વાઘેરો માછીમારો તરીકે, ચાંચિયાગીરીમાં અને ખેતીના ધંધામાં હતા. તેમ જ લૂંટફાટ પણ કરતા હતા તેવા સ્પષ્ટ ઉલ્લેખો ઠીક ઠીક ગ્રંથોમાં મળે છે. તેમણે ખેતીને મુખ્ય વ્યવસાય તરીકે અપનાવ્યો છે. ખેતી ઉપરાંત વાઘેરો ઢોર રાખી પશુપાલનનો ધંધો પણ કરે છે. આ ઉપરાંત હવે વાઘેરો નોકરીઓમાં જોડાવા માંડયા છે. યંત્રના મજૂર તરીકે, યંત્રવિદ તરીકે, શિક્ષક તરીકે, દૂધ વેચનાર તરીકે તેમ જ નાના છૂટક વેપારી તરીકે પણ વાઘેરો હવે જોવા મળે છે. દ્વારકામાં એ. સી. સી. કંપનીના કારખાનામાં, મીઠાપુરના રસાયણના કારખાનામાં તેમ જ બીજાં નાનાંમોટાં કામોમાં વાઘેરો કામે લાગવા માંડયા છે. કેટલાક વાઘેરો પરચૂરણ ઘરવખરીની ચીજોનો વેપાર પણ કરે છે. કેટલાક જુવાનિયાઓ એ. સી. સી. તેમ જ મીઠાપુર રસાયણ કારખાનામાં કૉન્ટ્રાક્ટરનાં કામો પણ કરતા થયા છે.

જમીન :

વાઘેર કુટુંબો પાસે વધતાઓછા પ્રમાણમાં જમીન છે. ગાયકવાડના સમયમાં જ્યારે વાઘેર કુટુંબને ત્યાં પુત્રનો જન્મ થાય ત્યારે રૂ. ૧ સલામી લઈ તેને એક સાંતી (૪૮ વીઘાં) જમીન આપવામાં આવતી હતી. આ વિસ્તારની મોટા ભાગની જમીન ડુંગરાળ અને પથરાળ છે. વરસાદ ઓછો હોવાને લીધે સૂકી ખેતી થાય છે. જમીન ખાડાટેકરા તથા ઢાળવાળી હોવાથી વરસાદનું પાણી જમીનમાં ન ઊતરતાં વહી જાય છે. દરિયાકિનારાનાં ગામોની જમીન રેતાળ છે. તેમાં અંદર લાલ તથા કાળી જમીન પણ જોવામાં આવે છે. આમ એકંદરે વાઘેરોની જમીન ફળદ્રુપ નથી. છેલ્લા ચારપાંચ વર્ષથી ઓછા વરસાદને કારણે પાક નિષ્ફળ જાય છે, તેથી તેઓ બળદ પણ ખરીદી શકતા નથી. આ કારણથી જમીન હોવા છતાં ખેડી શકતા નથી. તેઓ ભાડેથી ખેડ કરાવે છે. ભાડેથી ખેડ કરાવવા માટે રૂ. ૫૦/- મજૂરીના આપવા પડે છે, જ્યારે કેટલાક ખેડૂતો ૧/૨ ભાગે જમીન ખેડવા આપી દે છે. ખર્ચ બાદ કરતાં ઊપજનો અડધો ભાગ મળે છે. કેટલાક ખેડૂતો જમીન ખેડ્યા વિના પડતર રાખી મૂકે છે. જ્યારે કેટલાક ખેડૂતો જમીન ગીરો મૂકી શાહુકાર, વેપારી અથવા તો ગામના આસામી ખેડૂતો પાસેથી નાણાં ઊછીનાં લઈ પોતાનું ગુજરાન ચલાવવાના પ્રયત્ન કરે છે. તપાસમાં લીધેલાં ૧૫૦ કુટુંબોમાંથી ૧૦૬ કુટુંબો જમીન ધરાવતાં હતાં. તેમાં ૧ થી ૫ એકર જમીન ધરાવતાં ૧૨ કુટુંબો, + ૫ થી ૧૦ એકર ધરાવતાં ૩૭ કુટુંબો, + ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવનારાં ૩૦ કુટુંબો, + ૧૫ થી ૨૦ એકર ધરાવનારાં ૧૨ કુટુંબો,+૨૦ થી ૨૫ એકર ધરાવનારાં ૫ કુટુંબો,+૨૫ થી ૩૦ એકર જમીન ધરાવનારાં ૫ અને ૩૦ એકરથી વધુ જમીન ધરાવનારાં ૫ કુટુંબો હતાં.

ખેતી :

જે વાઘેરો ખેતી કરે છે, તેઓ ખેતરમાં સખત મહેનત કરે છે. તેઓ ખાસ કરીને ખરીફ પાક લે છે. જેમને પાણીની સગવડ હોય છે તેઓ ઉનાળુ કે શિયાળુ વાવેતર કરે છે. વાઘેર ખેડૂત મુખ્યત્વે જુવાર–બાજરીનોપાક લે છે. કેટલાક મગફળી અને મરચાં કરે છે. સામાન્ય વાઘેર ખેડૂત પાસે બી હોતું નથી તેથી તે વેપારી પાસેથી અથવા અંદરોઅંદર ઉછીનું લાવે છે. અંદરોઅંદર ઉછીનું લાવેલ બીજ પાકે ત્યારે દોઢું આપવું પડે છે. તેમનાં ઓજારો દેશી હોય છે, જે બીજા વિસ્તારનાં ઓજારો કરતાં વજનમાં ભારે હોય છે, અહીંની જમીન ડુંગરાળ અને પથરાળ હોવાથી હલકા વજનનાં ઓજારોથી સારી રીતે ખેડી શકાતી નથી. ખેતીનાં સાધનો ગામના સુથાર પાસે અથવા બીજા ગામના સુથાર પાસે તેઓ બનાવડાવતા હોય છે. નાનુંમોટું સમારકામ પોતે જાતે કરતા હોય છે.

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લીધે તેઓ રાસાયણિક ખાતરનો ઉપયોગ પણ કરી શકતા નથી, તદુપરાંત છાણિયા ખાતરનો ઉપયોગ કરી શકતા નથી. સારા ખાતર અને પિયારણના અભાવે ખેતીનું ઉત્પાદન ઓછું આવે છે.

પશુપાલન :

તેમની પાસે પશુઓમાં ગાય, ભેંસ કે બકરાં જોવા મળે છે, પરંતુ તેમનું પશુધન ઘણું જ નબળું છે. પશુ માટે પૂરતો ઘાસચારો મળતો નથી તેમ જ સારું ખાણદાણ આપવાની તેમની આર્થિક શક્તિ નથી. તેથી પશુ ઉછેરમાંથી સારી આવક મેળવી શકાતી નથી. લીલું ઘાસ ચોમાસાની ઋતુમાં જ મળી રહે છે. બાકીના આઠ માસ લીલું

ઘાસ મળતું નથી. આથી ગાય કે ભેંસ ઓછું ઉત્પાદન આપે છે. ઘાસચારાના અભાવને લીધે બળદોને પૂરતું પોષણ મળતું નથી. તેથી તેઓ બરોબર કામ કરી શકતા નથી. તેમના કહેવા મુજબ તરત વિયાયેલી ગાય દિવસનું ૧ થી ૨ લીટર જેટલું દૂધ આપે છે. તેમની ગાયનું શારીરિક બંધારણ પણ નબળું છે. આમ તેઓ પશુપાલનના ધંધામાંથી સારી આવક મેળવી શકતાં નથી.

ખેતમજૂરી :

કેટલાંક વાઘેર પુરુષ-સ્ત્રીઓ બીજાના ખેતરમાં મજૂરી કરે છે. તેમને આખા વર્ષમાં ૯૦ દિવસ મજૂરી મળી રહે છે. મજૂરીમાં દિવસદીઠ રૂ. ૩ થી ૪ આપવામાં આવે છે. કેટલાક કાયમ માટે જમીનદારને ત્યાં ખેતમજૂરી કરે છે. આ વિસ્તારમાં "સાથી પ્રથા" જાણીતી છે. ખેતમજૂર સામાન્ય રીતે જમીનમાલિક જોડે એક વર્ષ મજૂરીનો કરાર કરે છે. તેના બદલામાં તેને રૂ. ૩૦૦થી ૪૦૦ અને ખાવાનું આપવામાં આવે છે. આ સિવાય તેને દરરોજ બીડી, તમાકુ ચા વગેરે આપવામાં આવે છે.

છૂટક મજૂરી :

વાઘેરો મીઠા ઉદ્યોગમાં મીઠું કાઢવા તેમ જ તેની ગૂણો ભરવા છૂટક મજૂરીએ જાય છે, ઓખા મંડળ તાલુકામાં જમીનના મોટા ભાગ ઉપર દરિયાનું પાણી ફરી વળે છે તેથી કુદરતી રીતે જ ત્યાં પુષ્કળ મીઠું પેદા થાય છે. મીઠું ગૂણોમાં ભરીને ટ્રકમાં ઠાલવવાની મજૂરી તેઓ કરે છે. તેઓ દૈનિક રૂ. ૫ થી ૬ કમાય છે.

આ ઉપરાંત સરકાર દ્વારા ચાલતાં રસ્તાનાં કામો, માટીકામ અને જમીનસંરક્ષણ જેવાં કામોમાં જેઓ મજૂરી કરે છે તેમને દિવસદીઠ

રૂ. ૪ થી ૫ મજૂરી મળે છે. વંગલ ખાતા દ્વારા ચાલતા કામમાં પણ મજૂરી મળે છે. આમ એક રીતે જોઈએ તો ખેતી કરતાં મજૂરી પર તેમનું જીવનધોરણ નિર્ભર છે, જોકે તેમને આખા વર્ષ પૂરતી મજૂરી મળી રહેતી નથી.

નોકરી :

હવે વાઘેરો મીઠાપુર તાતા કેમિકલ્સ તેમ જ એ. સી. સી. સિમેન્ટ કારખાનામાં નોકરીએ લાગ્યા છે. આમાંના મોટા ભાગના મજૂરીના કામમાં રોકાયેલા છે, જ્યારે કેટલાક યંત્રવિદ્યામાં નિપુણ થયેલા છે. કેટલાક સારા હોદ્દા પણ ધરાવે છે. ઓખા મંડળના બે વાઘેરો શિક્ષકની નોકરીમાં છે, તેમાં એક બહેન છે. આ સિવાય અન્ય સરકારી ખાતાઓમાં તેઓ નાનીમોટી નોકરી કરે છે.

અન્ય :

ઓખા મંડળના કિનારા પર ફીણ ઘણું મળી આવે છે. આ ફીણ પૉલિશ કરવામાં અને દવાના કામમાં વપરાય છે. તદુપરાંત રણ તરફના દરિયાકિનારાના ભાગમાંથી નાનાં મોતી નીકળે છે. કાલુ નામની માછલીમાંથી મોતી પણ નીકળે છે. આ મોતી દાગીનામાં અને ઘણાં નાનાં હોય તે દવાના કામમાં આવે છે. પોશીત્રા પાસે વાઘેરો આ મોતી કાઢવાનો ધંધો પણ કરે છે,

બેટની આસપાસ દરિયામાંથી નાનામોટા દરેક જાતના શંખ નીકળે છે. કોડીઓ પણ પુષ્કળ પ્રમાણમાં મળે છે. સાચાં મોતીની છીપો ભેગી કરવામાં આવે છે. આ સિવાય બીજી જાતની છીપો પણ તેઓ

એકઠી કરે છે. આ બધી વસ્તુઓ એકઠી કરીને રમકડાં બનાવવાનો ધંધો પણ કરે છે.

તપાસેલાં કુલ ૧૫૦ કુટુંબોમાથી ૧૦૬ કુટુંબો ખેતી કરતાં હતાં, ૧૯ કુટુંબો ખેતમજૂરી કરતાં હતાં જ્યારે ૨૫ કુટુંબો નોકરી તથા છૂટક મજૂરી કરતાં હતા. આમ મોટા ભાગનાં કુટુંબો ખેતી સાથે સંકળાયેલાં હતાં.

કમાનાર અને નહીં કમાનાર :

વાઘેરનાં કુલ ૫૩૬ પુરુષોમાંથી ૧૪૮ પુરુષો કમાતા હતા. ૧૩૫ પુરુષો કમાનાર પર આશ્રિત હતા, જ્યારે ૨૫૩ પુરુષો કમાતા ન હતા.

સ્ત્રીઓમાં કુલ ૫૨૮માંથી ૩ સ્ત્રીઓ કમાતી હતી. ૧૩૩ સ્ત્રીઓ કમાતી પરંતુ આશ્રિત હતી, જ્યારે નહીં કમાતી સ્ત્રીઓ સૌથી વધુ (૩૯૨) હતી.

વાર્ષિક આવક :

તપાસેલ કુટુંબનું આવકનું પ્રમાણ જોતાં જણાય છે કે કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૩૫૭૦ની હતી. કુલ આવકમાંથી ૩૬ ટકા ખેતીમાંની ૩૮ ટકા મજૂરીમાંની, ૫ ટકા ખેતમજૂરીમાંની, ૨૧ ટકા નોકરીમાંની અને ૨ ટકા અન્ય ધંધામાંની હતી. વર્ગવાર વિશ્લેષણ કરતાં જણાય છે કે સૌથી વધુ વાર્ષિક આવક ૩૦ એકરથી વધુ જમીન ધરાવતાં કુટુંબોની (રૂ. ૫૭૩૦) હતી, તે પછી નોકરિયાત વર્ગની (રૂ. ૪૪૮૯) હતી. સૌથી ઓછી આવક જમીનવિહોણાની રૂ. ૨૦૯૮ હતી. આવકનાં ધોરણોને ગણતરીમાં લઈએ તો તપાસેલાં બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

આવકજૂથ પ્રમાણે જોઈએ તો તપાસેલ કુટુંબોમાંથી એક કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧૦૦૦થી ઓછી હતી. જ્યારે ૧૩ ટકા કુટુંબોની રૂ. ૧૦૦૦ થી ૨૦૦૦ ની, ૫૦ ટકા કુટુંબોની રૂ. ૨૦૦૦ થી ૪૦૦૦ સુધીની, ૨૯ ટકા કુટુંબોની રૂ. ૪૦૦૦ થી ૬૦૦૦ સુધીની અને માત્ર ૬ ટકા કુટુંબોની વાર્ષિક આવક રૂ. ૬૦૦૦ થી ૮૦૦૦ની હતી.

વાર્ષિક વપરાશી ખર્ચ :

તપાસેલ કુટુંબોના વપરાશી ખર્ચનું માળખું જોતાં જણાય છે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ. ૩૫૩૨ હતું. વપરાશી ખર્ચ માળખું જોતાં જણાઈ આવે છે કે કુટુંબનો સરેરાશ ૪૨ ટકા ખર્ચ અનાજ પાછળ, ૧૦ ટકા ખર્ચ દૂધ, ઘી, તેલ પાછળ, ૫ ટકા ખર્ચ શાકભાજી અને ૧૯ ટકા જેટલો ખર્ચ કપડાં પાછળ હતો. વર્ગવાર માહિતી જોતાં અનાજ પાછળનો ખર્ચ બધા વર્ગમાં લગભગ એક સરખો હતો. શિક્ષણ પાછળનું ખર્ચ બધા વર્ગમાં નહિવત્ હતું.

વર્ગવાર કુટુંબદીઠ વાર્ષિક ખર્ચની માહિતી પરથી સ્પષ્ટ જણાય છે કે સરેરાશ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૩૫૩૨ નું હતું. સૌથી ઓછું વાર્ષિક ખર્ચ (રૂ. ૨૨૫૪) જમીનવિહોણા કુટુંબનું હતું. જ્યારે સૌથી વધુ વાર્ષિક ખર્ચ ૩૦ એકરથી વધુ જમીન ધરાવતાં કુટુંબોનું હતું. ૫ એકર સુધીની જમીન ધરાવતાં કુટુંબોની સ્થિતિ પણ જમીન વગરનાં કુટુંબો જેવી જ હતી. સરેરાશ માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૪૧ હતું. માસિક વપરાશના આધારે ગણતરી કરીએ તો તપાસેલ બધાં કુટુંબો ખર્ચની દૃષ્ટિએ પણ ગરીબીની રેખા નીચે જીવતાં હતાં.

દેવું :

ઓખા મંડળમાં ધિરાણની સમસ્યા ઘણી જ જટિલ છે. વાઘેરો દેવાદાર છે. તેમને હવે બેંકો, સહકારી સંસ્થા ધિરાણ કરવા તૈયાર નથી. લગભગ બધી ધિરાણ કરતી સંસ્થાઓએ એમને ધિરાણ કરવાનું બંધ કરી દીધું છે કારણ કે તેઓ તે ભરપાઈ કરી શકતા નથી.

દેવાદાર કુટુંબોની માહિતી પરથી જણાય છે કે કુલ દેવાદાર કુટુંબોમાંથી ૪૩ ટકા કુટુંબોને રૂ. ૫૦૦ થી ઓછું દેવું હતું. ૨૧ ટકાને રૂ. ૫૦૦ થી ૧૦૦૦ સુધીનું, ૧૬ ટકાને રૂ. ૧૦૦૧ થી ૨૦૦૦ સુધીનું અને ૨૦ ટકા કુટુંબોને રૂ. ૨૦૦૦ થી વધુ દેવું હતું. જમીન ધરાવનાર વર્ગમાં દેવાદાર કુટુંબોની સંખ્યા વધુ હતી. જ્યારે નોકરિયાત વર્ગમાં અને જમીનવિહોણાના કુટુંબોમાં દેવાદાર કુટુંબોની સંખ્યા ઓછી હતી.

વાઘેરો વધુને વધુ દેવાદાર થતા જાય છે. તેની પાછળનું મહત્વનું કારણ એ છે કે ખેતીની આવકમાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિથી અચોકકસતા સર્જાય છે. તદઉપરાંત જમીન સારી ન હોવાથી ઉત્પાદન ઓછું આવે છે તેથી તેઓ લોન ભરપાઈ કરી શકતા નથી.

મુસ્લિમ વાઘેરોની આર્થિક સંરચના :

મુસ્લિમ વાઘેરો મુખ્યત્વે દરિયાકિનારાના વિસ્તારોમાં વસે છે. તેથી તેમનો મુખ્ય ધંધો માછીમારીનો છે. વંશ પરંપરાથી તેઓ માછી મારીનો ધંધો કરતા આવ્યા છે. માત્ર થોડા વાઘેરો જ (ખાસ કરીને સલાયામાં વસતા) વહાણવટુના ધંધામાં રોકાયેલા છે. બેડીમાં વસતા કેટલાક છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. બેડીની આજુ

બાજુ આવેલ તેલની મિલોમાં પણ કેટલાક વાધેર ભાઈઓને કામ મળે છે. વાધેર બહેનોને આ મિલોમાં મગફળીના દાણા કાઢવાની મજૂરી મળે છે. આ કામ બધાને મળી રહેતું નથી. કેટલીક વાધેર બહેનો પોતાના ગામમાં જ છૂટક પીપરમીટ, બીસ્કીટ તેમજ નાનાં બાળકોને ખાવાની ચીજ વસ્તુઓ લઈને છૂટક ધંધો કરે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે. કેટલીક વાધેર સ્ત્રીઓ મચ્છી વેચવાનો તેમ જ બકાલુ (શાકભાજી) વેચવાનો ધંધો પણ કરે છે. સલાયા, ખંભાલિયા તેમજ બેડીમાં વસતા કેટલાક મુસ્લિમ વાઘેરો ઓટોરીક્ષા ચલાવે છે. પેટ્રોલનું ખર્ચ કાઢતાં દિવસ દીઠ રૂા ૧૫ થી ૨૦ ની કમાણી થાય છે. કેટલાક મુસ્લિમ વાઘેરો કઠિયારાનો ધંધો કરતા હતા. તેઓ દરિયાકિનારે આવેલાં જંગલોમાંથી લાકડાં કાપતા અને રોજી મેળવતા; પરંતુ હાલ સરકારે જંગલો રક્ષિત જાહેર કર્યાં છે, જેને કારણે તેમની રોજગારી બંધ થઈ ગઈ છે. આજે તેઓ જંગલ અધિકારીઓને લાંચ આપી બિન-કાયદેસર રીતે લાકડાં કાપે છે. તે માટે તેમને વધારે રકમ ચૂકવવી પડે છે. ધંધા પ્રમાણે તપાસેલ ૧૫૦ કુટુંબોમાંથી ૭૦ કુટુંબો માછીમારીના જેને તેઓ લોધ (મચ્છીમારી) કામથી ઓળખે છે તે કામોમાં રોકાયેલાં હતાં. ૪૦ કુટુંબો છૂટક મજૂરી ધંધામાં, ૧૬ કુટુંબો નોકરીમાં, ૧૨ કુટુંબો છૂટક વેપાર ધંધામાં અને બીજાં ૧૨ કુટુંબો ખલાસી તરીકેના વ્યવસાયમાં રોકાયેલાં હતાં.

મોટા ભાગના માછીમારો પોતાના કુટુંબના સભ્યોને જ હોડીમાં લઈ જતા હોય છે. જેમની પાસે હોડી નથી હોતી તેઓ ખલાસીની નોકરી કરે છે. ખલાસી તરીકે નોકરી કરનારને વાર્ષિક ૨૦૦ થી ૩૦૦ રૂપિયા આપવામાં આવે છે.

વેચાણ :

માછીમારો સામાન્ય રીતે માછલાં પકડીને પોતાને ઘેર લઈ જતા નથી. વપરાશ પૂરતાં કાઢીને અમુક બાંધેલા વેપારીને, જેમની સાથે

કરાર થયો હોય છે તેમને, આપી દે છે. કેટલાક લોકો મુંબઈની કેટલીક કંપનીઓ સાથે આખી ઋતુ પ્રમાણે કરાર મુજબ માછલી આપી દે છે. આખા વર્ષ માટે તેમની સાથે જુદા જુદા પ્રકારની માછલીના જુદા જુદા ભાવો મુજબ કરાર કરે છે. સામાન્ય રીતે મુંબઈ અને વેરાવળ બજારમાં માછલીઓના જે ભાવો આગળની ઋતુમાં હોય તેને ધ્યાનમાં લઈને નવા ભાવો નક્કી કરવામાં આવે છે.

માછલાં ઉદ્યોગ :

માછીમારોને તેમના ધંધા માટે હોડી અને જાળની જરૂર પડે છે. સામાન્ય રીતે ગુજરાતમાં માછલીનો ધંધો કરતા લોકો ત્રણ પ્રકારની હોડીઓ ધરાવે છે : (૧) લાકડી હોડી (૨) લોઢિયા (૩) મછવા.

હોડીમાં યાંત્રીકરણ :

શરૂઆતમાં યાંત્રિક બોટનો ઉપયોગ ઘણા ઓછા પ્રમાણમાં હતો, જે ધીમે ધીમે વધવા લાગ્યો છે. પોરબંદર, વેરાવળ તેમ જ અન્ય બંદરો પર માછીમારનો ધંધો કરતા હિન્દુ ખારવાઓથી વાઘેરો ઘણા જ પાછળ છે. તેમની પાસે યાંત્રિક હોડીઓ જૂજ છે. ટ્રોલરો બે પાંચ માણસો જ ધરાવે છે. મોટે ભાગે હોડી વગરના તેમ જ જાળ વગરના આ લોકો છે. સાધનો માટે બીજાઓ પર આધાર રાખી પોતાનું ગુજરાન ચલાવે છે.

માછલા પકડવાની જાળો :

ખાસ કરીને ગુજરાતમાં ઓખાથી દ્વારકા બંદર સુધી બે પ્રકારની જાળોનો ઉપયોગ થાય છે : (૧) સપાટ જાળ : પોમફ્રેટ, પાવા, ચકસી

અને અન્ય માછલીઓ પકડવા ઉપયોગમાં લેવાય છે. (૨) ગોલ જાળ : સફેદ પોમફ્રેટ્સ, ચર્બીસ, કલ્યુપોઈડ્સ, કૅટફિશ અને શાર્ક માછલીઓ પકડવાના ઉપયોગમાં લેવાય છે.

ઉત્પાદનનાં સાધનો :

તેમનો મુખ્ય ધંધો માછીમારીનો છે. માછીમાર માટે સામાન્ય રીતે હોડી અને જાળ ઉત્પાદકીય સાધનો ગણાવી શકાય. મોજણી કરેલ કુલ ૭૦ કુટુંબોમાંથી ૪૮ કુટુંબો પાસે મછવો કે હોડીનું સાધન નહોતું. ૧૬ કુટુંબો એક એક હોડી ધરાવતાં હતાં, જ્યારે બે કુટુંબો પાસે બે બે હોડી હતી. બીજાં બે કુટુંબો પાસે ત્રણ ત્રણ હોડી હતી, જ્યારે તપાસેલ ૧ કુટુંબ પાસે બે ટ્રૉલર હોડી હતી. કુલ ૨૮ હોડીમાંથી બે ટ્રૉલર યાંત્રિક હોડી, ૫ બિનયાંત્રિક હોડી અને ૧૪ મછવાઓ હતા. આમ સાધનની દૃષ્ટિએ તેમની પાસે પૂરતાં સાધનો ન હતાં સરેરાશ માછીમાર કુટુંબ પાસે ૧૩ જાળો હતી જેની કિંમત રૂા. ૨૭૦૮૩. હતી. આમ ઉત્પાદકીય સાધનોનો પણ અભાવ હતો. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે ઘણી ઓછી સંખ્યામાં વાઘેરો પાસે ટ્રૉલર હોડી હોય છે.

કમાનાર અને નહીં કમાનાર :

કુલ ૬૨૦ પુરુષોમાંથી ૧૪૬ પુરુષો કમાતા હતા, ૨૯૭ પુરુષો કમાનારા પણ આશ્રિત હતા અને ૧૭૭ પુરુષો કમાતા ન હતા.

સ્ત્રીઓમાં કુલ ૫૬૦માંથી ૪ સ્ત્રીઓ કમાતી હતી. ૧૭૩ સ્ત્રીઓ કમાતી, પરંતુ આશ્રિત હતી, જ્યારે ૩૮૩ સ્ત્રીઓ કમાતી ન હતી.

વાર્ષિક આવક :

મુસ્લિમ વાઘેરોનો મુખ્ય ધંધો માછીમારનો છે. મોજણી માટે પસંદ કરાયેલાં કુટુંબોને બે જૂથોમાં વહેંચી શકાય. એક માછીમારીના વ્યવસાયમાં રોકાયેલાં કુટુંબો; બીજા પ્રકારમાં છૂટક મજૂરી, નોકરી, વેપાર ધંધો અને ખલાસીની નોકરીમાં રોકાયેલાં કુટુંબો. મોજણી કરેલ કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક બધાં સાધનોમાંથી રૂા. ૪૨૦૫ ની હતી. છૂટક મજૂરી કરતાં કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક ઘણી ઓછી (રૂા. ૩૦૪૧) હતી, જ્યારે સૌથી વધુ સરાસરી આવક માછીમારીના ધંધામાં રોકાયેલ કુટુંબોની (રૂા. ૫૨૧૬) હતી. દરેક ધંધામાં રોકાયેલ કુટુંબોની કુલ આવકમાંથી ૯૦ ટકા જેટલો હિસ્સો મુખ્ય ધંધામાંથી મેળવાતો હતા, જ્યારે ગૌણ ધંધામાંથી માત્ર ૧૦ ટકા આવક મેળવતા હતા. જુદા જુદા ધંધામાં રોકાયેલાં કુટુંબોની આવકની વહેંચણીનું ચિત્ર જોતાં જણાઈ આવે છે કે સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓમાં નોકરી કરતાં અને વેપાર ધંધામાં રોકાયેલાં કુટુંબોની આવકનું સ્તર લગભગ સરખું છે, જ્યારે વેપાર, ધંધો અને ખલાસી તરીકે નોકરી કરતાં કુટુંબોનું સ્તર લગભગ સરખું હતું. માત્ર માછીમારના ધંધામાં રોકાયેલાં કુટુંબોની આવક આ બધાંની સરખામણીએ વધુ હતી.

સરેરાશની આવકની દૃષ્ટિએ જુદા જુદા વ્યાવસાયિક વર્ગો વચ્ચે આવકની અસમાનતા પ્રવર્તે છે તે જોઈ શકાય છે. માથાદીઠ આવકની દૃષ્ટિએ આવકની પરિસ્થિતિનું ચિત્ર વધુ સ્પષ્ટપણે જાણી શકાય છે. માથાદીઠ આવકની ગણતરી કરવાથી ગરીબી રેખા નીચે કેટલાં કુટુંબો જીવન નિર્વાહ કરે છે તે જાણી શકાય. મોજણી કરેલ કુટુંબોની માથાદીઠ વાર્ષિક આવક રૂા. ૧૩૪ ની હતી. આમ ૧૯૭૯-૮૦ ના વર્ષની ભાવ સપાટીએ શહેરમાં વસતાં કુટુંબોની સભ્યોની

સરેરાશ માથાદીઠ આવક રૂા. ૬૦ હોય તેને ગરીબી રેખા નીચેના કુટુંબ તરીકે ગણેલ છે. આ ધોરણને આધારે જોઈએ તો મોજણીમાં લીધેલાં બધાં કુટુંબો ગરીબી રેખા નીચે જીવનનિર્વાહ કરતાં હતાં એમ કહી શકાય.

તપાસેલ કુટુંબોની સ્થિતિ આવકજૂથ પ્રમાણે જોતાં જણાય છે કે ૪૧ ટકા કુટુંબોની વાર્ષિક આવક રૂા. ૩૦૦૦, ૩૫ ટકા કુટુંબોની રૂા. ૫૦૦૦, ૧૨ ટકા કુટુંબોની રૂા. ૭૦૦૦,૮ ટકા કુટુંબોની રૂા. ૧૦,૦૦૦ અને ૪ ટકા કુટુંબોની રૂા. દસ હજારથી વધુ હતી. આમ મોટા ભાગનાં કુટુંબોની વાર્ષિક આવક રૂા. ૫૦૦૦ સુધીની હતી.

વાર્ષિક વપરાશી ખર્ચ :

તપાસેલ કુટુંબોના વપરાશી ખર્ચના સંદર્ભમાં આર્થિક સ્થિતિ તપાસતાં જણાય છે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક વપરાશી ખર્ચ ૪૧૨૦નો હતો. જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલાં કુટુંબોનો વાર્ષિક વપરાશી ખર્ચ જુદો જુદો છે. સૌથી વધુ વાર્ષિક વપરાશી ખર્ચ માછીમારીનો ધંધો કરતાં કુટુંબોનો (રૂ. ૪૮૪૭.૭), તે પછી અનુક્રમે વેપાર, ધંધો કે નોકરી કરતાં, ખલાસીનું કામ કરતાં અને છૂટક મજૂરીનો ધંધો કરતાં કુટુંબોનો હતો.

મોજણી હેઠળનાં કુટુંબો દ્વારા થતા વપરાશી ખર્ચનું માળખું જોતાં જણાય છે કે કુટુંબદીઠ સૌથી વધુમાં વધુ વપરાશી ખર્ચ અનાજ પાછળ (રૂા. ૧૯૭૮) ૪૮ ટકા છે. ત્યાર પછી અનુક્રમે કપડાં (૧૭ ટકા) પાછળ ખર્ચ કરે છે. દૂધ, દૂધની બનાવટો તથા શિક્ષણ પાછળનો ખર્ચ નહીંવત્ છે. બધાં જ જૂથોના કુટુંબોમાં વપરાશી ખર્ચ લગભગ સરખો રહેલો જોવા મળે છે.

જૂથવાર નિર્વાહખર્ચ જોતાં જણાય છે કે મોજણી કરેલ કુટુંબોમાંથી ૩૪ ટકા કુટુંબોનો વાર્ષિક ખર્ચ રૂા. ૧૦૦૦ થી ૩૦૦૦ હતો, ૩૯ ટકાનો રૂા. ૩૦૦૧ થી ૫૦૦૦ નો, ૧૫.૩ ટકા કુટુંબોનો રૂા. ૫૦૦૧ થી ૬૦૦૦ સુધીનો, ૮ ટકાનો રૂા. ૭૦૦૦ થી ૧૦,૦૦૦નો હતો, જ્યારે ૧૦,૦૦૦ થી વધુ વપરોશી ખર્ચ હોય તેવાં માત્ર ૭ કુટુંબો હતાં. જૂથવાર આંકડાઓ પરથી જણાય છે કે વાર્ષિક રૂા. ૭૦૦૦ થી વધુ વપરાશી ખર્ચ માછીમાર કુટુંબ સિવાય અન્ય વ્યવસાય કરતાં કુટુંબોમાં ન હતો.

દેવું :

આવક કરતાં ખર્ચ વધુ હોવાને કારણે તેમને દેવું કરવાની ફરજ પડે છે. મોજણી કરેલ કુટુંબોમાંથી ૯૯ કુટુંબો દેવાદાર હતાં, જ્યારે ૫૧ કુટુંબોને દેવું ન હતું એવું જાણવા મળ્યું હતું. દેવાદાર કુટુંબોની સંખ્યા માછીમારી, છૂટક મજૂરી, ખલાસી અને વેપારધંધાના વ્યવસાયમાં રોકાયેલાં કુટુંબોમાં વધુ હતી. માત્ર નોકરીમાં રોકાયેલાં કુટુંબોમાં દેવું ઓછું હતું.

દેવાદાર કુટુંબોની માહિતીનું વિશ્લેષણ કરતાં જણાય છે કે દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા. ૩૫૦૬ નું હતું. સૌથી વધુમાં વધુ દેવું માછીમાર કુટુંબને (રૂા. ૫૯૦૦) તે પછી અનુક્રમે નોકરી (રૂા. ૧૪૫૨), છૂટક મજૂરી (રૂા. ૧૨૫૭), અને વેપારધંધા કરનારાઓને (રૂા. ૯૮૮) તથા સૌથી ઓછું દેવું ખલાસીઓને હતું. નોકરીવાળાં કુટુંબોમાં દેવાદાર ઓછાં હતાં પણ દેવું વધું હતું. દેવું મોટા ભાગે શાહુકાર, વેપારી, સગાંસંબંધી અને બેંકનું હતું. તેમનું દેવું સામાજિક અને ધાર્મિક વિધિઓના કારણે તથા હોડી તેમ જ અન્ય ઉદ્યોગનાં સાધનો તથા જાળો ખરીદવામાં થતું હતું. દેવાનો મોટો હિસ્સો ઉત્પાદકીય હતો. નિર્વાહ અને સામાજિક ખર્ચ પાછળનું દેવું નજીવું હતું.

સામાજિક સંગઠન

વાઘેરોનો વસવાટ :

હિન્દુ વાઘેરોનો વસવાટ ઓખા મંડળનાં ૪૨ ગામોમાં છે. જ્યારથી શ્રીકૃષ્ણ ભગવાને દ્વારકા જીત્યું ત્યારથી વાઘેર લોકો અહીં વસેલા છે. વાઘેર લોકો શ્રીકૃષ્ણના ભગત હતા. વાઘેરોમાં મૂળે કાળા (મોડા) મેડરા શાખાઓ હતી. ઓખા મંડળમાં બધા રજપૂતો છે. વાઘેરની શાખામાં ભળ્યા એટલે વાઘેરના નામે ઓળખાયા.

મોજણી કરેલ કુટુંબો પાસેથી તેમના વસવાટ અને મૂળ વતન વિષે માહિતી મેળવવામાં આવી હતી. પસંદ કરેલ કુટુંબોનો વસવાટનો સમય જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મોટા ભાગનાં કુટુંબોનો વસવાટ જે તે ગામમાં બેએક પેઢીનો હતો. લગભગ ૧૦ ટકા લોકો છેલ્લાં દસ વર્ષમાં આવીને વસ્યાં હતાં. તેમના મૂળ વતનની માહિતી જોતાં જણાય છે કે ૧૨૨ કુટુંબોએ કચ્છ-ભૂજમાંથી આવીને વસવાટ કર્યો હતો. ૧૦ કુટુંબોને તેમનાં પૂર્વજોનાં વતનનો ખ્યાલ ન હતો.

ગોત્ર :

વાઘેરોમાં અનેક પ્રકારનાં ગોત્રો જોવા મળ્યાં છે. જુદાં જુદાં ગોત્ર હોવા છતાં ગોત્રો વચ્ચે કોઈ પ્રકારનું સ્તરીકરણ જોવા નથી મળતું. કોઈને ઊંચા કે નીચા માનવામાં આવતાં નથી. દરેકની સાથે બેટી રોટીના વ્યવહાર થાય છે. તેઓમાં માણેક, કેર, સુમનિયા, ભડિયા, ગાદ, જામ, હાથની, કાળા, ભાયા, ભટર, જગનિયા, વાઘા, મકવાણા, જડિયા, ગઢણ વગેરે ગોત્રો હોય છે. પોતાના ગોત્રમાં લગ્ન કરવું તે નિષિદ્ધ

માનવામાં આવે છે. જો એક જ ગામમાં જુદાં જુદાં ગોત્રવાળાં કુટુંબોનો વસવાટ હોય તો તે ગામમાં લગ્ન કરી શકાય છે.

કુટુંબ વ્યવસ્થા :

વાઘેરો પિતૃસત્તાક અને પિતૃવંશીય કુટુંબ-વ્યવસ્થા ધરાવે છે. વારસો હક્ક પુત્રને મળે છે. ઘરમાં સર્વ સત્તા પિતાની ચાલે છે. આખરી નિર્ણય પુરુષનો હોય છે. લગ્ન બાદ સ્ત્રી પતિને ત્યાં કાયમી વસવાટ કરે છે.

કુટુંબનું કદ :

તપાસેલાં કુટુંબોનાં કદ વિશે જણાય છે કે ૩૫ ટકા કુટુંબોનું કદ ૪ થી ૬ સભ્યોનું હતું, જ્યારે ૬૨ કુટુંબોનું કદ ૭ થી ૧૦ સભ્યોનું હતું અને ૧૦ થી ઉપરના સભ્યોવાળાં કુટુંબોની સંખ્યા ૧૯ ની હતી. આમ નાના કુટુંબોની ટકાવારી ઘણી જ ઓછી હતી,

કુટુંબનો પ્રકાર :

કુટુંબના પ્રકાર પ્રમાણે કુટુંબોની માહિતી જોઈએ તો કુલ કુટુંબોમાં ૧૧૧ એટલે કે ૭૪ ટકા વિભક્ત અને ૩૯ કુટુંબો સંયુક્ત હતાં. સંયુક્ત એટલે જેમાં એક પુરુષ તેની પત્ની, તેમનાં પરિણીત સંતાનો તેમ જ આ પુરુષનાં માતાપિતા કે કદાચ કાકાકાકી અને તેમનાં સંતાનો સાથે રહેતાં હોય તેવાં કુટુંબો; જ્યારે વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને તેમનાં અવિવાહિત સંતાનો રહેતાં હોય છે.

જાતિપંચ :

વાઘેરોમાં પહેલાં મજબૂત જાતિપંચ હતું. હાલમાં જાતિપંચનું અસ્તિત્વ છે, પરંતુ તે બરાબર કાર્ય કરતું નથી. પહેલાં જાતિપંચના

પટેલ તરીકે દ્વારકામાં ગજુ માણેક હતા. તેઓ ફરિયાદનો નિકાલ કરતા હતા. જામ, સુમનિયા, કેર અને માણેક આ ચાર કુળના લોકોનું બનેલું એ જાતિપંચ હતું. આ ચાર કુળના આગેવાનો ભેગા થતા અને ઝઘડાનો નિકાલ કરતા. જો ગુનો કર્યો હોય તો દંડ કરતા અને દંડ ન ભરે તો નાત બહાર મૂકતા. પરંતુ હવે જાતિપંચનું કોઈ માનતું નથી. ગામકક્ષાએ કોઈ ઝઘડો થાય તો ગામના પટેલ અથવા વાઘેર આગેવાનો સાથે ભેગા મળીને નિકાલ કરે છે. દરેક પ્રકારના ઝઘડામાં ગામના આગેવાનો ભેગા મળી નિકાલ કરવા પ્રયત્ન કરે છે. હવે ઝઘડાનું નિરાકરણ ન થતાં દીવાની-ફોજદારી કોર્ટનો પણ આશરો લેવાય છે.

વાઘેરોનું બીજી જાતિઓમાં સ્થાન :

વાઘેરો પોતાની જાતને દરબારી રજપૂત માને છે. આથી ગામમાં વસતી અન્ય જ્ઞાતિઓ જેવી કે કુંભાર, રબારી, બ્રાહ્મણ, લુહાણા, હરિજન વગેરે કરતાં પોતાને ચઢિયાતા માને છે. હરિજનોને પછાત તેમ જ અસ્પૃશ્ય ગણે છે. તેમની જોડે સ્પર્શ થાય એવો વ્યવહાર રાખતા નથી. લુહાણા વેપારી હોવાથી તેમની સાથે ખાસ વ્યવહાર રાખે છે. તેઓ મુસ્લિમ વાઘેરો સાથે વિશેષ સંબંધ રાખતા નથી.

સગાઈ-સંબંધો :

વાઘેરોમાં સગાઈ-સંબંધો મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે :

(૧) લોહી પર આધારિત.
(૨) લગ્ન પર આધારિત.

લોહી પર આધારિત સંબંધોમાં માતા, પિતા, પુત્ર, બહેન, કાકા, દાદા, દાદી વગેરે. પિતાના ગોત્રની વ્યક્તિઓને એક જ પૂર્વજનાં સંતાનો માને છે.

બીજા પ્રકારના સંબંધો લગ્ન પર આધારિત છે. વાઘેરોમાં મામા ફોઈના (Cross-Cousin) સંતાનોમાં લગ્ન કરવાની પ્રથા છે. એટલે લગ્ન વર્તુળ નજીકના સંબંધીઓમાં જ ગૂંથાયેલું જોવા મળે છે. લોહી પર આધારિત લગ્નમાં પતિ-પત્ની, સાસુ-સસરો, નણંદ-ભોજાઈ, સાળા-સાળી, બનેવી વગેરે અનેક પ્રકારનાં લગ્ન પર આધારિત વ્યક્તિઓના જાળામાં સંબંધો ગૂંથાય છે. મામાફોઈનાં દીકરા દીકરીનાં પરસ્પર લગ્ન થાય તેથી ભાઈનો દીકરો બેનનો જમાઈ અથવા બેનની દીકરી ભાઈની પુત્રવધૂ થાય. આમ પ્રાથમિક સગાં દ્વૈતીયિક પણ થાય. આવી જાતનાં લગ્નથી જે છોકરાં થાય તે દ્વૈતીયિક હોવાની સાથે તૃતીયિક પણ થઈ જાય છે. આમ પરસ્પરને છેદતાં વર્તુળો સર્જાયા કરે છે.

મર્યાદા અને મશ્કરીના સંબંધો :

વાઘેરોમાં મર્યાદા અને મશ્કરીના સગાઈ સંબંધો જોવા મળે છે. વ્યક્તિની પત્ની તેના પિતા, મોટાભાઈ ને માતા સાથે મર્યાદાનો વ્યવહાર કરે છે. સસરો કે જેઠ દીકરાની કે નાનાભાઈની પત્નીનું નામ લઈને બોલાવતા નથી તેમ જ તેના ખાટલાનો ઉપયોગ કરતાં નથી. સસરો-જમાઈ, ભાઈ-બહેન, માતા-પુત્ર, પિતા-પુત્ર; પિતા-પુત્રીઓ, વડીલો અને યુવાનો વચ્ચે ચોક્કસ પ્રકારના મર્યાદાના સંબંધો હોય છે. યુવકો અને યુવતીઓ પોતાની બરોબરીના સાથે ઠઠ્ઠા મશ્કરી કરી શકે છે, પરંતુ મોટેરાંઓ સાથે તેમ કરી શકતાં નથી. ભાભી-દિયર, સાળી-બનેવી કે મામા-ફોઈના સંતાનો એકબીજાની મશ્કરી કરી શકે છે.

મુસ્લિમ વાઘેરો, વસવાટ :

હિન્દુ વાઘેરમાંથી મુસ્લિમ વાઘેર કેમ બન્યા તે માટે કેટલાક મત મતાંતરો છે. ઈ. સ.ના સાતમા સૈકામાં મુસ્લિમ ધર્મનો જોરશોરથી

પ્રચાર થતો હતો. તે સમયે મહમદ કાસમ પણ સૈન્ય સાથે સિંધમાં આવ્યો અને જોરશોરથી મુસ્લિમ ધર્મનો પ્રચાર કર્યો. તે સમય દરમ્યાન કેટલાક કાબાઓએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને તેના વંશજો તે આજના મુસ્લિમ વાઘેરો મનાય છે. એમ કહેવાય છે કે તેમનો સંબંધ હિન્દુ વાઘેર સાથે ચાલુ જ રહ્યો હતો. તેમ જ કન્યાની લેણી દેણી પણ થતી હતી. તેઓમાં માણેક જેવી શાખ કે જે હિન્દુ વાઘેરમાં પાછળથી ઊભી થઇ તે પણ તેઓએ અપનાવી. માણેક શાખ મુસ્લિમ વાઘેરમાં પણ છે. આથી કેટલાક માણેક થયા પછી મુસ્લિમ વાઘેર બન્યા હોય તેવું પણ કહેવામાં આવે છે. માણેક સિવાય સુમનિયા, કેર વગેરે શાખાઓ હિન્દુ અને મુસ્લિમ વાઘેર બંનેમાં જોવા મળે છે. આ વાત મુસ્લિમ વાઘેરો હિન્દુ હતા તેને સમર્થન આપે છે. સ્વભાવ અને પ્રવૃત્તિ એ પણ બંનેમાં લગભગ સમાનતા જોવા મળે છે. આ વસ્તુ પણ સમર્થન પૂરું પાડે છે કે મુસ્લિમ વાઘેરો હિન્દુમાંથી બદલાયેલા છે. તેમનો વસવાટ મુખ્યત્વે બેડી, સિક્કા સલાયા, ખભાલિયા, જોડિયા, નવલખી અને જામનગર શહેરમાં જોવા મળે છે. કેટલાક મુસ્લિમ વાઘેરો કચ્છ ભૂજમાંથી આવી અહીં વસ્યા છે.

ગોત્ર :

હિન્દુ વાઘેરની જેમ મુસ્લિમ વાઘેરમાં પણ અનેક ગોત્ર જોવા મળે છે. જુદાં જુદાં ગોત્ર વચ્ચે કોઈ સ્તરીકરણ જોવા મળતું નથી. કોઈને ઊંચા કે નીચા માનવામાં આવતા નથી. એક જ કુળમાં બેટી વ્યવહાર પર નિષેધ છે. પોતાના ગોત્ર સિવાય અન્ય ગોત્રમાં લગ્ન થઈ શકે છે. તપાસેલ કુટુંબોમાં જુદાં જુદાં ૬૧ ગોત્રો જોવા મળ્યાં હતાં. આ સિવાય પણ તેમનામાં બીજાં અનેક ગોત્રો છે.

કુટુંબ—વ્યવસ્થા :

મુસ્લિમ વાઘેરોમાં પિતૃસત્તાક કુટુંબ-વ્યવસ્થા જોવા મળે છે. કુટુંબમાં પુરુષ અને તેમાં વૃદ્ધ વ્યક્તિનું પ્રભુત્વ હોય છે. મુસ્લિમ વાઘેર કુટુંબમાં સંયુક્ત કુટુંબ-વ્યવસ્થા જવા મળે છે. તેમના કુટુંબમાં પુત્રો, પુત્રીઓ, પતિ-પત્ની અને પોતાના પુત્રની પત્ની અને બાળકો સાથે રહે છે. નિર્ણયો ઘરના વડીલ પુરુષ દ્વારા લેવાય છે. પુત્ર-પુત્રીના લગ્ન જેવા પ્રસંગોમાં પોતાની પત્નીને પૂછવામાં આવે છે. ઝઘડાનું નિરાકરણ ઘરની મુખ્ય વ્યક્તિ કરે છે. જો પત્ની પતિના કહ્યામાં ન રહે તો તલાક (છૂટાછેડા) આપી દેવામાં આવે છે.

મુસ્લિમ વાઘેરોમાં મોટે ભાગે સંયુક્ત કુટુંબ વધુ જોવા મળે છે. સ્ત્રીઓના ઝઘડાને કારણે જુદા રહેવાનો પ્રસંગ આવે, પરંતુ મોટે ભાગે ધંધો અને રસોડું સંયુક્ત રીતે ચલાવતા હોય છે.કુટુંબના પ્રકાર પ્રમાણે કુટુંબની માહિતી જોઈએ તો કુલ કુટુંબોમાંથી ૬૭ ટકા કુટુંબો સંયુક્ત હતાં, જ્યારે ૩૩ ટકા કુટુંબો વિભક્ત હતાં.

કુટુંબનું કદ અને પ્રકાર :

તપાસેલાં કુટુંબોનાં આંકડા પરથી જાણાયું હતું કે તેમનાં કુટુંબો મોટાં છે. મોટાં કુટુંબોની સંખ્યા વિશેષ જોવા મળે છે. ૭ થી ૧૦ વ્યક્તિવાળાં કુટુંબો કુલ કુટુંબોના ૪૦ ટકા હતાં. જ્યારે નાનાં કુટુંબોની ટકાવારી ઘણી જ ઓછી હતી. તપાસેલ કુટુંબનું સરેરાશ કુટુંબ કદ ૭.૯ નું છે. આમ તેમનામાં પણ હિન્દુ વાઘેરની જેમ વસતિનો ઊંચો દર જાણાય છે.

જાતિપંચ :

મુસ્લિમ વાઘેરોમાં જાતિપંચ જેવું નથી. પરંતુ ગામેગામ જમાયત કમિટી હોય છે. આ કમિટીમાં આઠથી દશ સભ્યો હોય છે અને આ જમાયત સમાજનો બધો વ્યવહાર કરતી હોય છે. અંદરોઅંદરના ઝઘડા, પતિ–પત્નીનાં ઝઘડા તેમ જ મિલકતના ઝઘડાનો નિકાલ જમાયત કરે છે. આ સિવાય જમાયત ગામની મસ્જિદોનો વહીવટ કરે છે, અને દીની (ધાર્મિક) તાલીમ માટે મદ્રેસા ચલાવે છે. આવી મદ્રેસા જોડિયા, સિક્કા, બેડી, સલાયા વગેરે ગામમાં ચાલતી હતી. જમાયત કમિટીની આજ્ઞા પાળવામાં આવે છે. જમાઅત કમિટીમાં સ્ત્રી સભ્યને સ્થાન નથી. માત્ર વડીલ પુરુષો ભેગા મળી જમાયત બનાવે છે. આ માટે ચૂંટણી કરવામાં આવતી નથી, જમાયતના સભ્યોની પસંદગી કરવામાં આવે છે.

બીજી જાતિઓમાં સ્થાન :

વાઘેરોનો મુખ્ય વસવાટ બ્રાહ્મણ, લુહાણા તેમ જ અન્ય મુસ્લિમ જ્ઞાતિ અને એમાં ખાસ કરીને બેડી અને જામનગરમાં સીદી કોમો સાથે છે. તેઓ લુહાણા તેમ જ મેમણ જાતિના લોકો સાથે પોતાનો આર્થિક વ્યવહાર કરતા હોય છે. ગામમાં તેમનાં ઘરો બ્રાહ્મણ કે લુહાણા કોમથી અલગ જોવા મળે છે. આમ છતાં એકંદરે અન્ય જ્ઞાતિના લોકો સાથે તેઓ પ્રેમપૂર્વક રહે છે.

સગાઈસંબંધ :

હિન્દુ વાઘેરમાં જોયું તે મુજબ મુસ્લિમ વાઘેરોમાં પણ બે પ્રકારના સગાઇ સંબંધો જોવા મળે છે : (૧) લોહી પર આધારિત, (૨) લગ્ન પર આધારિત.

હિન્દુ વાઘેરની જેમ મુસ્લિમ વાઘેરમાં પણ મામા–ફોઈનાં સંતાનોમાં લગ્ન થતાં હોવાથી સંબંધો એક જ વર્તુળમાં ગોઠવાય છે, જેમાંથી બીજાં વર્તુળો બને છે.

મર્યાદા મશ્કરીના સંબંધો :

મુસ્લિમ વાઘેરોમાં વડીલોનું માન રાખવામાં આવે છે. સસરા કે સાસુ પાસે વહુ બેસી શકતી નથી. અંદરોઅંદર સરખી ઉંમરનાં છોકરાછોકરીઓ મશ્કરી કરતાં હોય છે. મોટા માણસની મજાકમશ્કરી થઈ શકતી નથી. મુસ્લિમ વાઘેર સ્ત્રીઓમાં પડદો જોવા મળતો નથી. કુટુંબ સિવાય પુરુષની હાજરીમાં સ્ત્રીઓ ભેગી મળતી નથી.

વાઘેરોમાં શિક્ષણ

ઓખા મંડળના વાઘેરો શિક્ષણમાં ઘણાં જ પછાત હતા. તેમણે અનેક વખત બ્રિટિશરો સામે બંડ પોકાર્યું હતું. ઓખા પોર્ટની રચના પાછળ વડોદરા રાજ્યે કરોડો રૂપિયા ખર્ચ્યા. ૧૮૯૦ પછી સયાજીરાવ ગાયકવાડની પ્રગતિકારક નીતિની છાપ ધ્યાન ખેંચે તેવી અંકાઈ છે.

વડોદરા રાજ્યે શિક્ષણ માટે પણ ઘણાં પ્રગતિકારક પગલાં લીધાં હતાં. રાજ્યે દ્વારકામાં પ્રાથમિક કુમારશાળા, કન્યાશાળા, બાલમંદિર, પુસ્તકાલય, છાત્રાલયો અને માધ્યમિક શાળા જેવી શિક્ષણની પાયાની સવલતો ઊભી કરી હતી.

ઈ. સ. ૧૯૨૫ પછી ઓખા મંડળ પ્રદેશ ઝડપી અને નક્કર પ્રગતિને પંથે વહેતો થયો તેનું મુખ્ય કારણ આ પ્રદેશમાં ઉદ્યોગોની

વિદ્યાર્થીઓ કોલેજના પહેલા વર્ષમાં અને એક વિદ્યાર્થી બી. એ. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે. એક પણ છોકરી હજુ સુધી ગ્રેજ્યુએટ થઈ નથી. કેટલીક છોકરીઓએ મેટ્રિક પછી અભ્યાસ ચાલુ કર્યો હતો. પરંતુ આર્થિક પરિસ્થિતિને કારણે આગળ ભણવાનું છોડી દીધું હતું. કેટલાંક એવું માને છે કે છોકરીઓને ભણવાથી કોઈ ફાયદો થતો નથી. કારણ કે છોકરી લગ્ન પછી એના સાસરે જાય છે. અને તેનો લાભ વાલીઓને મળતો નથી. તેમની કોમમાં એકાદ પ્રોફેસર છે.

તપાસ સમયે ઓખા મંડળમાંનાં કુલ ૪૫ ગામમાંથી ૪૧ ગામોમાં પ્રાથમિક શાળા હતી, જ્યારે ૪ ગામોમાં પ્રાથમિક શાળા ન હતી. કેટલાંક વધુ વસ્તીવાળાં ગામોમાં એક કરતાં વધુ શાળાઓ જોવા મળી હતી, જેમાં ૪ ધોરણની શાળાઓ વિશેષ પ્રમાણમાં હતી.

તાલુકામાં કુલ શિક્ષકોની સંખ્યા ૨૪૩ની હતી, જેમાં પુરુષોની સંખ્યા ૯૩ અને સ્ત્રીઓની સંખ્યા ૧૫૦ની હતી. ૨૪૩ શિક્ષકોમાંથી વાઘેર જાતિનાં માત્ર બેએક જણ શિક્ષક તરીકે અને એક શિક્ષિકા તરીકે હતાં. સાત ધોરણમાં ભણતાં કુલ ૫૬૯૨ કુમાર અને ૩૫૮૨ કુમારી પૈકી વાઘેર બાળાકો ૨ ટકા કરતાં પણ ઓછાં હતાં.

પસંદ થયેલ ગામોની પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી હતી. દરેક ગામમા એક શિક્ષકવાળી શાળા હતી. પસંદ થયેલ ગામ પૈકી વાંચ્છુમાં ૨૬ વિદ્યાર્થીઓ, વસઈમાં ૩૨, મુબાસરમાં ૩૭ અને ગોરિયાળી ગામમાં ૩૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા, જેમાંથી વાઘેર બાળકોની સંખ્યા નજીવી હતી. છોકરીઓ એકાદ બે જ હતી.

તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ

શિક્ષણ	પુ.	સ્ત્રી	કુલ	ટકા
૧. લખી, વાંચી શકે	૬	–	૬	૦.૬
૨. ૧ થી ૪ ધોરણ સુધી ભણેલાં	૫૨	૫	૫૭	૫.૪
૩. ૫ થી ૭ ધોરણ સુધી અભ્યાસ કરેલ	૧૧	૨	૧૩	૧.૨
૪. ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલ	૨	–	૨	૦.૨
	૭૧	૭	૭૮	૭.૪
૫. ચાલુ શિક્ષણ લેતાં બાળકો				
અ. ૧ થી ૪	૨૧	૫	૨૬	૨.૪
બ. ૫ થી ૭	૮	–	૮	૦.૮
ક. ૮ થી ૧૦	૫	૧	૬	૦.૧
	૩૪	૬	૪૦	૩.૩
૬. અભણ	૪૩૧	૫૧૫	૯૪૬	૮૯.૩
કુલ	૫૩૬	૫૨૮	૧૦૬૪	૧૦૦.૦૦

ઉપર જણાવેલા આંકડાઓ પરથી જણાય છે કે તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૭ ટકા જેટલું હતું અને ૩ ટકા વસ્તીનું શિક્ષણ ચાલું હતું. ૮૯ ટકા લોકો અભણ હતા, જ્યારે સ્ત્રીઓમાં આ પ્રમાણ ૯૭.૫ ટકાનું હતું. આમ સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વિશેષ હતું. ચાલુ શિક્ષણ લેતાં કુલ ૪૦ બાળકોમાં બે છોકરાઓ જ ભણવા જતા હતા. શિક્ષિતોમાં ઘણ મોટા ભાગના ધોરણ ૪ સુધી જ ભણેલા હતા. આ આંકડાઓ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે વાઘેર કોમમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું છે.

મુસ્લિમ વાઘેર :

હિન્દુ વાઘેરની જેમ મુસ્લિમ વાઘેરોમાં પણ શિક્ષણનું પ્રમાણ નહીંવત્ છે. મુસ્લિમ વાઘેરો પણ ગરીબીને કારણે પોતાનાં બાળકોને ભણવા મોકલતા નથી. તેઓ બચપણથી જ બાળકોને માછીમારીના ધંધામાં રોકી લે છે અથવા નાનીમોટી છૂટક મજૂરી કરાવે છે, જેથી કુટુંબનું ભરણ પોષણ થઈ શકે. આ વાઘેરોને ભણવામાં પણ કંઈ રસ જણાતો નથી. મોટા ભાગના લોકો એવું માને છે કે ભણેલા માણસોને નોકરી કયાં મળે છે? તો પછી બાળકોને શા માટે ભણાવવાં જોઈએ વાઘેરોમાં જે વહાણવટાનો ધંધો કરતાં કુટુંબો છે તેઓ તેમનાં બાળકોને ભણાવે છે, જેથી ધંધાનો વિકાસ કરી શકાય. આમ છતાં એકંદરે તેમનામાં શિક્ષણનું પ્રમાણ નજીવું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી શિક્ષણ પ્રત્યે તેમનામાં જાગૃતિ આવી છે. આજે મુસ્લિમ વાઘેરોમાં ત્રણથી ચાર ડૉકટરો, પાંચ–સાત ભાઈઓ અને બે સ્ત્રીઓ ગ્રેજ્યુએટ અને ત્રણ છોકરીઓ મેટ્રિક પાસ થયેલી છે. પરંતુ સમગ્ર રીતે મુસ્લિમ વાઘેરમાં શિક્ષણનું પ્રમાણ ૨ ટકા જેટલું જ છે. બેડી, સલાયા તથા સિક્કામાં વસતાં શિક્ષણ મેળવવા માત્ર બાળકો શાળાએ જવાને બદલે રૂા. બે, ત્રણ અથવા ચાર રૂપિયામાં બેડીની આસપાસ આવેલ તેલની મિલોમાં, કારખાનામાં કે ફેકટરીમાં મજૂરી કરે છે. આની પાછળ મહત્વનું કારણ આર્થિક સ્થિતિ છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ૧૧થી ૧૩ વર્ષના એક છોકરાને પૂછયું હતું કે 'ભણવા જાય છે?' તેણે પ્રત્યુત્તર વાળ્યો હતો કે 'ગરીબ માણસ ભણે કે કામ કરે?'

મુસ્લિમ વાઘેર સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તેઓ છોકરીઓને ધાર્મિક શિક્ષણ આપે છે. તપાસ સમયે સલાયા,

સિક્કા, જોડિયા વગેરે ગામોમાં ધાર્મિક શિક્ષણ માટે મદ્રેસામાં સારી એવી સંખ્યામાં તેઓ જતાં હતાં.

તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ

શિક્ષણ	પુ.	સ્ત્રી	કુલ	ટકા
૧. લખી, વાંચી શકે	૯	–	૯	૦.૭
૨. ૨ થી ૪ ધોરણ સુધી ભણેલાં	૫૮	૪	૬૨	૫.૩
૩. ૫ થી ૭ ધોરણ સુધી ભણેલાં	૧૫	–	૧૫	૧.૩
૪. ૧૦ ધોરણ સુધી ભણેલાં	૭	–	૭	૦.૬
	૮૯	૪	૯૩	૭.૯
૫. ચાલુ શિક્ષણ લેતાં બાળકો				
૧. ૧ થી ૪ ધોરણ	૪૦	૧	૪૧	૩.૫
૨. ૫ થી ૭ ધોરણ	૪	૧	૫	૦.૪
૩. ૮ થી ૧૦ ધોરણ	૩	–	૩	૦.૧
	૪૭	૨	૪૯	૪.૦
૬. અભણ	૪૮૪	૫૫૪	૧૦૩૮	૮૮.૧
કુલ	૬૨૦	૫૬૦	૧૧૮૦	૧૦૦.૦૦

ઉપર કોઠામાં બતાવેલા આંકડા ઉપરથી જણાય છે કે મુસ્લિમ વાઘેરમાં એકદંરે શિક્ષણનું પ્રમાણ ૧૨ ટકા જેટલું હતું. એમાંથી ૮ ટકા જેટલા શિક્ષિત હતા અને ૪ ટકાનું શિક્ષણ ચાલુ હતું. મોટા ભાગના લોકો ૪ ધોરણ સુધી ભણેલા હતા . પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ લગભગ ૨૨ ટકા જેટલું હતું, જ્યારે સ્ત્રીઓમાં ૧ ટકા જેટલું હતું.

કુલ ૫૬૦ સ્ત્રીઓમાંથી માત્ર ૪ સ્ત્રીઓએ ૪ ધોરણ સુધીનું શિક્ષણ મેળવેલું હતું અને ૨ છોકરીઓ ચાલુ અભ્યાસમાં હતી. હિન્દુ વાઘેર અને મુસ્લિમ વાઘેરમાં શિક્ષણનું પ્રમાણ લગભગ સરખું હતું. મુસ્લિમ વાઘેર પુરુષોમાં હિન્દુ વાઘેર પુરુષો કરતાં શિક્ષણનું પ્રમાણ કંઈક અંશે વધુ હતું, જ્યારે સ્ત્રીઓની બાબતમાં ખાસ ફરક ન હતો.

ઉપરોકત વિશ્લેષણ પરથી સ્પષ્ટ જણાય છે કે શિક્ષણની બાબતમાં હિન્દુ વાઘેર તેમ જ મુસ્લિમ વાઘેર ઘણા જ પાછળ હતાં. આમ તેમનામાં શિક્ષણનો પ્રચાર થાય તેવા વધુ ને વધુ પ્રયત્નો કરવા જોઈએ.

વાઘેરોનું સામાજિક જીવન

રજસ્વલા સ્ત્રી :

વાઘેરો રજસ્વલા સ્ત્રીને 'અડેલી' કહે છે. વાઘેર સ્ત્રીઓ રજસ્વલાનો સમય પાળતી નથી. જેઓને પોતાની શાકભાજીની વાડી હોય તે ફરજિયાત પાળે છે. એવી સ્ત્રીનો પડછાયો પડે તો શાકભાજી નાશ પામે એવું મનાય છે. જે પાળે તે રાંધવાનું કે પાણી ભરવાનું કામ કરતી નથી અને દેવદેવીના મંદિરે જઈ શકતી નથી. આવી સ્ત્રીઓનો પડછાયો શીતળાના દર્દી પર પડે તો નુકસાન થાય એવું મનાય છે. રજસ્વલા સ્ત્રી સાથે પુરુષ જાતીય સંબંધ બાંધી શકતો નથી અને જો બાંધે તો ખરાબ પરિણામ આવે તેવું મનાય છે. ચોથા દિવસે માથું ધોયા પછી તેઓ ઘરનું બધું કામકાજ કરી શકે છે.

વાઘેરોના લોકસંસ્કારો :

વાઘેર સમાજમાં ગર્ભાધાનથી માંડીને મૃત્યુ સુધીના વિવિધ લોક સંસ્કારોમાં હિન્દુ ધર્મની વિધિઓ કરતાં લૌકિક વિધિઓ પ્રાધાન્ય

ધરાવે છે. વાઘેરોમાં ગર્ભાધાન પછી ખોળો ભરવાની વિધિ નથી. પરંતુ લગ્ન વખતે વર પાસેથી આવેલ સવા પાયલી એટલે સાડા બાર શેર ઘઉં, સાતપડા સોપારી; એલચી, લવિંગ, દ્રાક્ષ અને સફેદ કમળના બીજથી ખોળો ભરવામાં આવે છે. ચોરીમાં કન્યાના ખોળે વરપક્ષના નાના છોકરાને બેસાડાય છે. તે આ વિધિ દ્વારા પુત્રોત્પત્તિની આશા રખાય છે.

સ્ત્રીને ઊબકા આવે, ઊલટી થાય ત્યારે ખબર પડે છે કે સ્ત્રીને ગર્ભ રહ્યો છે. ગર્ભ ઈશ્વરીય કૃપાથી રહે છે એમ મનાય છે. ગર્ભ ન રહે તો દેવ-દેવીઓની (ખાસ કરીને રણછોડરાયની) બાધા રખાય છે. કેટલાક મુસ્લિમ પીરોની રાખે છે. તેમ જ દોરાધાગા પણ કરે છે.

પહેલી સુવાવડ :

વાઘેર જાતિમાં સ્ત્રીની પહેલી સુવાવડ એના પિતાને ઘેર થવાનો રિવાજ છે. દાયણ મોટે ભાગે ગામની મુસ્લિમ હજામ સ્ત્રી હોય છે. ગંભીર પ્રસંગમાં જ દવાખાને ખર્ચ થાય છે કે નર્સને બોલાવવામાં આવે છે. સુયાણી છરી વડે નાળ કાપે છે. તેને ઉકરડામાં દાટી દે છે. સુયાણીને રોકડ રકમ અપાય છે. સુવાવડી સ્ત્રીને અજમાનો ઉકાળો પિવડાવાય છે. ખાટલા નીચે છાણાંના અંગારા પ્રગટાવી શેક અપાય છે.

છઠ્ઠીની વિધિ :

પુત્ર હોય તો પાંચમા દિવસે અને પુત્રી હોય તો છઠ્ઠા દિવસે છઠ્ઠીની વિધિ થાય છે. જન્મેલ સંતાન દીકરી હોય તો લીલા રંગનું કપડું ઓઢાડાય છે; અને છોકરો હોય તો સાફો બંધાવાય છે અને બધી વિધિ કરાવાય છે. સંતાનના ડોકે અને પગે સફેદ અને લાલ સૂતરના દોરા બંધાય છે અને તેને પાંચ વખત પગે લગાડાય છે.

પછી સુવાવડી સ્ત્રી બાળકને પોતાના ખોળામાં લઈ લે છે. આજુ-બાજુની સ્ત્રીઓ અનાજ લાવી ઢગલી કરે છે. તેને છઠ્ઠી વધાવવાની વિધિ કહે છે.

જન્મ અને નામકરણ સંસ્કાર :

સવા મહિના પછી આભડછેટ પૂરી થતાં સ્ત્રી સ્નાન કરી નવાં વસ્ત્રો પહેરી માથે હેલ મૂકી પાણી ભરવા જાય છે. ત્યારે બધી વિધિ કરીને જમણા પગના અંગૂઠા અને આગળી વચ્ચે સોપારી ત્વરાથી કૂવામાં નાખી દઈને ઝડપભેર ઘેર આવે છે. ત્યાર પછી કૂઈ આવીને નામ પાડે છે. તેમાં દીકરાનું નામ તેના દાદા અથવા કાકાના નામ પરથી પડાય છે. કેટલીક વાર બ્રાહ્મણને પૂછીને રાશિ પ્રમાણે નામ પાડવામાં આવે છે. રાશિ પ્રમાણે નામ પાડવાથી બાળકને માથે ભાર રહેતો નથી એવી માન્યતા છે.

હિન્દુ વાઘેરનાં નામો :

વૃદ્ધ પુરુષ : માડગામા, નાગશિયા
યુવાન પુરુષ : હઠીભા, દેવુભા, નાગજીભા, દેવત્સંગાભા
બાળકો : રૂપસિંગભા, અલાભા, તખુભા, રાજાભા
વૃદ્ધ સ્ત્રી : નાથીબા, રૂણીબા, દાખીબાઈ
યુવાન સ્ત્રી : આશીબાઈ, જુમાબાઈ, નાકુબા, ખીમઈબા, રબારીબા
નાની છોકરી : મોટીબાઈ, સવિતા, હીરબાઈ, બુધીબાઈ મીનાબાઈ, રાજુબાઈ

મુંડન :

બાળક સવા વર્ષનું થાય એટલે વાળ કાઢી નાખવામાં આવે છે. મુંડન વખતે માતાજીને નૈવેદ ધરાવાય છે.

લગ્ન પહેલાં જાતીય સંબંધો :

વાઘેરોમાં લગ્ન પહેલાં જાતીય સંબંધો બાંધી શકાતા નથી. આ કોમ પહેલેથી રૂઢિચુસ્ત અને ખમીરવંતી હોવાને કારણે લગ્ન પહેલાં છોકરા છોકરીઓ એકાંતમાં મળી શકતાં નથી જુવાન છોકરાછોકરીઓ ભાગી જાય અને જો મળે તો તેમને મારી નાંખવામાં આવે છે.એમ કહેવાય છે. અને તેઓ ન મળે તો છોકરા–છોકરીનાં માબાપને ગામમાંથી ભગાડવામાં આવે છે. બીજી જ્ઞાતિના છોકરાઓ પણ આ જાતિની સ્ત્રીઓ તરફ ખરાબ દષ્ટિથી જોવાની વૃત્તિ રાખતા નથી.

સગાઈ વિધિ .

બંને પક્ષે એકબીજાને જોવામાં આવે છે લગ્નમાં ભણતરને પ્રાધાન્ય ન આપતાં ફક્ત ખેતી અને મિલકતને મહત્ત્વ અપાય છે. કન્યાને ઘેર વરપક્ષવાળા આવે છે. તેમાં સ્ત્રીઓ પણ હોય છે. પૈસાની લેવડદેવડ કરે છે. વરપક્ષ કન્યાપક્ષને એકથી ત્રણ હજાર રૂપીઆ આપવાનું નક્કી કરે છે અને એના અર્ધા એ જ વખતે આપે છે. સાથે કન્યાનાં કપડાં પણ લવાય છે. કન્યાને પાટલા ઉપર બેસાડી તેની સાસુ ચાંદલો કરી સાથે લાવેલ કપડાં પહેરાવી હાથમાં નાળિયેર આપે છે. વરપક્ષ દ્વારા લાવેલ ખાંડ અને ગોળ સામસામાં એકબીજાને ખવરાવાય છે. તેને ફાળ ભરાયો કહેવાય છે. પુરુષોના ડાયરામાં વરના પિતા કન્યાપક્ષને આપવાના પૈસા નક્કી કરી સવા રૂપિયો ડાયરામાં ફેરવે છે. સગપણ ગમે તે ઉંમરે થાય પરંતુ લગ્ન ઉંમરલાયક થાય ત્યારે જ કરવામાં આવે છે.

વાઘેરોમાં મામા ફુઈનાં છોકરાં વરે છે. કેટલીક વાર ગોત્રભેદ પ્રમાણે લગ્ન થાય છે. તેને વાઘેરો "ગોખ્ખોના તીલ" કહે છે. સગાઈને "નાતરો" કરવો એ નામથી ઓળખાય છે.

લગ્ન :

લગ્નની સંમતિ પછી લગ્નને વરપક્ષે વધાવવામાં આવે છે. વર કન્યાને રોજ પીઠી ચોળીને નવડાવવામાં આવે છે. હળદર અને મગની દાળ દળી તેમાં તેલ મેળવીને તૈયાર કરેલ પીઠી કન્યા માટે મોકલી અપાય છે. લગ્નના આગળના દિવસે બંનેના ઘેર માંડવા બંધાય છે અને ગણેશ-સ્થાપના, કંડી પૂજા વગેરે વિધિઓ થાય છે. જાન રાત્રે જાય છે. વહેલા પરોઢિયે કન્યાપક્ષ જાનનું સામૈયું કરે છે. પહેલાં ચુનંદા નિશાનબાજ લઈ જવા પડતા કારણ કે સામૈયા પછી કન્યા-પક્ષ તરફથી ઝાડ પર લાંબો વાંસ ઊભો બાંધી તેના છેડે વાંસની ખપાટની કમાન લટકાવી તે પર સોપારી કે લવિંગ લટકાવતા અને બંદૂકથી તે નિશાન આંટી દેવાનો વરપક્ષને પડકાર થતો ત્યારે વાઘેરો માટે તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની જતો.

વાઘેરોમાં મહા માસમાં એકસાથે લગ્ન રખાતાં હોવાથી પહેલાંના સમયમાં બે જાનો સામસામે આવી જવાથી કોણ કોને માર્ગ આપે એ બાબતને વટનો સવાલ ગણી સામસામી જાનો કપાઈ મરવાની ઘટનાઓના સાક્ષી તરીકે આજે પણ ઘણે સ્થળે સમૂહમાં પાળિયા જોવા મળે છે.

જાનનું સામૈયું થાય છે ત્યારે કન્યાને પીઠી ચોળીને ખાટલામાં બેસાડી ખાટલા નીચે દીવો કરી વરપક્ષેથી આવેલાં કપડાં પહેરાવે છે. તેમાં લીલા રંગનો અગર ગુલાબી રંગનો ઘાઘરો, લીલા રંગનું કાપડું અને લાલ રંગનું ઓઢણું હોય છે. સામૈયા બાદ તોરણે આવેલા વરને પોંખતી વખતે તેને ધ્રુવના તારા સામે ઊભો રાખે છે. વરકન્યા બપોર પછી સૂર્યની સાક્ષીએ ચોરીના આંટા ફરે છે. બ્રાહ્મણની જરૂર પડતી નથી. જો બ્રાહ્મણ હાજર ન હોય તો પણ ચોરીના ફેરાની વિધિ વાઘેરો જાતે કરે છે. સાંજે જાન પાછી વળે છે. ત્યારે રસ્તામાં આવતાં ગામોમાં

સગાંવહાલા જનને રોકે છે. એ રીતે ઘણીવાર અઠવાડિયું નીકળી જાય છે. આ વખતે ભોજન માટે ઘેટાં વધેરાય છે. પરણીને આવ્યા બાદ વરરાજાને પોંખવામાં આવે છે. આ વિધિ દિવસ આથમ્યા પછી થાય છે. કુળદેવી આગળ નવદંપતીને લઈ જઈને બંનેને ત્યાં પગે પડાવે છે. ત્યાર બાદ ભૂવો મીંઢળ છોડે છે. તે પછી જ બંને ભોગ ભોગવે છે.

છૂટાછેડા :

પતિપત્નીને ન ફાવતું હોય તો છૂટાછેડા લેવાનો હકક પતિને છે. પહેલાંના વખતમાં પતિપત્નીને મેળ ન હોય તો પાઘડીનો છેડો ફાડીને સ્ત્રીને છૂટાછેડા આપી દેતા હતા. હાલમાં નાતના આગેવાનો મળીને છૂટાછેડા અપાવે છે. સ્ત્રીને સંતાન હોય તો તેના પિતાનો અધિકાર છે. સ્ત્રી બીજે નાતરું કરે તો જેને ત્યાં જાય તેણે તે સ્ત્રીના પહેલા પતિને તેણે લગ્ન વખતે આપેલ રકમ પરત કરવી પડે છે.

પુનર્લગ્ન :

આમાં વાઘેરો રાત્રે કન્યાને તેડવા જાય છે અને તેને લઈને દિવસ ઊગે તે પહેલાં પાછા આવે છે. આમા વરરાજાને લઈ જવામાં આવતો નથી. કન્યા જોવા જવાનું પણ હોતું નથી. પુનર્લગ્નમાં વરપક્ષ તરફથી કન્યા પક્ષને ૧ હજારથી ૩ હજાર રૂપિયા સુધી દહેજ આપવું પડે છે. આ ઉપરાંત એક જોડ કપડાં અપાય છે.

દિયરવટું :

મોટાભાઈની વહુનું નાનાભાઈની સાથે ઘર માંડવામાં આવે છે. તેને કાપડું પહેરાવવામાં આવે છે. પૈસા આપવામાં આવતા નથી.

સાળીવટું :

વાઘેરોમાં સાળીવટું પણ થાય છે.

મૃત્યુ :

જ્યારે વ્યકિત મરણવશ હોય ત્યારે સ્ત્રીઓને નજીક જવા દેવામાં આવતી નથી. મૃત્યુ પામેલાની લગ્ન જેવી વિધિ કરવામાં આવે છે. તેને પીઠી ચોળાય છે અને તેને હાથે મીંઢળ બંધાય છે વૃદ્ધો માટે લાલ રંગનું સુતરાઉ ખાંપણ હોય છે અને જુવાન માટે કેસરી કે લાલ; અને સ્ત્રીના શબ પર ચુંદડી ઓઢાડાય છે. વચ્ચે ત્રણ વિસામાયે મૈયત ઉતારાય છે. છેલ્લો વિસામો સ્મશાને હોય છે, ચિતા પર સુવરાવતાં પહેલાં દાગીના–દોરા દૂર કરવામાં આવે છે. સૌથી મોટો દીકરો જમણા પગને અંગૂઠે આગ ચાંપે છે. આ ક્રિયા પતાવી મૃત્યુ પામેલ વ્યક્તિને ઘેર સૌ જાય છે. મૃત્યુ પામેલ વ્યક્તિના ઘેર જમવાનું બનાવવામાં આવતું નથી, પરંતુ કુટુંબના લોકો છાસ–રોટલા આપી જાય છે.

તણી :

સામાજિક પ્રતિષ્ઠા બતાવતા તણી કરે છે. આ પ્રથામાં જમણવાર રાખે છે. વાઘેર વસ્તીવાળા ગામમાં કાગળ લખી જાણ કરવામાં આવે છે. ગામની બધી જ વ્યકિતઓને જમવા આવવાની છૂટ હોય છે. ત્રણ દિવસમાં દરેક ગામના લોકોએ આવી જવાનું હોય છે. જે ગામની એક પણ વ્યકિત ન આવે તેનો જ્ઞાતિના બધા આગેવાનો દંડ કરે છે.

આ વખતે ખુલ્લામાં એક થાંભલો હોય છે ત્યાં ઊભી ઊભી લંગીબાઈ (મુસ્લીમ જાતિની સ્ત્રી) મરસિયા ગાય છે, થાંભલા પર કપડું બાંધે છે. આ લંગીબાઈ ત્રણ દિવસ સુધી મરસિયા ગાય છે. ત્રણ દિવસ બાદ આ કપડું લંગીબાઈ લઈ જાય છે. લંગીબાઈને

૫૦ થી ૧૦૦ રૂ. સુધીની રકમ આપવામાં આવે છે ત્રણ દિવસ બાદ આ લંગીબાઈને ગામના છોકરા પથ્થર મારી ભગાડી મૂકે છે. જો એમ ન કરે તો ગામમાં ફરી બીજા કોઈનું મૃત્યુ થાય તેમ મનાય છે.

મુસ્લિમ વાઘેરોનું સામાજિક જીવન

રજસ્વલા સ્ત્રી :

મુસ્લિમ વાઘેરો રજસ્વલા સ્ત્રીને નાપાક સ્ત્રી ગણે છે. સ્ત્રી હેજમાં છે, એમ કહે છે. ત્રણ દિવસતે નમાઝ પઢી શકે નહીં, રોઝા રાખી શકે નહીં, મસ્જિદે જઈ શકે નહીં. ઘરમાં કોઈ કામ કરનાર ન હોય તો હાથ પગ ધોઈને ઘરકામ કરી શકે છે. આ સમય દરમ્યાન જાતીય સંબંધ બાંધતાં પાપ મનાય છે. સ્ત્રીને ગર્ભ રહે તો અલ્લાની મહેરબાનીથી રહે છે એમ મનાય છે. કેટલીક વખત ગર્ભ ન રહે તો ખ્વાજા સાહેબ, ઈમામ હુસેન, પીર ઓલિયાની બાધા રાખવામાં આવે છે.

ખોળો ભરવો :

સાતમા કે આઠમા માસે ખોળો ભરાય છે. સ્ત્રીના માવતર પક્ષેથી બે-ચાર સ્ત્રીઓ આવે છે. બાપની આર્થિક સ્થિતિ સારી હોય તો કપડાં લઈને આવે છે. આ પ્રસંગે વરના દોસ્તો પણ આવે છે જે કાંઈ આપવું હોય તે આપે છે. છોકરીને માવતરને ત્યાં લઈ જાય છે. પિયરથી આવેલ સ્ત્રીઓને જમાડીને વિદાય કરાય છે.

સુવાવડ :

આ પ્રસંગ વખતે સ્ત્રીઓ હાજર રહે છે. દાયણને બોલાવે છે, જે તેમની પોતાની જ જાતિની હોય છે. જન્મેલ બાળકની નાળ છરી કે ચપ્પાથી કાપવામાં આવે છે. ધાર્મિક વિધિ માટે છોકરી જન્મી હોય તો ભંડારણ, જે વાળંદ જાતની હોય છે તે, આ બાળકીને ગરમ પાણીથી સ્નાન કરાવે છે, અને છોકરો હોય તો ભંડારી (પુરુષ) આવે અને ઉપર મુજબની વિધિ કરે છે. જન્મેલ પુત્રના જમણા કાનમાં ઘરનો કોઈપણ પુરુષ બાંગ પુકારે છે. આ વિધિને અગાના દેવ કહે છે.

નામકરણની વિધિ :

નામ ફોઈ પાડે છે. ફોઈ ના હોય તો નજીકના સંબંધી નામ પાડે છે. નામ જોવરાવતા નથી. ખાસ વિશેષતા એ છે કે છોકરો હોય તો તેનું નામ દાદાનું જે નામ હોય તે પાડવામાં આવે છે. દીકરીની બાબતમાં આવું નથી. આ પ્રસંગે નાના બાળકોને બિસ્કિટ પીપરમિન્ટ વહેંચે છે.

મુસ્લિમ વાઘેરોનાં નામો :

વૃદ્ધ પુરુષ : સાલેમહમદ, હાજી ઉસ્માન, કાસમભાઈ વગેરે
યુવાન પુરુષ : ઉમર, યુસુફ, નુરમહંમદ, ઈસ્માઈલ વગેરે
બાળકો : અબ્બાસ, ગફુર, હારૂન, ફારૂક વગેરે
વૃદ્ધ સ્ત્રી : હનાબાઈ, મરિયમ, હલીમા, સકુબેન વગેરે
યુવાન સ્ત્રી : ઝુલેખા, સકીના, ફાતમા, આયસા વગેરે
નાની છોકરીઓ : રસીદા, રાશન, કરીમા, ફરીદા, શહેનાઝ વગેરે

સુન્નત :

સુન્નતનો રિવાજ બીજા મુસલમાનોની જેમ મુસ્લિમ વાઘેરોમાં પણ છે, જે છોકરો ત્રણથી ચાર વર્ષનો થાય ત્યારે કરાય છે. સુન્નત થયા પછી બાળક મુસલમાન થયો ગણાય. આ વખતે મિયાંસાહેબને બોલાવાય છે અને સામાન્ય હજામ પાસે શસ્ત્ર ક્રિયા કરાવાય છે. આ પ્રસંગ ધાર્મિક ગણાયામાં આવે છે. આ પ્રસંગે સગાંવહાલાં બાળકને ભેટ સોગાદ આપે છે. અન્ય મુસલમાનોની જેમ વાઘેરોમાં શાદીનો જેટલો મહિમા છે તેટલો જ સુન્નત ક્રિયાનો મહિમા હોય છે. કેટલાક તેને "છોટી શાદી" પણ કહે છે.

લગ્ન પહેલાંના જાતીય સંબંધો :

છોકરા–છોકરીને પ્રેમ સંબંધ હોય તો વડીલો નિકાહ પઢાવી આપે છે. કોઈ પુરુષ બીજાની સ્ત્રી સાથે સંબંધ રાખે તો અંદરોઅંદર મારામારી થાય છે, ખૂન પણ થઈ જાય છે. આવા કિસ્સામાં પહેલા પતિ સાથે તલ્લાક અપાવી, ગામના વડીલો દ્વારા તે સ્ત્રી જેના પ્રેમમાં હોય તેની સાથે તેને પરણાવાય છે. જો છોકરીએ હિન્દુ સાથે લગ્ન કર્યાં હોય તો તેની સાથે સંબંધ રાખવામાં આવતો નથી, પરંતુ મુસલમાન જ્ઞાતિમાં લગ્ન કર્યાં હોય તો સંબંધ રાખવામાં આવે છે.

સગાઈ : મુસ્લિમ વાઘેરમાં સગાઈ નાનપણથી થાય અને લગ્ન મોટી ઉંમરે થાય છે. મુસ્લિમ વાઘેરોમાં બે સગા ભાઈનાં સંતાનો વચ્ચે લગ્ન થતાં નથી પરંતુ બહેનનાં સંતાન સાથે ભાઇનાં સંતાન લગ્ન કરી શકે. ભાઈબહેન તે જાતે નક્કી કરે છે. દૂરનાં ભાઈબહેનોનાં સંતાનમાં સગાઈ કરવી હોય તો મધ્યસ્થ માણસ દ્વારા પૂછવામાં આવે છે અને તેનો વિચાર હોય તો છોકરાનાં માબાપ માગું લઈ જાય છે. સગાઈમાં માતપિતા, દાદાદાદી, કાકાકાકી ૧૦ થી ૧૨ માણસો છોકરી

પક્ષનાને ત્યાં જાય છે, સગાઈ નક્કી કરે છે. ત્યારબાદ જમાતના માણસોને બિસ્કિટ, લહાણું વહેંચે છે. છોકરીને એક કે બે જોડ કપડાં અપાય છે. રૂા. ૭ થી ૧૧ મસ્જિદના ફંડમાં અપાય છે. સગાઈના બે ચાર દિવસ પછી નક્કી કરેલા દાગીના વરપક્ષવાળા કન્યાપક્ષને આપે છે. દહેજ આપ્યા પછી વિવાહ નક્કી થાય છે, જે કામ ધર્મ ગુરુ કરે છે.

લગ્ન (જાન)

મુસ્લિમ વાઘેરમાં વરપક્ષ કન્યાને દહેજ ચૂકવે ત્યારથી જાન જાય ત્યાં સુધી દરરોજ રાત્રે ગીતો ગવાય છે. દહેજ અપાયા બાદ દરરોજ એક વખત સવારમાં વરને હજામ પીઠી ચોળે છે, જ્યારે કન્યાને હજામની પત્ની પીઠી ચોળે છે. ત્યારબાદ સ્ત્રીઓ અંદરોઅંદર પીઠી રમે છે

જાન જવાના સમયે વરને હાથે મીંઢળ બંધાય છે, શરીરે પીઠી ચોળાંય છે. કપડામાં પેન્ટશર્ટ અને માથે શહેરો હોય છે. લગ્ન માટેનાં કપડાં વહુનાં માબાપ અને કન્યાનાં કપડાં વરપક્ષ તરફથી લઈ જાય છે.

જાન મોટેભાગે સાંજના નીકળી રાત્રે કન્યાપક્ષને ઘેર જાય છે. છોકરો ઘરમાંથી નીકળે ત્યારે ઘરના ઝાંપે ઊભો રાખી બે ઘૂંટ દૂધ પિવડાવવામાં આવે છે. રાત્રે બંને પક્ષના વકીલ અને બે છોકરાપક્ષના અને એક છોકરીપક્ષનો વ્યકિત ત્યાં ઘરમાં જાય છે. છોકરીને મહેરના રૂા. ૫૨/–આપે છે અને પૂછે છે, જે વર લગ્ન કરવા માટે આવ્યો તેની સાથે લગ્ન કરવા તું તૈયાર છે કે નહીં. તે અંગેની ખાતરી કરી મંજૂરી મળે એટલે ત્રણે વ્યકિતઓ ધર્મગુરુ પાસે આવે છે, અને તેને જાણ કરે છે. ત્યારબાદ પેશ ઈમામ છોકરીના ઘેર નિકાહ છે. જાન

દૂરથી આવી હોય તો કન્યાપક્ષવાળા જમાડે છે, પરંતુ ગામમાંથી આવી હોય તો ફકત ચા પિવડાવે છે.

જાન રાત્રે જ પાછી આવે છે. કન્યા જાન સાથે આવે છે. ગામની જ કન્યા હોય તો તેની બેનીપણીઓ સાથે આવે છે, જે વર કન્યાને પોતાના ઘરે જમવા લઈ જાય છે.

આણું વાળવું :

આઠ કે પંદર દિવસ બાદ કન્યાને પિયરથી બે ચાર સ્ત્રીઓ તેડવા આવે છે. તેઓને જમાડવામાં આવે છે. ત્યારબાદ કન્યાને તેડી જાય છે. ફરીથી સાત દિવસ બાદ કન્યાનાં માવતર દીકરીને કપડાં–દાગીના પહેરાવી વરને ઘેર મૂકી જાય છે.

છૂટાછેડા :

મુસ્લિમ વાઘેરમાં છૂટાછેડાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. એક-બીજાને પસંદ ન હોય અને સ્ત્રીનો સ્વભાવ ઝઘડાવૃત્તિ વાળો હોય અને દરરોજ ગૃહકલેશ થતો હોય તો છૂટાછેડા લેવામાં આવે છે. મુસ્લિમ વાઘેરોમાં છૂટાછેડા લેવાનો હક્ક માત્ર પુરુષોને જ છે. છૂટાછેડા લીધેલ પુરુષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે છે. તલાક લીધા પછી પતિ પાસેથી જે ઘરેણાં–કપડાલત્તાં મળ્યાં હોય તે આપી દેવાં પડે છે. બાળક થયું હોય તો તે પણ આપવું પડે છે. છૂટાછેડા લેતી વખતે સ્ત્રી સગર્ભા હોય તો પ્રસૂતિ થાય ત્યાં સુધી છૂટાછેડા આપી શકાતા નથી.

દિયરવટું :

મુસ્લિમ વાઘેરમાં દિયરવટાની પ્રથા છે. મોટાભાઈના મૃત્યુ પછી તેની સ્ત્રી તેના નાના ભાઈ સાથે લગ્ન કરી શકે છે.

સાળીવટું :

પોતાની પત્નીના મૃત્યુ પછી વ્યકિત પોતાની મોટી કે નાની સાળી સાથે લગ્ન કરી શકે છે.

મૃત્યુ :

મુસ્લિમ વાઘેરમાં મરનાર જમીન પર મરે તો અવગતે જાય એવી માન્યતા છે, તેથી મરનારને અંતિમ ઘડીએ ખાટલામાં લઈ લેવાય છે. મુડદાને મુસ્લિમ જાતિની વ્યકિત જેને ભંડારી કહે છે તે સાબુવાળા ઠંડા પાણીથી નવડાવે છે. બધાને સાદ પાડી ભેગા કરે છે. દૂર હોય તો બોલાવે છે. સ્નાન કરાવીને ભંડારી નવું કફન પહેરાવે છે. ત્યારબાદ ઘરનાં તમામ મૃતકનું છેલ્લું મોં જોઈ લે છે. મૈયત નજીક લોબાન સળગાવાય છે. મૈયતને શરીરે અત્તર છંટાય છે, કાનમાં કપૂર લગાવાય છે. જનામમાં સુવડાવી કબ્રસ્તાનમાં લઈ જાય છે. મૈયતને કબરમાં મૂકતાં પહેલાં ધર્મગુરુ સાથે જનાજા નમાજ પઢે છે. ત્યારબાદ જનાજામાંથી કબરમાં સુવાડાવાય છે, ઉપર માટી વાળીને માટીની કબર બનાવાય છે મૈયતને દાટી સ્નાન કરતા નથી પરંતુ મૃત્યુ પામેલને ઘેર આવે છે.

મૈયતને બીજે દિવસે ધર્મગુરુ આવી કુરાન વાંચે છે. સાંભળવા આવનારને ત્રણ દિવસ સુધી પ્રસાદ અપાય છે.

મૃત્યુ બાદ રમજાન કે મહોરમ જેવા તહેવારના દિવસે રાત્રે કબ્રસ્તાનમાં જઈ કબર ઉપર ફૂલ પાથરવામાં આવે છે. કુરાન (ફાતિયા) પઢવામાં આવે છે. જુવાન પુરુષ મરી ગયો હોયતો ૧ મહિનો અને ૧૦ દિવસ બાદ તેની સ્ત્રી પુનર્લગ્ન કરી શકે છે. પુરુષના મૃત્યુ બાદ જ ઘરેણાં કાઢીને સાદાં વસ્ત્રો પહેરે છે. અને ૧૧૦ દિવસ શોક (ઈદ્દત) પાળે છે. ઈદ્દત સમયે પરાયા પુરુષનું મોઢું જોઈ શકાતું નથી.

હિંદુ વાઘેરોનું ધાર્મિક જીવન

વાઘેરોના લોકોત્સવો :

ઉત્સવો વાઘેરોની સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે. આ ઉત્સવો જીવનની વિષમતા ભૂલીને આનંદભેર ઊજવવામાં આવે છે. કેટલાક ઉત્સવો ધાર્મિક છે અને કેટલાક સામાજિક છે.

લોકમેળો :

મેળાનું આકર્ષણ કુદરતી છે. તેને વાઘેરો "હુડગદી" કે "બથ લેવી" એ નામથી ઓળખાવે છે. આ મેળામાં વાઘેરો દૂર દૂરથી આવે છે. ત્યાં રમતો રમાય છે. કુસ્તી ખેલાય છે. નિર્ણાયક તરીકે બંને પક્ષમાંથી એક એક મોવડી ઊભો રખાય છે. કોઈને વાગે અને પ્રેક્ષકોનું લોહી ઊકળી ઊઠે અને ખૂનખરાબો થઈ જાય તેથી અંગ્રેજોએ આ રમત બંધ કરાવેલી. ગોપી તળાવનો મેળો આવાં કારણોસર આજે બંધ પડ્યો છે.

વાઘેરોમાં દેવદેવીઓ :

દાદા રણછોડરાય વાઘેરોના આરાધ્ય દેવ છે. દ્વારકાધીશના મંદિરની પૂજા સર્વપ્રથમ વાઘેરોનો હસ્તક હતી, જે તેમણે પાછળથી બ્રાહ્મણોને સોંપી છે. આ ઉપરાંત તેઓ વિંજવાસણ, ગાત્રાળ, ચાવડ વગેરે માતાઓ પૂજે છે. તેમાંથી કોઈ એક તેમની કુળદેવી હોય છે. પીંડારા પંથકના વાઘેર લુણામળાને માને છે અને ધ્રુવ પંથકવાળા આશાપુરાને માને છે. વિંજવાસણ કેર તેઓના ચડાઉ દેવ છે. સુમણિયા વાઘેર સિંધમાંથી સીકોતર માતાને તેડી લાવ્યા છે. આ ઉપરાંત વાઘેર વાછરડાદાદાને તેમ જ રામદેવપીરને માને છે.

વાઘેરોના પ્રત્યેક ગામમાં ગાત્રાળનો કે વાછરડાદાદાનો એક ભૂવો હોય છે. ભૂવો બનાવતી વખતે વાઘેરો પર દાણા છંટાય છે. જેનામાં માતા પ્રવેશ કરે અને માતાનો કળશ ઉપાડી સવાલોના સાચા જવાબ આપે તે ભૂવો બને છે.

વાઘેરોના ઉત્સવો :

હોળી :

હોળીના દિવસે યુવાનો ગામના ઝાંપે દાંડિયારાસ રમે છે. બાળકો છાણાં–લાકડાં ચોરીને હોળી પ્રગટાવે છે. પરણેલી સ્ત્રી પિયર હોય તો પહેલી હોળીએ સાસરે આવે છે. સાસુ પોતાના જમાઈને હોળીના દિવસે હોમ કરવા માટે નાળિયેર મોકલે છે. પુરુષો પૂજન પૂરું કરે પછી સ્ત્રીઓ હોળી પૂજવા જાય છે. હોળી પછીના દિવસે હોળી નીચે દાટેલ કુંભના રંધાઈ ગયેલા ચણા પ્રસાદી તરીકે વહેંચાય છે.

વૈશાખી અખાત્રીજ :

વાઘેર દીકરીઓ આ દિવસે માવતર આવે છે. પુરૂષો નવા વર્ષની આગાહી માટે વિવિધ પ્રકારે શુકન જુએ છે.

શીતળા સાતમ :

આ તહેવાર વાઘેરોમાં મોટો ગણાય છે. લોકો મિષ્ટાન્ન બનાવે છે. આ તહેવાર સ્ત્રીઓનો છે. રાંધણ છઠના દિવસે રાંધીને નવરાશ પામેલી સ્ત્રીઓ શીતળા સાતમના દિવસે મંદિર જઈ દર્શન કરી રાસડાની રમઝટ બોલાવે છે.

દિવાળી :

ધનતેરસના દિવશે સાંજે વાઘેરો ગામના પાદરમાં ધુણને ભડકાવે છે. ઉપરાંત દેવદેવીના સ્થાનકોએ અને શૂરાપૂરાના પાળીયે સિંદૂર લગાવે છે. કાળી ચૌદશે તલવટથી ખેતરપાળને જુવારે છે. આંખમાં આંજણ આંજે છે. દિવાળીના દિવસે સાંજે મૈરૈયાં કાઢે છે. બેસતા વર્ષે ઢોરોનાં શીંગડાં રંગે છે અને સગાંવહાલાં મળીને દુખણાં લે છે.

ધાર્મિક ઉત્સવો અને વિધિ :

જાતરનો ઉત્સવ મહત્વનો છે. તે સામૂહિક રીતે ઊજવાય છે. જાતર ત્રણ પ્રકારની છે. (૧) શૂરાપૂરાની જાતર (૨) વિંજવાસણની જાતર (૩) ગાત્રાયની જાતર.

જાતરમાં ભૂવો કેન્દ્રસ્થાને છે. દરેક ગામમાં ભૂવો હોય છે ભૂવાનું મૃત્યુ થાય તો ગાત્રાળની જાતર માંડીને નવા ભૂવાની સ્થાપના કરે છે. શૂરાપૂરાની જાતર દર ત્રણ વર્ષે કરવામાં આવે છે. વિંજવાસણની જાતર ઈચ્છા થાય ત્યારે કરવામાં આવે છે. આ ઉત્સવ સામૂહિક ફાળો એકઠો કરીને ઊજવવામાં આવે છે. ત્રણે જાતરની સ્થાપનામાં અને પૂજાની ચીજવસ્તુઓમાં થોડો ફેર હોય છે. વિધિઓ એક સરખી હોય છે. દેવને પ્રસન્ન કરવા બકરાને વધેરવામાં આવે છે. માતાજીનો ભૂવો તેનું લોહી ચૂસે છે. ત્યારબાદ એની કલેજીને શેકીને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે.

કાઢ વધારવાનો ઉત્સવ :

વાઘેરો ગાડાને કાઢ કહે છે. પ્રથમ વર્ષ થાય ત્યારે વાઘેરો પ્રથમ વાવણી માટે કાઢની પૂજા કરે છે. બળદોને કંકુના ચાંદલા કરીને ગોળ ખવડાવેછે . ગાડા આગળ જુવાર, તુવર, મગ, કપાસ વગેરેની ઢગલી

કરી તેની ઉપર સોપારી રાખી તેના પરથી ગાડું હાંકે છે, જેના પસાર થયા બાદ સોપારી લઈ લે છે. તેને બિયારણની થેલીમાં રાખે છે. બપોરે નવાં વસ્ત્રો પહેરી સ્ત્રી ભાત લઈ જાય છે. ખેતરપાળને નૈવેધ ચડાવાય છે.

દરિયો વધાવવાની વિધિ :

હોળી પછી પડવાના દિવસે વાઘેર છોકરીઓ ધાણી, ચણા, ખજૂર વગેરે લઈને દરિયો પૂજવા જાય છે. તે વખતે દરિયામાં નહાય છે અને પાણીમાં રમતો રમે છે.

ભૂમિપૂજા :

વિવિધ પ્રસંગોએ ભૂમિપૂજન કરવામાં આવે છે. નવા મકાનના પાયાની પૂજા કરાય છે. પાયામાં સોપારી, હળદર, તાંબાનો પૈસો, દૂધ, દહીં વગેરે વસ્તુઓને પૂજા કરી અંદર મૂકી તેમના ઉપર મકાનનું ચણતર કરવામાં આવે છે. પહેલું વેતર વિયાયા પછી દુધાળા પ્રાણીના દૂધની પહેલી શેડ ધરતી માથે નાખવામાં આવે છે.

વૃક્ષપૂજા :

વાઘેરો પીપળો, કેળ, ખીજડો, તુલસી વગેરેને પવિત્ર માને છે. લગ્ન વખતે કંઠીપૂજા કરે છે. તેમાં જુવારનાં ડૂડાં, પોંક અને ચણા, ઘઉંના મોળા પૂડલા, નાળિયેર, તલવાર વગેરે થાળીમાં લઈને એક બાઈ પરણનાર પુરૂષની પાછળ જાય છે. વરની મા વરની પાછળ રામણ દીવડો પકડે છે. નાળિયેર વધેરીને કંઠીને જુવારે છે.

શીતળા સાતમની આગલી રાતે ચૂલો ઠારીને તેમાં કપાસના છોડની લીલી ડાળી રોપવામાં આવે છે.

પ્રાણીપૂજા :

વાઘેર સ્ત્રીઓ બોર ચોથના દિવસે વાછરડાવાળી ગાયની પૂજા કરે છે. નાગપંચમીના દિવસે માટીના નાગ બનાવી પૂજા કરે છે. કાઢ વધાવતી વખતે પણ બળદોને ચાંલ્લા કરી ગોળ ખવરાવે છે.

રામદેપીરનો પાટ મંડાવવાની વિધિ :

વાઘેરોને ઇચ્છા થતાં કોઈના મૃત્યુ પછી અગિયારમા દિવસે રામદેવપીરનો પાટ મંડાવે છે. આ માટે કાપડી સાધુને નિમંત્રે છે. સગાંવહાલાં તેમ જ ગામના લોકોને પણ તેડે છે. પાટ ઉપર પાન પાથરી, અનાજની ઢગલીઓ કરી, નાળિયેર, કપૂર, લવિંગ એલચી વગેરે મૂકીને તેના પર રામદેવપીરની મૂર્તિ બેસાડે છે. બાજુમાં મલીદો મૂકે છે. ગણપતિનું સ્થાપન કરે છે. સ્થાપના પર બે દીવા બળતા રાખે છે. એકને રામદેવપીરની જ્યોત અને બીજાને જેસલની જ્યોત કહે છે. આખી રાત ભજન ગવાય છે. રામદેપીરની જ્યોત ઓલવાઈ જાય તો પાટ કરનાર સાધુને સમાધિ લેવી પડે તેવું મનાય છે. સવારે ચાર વાગ્યા સુધી ભજન ગાયા બાદ રામદેવપીરની જ્યોત ઠારીને પ્રભાતિયાં ગવાય છે. જેસલ જ્યોત સવાર સુધી બળે છે.

પાળિયા :

સતીના પાળિયાઓનું શિલ્પ જુદું પડે છે. તેમાં [illegible] સૂર્ય, ચંદ્ર અને હાથ કોતરેલા જોવા મળે છે. કેટલાક પાળિયાઓમાં મોર, પોપટ તેમ જ કમળ અને મૂળ કોતરેલાં જોવા મળે છે. પાળિયા નીચે શહાદતને વરેલા વીરનું નામ તેમ જ સાલ લખવામાં આવે છે. ગામની ભાગોળે ઊંચા ઓટલા પર હારબંધ પાળિયા જોવા મળે છે. તેના ત્રણ પ્રકારો હોય છે : (૧) ઠેસ, (૨) ખાંભી, (૩) પાળિયા.

વફાદાર પ્રાણી કે જેણે શહીદ થનાર સાથે પ્રાણ આપ્યો હોય તો તેને માટે ઠેસ, વીર પુરુષને માટે ખાંભી અને પાળિયા દેવદેવીના, ખેતર પાળના તેમ જ શૂરાઓપૂરાઓના પૂજાય છે.

ભૂતપ્રેતમાં માન્યતા :

કુંવારી કન્યા મરી જાય તો તે ધરનાંને નડે છે. આ ઉપરાંત સુવાવડી સ્ત્રી, ભૂતના નિવાસ્થાન આગળ પેશાબ કરનાર, અત્તર સુગંધી રાખનાર, સ્વરૂપવાન સ્ત્રી, દારુ કે ઘેટા-બકરાનું માંસ લઈ જનાર : એ સૌને ભૂત વળગે છે, એમ મનાય છે.

મરતી વખતે કોઈનામાં જીવ રહી જાય તો તે ભૂત થાય છે. ભૂવો જોને વળગાડ હોય તેની ટચલી આંગળી પકડી ગુરુના સોગંદ આપી ભૂતને કબજે કરે છે. આમ છતાં તે કબજે ન થાય તો વાળ પકડી લોઢાના સળિયા, સાંકળ વગેરેથી તેને માર મારે છે.

મુસ્લિમ વાઘેરોનું ધાર્મિક જીવન

વાઘેરો સુન્ની પંથના છે. ઈસ્લામ ધર્મમાં બે મોટા સમુદાય છે : શિયા અને સુન્ની. એમને મિયાણાની બધી ધાર્મિક બીગતો લાગુ પડે છે, જેનું વર્ણન અગાઉ કરવામાં આવ્યું છે.

ઉપસંહાર અને આયોજન

વાઘેર જાતિના સમગ્ર અભ્યાસ પછી તેમની સામાજિક આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિને લગતા કેટલાક પ્રશ્નો જોવા મળ્યા હતા. વાઘેરો દયનીય આર્થિક સ્થિતિમાં જીવી રહ્યા છે, જેમાં ગરીબાઈ અને અજ્ઞાનતા

મુખ્ય છે. ગરીબી અને અજ્ઞાનતાને લીધે હિંદુ-મુસ્લિમ વાઘેરોમાં ઘણા ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. આ જાતિને વર્ષના મોટાભાગના સમયમાં બેકાર રહેવું પડતું હોવાથી આ સમાજનું જીવનધોરણ ઘણું નીચું જોવા મળ્યું છે. બેકાર શ્રમિકોની કેટલીક વિશિષ્ટતા ધ્યાન ખેંચતી છે. તેમનો મોટો વર્ગ નિરક્ષર અને તાલીમ વગરનો છે. સામાજિક મૂલ્યોની અસરને કારણે અમુક ચોક્કસ પ્રકારના વ્યવસાયોની અપેક્ષા ધરાવે છે. તદુઉપરાંત શ્રમિકોની સ્થળાંતરતા અમુક વિસ્તાર પૂરતી મર્યાદિત જોવા મળી હતી. તેમનામાં પ્રવર્તતી બેકારીના નિવારણ માટે, આર્થિક સ્થિતિ સુધારવા તેમ જ અન્ય સમાજની હરોળમાં લાવવા માટે અમુક પ્રકારના ઉદ્યોગો, વેપારરોજગારને ધ્યાનમાં રાખી તેમ જ સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લેઈ વિકસાવવા જોઈએ.

(૧) હિંદુ વાઘેરોનો મુખ્ય ધંધો ખેતી છે. તેમની જીવનદોરી ખેતી પર નિર્ભર છે, તેમની ખેતીમાં આવતા અંતરાયો દૂર કરવા જોઈએ. ખેતીને લગતા વિકાસ–કાર્યક્રમોને વેગ આપવો, ખેતીની સુધારણા માટે સિંચાઈની સગવડ કરી આપવી. ચેક ડેમ્સ અને તળાવો બાંધવાં જોઈએ, કૂવાઓ માટે લોનની વ્યવસ્થા કરવી જોઈએ. સુધારેલ બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનો વધુ ને વધુ લોકો ઉપયોગ કરતા થાય તે માટે સગવડ ઊભી કરવી જોઈએ. તદુપરાંત આધુનિક ઓજારો અને બળદગાડાં તેમ જ બળદ માટે સહાય આપવી જોઈએ.

(૨) દેવાની પરિસ્થિતિ એવી વણસેલી છે કે કોઈ પણ નાણાકીય સંસ્થા તેમને ધીરાણ આપવા તૈયાર નથી, જેથી અમુક રકમનું રિવોલ્વિંગ ફંડ ઊભું કરી લોન ન ભરી શકનારને આ ફંડમાંથી બાંયધરી આપી ધિરાણનો વ્યાપ વધારવો જોઈએ

(૩) નાળિયેરીના વાવેતરને વેગ આપવો જોઈએ.

(૪) પડતર જમીનમાં જુદા જુદા પ્રકારનાં ઘાસનું વાવેતર કરી પશુપાલન યોજના હાથ ધરવી જોઈએ.

(૫) બંદર ખાતાની જમીન વ્યક્તિગત ધોરણે વહેંચી આપવી જોઈએ.

(૬) પશુપાલનના પૂરક ધંધામાં રસ હોય તેવાં કુટુંબોને તાલીમ આપી આ ધંધાને વિકસાવવો. દૂધાળાં ઢોર આપવાં, મરઘાં ઉછેર-કેન્દ્રો ખોલવાં અને વધુ ઘેટાં બકરાંના ઉછેર માટે દરેકને ઘેટાં-બકરાં આપવાં જોઈએ.

(૭) ઊંટ અને ઊંટગાડી માટે વધુ સહાય આપવી.

(૮) મત્સ્ય ઉદ્યોગનો વિકાસ કરવો જોઈએ. આ માટે ઓખા મંડળમાં ઘણી શકયતાઓ રહેલી છે, જેનો ઉપયોગ કરી વાઘેર કુટુંબોને રોજીરોટી આપી શકાશે.

(૯) ખનીજ પેદાશ પર આધારિત ઘણા ધંધા વિકસી શકે. દા. ત. ચિરોડી જે અહીં વિપુલ પ્રમાણમાં મળે છે, તેમાંથી પ્લાસ્ટર ઓફ પેરિસ બને છે. સિમેન્ટમાં પણ તેનો ઉપયોગ થાય છે. તેમજ જે ભીંતો રંગવાના કામમાં આવે છે. આ ચિરોડી ઉપરાંત મીઠું અને સમુદ્રફીણ પર આધારિત ધંધાઓ વિચારી શકાય. કાળુ માછલી કે જેમાંથી નાનાં મોતી મળી આવે છે તેના પર તથા શંખ વગેરે પર પણ ધ્યાન આપવું જોઈએ.

(૧૦) વેપારધંધા અને ગૃહઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા. એમાં કલાકારીગરી, છૂટક વેપાર, મરચાંની ભૂકી બનાવવાનો ધંધો વગેરેનો સમાવેશ કરી શકાય. વ્યવસ્થિત તાલીમ આપી આવાં એકમો શરૂ કરવાં જોઈએ.

(૧૧) વાઘેરો મીઠાની ગુણો ટ્રકમાં ભરવાનું કામ કરે છે. તેમાં ટ્રક માલિકો દ્વારા શોષણ થતું હોય છે. શોષણ અટકાવવા અને તેમનાં

હતોનું રક્ષણ થઈ શકે તે માટે આ કામમાં રોકાયેલા મજૂરોની મંડળી બનાવવી જોઈએ.

(૧૨) વાઘેરોના ઘરોની સ્થિતિ બહુ સારી નથી. જેમની પાસે પોતાના રહેવાનાં મકાનો નથી તેમને જમીનના પ્લોટો આપવા જોઈએ અને ઘર બાંધવા માટે યોગ્ય સંસ્થા દ્વારા નાણાકીય સહાય આપવી જોઈએ.

(૧૩) ઓખા મંડળનાં બધાં ગામોમાં પીવાના પાણી માટે જાહેર કૂવાની વ્યવસ્થા છે, પરંતુ મોટા ભાગનાં ગામોમાં ઉનાળામાં પીવાના પાણીની અછત વર્તાય છે. આ બધાં ગામોમાં પંચાયત દ્વારા પબ્લિક વોટર વર્ક્સની યોજના દ્વારા પાણીની વ્યવસ્થા તાકીદે કરવી જોઈએ.

(૧૪) વાઘેરોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. તેમાં પણ છોકરીઓને તો ભણાવવામાં આવતી જ નથી, તેમનામાં વધુ પ્રમાણમાં બાળકો ભણતા થાય તે માટે અપાતી સવલતોમાં વધારો કરવો જોઈએ અને વાઘેરો માટે આશ્રમશાળાઓ ખોલવી જોઈએ.

(૧૫) ઓખા મંડળના ઊંડાણનાં ગામોમાં વસતા વાઘેરોને ઝડપથી લાભ મળે તે માટે બે–એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વ્યવસ્થા કરવી જોઈએ.

હિન્દુ વાઘેરની જેમ મુસ્લિમ વાઘેરોની આર્થિક સ્થિતિ કફોડી છે. તેમનો મુખ્ય વ્યવસાય માછીમારીનો છે. આ સિવાય તેમનામાં વ્યાવસાયિક કુશળતાના અભાવને લીધે તેઓ ગરીબીના વિષચક્રમાં સપડાયેલા રહે છે.

(૧) માછીમારીના ધંધાનો વિકાસ :

મત્સ્ય–ઉદ્યોગના વિકાસની તક ઘણી છે. વાઘેર માછીમારો આધુનિક સાધનોના અભાવે પરંપરાગત રીતે માછીમારીનો ધંધો કરે છે. આમાં પરિવર્તન લાવી આ વ્યવસાયને વ્યવસ્થિત ગોઠવવાની જરૂર છે. આ ધંધામાં રોકાયેલાઓને વધુ રોજી મળે અને તેઓની આવક વધે તે રીતે મત્સ્ય–ઉદ્યોગને સમયની માંગ સાથે સુવ્યવસ્થિત ખીલવવાની જરૂર છે.

(૨) ધંધાની તાલીમ :

માછીમારીના ધંધામાં રોકાયેલ વાઘેરોને મત્સ્ય–ઉદ્યોગની તાલીમ આપી ઉદ્યોગને વેપારી ધોરણે વિકસાવવામાં આવે તો મત્સ્ય ઉત્પાદનમાં વધારો થશે. સાથે સાથે આ ધંધામાં રોકાયેલા લોકોને રોજગારીની વધુ તકો મળતાં તેમની આવકમાં ગણનાપાત્ર વધારો થશે.

(૩) ધંધાનાં સાધનોની સહાય :

ઓછી આવક ધરાવતાં, માછીમારીનો ધંધો કરતાં કુટુંબોને ઓછા વ્યાજના દરે માછીમારીનાં સાધનો, નાઈલોન ફિશીંગ નેટ, નાઈલોન ટ્વાઈન, ફિલામેન્ટ ટ્વાઈન, રોયલ અને નાની હોડી અપાય તે ઈચ્છનીય છે. આ બધાં સાધનો સહકારી મંડળી મારફતે માલના સ્વરૂપમાં આપવા જોઈએ.

(૪) કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા :

માછલીની જાળવણી માટે કોલ્ડ સ્ટોરેજ તથા બરફનું કારખાનું

આ ઉદ્યોગની પ્રગતિને ગતિમાન કરવામાં સહાયભૂત થશે. બેડી, સિક્કા, સલાયામાં બરફનું કારખાનું નથી તેથી માછલાં પડતર ભાવમાં વેચી દેવાં પડે છે. સહકારી ધોરણે બરફનું કારખાનુ નંખાય તો તેમને સારા ભાવો મળે અને આવકમાં વધારો થાય.

(૫) જમીન નવસાધ્ય :

દરિયાકાંઠાના વિસ્તારમાં દરિયાનાં મોજા ખેડવાલાયક જમીનમાં ફેલાઈને જમીનને ખારી બનાવે છે આથી જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં પાળા બાંધવા જોઈએ. જમીન નવસાધ્ય કરીને ખેતીના ઉપયોગમાં લઈ શકાય અને મોટા પ્રમાણમાં રોજી આપી શકાય.

(૫) પીવાના પાણીની સગવડ :

દરિયાકાંઠાના વિસ્તારનાં ગામોમાં પીવાના પાણીનો પ્રશ્ન છે. ખારા પાણીને પીવા યોગ્ય મીઠું બનાવી લોકોને પૂરું પાડવું જોઈએ.

(૬) સાચાં મોતી, શંખ અને સેવાળ કાઢવાની છૂટ :

જોડીયા, બાલાચડી, સયાણા, સિક્કા, બેડી, જામનગર, સરમત, વાડીનાર, ભટાણા, આમલા, સલાયા અને ચૂડીસર આ બાર ગામમાં સાચાં મોતી નીકળે છે. પરંતુ મત્સ્યખાતું દરિયાકાંઠા પર પોતાનો ઈજારો ધરાવે છે. જો સરકાર તેઓને સાચાં મોતી, શેવાળ, શંખ કાઢવાની મંજૂરી આપે તો આ લોકોને રોજી મળે અને સરકારને ઓછા ખર્ચે વધુ દરિયાઈ સંપત્તિ મળે.

(૭) શિક્ષણ : આની પૂરી વ્યવસ્થા થવી જોઈએ.

(૮) સ્થાનિક કારખાનાંઓમાં નોકરી :

મુસ્લિમ વાઘેરોના વિસ્તારમાં દિગ્વિજય સિમેન્ટ ફેકટરી આવેલી છે. તેમાં સ્થાનિક લોકોને નોકરીમાં રાખવામાં આવે તો તેઓના આર્થિક જીવનમાં સુધારો લાવી શકાય.

(૯) ધંધા-વેપાર :

(૧) જામનગર અને ખંભાલિયામાં કેટલાક મુસ્લિમ વાઘેરો રિક્ષા ચલાવવાનો તથા ઘોડાગાડીનો ધંધો કરે છે. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓ આવાં સાધનો ખરીદી શકતા નથી. આવાં સાધનો ખરીદવા માટે ઓછા વ્યાજે લોનની વ્યવસ્થા કરવી જોઈએ.

(૨) શિક્ષિત મુસ્લિમ વાઘેર યુવાનોને બોટ બનાવવાના ધંધા તેમ જ જાળ બનાવવા માટેની તાલીમ આપવી જોઈએ. તાલીમ આપ્યા પછી સ્વતંત્ર ધંધો કરે તે માટે નાણાંકીય સહાય આપવી જોઈએ.

(૧૦) વાઘેર સ્ત્રીઓ માટે ગૃહઉદ્યોગ :

મુસ્લિમ વાઘેર સ્ત્રીઓ ઘરચોળાં બનાવવામાં કુશળ છે. કેટલીક સ્ત્રીઓ ઓઢણાં અને ફ્રૉક પર ભરતકામ કરવાની કુશળતા ધરાવે છે. આવા કામોની તેમને યોગ્ય તાલીમ આપીને તે માટે સિલાઈ મશીન તેમ જ અન્ય સાધનો પૂરા પાડવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ પ્રકારનાં કામો દ્વારા સ્ત્રીઓમાં રોજગારી વધશે.

(૧૧) ઘરની સગવડ: :

મુસ્લિમ વાઘેરો પાસે પૂરતી, રહેવા યોગ્ય રહેઠાણની સગવડ નથી.

જેમની પાસે જમીન છે તેઓ નબળી આર્થિક સ્થિતિને કારણે મકાન બાંધી શકતા નથી. આ લોકોની સુખાકારી માટે મોટા પ્રમાણમાં સુધડ અને સસ્તાં મકાનોનું આયોજન હાથ ધરવું જોઈએ. આથી ઘર વિહોણાને ઘર મળે, સાથે થોડા લોકોને રોજી પણ મળશે. મુસ્લિમ વાઘેરોના ઘરો વિષે કોઈ ચોક્કસ નીતિ અખત્યાર કરવી પડશે. આ લોકો દરિયા-કિનારે વસતા હોવાથી તેમનાં ઘરો વારંવાર પડી જાય છે. છતાં આ લોકો એ જગ્યા છોડતા નથી. હાલ કેટલાકને મદદ મળે, કેટલાકને મદદ ન મળે એવું બને છે. આમાંથી કોઈ તર્કસંગત ઉપાય કરી જરૂરિયા-તવાળા બધાને કાયમી ઘર મળે અથવા મદદ મળ્યા કરે એવું ગોઠવાવું જોઈએ.

વાઘેરોની આર્થિક સ્થિતિ સુધારવા માટે ઉપર જણાવેલ વિવિધ આર્થિક વિકાસકાર્યક્રમોનો અમલ કાર્યક્ષમ રીતે થાય તેવું વહીવટીતંત્ર ગોઠવવું જોઈએ.

ખારવા

મૂળ લેખક

શ્રી મુસ્તાઅલી મસવી

સંક્ષેપકાર

શ્રી સાયમન મૅકવાન

પ્રાસ્તાવિક

તપાસનો હેતુ :

ખારવા જાતિની તપાસનો મુખ્ય હેતુ તેમની હાલની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જાણવા ઉપરાંત તેમના સામાજિક અને શૈક્ષણિક પછાતપણા માટે કયાં કયાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિબળો જવાબદાર છે તે શોધી કાઢવાનો અને તેમના સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ દ્વારા તેમનો વિકાસ થાય એ માટે જરુરી પગલાં સૂચવવાનો હતો.

તપાસપદ્ધતિ :

ખારવા જાતિનો ઊંડાણપૂર્વક અને વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરવા માટે જુદી જુદી સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એને માટે ગ્રંથાલયનો પણ પૂરતો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૧) પસંદ કરાયેલ કુટુંબોની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે એક કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. તેમાં રહેઠાણ, ધંધા, અસ્કયામતો, દેવાં વગેરે પાસાંઓની વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી.

(૨) પસંદ કરાયેલા કુટુંબોનું સામાજિક જીવન જાણી શકાય એ માટે એક મુલાકાત માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી હતી, જે દ્વારા કુટુંબની રહેણીકરણી, પહેરવેશ, ખોરાક, રીતરિવાજો સહિત સામાજિક અને ધાર્મિક પાસાંઓની માહિતી મેળવવામાં આવી હતી.

આ ઉપરાંત ખાસ કરીને ખારવા જાતિના વિશિષ્ટ પ્રશ્નો તેમ જ તેમનો વિકાસ કરવા કેવા પ્રકારનું આયોજન કરવું જોઈએ એ માટે જાતિપંચના આગેવાનો, જાતિની ભણેલી વ્યક્તિઓ, ગામના આગેવાનો ઉપરાંત ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાના સંબંધિત અધિકારી વર્ગ સાથે પણ મુલાકાત દ્વારા જુદી જુદી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

ખારવા જાતિની વસતિ ગુજરાતમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં પોરબંદર, વેરાવળ, માંગરોળ, જામનગર, જામસલાયા, કચ્છ-માંડવી, દ્વારકા, માઢવાડ, કોટડા, વણાકબારા, અને ચોરવાડમાં આવેલી છે. દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, સુરત અને વલસાડના દરિયાકાંઠા વિસ્તારમાં પણ એ આવેલી છે. પ્રસ્તુત અભ્યાસ માટે સૌરાષ્ટ્રમાંની વસતિને વધુ ધ્યાનમાં રાખીને ત્યાંનાં ૨૦૦ કુટુંબોને તેમ જ દક્ષિણ ગુજરાતના ૧૦૦ કુટુંબોને પસંદ કરવામાં આવ્યાં હતાં.

આ તપાસ માટે પોરબંદર, વેરાવળ, સુત્રાપાડા, માઢવાડ, કોટડા વગેરેમાંથી ૧૫૦ કુટુંબો અને માંગરોળમાંથી ૫૦ કુટુંબો એમ કુલ ૨૦૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાંથી કૃષ્ણપુર, કોસંબા, કોલક, અને ફણસા ગામોમાંથી દરેકનાં ૨૫ કુટુંબો એમ કુલ ૧૦૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં.

ખારવાઓની ઉત્પત્તિ અને ઐતિહાસિક માહિતી

ખારવાઓની ઉત્પતિ અંગે અનેક મતમતાંતરો ચાલે છે અને જુદા જુદા લોકો જુદા જુદા અભિપ્રાયો આપે છે. ગંગા-સ્વરૂપ ખારવાની ઉત્પત્તિ લખનાર બારોટ ટપુ પરસોત્તમનાથના મત મુજબ ખારવાની ઉત્પત્તિની વીગતો નીચે મુજબ છે.

સૌરાષ્ટ્રમાં સમુદ્ર કિનારે ખૂબ જ પ્રસિદ્ધ એવું સોમનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરની ખ્યાતિ ઠેર ઠેર ફેલાયેલી હતી. આ મંદિરને લૂંટવા માટે મહમદ ગઝનીએ હુમલો કર્યો હતો. મંદિરના રક્ષણ માટે ઉદ્ જાતિના રજપૂતો ઝૂઝવા માટે તૈયાર હતા. તેમાં અણહિલપુર પાટણના ભીમદેવ સોલંકી, હમીરજી ગાહેલ અને ઘોઘો ચૌહાણ સામેલ હતા. આ સિવાયના સજ્જનસિંહ ચૌહાણ અને એક નાયક ભીલ પોતાના બે હજારના ભીલ સૈન્ય સાથે જોડાયા હતા. પરંતુ મહમદ ગઝનીની જીત થઈ. મંદિરમાં લૂંટ ચલાવવામાં આવી. સમુદ્રકિનારાના વિસ્તારમાં રહેતા રજપૂતો, જાણે બીજી જ જાતિ હોય એમ, વહાણવટું કરવા લાગ્યા. તેઓ ખારવા તરીકે ઓળખાવા લાગ્યા. જે રજપૂતોને વટલાવવામાં આવ્યા હતા તેઓ પટણી અથવા ઘાંચી કહેવાયા.

ખારવાઓની ઉત્પત્તિ અંગે તેઓ પોતે એવું માને છે કે તેમની ઉત્પત્તિ ઢીમરમાંથી થઈ છે. તેઓની માન્યતા મુજબ જળપ્રલય થવાથી દુનિયા દરિયામાં ડૂબી ગઈ અને માત્ર સાત સંતો જ બચી ગયા હતા. આ સાત સંતોને ઈશ્વરે માછલીઓના સ્વરૂપમાં પલટાવી બચાવી લીધી. આ માછલીઓની ગેરવર્તણૂકથી ઈશ્વર નારાજ થયા અને તેમને અંકુશમાં રાખવા માટે માણસની ઉત્પત્તિ કરી. આ માણસ તે ઢીમર. ખારવાઓ પોતાને આ ઢીમરના વંશજો માને છે.

બીજી માન્યતા મુજબ મહમદ ગઝની સાથેની લડાઈમાં હારી ગયા બાદ કેટલાક રજપૂતો દરિયા કિનારાના વિસ્તારોમાં ભાગી છૂટયા. ત્યાં વર્ષો સુધી દરિયાઈ ચાંચીયાગીરી કરતા રહ્યા અને પાછળથી મચ્છીમારીના વ્યવસાયમાં જોડાયા. હિન્દુ ખારવાઓ પોતાને રજપૂતના વંશજો માને છે. લગ્ન કરવા જાય ત્યારે તેઓ તલવાર ધારણ કરે છે. તેઓ પોતાનામાં રજપૂતનું લોહી વહે છે એમ દઢતાપૂર્વક માને છે.

વસતિ અને વિસ્તાર :

ખારવાઓની વસતિ કેટલી છે તે વિષે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. તેવી જ રીતે દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારોની વસતિના આંકડા પણ મળતા નથી. ખારવાઓની હાલમાં કેટલી વસતિ હશે તેનો અંદાજ કાઢવો હોય તો ખારવા સમાજના મુખપત્રના એપ્રિલ–મે ૧૯૪૮ના અંકનો આધાર લેવો પડે. આ અંકમાં જણાવ્યા મુજબ બાર ગામોમાં ૨૩૦૦૦ ખારવાઓ વસતા હતા હતા. આ વર્ષને આધાર વર્ષ ગણીએ તો હાલમાં ૫૫૦૦૦ની વસતિ હોઈ શકે. આ વસતિમાં અન્ય ઠેકાણે વસતા માછીમારોનો સમાવેશ થયેલો નથી. ખારવા જાતિના આગેવાનોના મતે તેમની વસતિ ૭૦ થી ૮૦ હજારની છે.

દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારોની વસતિ અંગે જાણકારી ઉપલબ્ધ છે. ૧૯૧૧માં મુંબઈ રાજ્યની વસતિ ગણતરી મુજબ રાજ્યના દરિયાકિનારે ૪૧૮૬૧ માછીઓની વસતિ હતી. તેમના આગેવાનોના અભિપ્રાય મુજબ હાલમાં આ વસતિ બમણી થઈ હશે. પરંતુ આ હકીકતને કોઈ ચોક્કસ આધાર આપી શકાય નહિ.

વિસ્તાર :

ખારવાઓની વસતિ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે આવેલાં બારેક શહેર

અને ગામોમાં જોવા મળે છે : પોરબંદર, વેરાવળ, માંગરોળ, કચ્છ–માંડવી, જામનગર, જામસલાયા, આરંભડા, ગારીયાળી, મુદ્રા, ઓખા, બેટ-દ્વારકા, વડવાળા, મીઠાપુર, વણકબારા, માઢવાડ, ચોરવાડ, નવી બંદર, સુત્રાપાડા, સુભાષનગર, દીવ, ઘોઘા, ઉના, દેલવાડા, કોડીનાર, જાફરાબાદ, અને કોટડા. આ ઉપરાંત તેઓ મુંબઈ અને આફ્રિકામાં જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતના માછીમારો ટંડેલ તરીકે ઓળખાય છે. તેમની વસ્તી ભરૂચ, સુરત અને વલસાડ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં છે. થોડી સંખ્યા પંચમહાલમાં પણ જોવા મળે છે. સૌરાષ્ટ્રના ખારવાઓ, દક્ષિણ ગુજરાતના ટંડેલ અને ભાવનગરના કોળી લોકોનો મુખ્ય વ્યવસાય વહાણવટું અને માછીમારીનો છે. પરંતુ સૌરાષ્ટ્રના ખારવાઓ દક્ષિણ ગુજરાતના ટંડેલને પોતાના સમાજમાં પ્રવેશ આપતા નથી. તેઓએ પોતાનો સમાજ બાર ગામ પૂરતો સીમિત રાખ્યો છે.

બોલી :

ખારવાઓની પોતાની કોઈ આગવી ભાષા કે બોલી નથી. તેઓ તેમનો બધો વ્યવહાર ગુજરાતી ભાષામાં જ કરે છે. આમ તેમની માતૃભાષા ગુજરાતી છે. તેમ છતાં તેમની બોલીમાં અન્ય ભાષાઓની છાંટ કયાંક કયાંક જોવા મળે છે. કોટડા, માઢવાડ, દીવ અને ઘોઘલા વિસ્તારના ખારવાઓ અને પોરબંદર, વેરાવળના ખારવાઓની બોલીમાં પણ કયાંક કયાંક ભિન્નતા જોવા મળે છે.

સૌરાષ્ટ્રના ખારવાઓની જેમ દક્ષિણ ગુજરાતના ખારવાઓ પણ ગુજરાતી ભાષાનો જ ઉપયોગ કરે છે. પરંતુ સૌરાષ્ટ્રના ખારવાઓની બોલીમાં જેમ અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ જોવા મળે છે તેમ આ વિસ્તારના ટંડેલોની બોલીમાં પણ મરાઠી, અંગ્રેજી અને હિન્દી શબ્દોનો ઉપયોગ જોવા મળે છે.

શિક્ષણ :

ખારવાઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે તેમાં પણ સ્ત્રીઓ તો ખૂબ જ પાછળ છે. તાજેતરનાં વર્ષોમાં તેમનામાં શિક્ષણની ભૂખ ઊઘડેલી જોવા મળે છે. પોરબંદર અને વેરાવળના ખારવાઓમાં શિક્ષણનું પ્રમાણ અન્ય વિસ્તારના ખારવાઓની સરખામણીમાં સારું જોવા મળે છે. આ બન્ને શહેરોમાં ખારવાઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને વકીલ, ડોકટર, એન્જિનિયર તેમ જ પ્રાધ્યાપક જેવા મોભા ધરાવતા વ્યવસાયોમાં જોડાયેલા છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોમાં સૌરાષ્ટ્રના ખારવાઓની સરખામણીમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું છે. આ દર ઊંચો હોવા પાછળ તેમનો અન્ય જ્ઞાતિઓના સાથે ગાઢ અને સતત સંપર્ક જવાબદાર હોઈ શકે.

સર્વેક્ષણ કરેલાં સૌરાષ્ટ્રનાં ૨૦૦ કુટુંબોની ૧૫૦૦ સભ્ય સંખ્યામાં માત્ર ૪૦૮ (૨૭%) વ્યક્તિઓ ભણેલ હતી. પુરુષ અને સ્ત્રીઓની પરિસ્થિતિ તપાસીએ તો પુરુષોમાં ૪૧% લોકો અને સ્ત્રીઓમાં ૧૩% લોકો ભણેલ હતા. ભણેલા સભ્યોની વધુ વિગતવાર માહિતી તપાસીએ તો ૧૧૯ વ્યક્તિઓએ ચાર ધોરણ સુધીનું, ૪૯ વ્યક્તિઓએ ધોરણ ૭ સુધીનું, ૨૦ વ્યક્તિઓએ ધોરણ ૧૦ સુધીનું, ૧૫ વ્યક્તિઓએ એસ. એસ. સી. સુધીનું અને ૪ વ્યક્તિઓએ પૂર્વ-સ્નાતક સુધીનું શિક્ષણ લીધું હતું. સર્વેક્ષણ સમયે ૨૦૨ બાળકો અભ્યાસ કરતાં નોંધાયાં હતા. આમાંથી ૧૨૬ વિદ્યાર્થીઓ ૧ થી ૪ ધોરણમાં, ૫૦ વિદ્યાર્થીઓ ૫-૭ ધોરણમાં, ૨૧, ૮-૧૦ ધોરણમાં, ૪, એસ. એસ. સી. માં હતાં અને એક વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લેતો નોંધાયો હતો. વધુમાં સર્વેક્ષણ સમયે ૭ થી ૧૪ વયના બાળકોની સંખ્યા ૩૭૬ હતી જેમાંથી શાળાએ માત્ર ૨૦૧ એટલે કે ૫૪ ટકા બાળકો જ જતાં હતાં.

દક્ષિણ ગુજરાતના ટંડેલ માછીમારોમાં તપાસ દરમિયાન નોંધાયેલ ૭૬૩ વ્યક્તિઓમાંથી ૫૦૭ એટલે કે ૬૬.૪ ટકા શિક્ષિત હતી, જેમાં પુરુષોમાં ૮૧ ટકા અને સ્ત્રીઓમાં ૫૦ ટકા હતી. ભણેલ વ્યક્તિઓમાંથી ૧૦૧ વ્યક્તિઓએ ધોરણ ૪ સુધીનું, ૯૫ વ્યક્તિઓએ ધોરણ ૭ સુધીનું, ૫૬ વ્યક્તિઓએ ધોરણ ૧૦ સુધીનું, ૧૬ વ્યક્તિઓએ એસ. એસ. સી. સુધીનું અને ૨ વ્યક્તિઓએ પૂર્વ-સ્નાતક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

સર્વેક્ષણમાં ૭ થી ૧૪ વર્ષનાં બાળકોની સંખ્યા ૨૯૫ હતી, જેમાંથી ૨૩૭ બાળકો શાળામાં જતાં હતાં. બે વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવતા હતા.

ખારવાઓની ભૌતિક સંસ્કૃત્તિ

ઘર :

ખારવાઓ વહાણવટા અને મચ્છીમારી સાથે એટલા તો સંકળાયેલા છે કે તેમને દરિયા કિનારે જ હમેશાં માટે રહેવાનું ગમે છે. પોતાની જાતિના લોકો મધ્યે જ રહેવાનું તેઓ સલામત અને સુગમ માને છે. તેથી ખારવાઓનાં રહેઠાણો દરિયા કિનારાના વિસ્તારોમાં ઊંચાણવાળી જગ્યાએ આવેલાં હોય છે. તેમની દરિયાકિનારા નજીક અને પોતાના જાતિભાઈઓ જોડે રહેવાની પ્રબળ લાગણીને કારણે તેમના વસવાટના વિસ્તારો નાનાં ઘરો અને ગીચ વસતિવાળા જોવા મળે છે. મોટા ભાગના લોકો માત્ર એક ખંડવાળાં ઘરોમાં વસવાટ કરે છે, જો કે હાલમાં નવાં બંધાતાં ઘરોમાં આધુનિકતા જોવા મળે છે. ખારવાઓની બીજી એક ખાસિયત એ છે કે તેઓ પોતાની કોમમાંયે પોતાના જ કુટુંબો

સાથે અલગ ફળિયામાં રહેવાનું પસંદ કરે છે. તેમ છતાં તેમનું આ વલણ ધીમે ધીમે તૂટતું જાય છે અને તેઓ અન્ય ગોત્રના લોકો સાથે રહેવા લાગ્યા છે.

અન્ય લોકોની જેમ ખારવાઓ માટે પણ ઘર એ માત્ર ભૌતિક સંપત્તિ કે મિલકત નથી પરંતુ કુટુંબ જીવનની પ્રક્રિયા જાળવવા માટેનું શિર છત્ર છે. તેથી ઘરનું તેમના સાંસ્કૃતિક જીવનમાં પણ ખૂબ જ મહત્ત્વ છે અને તે ઘર બનાવતી વખતે કરવામાં આવતી વિધિમાં જોઈ શકાય છે.

ઘર બનાવવાની શરુઆત કરતાં પહેલાં બ્રાહ્મણ પાસે મુહૂર્ત કઢાવવામાં આવે છે. ઘરનો પાયો બાળકના હસ્તે ખોદાવવાનું તેઓ વધુ પસંદ કરે છે. પાયો ખોદાવતી વખતે નાળિયેર વધેરવામાં આવે છે, અગરબત્તી અને દીવો પણ સળગાવવામાં આવે છે. આ બધું કુળદેવીને ચઢાવવામાં આવે છે. આ સાથે જ પંચામૃત તરીકે દૂધ, ઘી, દહીં, સાકર અને મધ પણ ધરવામાં આવે છે. પાયો પૂરતી વખતે પાયામાં અબીલ ગુલાલ, ચોખા અને ધઉ મૂકવામાં આવે છે, જેને કૂલડી કહેવામાં આવે છે. દૂધમાં તેઓ માત્ર ગાયના દૂધનો જ ઉપયોગ કરે છે. આ તમામ વિધિ બ્રાહ્મણ દ્વારા જ કરાવવામાં આવે છે.

ઘરનો પાયો ખોદાયા બાદ જ્યારે બારણું ગોઠવવાનું થાય ત્યારે બાપર મૂકવામાં આવે છે, જેમાં હનુમાનની મૂર્તિ, કપડું, સોપારી, ૨૫ પૈસાનો સિક્કો, કંકુ વગેરે મૂકવામાં આવે છે. છેવટે ઘર તૈયાર થઈ જતાં રહેવા છતાં પહેલાં વાસ્તુની વિધિ પણ કરવામાં આવે છે. આને એક સામાજિક પ્રસંગ તરીકે ઊજવવામાં આવે છે. આ પ્રસંગે સગાંઓ અને અન્ય સંબંધીઓને નોતરવામાં આવે છે. બ્રાહ્મણ પાસે હોમની વિધિ કરાવવામાં આવે છે અને આમંત્રિતોને સારું જમણ આપવામાં

આવે છે. બ્રાહ્મણને દક્ષિણા પેટે રૂ. ૧૦૦ રોકડા તેમ જ પૂજાની સામગ્રી આપવામાં આવે છે.

ખારવાઓ સાંકડા ઘરોમાં અને ગીચ વસતિમાં રહે છે. એક ઘરમાં અનેક કુટુંબો એક સાથે વસવાટ કરે છે કેટલાક કિસ્સાઓમાં તો એક સાથે ૫–૭ કુટુંબો વસવાટ કરતાં જોવા મળ્યાં હતાં. આ પરિસ્થિતિમાં ખારવાવાડમાં ખૂબ જ ગંદકી જોવા મળે છે. તેથી તેમના આરોગ્ય સામે સતત ખતરો રહે છે. તેમના વાસમાં ગંદા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા હોતી નથી.

ઘરવખરી :

દક્ષિણ ગુજરાતના માછીમારો ઘર બનાવતી વખતે સૌરાષ્ટ્રના ખારવાઓના જેવી જ વિધિ કરે છે. તેમની ઘરવખરીનાં સાધનો પણ સરખાં જ હોય છે. દક્ષિણ ગુજરાતના માછીમારો પોતાના ઘરોમાં વાંસની પટ્ટી દ્વારા દીવાલ બનાવી અલગ ખંડો બનાવી ઘર વધુ વ્યવસ્થિત રાખે છે. તેઓ આગળના ભાગમાં ઓશરી અવશ્ય રાખે છે.

સર્વેક્ષણમાં આવરી લેવાયેલાં કુટુંબોના રહેઠાણની પરિસ્થિતિ નીચે પ્રમાણેની જોવા મળી હતી.

	સંખ્યા	ટકા
૧ : મકાનનો પ્રકાર		
(૧) કાચું	૨૪૯	૮૩.૦૦
(૨) પાકું	૫૧	૧૭.૦૦
	૩૦૦	૧૦૦.૦૦
૨ : દીવાલનો પ્રકાર		
(૧) માટી/પથ્થર	૧૩૧	૪૩.૭
(૨) વાંસપટ્ટી	૯૫	૩૧.૭
(૩) પાકી	૭૪	૨૪.૬
	૩૦૦	૧૦૦.૦૦

૩ : છાપરાનો પ્રકાર		
(૧) દેશી નળિયાં	૭૨	૨૪.૦૦
(૨) વિલાયતી નળિયાં	૧૯૮	૬૬.૦૦
(૩) ધાબાવાળું	૨૬	૮.૭
(૪) પતરાંવાળું	૪	૧.૩
	૩૦૦	૧૦૦.૦૦
૪ : ઓરડાની સંખ્યા		
(૧) એક	૭૨	૨૪.૦૦
(૨) બે	૧૦૨	૩૪.૦૦
(૩) ત્રણ	૭૬	૨૫.૩
(૪) ચાર	૩૯	૧૩.૦
(૫) પાંચ કે તેથી વધુ	૧૧	૩.૭
	૩૦૦	૧૦૦.૦૦

ઘરવખરી :

ખારવાઓમાં ગરીબી હોવા ઉપરાંત તેઓનાં ઘરો ખૂબ જ સાંકડા હોય છે અને તેમાં એકસાથે વધુ કુટુંબો રહેતા હોવાથી ખૂબ જ સંકડાશ વેઠવી પડે છે. તેથી તેઓ ઘરવખરી ખૂબ જ થોડી અને જરુરિયાત પૂરતી જ રાખતા હોય છે. ખાસ કરીને તો તેમના વહાણવટા અને માછીમારીનો સામાન સારી એવી જગ્યા રોકતો હોય છે.

ખારવાઓની ઘરવખરીની વસ્તુઓમાં તાંબા, પિત્તળ અને એલ્યુમિનિયમનાં વાસણો, પ્રાયમસ, પેટી-પટારાં, બેટરી, ખાટલા, ગોદડાં, ધાબળા, દાગીના, સાયકલ, રેડિયો, ઘડિયાળ, ટોપલા, ટોપલીઓ, ટેબલ, ખુરશી વગેરે હોય છે. વાસણો તાંબા, પિત્તળ અને એલ્યુમિનિયમનાં

હોવા ઉપરાંત આર્થિક રીતે સારાં કુટુંબો સ્ટીલનાં પણ વસાવે છે અને ખુરશી, ટેબલ જેવું ફર્નિચર પણ છે. લોખંડના પલંગ, ખાટલા, ગાદલાં પણ નોકરિયાત વર્ગ વસાવે છે. દક્ષિણ ગુજરાતના માછીમારોમાં પણ સુખી માછીમારો લોખંડના પલંગ, કબાટ વગેરે વસાવે છે અને વધુ સારી સ્થિતિવાળાં કુટુંબો આધુનિક ફર્નિચર જેવું કે સોફા, તિજોરી, ખુરશી, ટેબલ, બાંકડા વગેરે રાખે છે. એકઠા કરેલા આંકડાઓ ઉપરથી જણાય છે કે તાંબા, પિત્તળ કે સ્ટીલનાં વાસણો સારાં એવાં કુટુંબો પાસે હતાં. આ ઉપરાંત રેડિયો, ઘડિયાળ વગેરે પણ સારાં એવાં કુટુંબોમાં હતું. કપડાં સીવવાના સંચા માત્ર ત્રણ કુટુંબો પાસે હતા.

પહેરવેશ :

પુરુષો :

પરંપરાગત પોશાકમાં માથે ફાળિયું, શરીરે અંગરખું, સુરવાળ અને ચોરણી તથા કમરે ભેટ. હાલમાં અન્ય ક્ષેત્રોની જેમ પહેરવેશમાં પણ પરિવર્તન આવેલું છે. અત્યારે તેઓ લેંઘા, બુશશર્ટ, પેન્ટ, કોટ વગેરે પહેરે છે. પુરુષો માથે ટોપી મૂકતા નથી પરંતુ રૂમાલ બાંધે છે. હાલમાં ઘણા ખારવા પુરુષો આધુનિક જાતના કાપડમાંથી બનાવેલાં કપડાં ઉપરાંત બૂટ, ઘડિયાળ, ગળામાં સોનાની ચેઈન વગેરે પણ પહેરે છે.

દક્ષિણ ગુજરાતમાં યુવાનો સિવાયના ખારવાઓ ટૂંકી ધોતી, ખમીસ અને માથે ટોપી પહેરે છે, જ્યારે યુવાનો આધુનિક પ્રકારનાં કપડાં પહેરે છે.

સ્ત્રીઓનો પહેરવેશ :

ખારવા જ્ઞાતિની સ્ત્રીઓના પહેરવેશમાં અન્ય જાતિની સ્ત્રીઓ કરતાં ભિન્નતા જોવા મળે છે. ખારવા સ્ત્રી અને કોળી ખારવા સ્ત્રીના

પહેરવેશમાં ભિન્નતા હોય છે. ખારવા સ્ત્રી ચોળી, સાડી, ચણીયા અને ઓઢાણું પહેરે છે. જ્યારે કોળી ખારવા સ્ત્રી કાળો કછોટો, ચોળી, ઓઢાણું અને સાડી પહેરે છે. આ રીતે તેઓ બીજી સ્ત્રીઓથી સ્પષ્ટ રીતે અલગ પડે છે. જો કે માઢવાડ અને કોટડા ગામોની સ્ત્રીઓના પહેરવેશમાં થોડું સામ્ય હોય એવું જોવા મળતું હતું.

દક્ષિણ ગુજરાતની સ્ત્રીઓ કાળી બોર્ડરમાં પીળી ભાતવાળી સાડી કછોટો વાળીને પહેરે છે. ઉપરાંત માથે ઢાંકવાનું કાપડ અને નીચેના ભાગમાં પહેરવાનું કપડું બન્ને અલગ અલગ રંગનાં હોય છે. યુવાન સ્ત્રીઓ ચણિયો, સાડી વગેરે પણ પહેરે છે. આ ઉપરાંત કેટલીક છોકરીઓ સ્કર્ટ પહેરે છે.

બાળકોનો પહેરવેશ :

બાળકો અન્ય બાળકોની જેમ બુશશર્ટ, ચડ્ડી, લેંઘો વગેરે પહેરે છે. નાની છોકરીઓ સ્કર્ટ, પોલકું ફ્રોક, પહેરે છે. ૧૦ વર્ષની કે તેથી મોટી છોકરીઓ ઘણે ભાગે ઘાઘરી અને પોલકું પહેરે છે. પરિણીત છોકરી માથે ઓઢાણું ઓઢે છે. આ લોકોના પહેરવેશમાં હવે પરિવર્તન જોવા મળે છે.

ઘરેણાં :

સૌરાષ્ટ્રની સ્ત્રીઓ સોના–ચાંદી જેવી કિંમતી ધાતુનાં ઘરેણાં અને કેટલીક સ્ત્રીઓ ચાંદી ઉપરાંત બીજી હલકી ધાતુનાં ઘરેણાં પહેરે છે. તેમનાં ઘરેણાં આ પ્રમાણે છે :

ગળામાં : હાર, મંગળસૂત્ર

કાનમાં : કાપ, કડીઓ, વાળી, બુટ્ટી

હાથમાં : કાચની બંગડી, કડું, ચાપડો, આંગળીમાં વીંટી, દક્ષિણ

ગુજરાતની સ્ત્રીઓ આખો હાથ ભરાય એ રીતે હાથી-દાંતની ચૂડીઓ પહેરે છે.

પગમાં : ઝાંઝર, કડલાં, પગની આંગળીઓમાં મોવેટ વગેરે, દક્ષિણ ગુજરાતમાં સ્ત્રીઓ પગમાં ચાદીના ભારે ડોલ્લા પહેરે છે.

નાકમાં : નથની (સોના–ચાંદીની), વાળી, વગેરે.

નાની વયના તેમ જ આર્થિક રીતે ગરીબ ખારવા લોકો હાલમાં પ્રચલિત બનાવટી ઘરેણાં ઘણે ભાગે પહેરતા જોવા મળે છે.

આનંદપ્રમોદ :

સ્ત્રીઓ રાસ–ગરબાની શોખીન હોય છે. તેઓ નવરાત્રીના દિવસોમાં ઉમંગભેર ભાગ લે છે. પુરુષો ભજનમંડળીમાં વધુ રસ ધરાવે છે. તેઓનો વ્યવસાય એવા પ્રકારનો છે કે એમાં મનોરંજનને ખૂબ જ ઓછું સ્થાન છે. કયારેક કથા–વાર્તાના કાર્યક્રમો પણ યોજાય છે. યુવકો ક્રિકેટ રમવાનો પણ શોખ ધરાવે છે.

ખોરાક અને પીણાં :

પહેલાંના સમયમાં તેઓ મચ્છીના બદલામાં અન્ય વસ્તુઓ ખરીદતા. તેઓનો મુખ્ય ખોરાક બાજરાના રોટલા અને માછલીનું શાક છે. કેટલાક લોકો ભાત સાથે માછલી ખાય છે. માછલાં તળીને પણ ખાય છે. તેમ જ તેનું રસાવાળું શાક પણ બનાવવામાં આવે છે. ઉપરાંત સૂકવેલી માછલી અને ડુંગળીનું શાક પણ થાય છે. ખારવાઓ 'માઈકુલાલ' નામની મચ્છીને ભાત સાથે ભેળવીને સ્વાદિષ્ટ વાનગી બનાવે છે. દરિયાઈ સફર વખતે બાફણ બનાવીને લઈ જાય છે અને બાફણ અને રોટલો ખાય છે. બાફણામાં માછલીને બાફીને તેમાં મસાલો ભરવામાં આવે છે. તેઓ માંસ કે લીલાં શાકભાજીનો નહિવત ઉપયોગ કરે છે.

દક્ષિણ ગુજરાતના માછીમારો ભાત અને માછલી ખાય છે. તેઓ પણ માંસ અને લીલાં શાકભાજીનો નહિવત્ ઉપયોગ કરે છે. કેટલાક લોકો શ્રાવણમાસ અને અગિયારસના દિવસે મચ્છી ખાતા નથી. તેઓ સવારમાં અને સાંજે ચા પીએ છે. તેઓ દારૂના ખૂબ જ શોખીન હોય છે. તેઓ એવું માને છે કે તેમની કામગીરીમાં મદ્યપાન અનિવાર્ય છે. યુવાનોમાં આ પ્રમાણ વધતું જાય છે. સ્ત્રીઓ આનાથી અલિપ્ત છે. કેટલાક ખારવા ભાઈઓ દારૂ ગાળવાની પ્રવૃત્તિ પણ કરે છે. તાજેતરમાં માંગરોળ, પોરબંદર, વેરાવળના યુવાનોએ દારૂનો વિરોધ કરી, જાતિપંચ દ્વારા તે પીવા સામે મનાઈ ફરમાવવામાં આવી છે. કારણ કે તેમની આવકનો સારો એવો ભાગ દારૂ પીવામાં વેડફાઈ જાય છે.

ખારવાઓની આર્થિક સંરચના

સૌરાષ્ટ્રના ખારવાઓનો મુખ્ય ધંધો મચ્છીમારીનો છે. ગૌણ ધંધાઓમાં મજૂરી, વેપાર, ખલાસી તરીકે નોકરી, ખેતી તેમ જ કારખાનાંઓમાં નોકરી વગેરેનો સમાવેશ થાય છે. કેટલાક લોકો નવરાશના સમયે જાળ ગૂંથવાનું કામ અને વહાણોનું સમારકામ પણ કરે છે.

પહેલાં તેઓ દરિયાઈ સફર કરતા હતા તેથી દૂર દૂરનાં સ્થળોએ વિદેશનાં બંદરો સુધી જતા હતા. કેટલાક લોકો વહાણ બાંધવામાં નિપુણતા ધરાવતા હતા. તેઓની દરિયાઈ સફરને પરિણામે વાસ્કો-દ-ગામા ભારત આવ્યા હતા. કાચની બોલબાલા પણ ખારવા ભાઈને કારણ વધી. વળી બીજા વિસ્તારના ખારવાઓને વહાણ બનાવવાનું કામ શીખવવાનું હોય તો તે કામ પણ આ લોકોને ફાળે જાય છે. દરિયા કિનારાના કોટ મુખ્ય કેન્દ્રથી મિયાંણા મત્સ્ય કેન્દ્ર સુધીનો સમગ્ર વિસ્તાર માછીમારીના ઉદ્યોગમાં રોકાયેલો છે. તેમાં મુખ્યત્વે ખારવાઓ જોડાયેલા છે.

સૌરાષ્ટ્રનાં બાર ગામોમાં ખારવાઓની વસતિ છે, જેમના ધંધાઓ નીચે પ્રમાણે છે.

(૧) મચ્છીમારી–મચ્છીની સુકવણી કરવી
(૨) વહાણવટું
(૩) માલની આયાત–નિકાસ
(૪) વ્યાપારધંધા
(૫) નોકરી–વેરાવળની સિમેન્ટ ફેકટરી, મીઠાપુરની તાતા કેમિકલ્સમાં
(૬) હોટલ–પાનગલ્લા
(૭) કારખાનામાં મજૂરી
(૮) ખેતી (માઢવાડ સુત્રાપાડા, ઓખામંડલ)
(૯) ગોદીકામ, મુંબઈ (તથા સોફાસેટ વગેરેનું લેલિંગ કામ)

દક્ષિણ ગુજરાત ના દંડેલો :

(૧૦) મચ્છીમારી, મચ્છીવેપાર
(૧૧) દરજીકામ
(૧૨) ડ્રાઈવિંગ
(૧૩) છૂટક મજૂરી.

વહાણવટામાં તેઓ અહીંથી કાલિકટ, મુંબઈ, દુબઈ, બહેરીન, મસકત અને ગલ્ફના દેશોમાં માલ સામાન લઈ જાય છે. અને ત્યાંથી માલ લાવે છે તેઓ ભાવ ટન પ્રમાણે લે છે. માલ ઉતારવાની સગવડ હોય તો ભાવ ઓછા હોય છે.

કામવિભાજન :

જુદાં જુદાં કામોમાં કેટલાંક કામ માત્ર પુરુષો, કેટલાંક માત્ર સ્ત્રીઓ અને કેટલાંક કામો બન્ને મળીને કરે છે. પુરુષો વહાણવટું, મચ્છીમારી, વેપાર વગેરે અને સ્ત્રીઓ ઘરની વ્યવસ્થા, રાંધવાનું, ઘરવખરીની વસ્તુઓની ખરીદી, બાળકોની સંભાળ, માછલીની સુકવણી, માછલીનું છૂટક વેચાણ, હોડી ઉપર મીઠું પાણી પહોંચાડવું, જાળો ગૂંથવી સમારવી વગેરે કરે છે.

અભ્યાસમાં નમૂનાનાં કુટુંબોની મોજણીનાં તારણો મુજબ લોકો જે જુદા જુદા વ્યવસાયોમાં રોકાયા છે, તેની વિગતો નીચે મુજબ છે :

કોઠો ૪ : ૧ : સૌરાષ્ટ્ર

ધંધો	કુલ કુટુંબો	પુરુષ	સ્ત્રી	કુલ	કમાનાર પુરુષ	કમાનાર સ્ત્રી	કમાનાર આધારિત પુરુષ	કમાનાર આધારિત સ્ત્રી	નહીં કમાનાર પુરુષ	નહીં કમાનાર સ્ત્રી
(૧) માછીમારી	૧૪૭	૬૧૩	૫૬૬	૧૧૭૯	૧૪૭	–	૧૫૭	૨૮	૩૦૯	૫૩૮
(૨) છૂટક મજૂરી	૨૦	૪૬	૬૦	૧૦૬	૧૯	૧	૪	૪	૨૩	૫૫
(૩) નોકરી	૨૦	૬૪	૬૧	૧૨૫	૨૦	–	૧૪	–	૩૦	૬૧
(૪) વ્યાપાર	૩	૧૨	૧૨	૨૪	૩	–	૩	–	૬	૧૨
(૫) ખલાસી કામ	૧૦	૩૪	૩૨	૬૬	૧૦	–	૧૦	–	૧૪	૩૨
કુલ	૨૦૦	૭૬૯	૭૩૧	૧૫૦૦	૧૯૯	૧	૧૮૮	૩૨	૩૮૨	૬૯૮

કોઠો ૪ : ૨ : દક્ષિણ ગુજરાત

ધંધો	કુટુંબ	પુરુષ	સ્ત્રી	કુલ	કમાનાર પુરુષ	કમાનાર સ્ત્રી	કમાનાર આધારિત પુરુષ	કમાનાર આધારિત સ્ત્રી	નહીં કમાનાર પુરુષ	નહીં કમાનાર સ્ત્રી
(૧) માછીમારી	૫૭	૨૫૦	૨૧૯	૪૬૯	૬૩	–	૫૯	૮	૧૨૮	૨૧૧
(૨) નોકરી	૩૨	૧૧૧	૧૦૭	૨૧૮	૩૫	–	૧૫	૨	૬૧	૧૦૫
(૩) છૂટકમજૂરી	૮	૩૭	૨૪	૬૧	૮	–	૨	–	૨૭	૨૪
(૪) વ્યાપાર	૩	૮	૭	૧૫	૩	–	૧	–	૪	૭
કુલ	૧૦૦	૪૦૬	૩૫૭	૭૬૩	૧૦૯	–	૭૭	૧૦	૨૨૦	૩૪૭

કોઠો ૪ : ૩ : સૌરાષ્ટ્ર

જુદા જુદા વ્યવસાયમાંથી થતું આવકનું વર્ગીકરણ (ટકામાં)

ધંધો	કુટુંબ સંખ્યા	માછલીની આવક	નોકરીની આવક	વ્યાપારની આવક	છૂટક મજૂરીની આવક	વાર્ષિક આવક (રૂા.માં)	માથાદીઠ વાર્ષિક આવક (રૂા.માં)
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧ માછીમારી	૧૪૭	૯૭.૯૨	૧.૩૫	૦.૧૦	૦.૬૩	૧૧૦૪૬	૧૩૭૭
૨ છૂટક મજૂરી	૨૦	—	—	—	૧૦૦	૪૦૫૧	૭૬૪
૩ નોકરી	૨૦	૩.૬૦	૯૪.૮૦	—	૧.૬૦	૬૮૭૮	૧૧૦૧
૪ વ્યાપાર	૩	—	૬.૮૭	૮૭.૯૭	૫.૧૬	૪૮૫૦	૬૦૬
૫ ખલાસી કામ	૧૦	૧૧.૮૮	૮૮.૧૨	—	—	૭૭૭૧	૧૦૭૧
કુલ	૨૦૦	૮૩.૧૮	૧૧.૧૯	૦.૭૪	૪.૮૯	૯૬૩૮	૧૨૮૫

કોઠો ૪ : ૩ : દક્ષિણ ગુજરાત

	૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	માછીમારી	૫૭	૮૬.૩૭	૯.૦૦	૪.૬૩	—	૯૬૩૨.૫	૧૧૭૦.૭
૨	નોકરી	૩૨	૯.૪૭	૮૭.૪૮	૩.૫	—	૮૭૪૫	૧૨૮૭.૭
૩	છૂટક મજૂરી	૮	૪.૫	—	૧૩.૩૪	૮૨.૨૦	૪૨૧૨	૫૫૨.૫
૪	વ્યાપાર	૩	—	—	૧૦૦	—	૬૯૩૩.૩	૧૩૮૬.૭
	કુલ	૧૦૦	૫૬.૮૫	૩૩.૨૦	૬.૭૧	૩.૧૪	૮૮૩૩.૯	૧૧૫૭.૮

કોઠો : ૪.૪

ધંધાવાર કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ (રૂા.માં)

ધંધાનું નામ	માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ							કુલ કુટુંબો
	માટી મજૂરી	છૂટક મજૂરી	નોકરી	વ્યાપાર	ખેતીવાડી	ઢોરઉછેર	કામ	
કુલ કુટુંબો	૧૪૭	૨૦	૨૦	૩	૧૦	૨૦૦		
ખેતમજૂર	૩૧.૪	૨૮.૧	૩૦.૬	૨૮.૬	૩૦.૩	૩૦.૦		
ઝાડુકામ	૦.૮	૨.૫	૧.૦	૧.૪	૦.૭	૧.૦		
માછલી ઇંડાં-માંસ	૭.૮	૫.૮	૭.૭	૭.૧	૭.૭	૭.૮		
ખાંડ-ગોળ-ખાંડ								
ફોલી મસાલા	૭.૮	૮.૫	૭.૪	૧૧.૧	૮.૫	૭.૮		
દૂધ-ઘી-તેલ	૧૩.૨	૧૨.૨	૧૩.૨	૧૬.૬	૧૫.૩	૧૩.૩		
દારૂ	૨.૧	૧.૨	૧.૪	—	૧.૩	૧.૮		
તમાકુ બીડી	૩.૮	૫.૦	૩.૫	૨.૮	૩.૬	૩.૮		
બળતણ-કોલસો	૫.૩	૮.૦	૫.૮	૬.૦	૬.૭	૫.૫		
મસાલો	૧.૪	૧.૩	૨.૩	૨.૧	૧.૮	૧.૫		
દવાદારૂ	૩.૨	૨.૩	૨.૦	૧.૬	૧.૮	૩.૦		
કપડાં-પગરખાં	૧૬.૪	૧૬.૩	૧૫.૫	૧૮.૦	૧૮.૦	૧૬.૪		
શિક્ષણ	૦.૭	૦.૨	૧.૪	૦.૭	૦.૫	૦.૭		
સામાજીક ધાર્મિક	૧.૧	૧.૩	૧.૨	૧.૨	૦.૮	૧.૫		
અન્ય	૪.૬	૬.૨	૭.૦	૨.૭	૩.૦	૪.૭		
કુલ	૧૦૦.૦૦	૧૦૦.૦	૧૦૦.૦	૧૦૦.૦	૧૦૦.૦	૧૦૦.૦		

દક્ષિણ ગુજરાતના ટંકેલો ધંધાવાર અસ્કયમાતો (ટકામાં)

ધંધો	કુલ કુટુંબો	મકાન	ધંધાનાં સાધનો ટ્રૉલર,હોડી,જાળ	ઘરવખરીનાં સાધનો	ઘરેણાં	રોકડ	શેર અનામત	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧ માછીમારી	૧૪૭	૧૨.૮૬	૭૭.૬૫	૪.૨૧	૫.૧૦	૦.૧૭	૦.૧	૧૦૦.૦૦
૨ છૂટક મજૂરી	૨૦	૪૨.૩૭	–	૨૯.૩૧	૨૮.૨૪	–	૦.૦૮	૧૦૦.૦૦
૩ નોકરી	૨૦	૫૨.૭૫	૨.૭૫	૨૪.૦૨	૧૮.૮૫	૧.૩૮	૦.૨૫	૧૦૦.૦૦
૪ વ્યાપાર	૩	૫૪.૨૩	૧૦.૪૫	૨૮.૪૮	૬.૬૩	–	૭.૧૨	૧૦૦.૦૦
૫ ખલાસીકામ	૧૦	૬૦.૯૪	૧૦.૯૯	૧૨.૬૪	૧૫.૩૭	૬૮.૮	૭.૭	૧૦૦.૦૦
કુલ	૨૦૦	૧૪.૭	૭૪.૪	૪.૮	૫.૭	૦.૩	૦.૧	૧૦૦.૦૦
દક્ષિણ ગુજરાતના ટંકેલો								
માછીમારી	૫૭	૨૫.૭૮	૫૪.૯૬	૬.૯૮	૧૨.૧૮	૦.૧૦	–	૧૦૦.૦૦
નોકરી	૩૨	૪૫.૭૪	૬.૫૩	૧૯.૯૦	૨૭.૭૯	૦.૦૪	–	૧૦૦.૦૦
છૂટક મજૂરી	૮	૫૪.૧૭	૭.૭૪	૧૮.૭૬	૧૯.૨૪	૦.૦૯	–	૧૦૦.૦૦
વ્યાપાર	૩	૭૩.૭૫	–	૧૭.૬૪	૮.૫૨	૦.૦૯	–	૧૦૦.૦૦
કુલ	૧૦૦	૩૧.૬૦	૪૩.૨૯	૯.૯૪	૧૫૦૦	૦.૧૦	–	૧૦૦.૦૦

કોઠો : ૪.૭

ધંધાવાર અને સાધનવાર દેવું

ધંધો	કુલ કુટુંબ	દેવાદાર કુટુંબ	શાહુકાર વ્યાપારી	સરકારી	સહકારી મંડળી	બેંક	સગાં સંબંધી	કુલ દેવાદાર કુટુંબ દીઠ દેવું	કુલ કુટુંબ દીઠ દેવું
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
મચ્છીમારી	૧૪૭	૧૨૭	૧૫.૫૮	૦.૫૭	૦.૩૮	૮૩.૧૧	૦.૩૬	૨૧૪૫૧.૧	૧૮૫૩૨.૬
છૂટક મજૂરી	૨૦	૧૬	૬૫.૯૭	–	–	૧૩.૮૯	૨૦.૧૪	૯૦૦.૧	૭૨૦.૦
નોકરી	૨૦	૧૭	૪૨.૬૨	૪૦.૯૮	૨.૦૫	૪.૧૦	૧૦.૩૫	૨૮૭૦.૬	૨૪૪૦.૦
વ્યાપાર	૩	૩	૩૧.૦૩	–	–	૬૮.૯૭	–	૯૬૬.૭	૯૬૬.૭
ખલાસી કામ	૧૦	૭	૭૩.૯૧	–	–	–	૨૬.૦૯	૧૬૪૨	૧૧૫૦.૦
કુલ	૨૦૦	૧૭૦	૧૬.૬	૧.૩	૦.૪	૮૧.૦		૧૬૪૮૧૭	૧૪૦૦૯.૫
દક્ષિણ ગુજરાત									
માછીમારી	૫૭	૩૦	૨૦.૧૧	૪.૦૯	–	૨૮.૬૩		૪૭.૧૭	–	–
નોકરી	૩૨	૧૨	૨૩.૨૮	–	–	—		૭૬.૭૨	–	–
છૂટક મજૂરી	૮	૭	૧૬.૬૭	–	–	—		૮૩.૩૩	–	–
વેપાર	૩	૧	–	–	–	—		૧૦૦.૦૦	–	–
કુલ	૧૦૦	૫૦	૨૦.૧	૩.૪	–	૨૩.૬		૫૨.૯	–	–

દેવાના ઉદ્‌ભવો :

ખાટવાઓનું મોટા ભાગનું દેવું ઉત્પાદકીય હતું. કુલ દેવાના ૮૩ % દેવું ધંધાનાં સાધનો, હોડી, ટ્રોલર ખરીદવા અને જાળ બનાવવા માટે હતું. હતું; સામાજિક અને નિર્વાહખર્ચનું દેવું નહિવત હતું.

દક્ષિણ ગુજરાતના માછીમારોનું દેવું પણ ઉત્પાદકીય હતું. કુલ દેવાના ૪૬ % દેવું મકાન બાંધકામ માટે, ૨૫ % દેવું ધંધાનાં સાધનો ખરીદવા અને ૧૭ % સામાજિક હેતુ માટે કરવામાં આવ્યું હતું.

કોષ્ટક ૪.૭ : ધંધાવાર અને સાધનવાર દેવું

ટિપ્પણ : કોષ્ટક ૪.૭ માં દર્શાવેલ માછીમારોનું દેવું તેમણે અગાઉ લીધેલ જુદી જુદી રકમોનું બનેલું છે. આ રકમો (૧) વ્યાજ, (૨) ચોમાસું, (૩) દરિયાઈ ઉત્પાદનની ખરીદી, (૪) સાધનો, (૫) સામાજિક પ્રસંગો, (૬) ખલાસી કામ, (૭) ખાવા, (૮) ઘરસામાન, (૯) ઘરબાંધકામ, (૧૦) ઉત્પાદન, (૧૧) વાળ, (૧૨) ઘરડાંસમા વગેરે. દરેક કુળને પોતાની ચોક્કસ કુળમાં દર પેઢી ઘણાખરા, ચોમાસું કુળમાં

૧૯, પરમાર કુળમાં ૧૦, જેઠવા કુળમાં ૬, ચાવડા કુળમાં ૮, ગોહેલ કુળમાં ૫, ચુડાસમા કુળમાં ૮, વાળા કુળમાં ૬, ઝાલા કુળમાં ૩, વાઘેલા કુળમાં ૩ અને સોલકી કુળમાં ૪ પેટાશાખાઓ નોંધાયેલી જોવા મળે છે.

કેટલાંક ગોત્રજ અને કુળદેવતા નીચે મુજબ છે :

ક્રમ	મૂળ શાખા	પેટાશાખ.–ગોત્રજ	કુળદેવી/કુળદેવતા
૧	રાઠોડ	માલમ, માલમડી, ભૂતીવાલા	માલણઆઇ, વઢવાસી આઈ,વીજવાસણુઆઈ
૨	,,	કોટિયા, કોટિયાવાળા	લુણાવઆઈ, રોણાઈ
૩	,,	દીવેટિયા	થુથાઈઆઈ
૪	ચૌહાણ	બાંડિયા, બાંડિયાવાળા	ખોડિયારઆઈ
૫	,,	ધોધલિયા	બાણુઆઈ
૬	,,	શેરાજી	વિંજવાસણુઆઈ, મમ્માઈ
૭	પરમાર	પરમાર	વધરાસીઆઈ, વેરાવળીઆઈ
૮	,,	મોતીવરસ	આવંડઆઈ, ચામુંડાઈ
૯	,,	ડાલકિયા	ખોડિયારઆઈ, ખેતરપાળ
૧૦	જેઠવા	મઢવી	દેવલાડીઆઈ
૧૧	,,	વીશાવાળિયા	વેરાવળીઆઈ
૧૨	,,	સુયાણી	વેરાવળીઆઈ
૧૩	ગોહિલ	ગોહિલ	માલણુઆઈ
૧૪	,,	પથારીવાળા	,,
૧૫	,,	તંબૂરાવાળા	,,
૧૬	ચુડાસમા	ચુડાસમા	ભાદ્રેશો
૧૭	,,	ચોરવાડી	ભવાની માતાજી
૧૮	,,	ખુદાઈ	માલણુઆઈ

૧૯	વાળા	સલેટ	ચામુંડામાતા
૨૦	,,	તોરણિયા	માલઈ
૨૧	,,	દેલવાડી	દેવલાડીઆઈ
૨૨	ઝાલા	જગતિયા	મમ્માઈ
૨૩	,,	તાવડિયા	સીગોતર, રોઝીબાઈ
૨૪	,,	ભેંસલિયા	
૨૫	વાઘેલા	સોનેરી	પોરાવ
૨૬	,,	ટોડરમલ	વેરાવળીઆઈ
૨૭	,,	પાંજરીવાળા	ચાલણુઆઈ
૨૮	સોલંકી	સુખડિયા	દેવલાડીઆઈ
૨૯	,,	વાંદરિયા	ચામુંડા, મમ્માઈ
૩૦	,,	વાંદરવાલા	સીંધવીઆઈ, વાછડો

કુટુંબ :

ખારવાઓમાં પિતૃસત્તાક વિભકત કુટુંબવ્યવસ્થા વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. દરેક કુટુંબમાં ૮થી ૧૦ સભ્યો હોય છે. સંયુક્ત કુટુંબો જૂજ પ્રમાણમાં જોવા મળે છે. પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા હોવા છતાં પણ સ્ત્રીઓનું સ્થાન ઊંચું જોવા મળે છે. કુટુંબમાં લેવાતા નિર્ણયોમાં તેમના અભિપ્રાયોને માન અપાય છે. વ્યવસાયમાં પણ સ્ત્રીઓ સારો ભાગ ભજવે છે. માછલાં–વેચાણની પાવતી સ્ત્રીઓના નામે ફાટતી હોય છે. આમ અનેક રીતે સ્ત્રીઓનું સ્થાન ઊંચું જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. ત્યાં નિર્ણયો કુટુંબના વડા લે છે. અન્ય સભ્યોની સલાહ લેવામાં આવે છે. આર્થિક ક્ષેત્ર કુટુંબના વડા સંભાળતા હોય છે. આ વિસ્તારમાં સંયુક્ત કુટુંબપ્રથાનું વર્ચસ્વ સારૂં એવું જોવા મળે છે.

કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ :

૧ થી ૧૪ વર્ષનાં બાળકોનું પ્રમાણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અનુક્રમે ૩૮.૭ ટકા અને ૪૪.૧ ટકા, કામ કરનાર વયજૂથના લોકોનું બન્ને પ્રદેશમાં પ્રમાણ અનુક્રમે ૪૭.૮ ટકા અને ૧૭.૫ ટકા તેમ જ ૬૦ વયથી વધુ ઉંમરના લોકોનું પ્રમાણ ઠીક ઠીક છે. બન્ને વિસ્તારોમાં કુટુંબનું કદ અનુક્રમે ૭.૫ અને ૭.૬ સભ્યોનું હતું. મોટા કુટુંબ કદને જોતાં એ પણ સ્પષ્ટ થાય છે કે કુટુંબનિયોજનનો પ્રભાવ નથી.

જાતિપંચ :

ખારવા જાતિમાં જાતિપંચ ખૂબ જ મજબૂત છે. દરેક વિસ્તારમાં પોતપોતાનું જાતિપંચ અસ્તિત્વ ધરાવે છે. ખારવાઓનાં બારે ગામોમાં મિલકત અને લગ્નની બાબતમાં પંચનો નિર્ણય આખરી ગણાય છે. પંચના વડા, પટેલને માનનીય તરીકે સ્વીકારવામાં આવે છે. આ પંચનો લાભ ખારવા સિવાયના અન્ય લોકો પણ લે છે. પંચની બેઠક અમાસ અને અગિયારસના દિવસે મળે છે અને આ દિવસે ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે. વારસાઈના કિસ્સામાં પ્રથમ બન્ને પક્ષની કોરા કાગળ ઉપર સહી કરાવીને પંચ નિર્ણય લે છે. ઝઘડા માટે કોર્ટનો આશરો લેનારને નાત બહાર મૂકવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં જાતિપંચ મારવાની અને જેલની સજા પણ કરે છે.

વેરાવળમાં આવેલી પંચની અંધારી ઓરડીનો જેલ તરીકે ઉપયોગ થાય છે. જાતિ પંચના પટેલને રૂ. ૫૦૦ જેટલું માનદ વેતન આપવામાં આવે છે.

જાતિપંચના બંધારણનું માળખું :

બંધારણનું લેખિત માળખું નથી. જાતિપંચમાં પટેલ પંચના વડા

અને ચાર ચોવટિયા પટેલના મદદનીશ તરીકે કામ કરે છે. પટેલનું સ્થાન ઊંચું હોવાથી તે અમર્યાદિત સત્તાનો ઉપયોગ કરે છે.

ખારવા વાડમાં નાના નાના જૂથની ગણતરી તરીકે પ્રથમથી જ "બેઠક" નો રિવાજ છે, જે અમુક વ્યક્તિ અગર તો કુળી કે તેવા કોઈ નામથી ઓળખાય છે. આવી ૧૬ બેઠક છે એમના દરેકના પટેલ હોય છે. લગ્ન, મરણ વગેરે પ્રસંગોએ આ સભ્યો મદદરુપ બને છે. દરેક સભ્યે નિયત રકમનો વેરો ભરવાનો રહે છે.

આ બેઠકોને નાનીમોટી સંખ્યા મુજબ બે અગર ચાર પ્રતિનિધિઓ નિયત કરી આપેલા છે. બધા પ્રતિનિધિઓથી સમસ્ત જાતિનું પંચ બને છે. તે આ પટેલ, ચાર ચોવટિયા અને એક ખજાનચીની ચૂંટણી કરે છે. આ હોદ્દેદારોની મુદત એક વર્ષની હોય છે. શ્રાવણ વદ તેરસના દિવસે ડાયરો યોજાય છે. ડાયરો પૂરો થયા બાદ વર્ષના હિસાબ રજૂ કરવામાં આવે છે.

કોઈ ખારવા ભાઈને કોઈની સામે ફરિયાદ હોય કે ઝઘડો થયો હોય તો પ્રથમ પટેલ અથવા ચોવટિયા દ્વારા ઉકેલ લાવવાનો પ્રયત્ન થાય છે, પરંતુ જો ઉકેલ ન આવે અથવા ફરિયાદી "વેરો" ભરી પંચ સમગ્રના ચુકાદાની માંગણી કરે તો પંચ પોતાનો ચુકાદો આપે છે. ચુકાદા સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં જ્યારે કામ હોય તેવા દિવસોમાં અપાય છે.

પંચનો નિર્ણય આખરી હોય છે. માત્ર પંચ જ પોતાના નિર્ણયની ફેરવિચારણા કરી શકે છે અને તેનો ચુકાદો માન્ય રાખવો છે. વ્યક્તિ ચુકાદો ન સ્વીકારે તે વ્યક્તિને નાત બહાર મૂકવામાં આવે છે.

વેરાવળ જાતિ પંચ :

વેરાવળમાં ખારવાઓના કુલ ૧૪ ડાયરા છે, જેમાં ૬ મોટા અને

૮ નાના ડાયરા છે. ડાયરા એટલે અમુક વિસ્તારના લોકોનો સમૂહ. ડાયરાને બેઠક તરીકે પણ ઓળખવામાં આવે છે. વેરાવળના જાતિપંચમાં ૬૪ વ્યક્તિઓની કાર્યવાહક સમિતિ છે, જેમાં મોટા ડાયરામાંથી ૪ અને નાના ડાયરામાંથી ૨ પ્રતિનિધિઓ નક્કી કરવામાં આવે છે.

સામાન્ય કાર્યવાહક સમિતિની રચના :

(૧)	મોટી બેઠકના દરેકના ચાર પ્રતિનિધિ લેખે ૬ × ૪	૨૪
(૨)	નાની બેઠકના બે પ્રતિનિધિ લેખે ૮×૨	૧૬
(૩)	ખજાનચી	૨
(૪)	ટ્રૉલરબોર્ડ મંડળીનો પ્રતિનિધિ	૧
(૫)	લોઢી સમાજનો પ્રતિનિધિ	૧
(૬)	વહાણ મંડળીનો પ્રતિનિધિ	૧
(૭)	દલાલો (વહાણોના)	૧૯
		૬૪

આ ૬૪ સભ્યોમાંથી દર વર્ષે પટેલને ચૂંટવામાં આવે છે. દર વર્ષે કાર્યવાહક સમિતિની બેઠક બોલાવવામાં આવે છે, જેમાં હિસાબ રજૂ કરવામાં આવે છે આ સમયે વહીવટ અંગે પણ ચોખવટ માગી શકાય છે. ત્યારબાદ ગુપ્ત મતદાન પદ્ધતિ મુજબ સભ્યો ચિઠ્ઠીમાં નામ લખે છે. મતગણતરી થતાં બહુમતી મેળવનાર વ્યક્તિ પટેલ જાહેર થાય છે. પટેલ ત્રણ ચોવટિયા અથવા મદદનીશ નીમે છે જ્યારે સમિતિ ત્રણ ચોવટિયા અને બે ખજાનચી ચૂંટે છે. પટેલને ચૂંટયા પછી તેને પાઘડી પહેરાવવામાં આવે છે. પછી પટેલ કામનાથ મહાદેવના દર્શન કર્યા બાદ પ્રભાસપાટણ દર્શન કરવા જાય છે. પંચની કાર્યવાહક સમિતિ દરરોજ દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી રાત્રીના ૧૦ સુધી મળે છે.

તેમાં રોજિંદા ઝઘડાનો ઉકેલ લાવે છે. ઝઘડો થાય ત્યારે દંડ લેવામાં આવે છે. ગંભીર કિસ્સામાં સમગ્ર કાર્યવાહક સમિતિની બેઠક બોલાવવામાં આવે છે

જાતિપંચની આવક :

(૧) ઝઘડાના દંડની રકમ
(૨) ખારવા કુટુંબમાં લગ્ન સમયે અપાતો ફાળો
(૩) સભ્યોએ કરેલું દાન
(૪) ભાડે આપેલ મકાનનું ભાડું

વેરાવળ પંચ હાલમાં એક શાળા ચલાવે છે, જે ૧૯૩૬થી શરૂ થયેલી છે. ખારવા યુવક મંડળ એક ગ્રંથાલય ચલાવે છે. જાતિપંચ કેવી મહત્ત્વની કામગીરી બજાવે છે તેના કેટલાક કિસ્સા ક્ષેત્રકાર્ય દરમિયાન નિહાળેલા હતા.

(૧) એક કેસમાં માતા અને પુત્ર વચ્ચે ઝઘડો હતો. પુત્ર માતાને મારતો અને તેને અલગ થઈ જઈ જવા કહેતો. માતાએ ફરિયાદ કરી. પંચે ઠરાવ્યું કે તે છોકરાને અલગ થવું હોય તો બીજે ઘર રાખી જતું રહેવું, પરંતુ તેની માને મારવી નહિ. જો તેમ કરશે તો કોટડીમાં પૂરી દેવામાં આવશે એવી ધમકી પણ આપી હતી.

(૨) બીજા કિસ્સામાં એક ખારવા ભાઈએ બીજા જ્ઞાતિના ભાઈ પાસેથી ઉછીનાં નાણાં લીધાં હતાં તે આપતો નહોતો. આ ભાઈએ જાતિપંચમાં ફરિયાદ કરી. પંચે તે ખારવા ભાઈને બોલાવ્યો અને બન્ને વચ્ચે સમાધાન કરાવી ખારવાભાઈને લીધેલા પૈસા પાછા વાળવા હપ્તા બાંધી આપ્યા અને આ હપ્તાની રકમ પંચને આપવી અને પંચ જાતે આ પૈસા તે ભાઈને ચૂકવશે એમ ગોઠવ્યું.

(૩) ત્રીજા કિસ્સામાં કેરોસીન અને ડીઝલને તંગીના સમયે કેટલાક ખારવા ભાઈઓએ દુકાને જઈ ધાંધલ મચાવ્યું હતું. તાલુકાના મામલતદારે જાતિપંચનો સંપર્ક સાધી તેમના ભાઈઓ તોફાન ન કરે તેવું સમજાવવા કહ્યું અને ડીઝલ કેરોસીન આવશે એટલે તરત જ વહેંચવામાં આવશે એવી ખાતરી પણ આપી. પંચે પોતાના જાતિભાઇઓને ધંધલ કરતાં અટકાવ્યા હતા. વેરાવળ જાતિપંચ ઉપરાંત પોરબંદર જાતિપંચ પણ છે, જેમાં કુલ ૯ બેઠકો છે.

કોળી ખારવા પંચ :

કોળી ખારવા પંચ સમગ્ર ખારવા પંચથી ઘણી રીતે જુદું પડે છે. કોળી ખારવા પંચ કોઈ પ્રતિષ્ઠિત, ભણેલ અને આવડતવાળી સ્વજાતિની વ્યકિતને પોતાના પટેલ તરીકે નકકી કરે છે. આ ઉપરાંત બીજા પાંચ પ્રતિનિધિઓ કે આગેવાનો પણ આ રીતે નકકી થાય છે. તેઓ અંદર અંદરના ઝઘડાનું નિરાકરણ લાવે છે. પટેલને પગાર આપવામાં આવતો નથી. પંચને નાણાંની જરૂર ઊભી થાય તો હોડી દીઠ વાર્ષિક રુ. ૨૫ ઉઘરાવે છે. છૂટાછેડા માંગનાર વ્યકિતએ મંદિરમાં રુ. ૫૫૦૧ મૂકવા પડે છે. આ પૈસા મંદિર ખાતે જ રહે છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોનું પણ જાતિપંચ છે. ગામના પ્રતિષ્ઠિત વ્યકિતઓની પંચમાં પસંદગી થાય છે. પંચમાં ૧૦થી ૨૧ સભ્યો હોય છે. પંચ વાદી અને પ્રતિવાદી એમ બન્નેનું સાંભળીને ઝઘડાનું નિરાકરણ લાવે છે. કેટલાક કિસ્સામાં ૫ કે ૭ સભ્યોનું લવાદ પંચ પણ નીમવામાં આવે છે. પંચના નિર્ણયને લોકો માન આપે છે અને પંચ પ્રત્યે આદર રાખે છે.

ખારવા જાતિમાં જાહેર રીતે કામ કરતી સંસ્થાઓમાં નવી બંદર

ધજાધારી યુવક મંડળ અને વિદ્યાર્થી મંડળનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાર ગામ ખારવા સમાજનું મર્યાદિત મુખપત્ર "દરિયાછોરું" પ્રગટ થાય છે. તેમાં સમાજના પ્રશ્નોને વાચા આપવામાં આવે છે.

ખારવા જાતિનું અન્ય જાતિમાં સ્થાન :

ખારવાઓ જુદા જુદા સમુદાયો સાથે રહે છે. તેમાં અહીર અને મેર લોકો સાથે તેમના સંબંધો સારા છે પરંતુ પોરબંદર અને વેરાવળના ખારવાઓને મુસ્લિમો સાથે સારા સંબંધો નથી. બન્ને વચ્ચે વારંવાર નાની મોટી અથડામણ થતી રહે છે. આ સિવાય અન્ય સમુદાયો સાથે તેઓના સંબંધો સારા છે. એક બાબત નોંધવી જોઈએ કે પોરબંદરમાં રાજકીય પક્ષોને કારણે ગુંડાગીરી વધી પડી છે અને પૈસાપાત્ર લોકો પૈસાના જોરે ખારવાઓને હાથા બનાવી ધાંધલતોફાન કરાવે છે એમ કહેવાય છે.

સગાઇ–સંબંધો :

અન્ય સમુદાયની જેમ ખારવાઓમાં પણ સગાઈ–સંબંધોનું–માળખું લોહી–આધારિત અને લગ્ન–આધારિત સંબંધોથી ઘડાય છે. લોહી–આધારિત સગાઈ સંબંધોમાં પિતા, માતા, પુત્ર, બહેન, કાકા, દાદા, દાદી વગેરે આવે. પિતાના ગોત્રની વ્યકિતઓને એક જ પૂર્વજનાં સંતાનો માને છે. બધાં સાથે નિકટના સંબંધો હોય છે. ખારવાઓમાં મામા–ફોઈનાં સંતાનોમાં લગ્ન થાય છે. એટલે લગ્નવર્તુળ નજીકના સંબંધીઓમાં જ ગૂંથાયેલું જોવા મળે છે. લગ્ન આધારિત સગાઈ–સંબંધોમાં પતિ–પત્ની, સાસુ–સસરા, નણંદ–ભોજાઈ,સાળા–સાળી, બનેવી વગેરે.

ખારવામાં વપરાતા કેટલાક સગાઇસંબંધોના કેટલાક શબ્દો એક કરતાં અનેક વ્યકિતઓને લાગુ પડે છે. જેમ કે પત્નીના પિતા માટે

'મામા' શબ્દ વપરાય છે. મામા-ફોઈનાં સંતાનોમાં લગ્ન થતાં હોવાથી સસરા માટે બીજો શબ્દ નથી. "ફોઈ" શબ્દ પણ અનેક સગાઈ સંબંધોના સંદર્ભમાં વાપરવામાં આવે છે.

સામાજિક રીતરિવાજો

સામાજિક રીતરિવાજો જીવનચક્રમાંના કેટલાક પ્રસંગો જેવા કે જન્મ, લગ્ન, મૃત્યુ આદિ સાથે સંકળાયેલા છે. ખારવા જાતિના અભ્યાસમાં સૌરાષ્ટ્રના ખારવાઓ તેમ જ દક્ષિણ ગુજરાતના માછીમારોના સામાજિક રીતરિવાજો જુદા જુદા હોવાને લીધે તેમની માહિતી જુદી જુદી આપવામાં આવી છે.

રજસ્વલા સ્ત્રી :

ખારવા જાતિમાં સ્ત્રીઓ રજસ્રાવ દરમિયાન અન્ય હિન્દુ વર્ગની સ્ત્રીઓની જેમ કેટલાક આચારવિહારના નિયમોનું પાલન કરે છે. ખારવા જાતિમાં રજસ્વલા સ્ત્રીને "બહાર બેઠી છે" અથવા "અટકાવમાં છે", "ધર્મમાં છે", "અછૂત છે" વગેરે ઉક્તિઓથી નિર્દેશવામાં આવે છે. આ દિવસોમાં તે રસોડા અને પાણિયારા પાસે જઈ શકતી નથી, પરંતુ તે ખૂણામાં કે બહાર ઓસરીમાં બેસે છે. ૧૦ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ તેને અડકી શકતી નથી. આ સ્ત્રી ખાટલામાં ન સૂતાં જમીન ઉપર કંતાનની બનાવેલી ગોદડીમાં ચાર દિવસ સુધી સૂવે છે. કપડાં પણ જૂનાં પહેરે છે. તે દેવમંદિરે જઈ શકતી નથી કે ઘરમાં દીવો પણ કરી શકતી નથી. આ દિવસોમાં જાતીય સંબંધ બાંધવાનો નિષેધ છે. આ દિવસોમાં જાતીય સંબંધ બાંધવાથી પાપ લાગે છે અને ભગવાનના ગુનેગાર બનાય છે, એમ માનવામાં આવે છે. સ્ત્રી જો અટકાવમાં ન બેસે તો તેને ગર્ભ રહ્યો છે એમ મનાય છે. આની

જાણ સામાન્ય રીતે તેના પતિને તે એક માસ બાદ કરે છે. પતિ-પત્નીના જાતીય સંબંધથી અને ઈશ્વરની કૃપાથી ગર્ભધારણ થાય છે એવી સ્પષ્ટ માન્યતા છે. ખારવા જાતિમાં કોઈ સ્ત્રીને ગર્ભ ન રહે તો ધાર્મિક વિધિ કરવામાં કે ભગતભૂવા પાસે બાધા રાખવામાં આવતી નથી. ગર્ભ રહ્યા બાદ કુળદેવીની તેમ જ રામદેવ પીરની માનતા રખાય છે. નાળિયેર, સોનાનો ચાંદલો, રૂપાનું છત્ર, ભાત અને ધાત્રીની માનતા રખાય છે અને તે યથા સમયે પૂરી કરાય છે. કેટલાંક કુટુંબો મુસ્લીમ પીરના દોરાધાગા પણ કરાવે છે.

સીમંત :

સ્ત્રીને ગર્ભ રહ્યાના પાંચમા કે સાતમા માસમાં અને જો કુટુંબમાં કોઈનું મરણ થાય તો નવમા માસે ખોળો ભરવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના માછીમારો આ વિધિને ખોળો ભરવો એમ કહે છે. સૌ પ્રથમ સાસરી પક્ષ તરફથી વહુને પિયર સંદેશો મોકલવામાં આવે છે અને નક્કી કરેલ દિવસે ત્યાંથી અમુક લોકોને બોલાવવામાં આવે છે. આ દિવસે સ્ત્રીનાં માતા-પિતા નાળિયેર, ચોખા અને યથાશક્તિ કપડાં લાવે છે. આ પ્રસંગે ગોત્રના સંબંધીઓને પણ નોતરવામાં આવે છે. ખોળાની વિધિ સ્ત્રીઓ કરાવે છે. ગર્ભ રહેલી સ્ત્રીના ખોળામાં નાળિયેર, ચોખા, ઘઉંના દાણા વગેરે નાંખવામાં આવે છે, તેમ જ તેને કંકુનો ચાંદલો કરવામાં આવે છે. આ વિધિ દરમિયાન બીજી સ્ત્રીઓ ગીતો ગાય છે. આ સીમંતિનીનો દિયર કંકુથી તેનો હાથ રંગે છે અને આ સ્ત્રી બધે થાપા મારે છે. આ વિધિ બાદ તે આજુબાજુનાં ઘરે મળવા જાય છે. પોતાના માતાપિતાના ઘેર જતાં પહેલાં પિયરમાંથી લાવેલી રાખડી સીમંતિનીને હાથે બાંધવામાં આવે છે.

સુવાવડ :

ખારવા જાતિમાં સુવાવડ ખારવા અથવા મુસ્લિમ દાયણ દ્વારા

કરાવવામાં આવે છે. મોટા ભાગની સુવાવડ ઘેર કરાવવામાં આવે છે. દાયણને રુ. ૧૦ રોકડા, ચોખા અને નાળિયેર આપવામાં આવે છે. પ્રથમ સુવાવડ સ્ત્રીના માતા-પિતાને ઘેર કરાવવામાં આવે છે. ગંભીર કેસમાં સ્ત્રીને દવાખાને લઈ જવાય છે. દક્ષિણ ગુજરાતના માછીમારોમાં પ્રથમ સુવાવડ સમયે સ્ત્રીને ખૂબ પીડા ઊપડે તો પતિના જમણા પગના અંગુઠાને ધોઈને તે પાણી તેને પિવડાવવામાં આવે છે. એ પાણી પાવાથી સ્ત્રીની પીડા બંધ થાય છે અને તેને પ્રસવ જલદી થાય છે એવું માનવામાં આવે છે.

પ્રસવ બાદ સ્ત્રીને ઘરના અંદરના ભાગમાં રાખવામાં આવે છે. તેને ખોરાકમાં બાજરીનો રોટલો, કાળાંમરી, બાજરાના લોટનો શીરો (ઘીમાં બનાવેલો) તેમ જ લોટમાં ઘી-ગોળ નાંખીને બનાવેલી રાબડી વગેરે આપવામાં આવે છે. આ સ્ત્રીને ઘઉંનો કોઈ ખોરાક આપવામાં આવતો નથી, જેથી કરીને જન્મેલા બાળકની તંદુરસ્તીને વિપરીત અસર ન થાય. પ્રસવના સાતમા દિવસ પછી માછલી પણ આપવામાં આવે છે. પરંતુ માછલી ખાધા બાદ થોડી થૂલાની રાબ પીવડાવવામાં આવે છે જેથી બાળક બીમાર ન પડે.

પ્રસવ બાદ ધાર્મિક વિધિમાં બ્રાહ્મણને બોલાવી ગોત્રનાં દેવ-દેવીની વિધિ કરાવવામાં આવે છે અને બાળકોને મીઠાઈ વહેંચવામાં આવે છે. બ્રાહ્મણને સીધું અને રોકડ દાન અપાય છે.

છઠ્ઠીની વિધિ :

પ્રસવના છઠ્ઠા દિવસે થતી છઠ્ઠીની વિધિને "છ તમાઈ ઢાંકવી" કહે છે. છઠ્ઠીની વિધિ પ્રસવ કરાવનારી દાયણ દ્વારા કરાવવામાં આવે છે. પ્રસૂતા સ્ત્રીના ખાટલા પાસે ઘીનો દીવો, છાણાં, મેશ, પ્રસૂતાના

વાળ વગેરે મૂકવામાં આવે છે. આ વિધિ બાદ બાળકને વસ્ત્ર પહેરાવવામાં આવે છે. આ સમયે જો દીકરો હોય તો તેને બાપ જેવો અને દીકરી હોય તો તેને માતા જેવી થવાનો આશીર્વાદ આપવામાં આવે છે. પ્રસવના ૪૫ દિવસ સુધી સ્ત્રીએ તદ્દન અછૂત રહેવાનું હોય છે. ત્યારબાદ જ તે ઘરનું કામ કરી શકે છે.

નામકરણ વિધિ :

બાળકના જન્મ બાદ ત્રીજા, ચોથા અથવા છઠ્ઠા દિવસે નામકરણની વિધિ કરવામાં આવે છે. બાળકની ફોઈ નામ અંગે બ્રાહ્મણને પુછાવે છે અને દાનમાં સવા રૂપિયાથી બે રૂપિયા આપે છે. આ દિવસે બાળની ફોઈ પોતાની શક્તિ પ્રમાણે ચાંદીના કંદોરો અથવા છીંટનું કાપડ આવે છે. બાળકનાં ફોઈની આર્થિક સ્થિતિ સારી ન હોય તો પણ છીંટનું કપડું તો લાવવું જ પડે છે. બાળકના પિતા આ પ્રસંગે પોતાની બહેનને સાડી અથવા એક જોડ કપડાં આપે છે.

વાળ ઉતારવાની વિધિ :

બાળકની ઉંમર દોઢેક વર્ષની થાય ત્યારે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસે બાળકની ફોઈ તથા વાળંદ ઘઉંની પૂરી, થેપલાં, અડદ-મગની દાળના પૂડા, તલ, ગોળ, નાળિયેર, માતાજી માટે હાર, દિવેલ વગેરે સાથે બાળકના ઘેર જાય છે. વાળંદ બાળકના વાળ કાપે છે, જે બાળકની ફોઈ પોતાના ખોળામાં ઝીલે છે. આ વાળ પછીથી સમુદ્રમાં નાખવામાં આવે છે. વાળ કાપ્યા બાદ બાળકને દૂધ અને પાણીથી નવડાવવામાં આવે છે. તે પછી જમવામાં બનાવેલી વાનગી ફોઈ તથા બ્રાહ્મણને આપ્યા બાદ બાકી રહેલું બાળકો વચ્ચે વહેંચવામાં આવે છે.

લગ્ન પહેલાં અને પછીના જાતીય સંબંધો :

ભાવિ પતિ-પત્ની લગ્ન પહેલાં જાતીય સંબંધ બાંધી શકતાં નથી. છોકરી લગ્ન પહેલાં સગર્ભા થાય તો તેને ઘૃણાની નજરે જોવામાં આવે છે. પહેલાં આવી છોકરીઓને માબાપ ઝેર આપતાં પરંતુ હવે આવું થતું નથી; હવે ગર્ભપાતથી બાળકનો છાની રીતે નિકાલ કરવામાં આવે છે.

લગ્ન પછીના જાતીય સંબંધોમાં પુરુષની બેવફાઈને વ્યક્તિગત દોષ રૂપે જોવામાં આવે છે, પરંતુ સ્ત્રીની બેવફાઈને સામાજિક દોષ રૂપે જોવામાં આવે છે. પહેલાંના વખતમાં આવી સ્ત્રીને મારઝૂટ પણ કરાતી હતી.

લગ્ન :

ખારવાઓમાં મુખ્યત્વે બે જાતિઓ : ખારવા અને ખારવા-કોળી છે. બન્નેમાં સગોત્રલગ્નનિષેધ છે. ખારવાઓમાં જૂજ પ્રમાણમાં મામા-ફોઈનાં બાળકો વચ્ચે લગ્ન સંબંધ સ્થપાય છે. ઓખા મંડળ અને માંગરોળમાં મામાની પુત્રી સાથે લગ્ન થઈ શકે છે. પોરબંદર અને વેરાવળના કોળી-ખારવામાં મામા-ફોઈનાં છોકરાં વચ્ચે લગ્નસંબંધો સ્થપાતા નથી. નવી બંદર અને સુભાષનગરના ખારવાઓ વેરાવળ અને પોરબંદરના ખારવાઓ સાથે બેટીવ્યવહાર રાખતા નથી. સુભાષનગર, મિયાણી, નવી બંદર, ઓખા-મીઠાપુરના ખારવાઓ પૂરતો બેટીવ્યવહાર છે. પોરબંદરના ખારવાઓને માંગરોળ અને દ્વારકાના ખારવાકુટુંબોમાં બેટીવ્યહાર છે.

સૌરાષ્ટ્રના ખારવાઓ અને દક્ષિણ ગુજરાતના ટંડેલો વચ્ચે લગ્ન-

વ્યવહાર નથી. દક્ષિણ ગુજરાતમાં નિશ્ચિત ગામોમાં જ માછીમાર કુટુંબોમાં લગ્નવ્યવહાર થઈ શકે છે.

કન્યાવિક્રય :

અત્યાર સુધી ખારવાઓમાં કન્યાવિક્રયની પ્રથા નહોતી. ૫૦ વર્ષ પૂર્વે છોકરાવાળા કન્યાને ૫૦ રૂ. દહેજ સાથે કપડાં, ચાંદીની કલ્લી, સોનાની નથણી અને હાથીદાંતનો ચૂડો આપતા હતા. હાલમાં રૂા. ૪૦ દહેજમાં અને ઉપર પ્રમાણેની વસ્તુઓ આપવામાં આવે છે.

કન્યા પક્ષના પ્રતિનિધિઓ છોકરાને માથે પાઘડી બાંધે છે અને કન્યા ઘરની આર્થિક સ્થિતિ સારી હોય તો સોનાની વીંટી પણ આપે છે. હાલમાં કન્યાઓની સંખ્યા વધતાં નાતની બંધી હોવા છતાં કન્યાનાં માબાપ છોકરાનાં માબાપને ખાનગીમાં પૈસા આપે છે.

સગાઈ :

છોકરીપક્ષ છોકરાપક્ષને ત્યાં સગાઈ માટે કહેણ મોકલે છે. હાલમાં ખારવા જાતિમાં છોકરીઓની સંખ્યા વધવાને કારણે આ પરિવર્તન આવેલું છે. સગાઈ નક્કી કરતાં પહેલાં બન્ને કુટુંબો પરસ્પર વાત કરે છે. છોકરાનાં માબાપ કન્યાનું કુટુંબ, તેમનો સ્વભાવ, ચાલચલગત અને છોકરી ભણેલ હોય તો તેના અભ્યાસની તપાસ કરે છે. જ્યારે કન્યાનાં માતાપિતા છોકરો કમાય છે કે નહીં તેની તપાસ કરે છે. લગ્નની વિધિ રાજગોર નક્કી કરે છે. બધાં લગ્ન લગભગ અષાઢ માસમાં જ કરવામાં આવે છે. ખારવા જાતિમાં એક પતિ-પત્ની લગ્નની પ્રથા છે. પસંદ કરાયેલા કુટુંબમાં એક પણ સભ્યને એક કરતાં વધુ પત્નીના કિસ્સા નથી. તેમ છતાં પ્રથમ પત્નીથી બાળક ન

જન્મે તો તે પત્નીની મંજૂરી લઈને પુરુષ બીજું લગ્ન કરી શકે છે. કેટલાક સંજોગોમાં છોકરો યુવાન વયે વિધુર થાય તો તે પુનર્લગ્ન કરે છે.

લગ્નમાં સગાંઓ તેમ જ ઓળખીતાંઓને નોતરવા કંકોત્રી છપાવવામાં આવે છે. લગ્નની તિથિના આગલા દિવસે જમણવાર યોજવામાં આવે છે. જમણમાં દાળ, ભાત, શાક, મોહનથાળ અથવા બીજી કોઈ મીઠાઈ બનાવવામાં આવે છે.

નક્કી કરેલા દિવસે વરઘોડો કાઢવામાં આવે છે. વર કોટ, પાટલૂન અને માથે સાફો ધારણ કરી ઘોડા ઉપર બેસે છે. વરઘોડામાં સ્ત્રીઓ ગીત ગાય છે. વરરાજા ઘોડા ઉપર બેસે ત્યારે તેના જમણા હાથમાં તલવાર, ડાબા હાથમાં નાળિયેર અને ભેટમાં જમૈયો હોય છે. ખારવાઓ રજપુત છે અને રજપુતની શકિત તલવાર છે. એ શકિતના પુરાવા રૂપ તલવાર ધારણ કરીને ઘોડા ઉપર ચઢે છે એમ મનાય છે.

મામેરું :

વરઘોડા પહેલાં બપોરના સમયગાળામાં મોસાળમાંથી મામા મામેરું લઈને આવે છે. મામાના ઘેરથી બે-ત્રણ સ્ત્રીઓ ઢોલ વગાડનાર સાથે આવે છે. મામાની આર્થિક, સ્થિતિ સારી હોય તો ભાણેજને સોનાની વીંટી, કપડાં વગેરે આપે છે તેમ જ તેને શ્રીફળ અને સોપારી હાથમાં આપે છે.કન્યાનું લગ્ન હોય તોપણ મામેરું આવે છે અને મામા તરફથી કંઈને કંઈ યથાશકિત આપવામાં આવે છે.

લગ્નમાં ઢોલ વગાડવા માટે મીરને બોલાવવામાં આવે છે. તેમાં વરરાજાદીઠ તેને રૂા. ૧૨ આપવામાં આવે છે સૌરાષ્ટ્રમાં માંગરોળમાં

પીર બોલાવાય છે. પોરબંદરમાં આ પ્રથા નથી. મીરને મુકરર રકમ સિવાય રૂા. ૧૦૦ થી ૨૦૦ મળે છે.

પોંખવાની વિધિ :

એક થાળીમાં ૪ પિંડ રાખવામાં આવે છે, જેમાં ૧ માટીનો, ૧ રાખનો અને બે ભાતના. આ ઉપરાંત નાળિયેર, ચાંદલીની શીશી, ચોખા અને ચાર સોપારીઓ હોય છે. એક એક પિંડ વરરાજાના માથે ફેરવીને ચારે દિશાઓમાં નાખવામાં આવે છે. આ વિધિ વરરાજાની માતા અથવા મોટી ભાભી અથવા કુટુંબની વડીલ સ્ત્રી કરે છે. તલવારને ચાંદલો કરવામાં આવે છે. પછી વરરાજાને હાર પહેરાવામાં આવે છે.

વરને રસ્તામાં આસપાસના પાડોશીઓ, સગાં વગેરે શ્રીફળ આપે છે. વરઘોડો કન્યાને ઘેર પહોંચે ત્યાં કન્યાની માતા વરરાજાને પોંખવાની વિધિ કરે છે. ચારે પિંડ ચારે દિશામાં નાખ્યા બાદ કન્યાની માતા અત્તરવાળું કપડું વરરાજાના નાક પાસે લઈ જઈ સૂંઘાડે છે. ત્યારબાદ તેને ઘોડા ઉપરથી ઉતારવામાં આવે છે.

બ્રાહ્મણ માહ્યરામાં વર અને કન્યાના હસ્તમેળાપની વિધિ કરાવે છે અને એકબીજાને સૂતરની આંટી પહેરાવે છે. હસ્તમેળાપ બાદ કન્યાનાં મા-બાપ ઉપવાસ કે "વછવાર" છોડે છે. કન્યા પિયર છોડી જતી હોવાથી ઉપવાસનું પુણ્ય કરવાથી તે વધુ સુખી અને યશસ્વી બને એવી માન્યતા છે. વરઘોડામાં આવેલા અન્ય લોકોને જમાડવાનો રિવાજ નથી. કન્યાપક્ષ તરફથી કહેવામાં આવે છે પરંતુ તેઓ ત્યાં જમતા નથી.

ચોરી :

માહ્યરાની વિધિ પૂરી થયા બાદ બ્રાહ્મણ મંગળફેરાની વિધિ કરાવે છે. આ વિધિમાં બન્ને પક્ષના લોકો ભાગ લે છે. વિધિ બાદ કન્યાનાં માબાપ હાજર રહેલા લોકોને માટે યથાશક્તિ દાન થાળીમાં નાખે છે. આ પૈસા તથા વસ્તુઓ કન્યાપક્ષના લોકો લઈ તેને જ પાછી આપે છે. છોકરીનું ખવાય નહીં એવી દૃઢ માન્યતા છે.

છોકરાનું દાન :

છોકરાનું દાન થાય તેમાં છોકરા પક્ષના લોકો પૈસા વગેરે નાંખે છે. છોકરાના પિતા આ લઈ લે છે.

કંસારની વિધિ :

મંગળફેરાની વિધિ બાદ કન્યાના ઘરમાં ઘીમાં બનાવેલો કંસાર વર-કન્યાને ખાવા આપવામાં આવે છે. બન્ને એકબીજાને ચાર-ચાર વાર ખવડાવે છે. ત્યારબાદ બન્નેને ચાંદીના વેઢમાંથી ધ્રુવ મહારાજનાં દર્શન કરાવી વરરાજાને પહેરાવી દેવામાં આવે છે. આ વિધિ પૂરી થયા બાદ વરરાજાના માતાપિતાને સાડી અને પાઘડીની પહેરામણી આપવામાં આપે છે. ત્યારબાદ તેઓ જતાં રહે છે. વહેલી સવારે વરકન્યા મિત્રમંડળ સહિત પોતાના ઘેર આવી માતા-પિતાને પગે લાગે છે. પગે લાગવાની વિધિ બાદ કન્યા તેની સખીઓ જોડે પાછી પોતાના પિતાને ત્યાં જાય છે. વરરાજા પણ પોતાના મિત્રમંડળ સાથે કન્યાના પિતાને ઘેર જાય છે. ત્યાં વરકન્યા સાથે બેસી ખીર ખાય છે.

લગ્નના બે ત્રણ દિવસ બાદ રવિવાર, સોમવાર અને ગુરુવાર જેવા સારા દિવસે વરકન્યા પોતાના મિત્રમંડળ સાથે દાદા ખેતરપાળ

(નાગદેવ)ના સ્થાનકે જઈ નાળિયેર, સિંદૂર વગેરે ચડાવે છે. પછી તેમના છેડા છોડવામાં આવે છે. ત્યારે બ્રાહ્મણ વર-કન્યા પાસે કુળદેવીની વિધિ કરાવે છે અને આ રીતે તેઓ પોતાનો સંસાર શરૂ કરે છે.

લગ્નમાં ખર્ચ બન્ને પક્ષનાં કુટુંબોની આર્થિક સધ્ધરતા મુજબ ૧૦,૦૦૦ રૂ. સુધી થાય છે. લગ્નની ઉંમર તપાસીએ તો પુરુષોમાં ૧૯થી ૨૨ વર્ષ અને સ્ત્રીઓમાં ૧૫થી ૧૮ વર્ષની સરેરાશ હોય છે.

છૂટાછેડા :

ખારવા જાતિમાં છૂટાછેડા તરફ કડક વલણ જોવા મળે છે. છૂટાછેડા જૂજ કિસ્સાઓમાં જ થાય છે. મોટા ભાગે સ્ત્રીને બાળક ન જન્મવાને અથવા પતિ-પત્ની વચ્ચે સતત ઝઘડા થવાને કારણે થાય છે. જ્યારે સમાધાન શક્ય ન હોય ત્યારે પંચ છૂટાછેડા આપી શકે. આ માટે પંચ અગાઉથી બન્ને પક્ષના વડીલો પાસેથી સહી કરાવી લે છે. બન્ને પક્ષમાંથી એક પક્ષની નામરજી હોય તો છૂટાછેડા આપી શકાતા નથી.

પુનર્લગ્ન :

પુરુષ ૪૦ વર્ષ પહેલાં વિધુર બને તો તે લગ્ન કરી શકે છે. સ્ત્રી વિધવા થાય તો બીજા વિધુર સાથે લગ્ન ગોઠવી શકાય છે. આ લગ્ન સમાજ દ્વારા થાય છે. વિધુર કે છૂટાછેડા લીધેલ વ્યક્તિ કુંવારી વ્યક્તિ સાથે લગ્ન કરી શકતી નથી.

બન્ને પક્ષની ખુશી હોય તો દિયરવટું અને સાળીવટું થાય છે.

મૃત્યુ :

ઘરમાં મૃત્યુ થાય ત્યારે સગાંઓને ખબર અપાય છે. સગાંઓ અને અન્ય લોકો મૃતદેહને સ્નાન કરાવે છે. સ્ત્રી મૃત્યુ પામી હોય તો સ્ત્રીઓ અને પુરુષ મૃત્યુ પામ્યો હોય તો પુરુષો સ્નાન કરાવે છે. પુરુષના શબને નવું ધોતિયું તથા પાઘડી પહેરાવી તેના ગળામાં ગજરો નાખવામાં આવે છે. સ્ત્રીના શબને ગળામાં ગજરો નાંખવામાં આવતો નથી. સગર્ભા સ્ત્રી મૃત્યુ પામી હોય તો પ્રથમ ગર્ભ બહાર કાઢી દફનાવવામાં આવે છે. નાની ઉંમરનું કે તરતનું જન્મેલું બાળક મરણ પામે તો તેને દાટવામાં આવે છે. સાત વર્ષથી નીચેની ઉંમરનું બાળક મૃત્યુ પામે તો તેને છીંટના કપડામાં વીંટાળીને લઇ જવામાં આવે છે.

શહેરમાંથી તૈયાર ઠાઠડી મંગાવવામાં આવે છે; જ્યારે ગ્રામવિસ્તારમાં સ્થાનિક લોકો તે સમયે જ એ તૈયાર કરે છે. ઠાઠડી ઉપર લગ્ન સમયની જેમ પુરુષ હોય તો પીતાંબરી (લાલ ધોતી) અને સ્ત્રી હોય તો ચૂંદડી અથવા બાંધણી ઓઢાડવામાં આવે છે. મૃતદેહને ઠાઠડી પર મૂક્યા બાદ સગાંઓ પ્રથમ તેને ઉઠાવે છે.

સ્મશાન ગૃહે ભેગા મળેલા તમામ લોકો મૃતદેહના મોમાં પાણી મૂકે છે. ત્યારબાદ મૃતદેહને તદ્ન ઉઘાડો કરી ચિતા ઉપર મૂકવામાં આવે છે. આ ચિતા પરના મૃતદેહને, હાલ્લી લીધેલ વ્યક્તિ જે મૃત વ્યક્તિનો સૌથી વધુ નજીકનો સંબંધી હોય છે તે જ, આગ લગાડે છે. મૃતદેહ બળી ગયા બાદ થોડી રાખ લાલ કપડામાં લઈ લેવામાં આવે છે, જે પાછળથી નદીમાં પધરાવામાં આવે છે. મૃતદેહને બાળેલી જગ્યા સાફ કરી લીંપી નાંખવામાં આવે છે. પુરુષો સ્નાન કરી ઘેર આવે છે. સ્મશાને ગયેલા બધા લોકો મૃત્યુ પામનારાના ઘેર આવી મોટેથી રડે છે. તેમની ઉપર પાણીના છાંટા નાંખવામાં આવે છે એટલે શાંત થઈ

તેઓ પોતાના ઘેર જાય છે અને ઘેર સ્નાન કરે છે. સ્નાન કર્યા બાદ ફરીથી મૃત્યુ પામનારને ઘેર ભેગા થાય છે. ત્યાં તેમને બીડી, કાવો વગેરે અપાય છે. બે દિવસ સુધી આવી બેઠક ચાલ્યા કરે છે.

ખારવા જાતિમાં વિધવા બનેલ સ્ત્રી ઓછામાં ઓછા બે માસનો શોક રાખે છે કુટુંબમાં માબાપ મરી જાય તો ઉંમર પ્રમાણે અમુક સમય સુધી શોક રાખવામાં આવે છે. આ સમયે સારાં વસ્ત્રો પહેરી શકાતાં નથી.

ઉઠમાણું :

મૃત્યુના આઠમા દિવસે પુરુષો અને સ્ત્રીઓ મૃત્યુ પામનારને ઘેર ભેગાં થાય છે. કુટુંબીઓ મૃતદેહની ખાંભી પાસે બેસે છે. ત્યાં વાળંદ પુરુષ વર્ગના વાળ ઉતારે છે. મૃત્યુના ૧૨મા દિવસે પાણી પિવડાવાય છે. આ દિવસે શોકાતુર સગાંઓ દાળ, ચોખા, ફળ વગેરે પાકું સીધું મોકલાવે છે. બ્રાહ્મણ માટલામાં ચોખ્ખું પાણી, દૂધ વગેરે રેડે છે. પાટલા ઉપર સોપારી, ચોખા અને ચાર આના મૂકે છે. કુટુંબનાં દરેક જણ પણ દૂધ અને પાણી અહીં ચઢાવે છે. બ્રાહ્મણને સીધું ઉપરાંત રૂા. ૧૫ આ પ્રસંગે અપાય છે.

અગિયારસ :

મૃત વ્યક્તિના પુણ્ય માટે કુટુંબીજનો બે અગિયારસ કરતાં હોય છે.

છમાસી :

મૃત્યુના છ માસ બાદ આ દિવસે બ્રાહ્મણ અને કુટુંબીજનોને સારું ભોજન બનાવી જમાડવામાં આવે છે.

બારમાસી :

મૃત્યુના બાર માસ બાદનો દિવસ છમાસીની જેમ ઊજવાય છે.

ધાર્મિક જીવન

ખારવાઓ સનાતન હિંદુ ધર્મમાં માને છે. તેઓનું જીવન દરિયા સાથે સંકળાયેલ હોવાથી અનેક અનિયમિતતાઓ અને અસુરક્ષિતતા સામે રક્ષણ મેળવવા માટે તેમનામાં ઊંડી ધાર્મિક શ્રદ્ધા જોવા મળે છે. દરિયામાં કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં ઇષ્ટદેવનું સ્મરણ કરે છે. તેઓ અવારનવાર વ્રત, બાધા, આખડી વગેરે પણ કરતા હોય છે. ધર્મના નામે ફાળો આપવા પણ તૈયાર હોય છે. વાત ઘણીવાર અંધશ્રદ્ધામાં ડૂબીને લૂંટાઈ જતા પણ જોવા મળે છે. તેઓ હિંદુ ધર્મના રીતરિવાજો પાળે છે. ઉપરાંત પીરની દરગાહ, મુજાવરો અને બાપુઓ પાસે પણ જાય છે. ત્યાં બકરા, મરઘાનો બલિ પણ તેઓ ચઢાવે છે.

દેવ-દેવીઓમાં સત્યનારાયણ ભગવાન, રામચંદ્રજી, રામદેવજી પીર, દરિયાસાગર અને પોતાની કુળ દેવને માને છે. વર્ષમાં એક વાર તેઓ સત્યનારાયણની પૂજા કરાવે છે. કેટલાક લોકો વિષ્ણુ ભગવાનને માને છે, જેઓ વૈષ્ણવપંથી કહેવાય છે. ઘરમાં કુળદેવીનું સ્થાનક રખાય છે.

નવરાત્રિ, લગ્ન, બાળકનો જન્મ વગેરે જેવા ખુશીના પ્રસંગે કુળદેવીની વિધિ થાય છે; અને તેને નાળિયેર ચઢાવવામાં આવે છે.

મહિનામાં બન્ને અગિયારસ અને અમાસના દિવસે ધંધો સદંતર બંધ રખાય છે.

ઉત્સવો :

માગસર માસના બધા સોમવારે શિતલઆઈને મનાવવા ઠંડી રસોઈ જમવામાં આવે છે અને શીતળામાતાના મંદિરે જઈ હાર, સિંદૂર વગેરે માતાજીને ચઢાવવામાં આવે છે. પોષ માસમાં સક્રાંતિની ઉજવણીમાં બહેન-દીકરીને ત્યાં કાચું ભાણું મોકલવાનો રિવાજ છે.

મહા :

મહા સુદ બીજને દિવસે રામદેવપીરના પ્રગટવાનો દિવસ મનાવાય છે.

મહાશિવરાત્રી :

કામનાથ મહાદેવના મંદિરે પૂજા, ભજન, અભિષેક કરાય છે.

ચૈત્ર માસમાં રામનવમી ઊજવાય છે.

ચૈત્ર સુદ ત્રીજના દિવસે ગોળ નાવડીનો મેળો ભરાય છે. આ દિવસે જુદી જુદી કુળદેવીઓને શણગારીને મોટું સરઘસ કાઢવામાં આવે છે. આ સરઘસમાં અન્ય સમાજના લોકો પણ જોડાય છે. મુંબઈમાં વસતા ખારવાઓ પણ આ દિવસે સરઘસ કાઢે છે.

જેઠ માસમાંની ભીમ અગિયારસનું મહત્ત્વ તેમનામાં જોવા મળે છે. આ અગિયારસ બાદ તેમના ઉત્સવોની મોસમ શરુ થાય છે.

અષાઢ સુદ બીજ :

ખારવાઓ રામદેવ પીર જળેશ્વરના ઠેકાણે પાઠ અને ભજન-કીર્તન કરે છે.

શ્રાવણ માસ :

રથયાત્રા :

શ્રીકૃષ્ણના જન્મના બીજા દિવસે રથયાત્રા કાઢવામાં આવે છે. ખારવાઓ આ પ્રસંગને " રવાળી " કહે છે. રવાળ એટલે જુસ્સો; તે ઉપરથી રવાળી એટલે જુસ્સાવાળી. આ રથયાત્રા ખૂબ જ જુસ્સાવાળી હોય છે. આ દરિયાવટીનો તહેવાર છે. ખારવાઓ આ ખૂબ જ ઉત્સાહથી ઊજવે છે. અન્ય લોકો પણ આ તહેવારના આનંદમાં ભાગ લે છે.

આ દિવસે બપોરે ત્રણ વાગ્યે લોકો એકઠા થાય છે. મુરલી મનોહરનો નાચ જમાવે છે અને રવાળી પૂજન થાય છે. રવાળીની કડીમાં બન્ને પડખે બે શંઢવા હોય છે. તેનાથી લોકો રથ ખેંચે છે. લોકો રંગબેરંગી વસ્ત્રો ધારણ કરીને આનંદ મનાવે છે. ત્રણ વાગ્યે નીકળેલું સરઘસ આઠ વાગ્યે તળાવ પર આવે છે. એકાદ કલાકની વિશ્રાંતિ બાદ ફરીથી પાછું નીકળી રાતના બે વાગ્યે મંદિરે આવે છે. ત્યાં છેલ્લા દાંડિયારાસ થાય છે.

સાગરપૂજા :

" સાગરપૂજન " ખારવાઓનો મહત્વનો ઉત્સવ છે. શ્રાવણ સુદ પૂર્ણિમાને " નાળિયેરી પૂર્ણિમા " તરીકે ઊજવે છે. આ દિવસે

સાગરમાં શ્રીફળ પધરાવી સાગર સાથે તેઓ પોતાનો આત્મીય ભાવ બતાવે છે.

આ દિવસે સમુદ્રકિનારે બધી જાતિના લોકો એકઠા થાય છે. ત્યાં સભા મળે છે. શહેરના પ્રતિષ્ઠિત લોકો પણ આ સભામાં ભાગ લે છે.

બારાની દેવી, સોગેતરા માતા :

સફરની શરૂઆતમાં સોગેતરા માતાની પૂજા તરીકે એક માટલામાં લાપટર, મીઠાઈ, મગ, ઇંડું અને આઠ આના નાખી દરિયામાં પધરાવામાં આવે છે. ત્યાં શ્રીફળ પણ વધેરાય છે.

કામનાથનો ડાયરો :

અષાઢ વદ તેરસના દિવસે કામનાથના મંદિરે સૌ લોકો ભેગા મળે છે. તેમને બાફેલા ઘઉંની ધૂધરી, સેવ અને કોપરું મેળવીને તૈયાર કરેલા પ્રસાદ અપાય છે.

નવાના રોજ :

દરિયાઈ મોસમના દિવસો નવાના રોજ તરીકે ઓળખાય છે. દરિયાઈ સફર કરનાર તે દિવસે દરિયાપીરની પૂજા કરે છે.

બારા–પૂજા :

ભાદરવા માસ બાદ દરિયામાં વાતાવરણ હળવું થાય ત્યારે બારાની પૂજા કરવામાં આવે છે. લોકો પોતાની હોડીઓ શણગારે છે અને હોડી ચલાવવાની સ્પર્ધા પણ રખાય છે.

ધજાગરો :

ભાદરવા સુદ અગિયારના દિવસે રામદેવ પીરની ધજા સાથે સરઘસ નીકળે છે. લોકો તેમાં ભાગ લે છે. ત્યાં ઘી, ગોળ, અને લોટનો પ્રસાદ બનાવી લોકોને આપવામાં આવે છે. રાત્રે ભજનકીર્તન થાય છે.

ચોરીવાડી આઈ ભવાની, ઝુંડનો ચોરવાડાનો મેળો :

શ્રાવણ વદ પુનમ અને ભાદરવા સુદ એકમના રોજ મેળો ભરાય છે. ભાદરવા સુદ એકમના દિવસે પૂજાઓ ચઢાવવામાં આવે છે.

જનનશા પીર :

મચ્છી–ઉત્પાદનમાં અસર, રોગચાળો કે અન્ય મુશ્કેલીના સમયે પીરની માનતા કરવામાં આવે છે અને બલિ ચઢાવાય છે.

સવાઈ પીર :

સવાઈ પીરની માનતા માની હોય તો તેને નાળિયેર અને બકરાનો બલિ ચડાવવામાં આવે છે.

ભૂતપ્રેત અને અંધશ્રદ્ધા :

ખારવાઓ ભૂતપ્રેતમાં ખૂબ જ માને છે અને તેમનામાં લગભગ અંધશ્રદ્ધા રાખે છે. કોઈ માંદુ પડે કે કંઈ અશુભ બને ત્યારે દોરાધાગા કરાવે છે. માતાની ઝપટ અથવા ખરાબ સ્ત્રીની નજર ન લાગે તે માટે પણ આ દોરાધાગા કરાવાય છે.

ભૂવો :

ખારવા જાતિમાં અંધશ્રદ્ધા ઘણી હોવાથી ભૂવાનું સ્થાન પણ ઊંચું છે. ખાસ કરીને અંધશ્રદ્ધા ધરાવનાર કુટુંબોમાં ભૂવો કુળદેવીઓની પૂજા કરે છે. હાલમાં ભૂવાની કામગીરી લગ્ન વખતે, રાંદેલ માંડવાના પ્રસંગે અને પિતૃતર્પણ વખતે જોવા મળે છે.

ઉપસંહાર અને આયોજન

અગાઉનાં પ્રકરણોમાં ખારવા જાતિના લોકોની આર્થિક-સામાજિક સ્થિતિ જોઈ. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ખારવાઓની સ્થિતિ ભિન્ન જોવા મળે છે અને તેમના પ્રશ્નો પણ કંઈક અંશે જુદા છે. પરંતુ એકંદરે બન્ને વિસ્તારના ખારવાઓની આર્થિક સ્થિતિ નબળી દેખાય છે. તેમનામાં મુખ્યત્વે બે પ્રશ્નો તરી આવે છે : (૧) બેરોજગારી અને (૨) અજ્ઞાનતા. તેમનામાંના મોટા ભાગના લોકોને વર્ષ દરમ્યાન કામ મળતું નથી અને ખાસો વખત બેકાર રહેવું પડે છે. માછલાં પકડવા સિવાય તેઓ અન્ય ધંધામાં રોકાયેલા ન હોવાને કારણે રોજગારી મેળવી શકતા નથી. એટલું જ નહિ પણ તેઓ નિરક્ષર અને અન્ય પ્રકારની આવડત વગરના હોવાથી નવા ધંધાઓમાં જોડાઈ શકતા નથી. આ કારણે તેમના સમાજના લોકોનું જીવનધોરણ ઘણું જ નીચું જોવા મળે છે. તેમનામાં સ્ત્રી કેળવણીનો પણ ખૂબ જઅભાવ છે. તેમનાં મકાનોની સ્થિતિ પણ ઘણી જ ખરાબ છે. શિક્ષણનું નીચું સ્તર, ધંધાનો અલ્પ વિકાસ તેમ જ સામાજિક મૂલ્યવ્યવસ્થાની સંયુક્ત અસરોને કારણે તેમનામાં ગરીબી અને બેકારીનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમના ધંધાનો પૂરતો

વિકાસ થાય તેમ જ તેમનામાં કેળવણીનું પ્રમાણ વધે તે માટેનાં પગલાંઓ લેવાં જોઈએ.

(૧) મત્સ્ય-ઉદ્યોગનો વિકાસ :

(૧) ભારતના દરિયા કાંઠાનાં રાજ્યોમાં ગુજરાતના કચ્છ જિલ્લાના લખપતથી માંડીને વલસાડ જિલ્લાના ઉંમરગાવ સુધીનો ૧૬૬૩ કિલોમીટરનો સૌથી લાંબો દરિયાકિનારો છે. ભારતના દરિયાકાંઠાનો લગભગ ૧/૩ ભાગ ગુજરાતમાં છે. આટલો મોટો દરિયાકિનારો માછીમારી માટે સૌથી ઉત્તમ ગણાવી શકાય. સૌરાષ્ટ્રના ખારવાઓ અને દક્ષિણ ગુજરાતના ખારવાઓ મુખ્યત્વે માછીમારીનો ધંધો કરે છે દક્ષિણ ગુજરાત કરતાં સૌરાષ્ટ્રના માછીમારો અને ઉદ્યોગ-સાહસિકો એમની હોડીમાં યંત્રીકરણ માટે સ્વેચ્છાએ આગળ આવ્યા છે અને રાજ્ય સરકારે લાંબા ગાળાની લોન અને આર્થિક સહાય મારફત એ માછીમારોને પ્રોત્સાહન પણ આપ્યું છે. પરંતુ દક્ષિણ ગુજરાતના માછીમારો હજુ પણ મોટે ભાગે બિનયાંત્રિક હોડી દ્વારા ધંધો કરે છે. આમ નાના માછીમારોને, ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વસતા ઉદ્યોગ-સાહસિકોને, યાંત્રિક હોડીઓ માટે સહાય આપવી જોઈએ.

પાંચમી પંચવર્ષીય યોજના શરૂ થતાં પહેલાં માછીમારોનાં વહાણોને યંત્રીકરણ માટે સરકાર લોન અને આર્થિક સહાય આપતી હતી; પરંતુ આ બંધ કરવામાં આવ્યું છે. નવી નીતિ અનુસાર સરકાર માત્ર આર્થિક સહાય આપે છે. જ્યારે રોકાણનો મોટો ભાગ ગુજરાત રાજ્ય નાણાં કૉર્પોરેશન, રાષ્ટ્રીયકૃત બેંકો, અને રાષ્ટ્રીય સહકારી વિકાસ કોર્પોરેશન દ્વારા મેળવાય છે. આ બધા લાભો મોટા સાહસિકોને મળે છે. જ્યારે નાના પાયા પર ધંધો કરનારને તે પ્રાપ્ત થતા નથી. માટે નાના પાયા પર ધંધો કરનાર માછીમારોને લાભ મળે તે દિશામાં

પ્રયત્નો કરવા જોઈએ. આ બધાં કોર્પોરેશનોમાંથી લોન મેળવવા માટેની વિધિ પણ લાંબી અને અટપટી હોય છે. તેને કારણે ઘણા લાભ લેતા નથી. આ માટે સરળતાપૂર્વક જલદીથી લોન મળે તે માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. માછીમારોને મત્સ્ય-ઉદ્યોગનાં સાધનો જેવાં કે ગિયર, જાળ વગેરે માટે પણ સહાય આપવી જોઈએ.

(૨) માછીમારો સારી રીતે માછલાં પકડી શકે તે માટે તેમને ટેકનિકલ જ્ઞાન આપવું જોઈએ. આ અંગેની તાલીમ આપવામાં આવે તો મત્સ્ય-ઉત્પાદન વધારી શકાય. માછલાં પકડવાની આધુનિક પદ્ધતિઓ વિષે જાણકારી અપાવી જોઈએ અને પોતાના વિસ્તારોમાં મચ્છીમારીની આધુનિક પદ્ધતિઓ અપનાવે તે માટે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ. સાથોસાથ જળ-મોજણી અને દરિયાઈ સંપત્તિ અંગે સંશોધન હાથ ધરવું જોઈએ, જેથી કયા પ્રકારની માછલીઓ કયા વિસ્તારમાં પકડવાની શકયતાઓ રહેલી છે અને દરિયામાં કેટલા મીટરની ઊંડાઈમાંથી તે મળી આવે એમ છે તેની માહિતી માછીમારોનો ધંધો કરતા સાહસિકોને આપી શકાય. દરિયાઈ મત્સ્ય-ઉદ્યોગનાં વિવિધ પાસાંઓનો પણ અભ્યાસ થવો જોઈએ.

(૩) ગુજરાતનાં બંદરો પર માછીમારોની સંખ્યા વધતી જાય છે અને સાથોસાથ યંત્રીકૃત માછલાં પકડવાની હોડીઓની માંગ જોતાં કેટલાંક બંદરોને બારા તરીકે વિકસાવવાં જોઈએ. ગુજરાતનું માઢવાડ બંદર એટલું સુરક્ષિત અને સારું બંદર છે કે જ્યારે જ્યારે દરિયાઈ તોફાન થાય છે ત્યારે આજુબાજુથી આવતાં જતાં વહાણો વગેરે અહીં સહારો લઈ શકે છે કારણ કે બંદરની નજીકનો દરિયો ઊંડા પાણીવાળો છે. પરંતુ બંદરમાં પ્રવેશ કરવાનો બારાનો માર્ગ રેતીથી છવાયેલો છે જેથી કરીને હોડી-હોડકાનો બંદરના બારામાં પ્રવેશ થઈ શકતો નથી. આના કારણે સ્થાનિક માછીમારોને દરિયાના પાણીના ભરતી-ઓટ

ઉપર આધાર રાખવો પડે છે. ખાડીમાં પ્રવેશવા બાદ બોટ ભરતી સિવાય બહાર નીકળી શકતી નથી જ્યારે દરિયામાંથી આવેલી બોટ કે હોડી ઓટના સમયે ખાડીમાં પાણીના અભાવે પ્રવેશી શકતી નથી. જેથી સ્થાનિક માછીમારોને ઘણું ગુમાવવું પડે છે આ ખાડીના બારાની સુધારણા કરવી જોઈએ અને બંદરો પર હોડીઓ લાંગરવાની સગવડ માછીમારોને આપવી જોઈએ.

(૪) માછલાં પકડાયા પછી મોટા માછીમારો કરાર મુજબ વેપારીઓને માલ વેચી દેતા હોય છે. નાના માછીમારો આમ વેચી શકતા નથી, જેથી ઘણીવાર માછલાં બગડી જવાનો મોટો ભય રહે છે. દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારોને નજીકના વિસ્તારમાં બરફ મળતો નથી તેથી વાપી, ઊદવાડા, વલસાડ, નવસારી વગેરે સ્થળે જવું પડતું હોય છે. તેથી ખર્ચ વધુ આવે છે તેમની આ પ્રકારની મુશ્કેલી દૂર કરવા માટે તેમના વિસ્તારોમાં ઠારણ પ્લાન્ટો અને શીતાગાર ઊભાં કરવાં જોઈએ.

(૫) ગુજરાત રાજ્યમાંથી મોટા પ્રમાણમાં માછલાંની નિકાસ થવા લાગી છે. આમ વિદેશી હુંડિયામણ કમાવાની દૃષ્ટિએ વિચારીએ તો પણ મત્સ્ય ઉત્પાદન વધારવાની સાથે માછીમારોને રોજગારી પૂરી પાડવા માટે મત્સ્ય-ઉદ્યોગો વિકસાવવા જોઈએ. એમાંયે ખાસ કરીને હોડી બાંધવાના, ગિયર અને સિન્થેટીક દોરીઓ બનાવવાના, બરફ બનાવવાના વગેરે સહાયક ઉદ્યોગો પણ વિકસાવવા જોઈએ.

(૬) માછલાંમાંથી ઘણી આડપેદાશો ઉત્પાદિત કરતાં કારખાનાઓ વેરાવળ અને પોરબંદરમાં ચાલે છે. આ કારખાનાઓમાં કેરાળા રાજ્યની બહેનો કામ કરે છે. ખારવાઓની છોકરીઓ ઘણી ઓછી કામ કરે છે.

ખારવા બહેનોને આ અંગેની યોગ્ય તાલીમ આપી તેમને પણ રોજગારી આપી શકાય છે.

(૭) દક્ષિણ ગુજરાતનાં કેટલાંક બંદરો પર સરકાર તરફથી માછલીના ચોક્કસ ભાવ બાંધેલા નથી. આ બંદરો પર દૂર દૂરના વેપારીઓ માછલાં લેવા આવે છે ત્યારે અંદરોઅદર સમજુતીથી ભાવ નક્કી કરી લે છે અને ગામના દલાલોને રોકી એકી સાથે બધી માછલીઓ ખરીદી જાય છે. આથી નાના ઉત્પાદકોને નાણાંની ભીડ અને સંગ્રહની અગવડતાને કારણે વેપારીઓએ નક્કી કરેલા ભાવે માલ વેચી દેવો પડે છે. માછલીનું વર્ગીકરણ પણ ઉત્પાદકો પોતાને યોગ્ય લાગે એ રીતે કરે છે. તેથી ભાવ નક્કી કરવાની મુશ્કેલી રહે છે. આવાં નાનાં બંદરો પર સરકાર દ્વારા માછલીના ભાવો નક્કી કરવા જોઈએ.

સૌરાષ્ટ્રના ખારવાઓ પણ બધો માલ વેપારીને આપી દેતા હોય છે. આથી તેમનું શોષણ થાય છે. તેમના વિસ્તારની સહકારી મંડળીઓએ ખરીદ-વેચાણની પ્રવૃત્તિઓમાં આ ખારવાઓને સમજાવી લઈ તેમની આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. દક્ષિણ ગુજરાતમાં મત્સ્ય-બજારમાં તોલમાપનાં સાધનોનો અભાવ છે. ઉચ્ચક રીતે માછલાંઓ વેચી દેવામાં આવતાં હોય છે. તેથી માછલી કયા પ્રકારની છે અને કેટલા વજનની છે તે જાણી શકાતું નથી. આને લીધે માછલાં પાણીના ભાવે વેચી દેવાં પડે છે. તેમની સહકારી મંડળી વેચાણની પ્રવૃત્તિઓ ચલાવે તો તેમને સારી આવક થાય. સૌરાષ્ટ્રના ખારવાઓમાં જ્ઞાતિપંચ ઘણું મજબુત હોય છે. જો તે આ દિશામાં લોકોને સમજાવી સહકારી મંડળી દ્વારા ઉત્પાદિત માલના વેચાણનું કાર્ય ઉપાડે તો ઘણો લાભ થાય.

(૮) હોડીમાં યંત્રીકરણ વધતાં કુશળ કારીગરોની જરૂર ઊભી થશે.

ખારવા યુવક–યુવતીઓને આધુનિક સુધારેલી સાધન સામગ્રીની પ્રક્રિયા, જાળવણી અને હેરફેરની ટેકનિકોની તાલીમ આપવી જોઈએ.

(૯) ગુજરાતનો દરિયા કિનારો ઘણો જ વિશાળ છે અને તેમાં ઘણા પ્રકારની માછલીઓ મળે છે. મત્સ્ય–ઉત્પાદન વધારવા માટે ગુજરાતના યુવાનોને પણ માછીમારીની તાલીમ આપવી જોઈએ જેથી રોજગારીનો પ્રશ્ન થોડે અંશે પણ દુર કરી શકાય.

(૧૦) ખાસ કરીને નાના માછીમારો સાધનના અભાવે પોતાનો ધંધો સારી રીતે કરી શકતા નથી. કેટલાકની પાસે તો હોડીઓ પણ નથી. હોડીઓના યંત્રીકરણ અને માછલાં પકડવાની સુધારેલી ડિઝાઈનની હોડીઓ માટે તેમને સહાય આપવી જોઈએ.

(૧૧) દરિયા કિનારે વૃક્ષારોપણ :

ગુજરાતનો દરિયાકિનારો લાંબો હોઈ પોતાની સાથે ક્ષાર લઈ જતા દરિયા કિનારેથી વાતા પવન ફળદ્રુપ જમીન પર માઠી અસર પહોંચાડે છે. તેથી દરિયાકિનારા પર વૃક્ષરોપણ કરવું જોઈએ.

(૧૨) સામાન્ય રીતે દરિયામાં માછીમારો માત્ર ૨૫ ફેધમ અને કેટલાક વિસ્તારમાં ૪૦ ફેધમ સુધીના દરિયા કિનારા સુધી માછીમારી કરે છે. આ દિશામાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે. તેઓ આ કરતા થાય તે માટેના પગલાં લેવાં જોઈએ.

(૧૩) ખારવા લોકો માછીમારીના ધંધા માટે લોનો મેળવે છે. પરંતુ માછીમારીમાંથી સારી ઉપજના અભાવે રાજ્યની સહકારી સંસ્થા દ્વારા મેળવેલી લોનો સમયસર ભરી શકતા નથી. તેથી તેમને લોનના હપ્તા ભરવામાં રાહત મળે તેવી ખારવા આગેવાનોની લાગણી છે.

(૨) પીવાના પાણીનો પ્રશ્ન :

આ એક અતિ મહત્વનો અને ગંભીર પ્રશ્ન છે. માછીમારોનાં કેટલાંક ગામોમાં પીવાના પાણીની ઘણી જ તકલીફ પડે છે. અમુક બંદરો પર તો મીઠા પાણીની ઘણી જ મુશ્કેલી છે. જેમ કે માઢવાડમાં વસતા ખારવાઓને સામે કિનારે ખાડી પાર કરી ત્યાંથી પાણી લાવવાનું રહે છે. જરૂરિયાત કરતાં પણ ઘણું જ ઓછું પીવાનું પાણી મળે છે. નાવા–ધોવાના પાણીનો પ્રશ્ન તો અદ્ધર જ લટકે છે. દરરોજ સવારના ચાર વાગ્યાથી માછીમારોની સ્ત્રીઓ કચ્છા મારી, જાણે કે દરિયાની સફરે નીકળી હોય તેવી તૈયારી કરી, પોતાનાં નાનાંમોટાં બાળ–બચ્ચાંને રોતાં કકળતાં મૂકી પાણી મેળવવા સામે કાંઠે જાય છે. આ ક્રિયા બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલે છે. કોઈ વાર તો દરિયાઈ તોફાન વખતે પાણી મેળવી શકાતું નથી આ એક ન વર્ણવી શકાય તેવું મહાન દુઃખ છે. જે તાત્કાલિક દૂર થવું જોઈએ. આ વિસ્તારમાં યુદ્ધના ધોરણે આવી અત્યંત જરૂરી સગવડ પૂરી પાડવી જોઈએ.

(૩) મકાનનો પ્રશ્ન :

ખારવાઓના મકાનોની સ્થિતિ પણ ઘણી જ ખરાબ છે. વેરાવળ અને પોરબંદર જેવાં શહેરોમાં ખારવાઓ ઘણા ગીચોગીચ રહે છે. એક મકાનમાં પાંચ–સાત કુટુંબ રહે છે. બંદરોની નજીક વસતા ખારવાઓને દરિયાઈ તોફાનોને લીધે વારંવાર નુકસાન ભોગવવું પડે છે. વારંવારના આવા દરિયાઈ તોફાનોને કારણે મકાનો પડી જાય છે. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સારાં મકાનો બનાવી શકતા નથી. શહેરોમાં વસતા ખારવા લોકોની લાગણી છે કે જો સરકાર રાહતના ભાવે મકાન બાંધકામ માટે જમીન આપે તો તેઓ સહકારી મંડળી રચી નવાં

મકાનો બાંધી ત્યાં રહેવા જાય. વેરાવળ, પોરબંદર અને માંગરોળ જેવા શહેરોમાં આ અંગે યોગ્ય વિચાર કરવો જોઈએ. સરકાર રાહત દરે જમીન આપે તો તેઓ ખારવાવાડમાંથી બહાર રહેવા જવા માટે તૈયાર છે, એવું ખારવા આગેવાનો મંતવ્ય ધરાવે છે. બંદરની નજીક વસતા માછીમારોનાં મકાન માટે કોઈ લાંબા ગાળાની યોજના ઘડી કાઢવી જોઈએ. ખારવા લોકો દરિયાકિનારે વસતા હોવાથી વારંવાર તેમનાં ઘરો પડી જાય છે. વળી એ લોકો એ જગ્યા છોડતા પણ નથી. કેટલાકને મદદ મળે છે અને કેટલાકને મદદ મળતી નથી. તેમનાં ઘરો માટે કોઈ વ્યવહાર ઉપાય શોધી કાઢી જરૂરિયાતવાળા બધાને ઘર મળે અથવા મદદ મળે એવું ગોઠવવું જોઈએ.

માઢવાડ અને કોટડા બંદર પર કેટલાક માછીમારો ૧૯૫૪–૫૫માં હિજરત કરીને આવી વસ્યા છે. ફક્ત કાચું ઝૂંપડું–નારિયેળીના પાન અને વાંસથી બનાવવું અને વર્ષ દહાડે ગમે ત્યારે ખાલી કરાવે ત્યારે ખાલી કરવું એવું મુખ્યતારનામું લખાવી કસ્ટમખાતાવાળાએ પોતાની જગા તેમને વસવા માટે આપી હતી. આ જમીનનું ભાડું કસ્ટમખાતાવાળા ઉઘરાવે છે. આ જમીન પર પથ્થર કે ગાર માટીનું કામ પણ કરવા દેવામાં આવતું નથી. જેથી આ ગીચોગીચ જગ્યામાં આગ લાગવાના ઘણા બનાવો બનતા રહે છે. ઝૂપડાં હોવાને લીધે દર વર્ષે ઝૂપડાંના સમારકામમાં ઘણો મોટો ખર્ચ માછીમારોને ભોગવવો પડે છે. આ જમીન અંગે યોગ્ય નિર્ણય કરી સરકારે તેમને તેની પર પાકાં મકાન બાંધવાની પરવાનગી આપવી જોઈએ.

(૪) શિક્ષણ :

ખારવા લોકોમાં શિક્ષણ ઘણું જ ઓછું છે. સામાન્ય રીતે બાળકોને ચારપાંચ વર્ષ માટે જ ભણવા મોકલવામાં આવે છે. તે

પછી તેમને કામમાં જોતરી દેવાય છે. સ્ત્રીઓમાં તો શિક્ષણ ઘણું જ ઓછું છે. ઘણા લોકો તેમનાં બાળકોને વધુ ભણાવવા માટે ઇચ્છા રાખે છે. પરંતુ આર્થિક રીતે પોષાતું ન હોવાથી તેમને આગળ ભણાવતા નથી. ખારવાની વસ્તીવાળા કેટલાક વિસ્તારોમાં શાળાઓની સ્થિતિ પણ નબળી જોવા મળી હતી. શાળાઓ કાચા મકાનમાં બેસે છે. બાલ-મંદિરની વ્યવસ્થા પણ ન હતી. આથી તેમનાં બાળકો વધુને વધુ પ્રમાણમાં શિક્ષણ લેતા થાય તે માટે બાલમંદિરો તેમ જ પ્રાથમિક શાળાઓ વ્યવસ્થિત રીતે ચાલે તે માટેનાં સાધનો પૂરાં પાડવાં જોઈએ. તેમનાં બાળકો માટે અલગ આશ્રમશાળા અને છાત્રાલયની વ્યવસ્થા પણ કરવી જોઈએ. હાલમાં પછાતવર્ગનાં બાળકોને શિક્ષણ માટે ઘણી સવલતો સરકાર દ્વારા આપવામાં આવી રહી છે. આમ છતાં બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. છોકરીઓને ભણાવ-વાનું આકર્ષણ વધુ રહે તે માટે હાલમાં બહેનો માટે શિષ્યવૃત્તિ આપવા ટકાવારીનું જે ધોરણ છે તે નીચું લાવવું જોઈએ.

કેળવણી સાથે તેમને વ્યવસાયમાં મદદરૂપ થાય તે જાતના ઉદ્યોગોને લગતું શિક્ષણ આપવું જોઈએ. એમાંયે ખાસ કરીને ખારવાઓનાં નાનાં બાળકો જાળગૂંથણીનું કામ સારી રીતે કરતાં હોય છે. આ અંગે તેમને વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ આપવું જોઈએ, જેથી તેઓ સ્વતંત્ર રીતે રોજી મેળવી શકે.

આ બધા વિસ્તારોમાં વધુમાં વધુ મત્સ્ય-ઉદ્યોગનું શિક્ષણ આપતી શાળાઓ ખોલવી જોઈએ, જેથી તેમને વ્યાવસાયિક શિક્ષણ આપી શકાય. શિક્ષણ ક્ષેત્રે ખારવા જાતિ પંચ પણ ઘણું કરી શકે એમ છે. તેમણે પણ આ લોકો શિક્ષણ લેતા થાય તે માટે અમુક નિયમો ઘડી કાઢવા જોઈએ.

(૫) સંશોધન–સંસ્થા :

ગુજરાતમાં દરિયાખેડુ જાતિઓની સંખ્યા સારી જેવી છે. તેથી રાજ્યમાં એક દરિયાખેડુ સંશોધન સંસ્થાની સ્થાપના કરવી જોઈએ. ગુજરાતના યુવકો સમુદ્રાભિમુખ બને એ પણ આ સંસ્થાનું કામ હોવું જોઈએ. આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક, લોકસાહિત્યિક અને વિકાસ વિષયક વાતોનું સંશોધન અહીં થવું જોઈએ.

(૬) આરોગ્યની સુવિધા :

ખારવા લોકોનો સંબંધ મુખ્યત્વે માછલાં સાથેનો હોઈ તેમના વિસ્તારોમાં ગંદકીનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેમનાં ઘરોમાં અને આજુબાજુના વિસ્તારમાં પણ ગંદકી વધારે પ્રમાણમાં જોવા મળે છે. આથી તેમના આરોગ્ય પર અસર થાય છે. ખારવા બહેનોને આ અંગે શિબિરો યોજી સામાજિક શિક્ષણ આપવું જોઈએ.

(૭) નાના વેપાર-ઉદ્યોગો :

ખારવા લોકો ખાસ કરીને પાનના ગલ્લા તેમ જ હોટલનો ધંધો કરતા થયા છે. તેઓ ધંધામાં સારી રીતે સફળ થાય તે માટે સહાય આપી તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. આ સિવાય માછલાં પર આધારિત આડપેદાશોનો ધંધો તેઓ કરતા થાય તે માટેની સગવડો પૂરી પાડવી જોઈએ.

(૮) ખારવા જાતિ પંચે તેમના સમાજનું કલેવર બદલવામાં ઘણો જ અગત્યનો ફાળો આપ્યો છે. તેમનું જાતિપંચ ઘણું જ

મજબૂત અને કાર્યક્ષમ છે. તેથી એ જાતિપંચનો વ્યસ્થિત રીતે અભ્યાસ કરવો જોઈએ.

ખારવાઓની આર્થિક સ્થિતિ સુધારવા માટે ઉપર જણાવેલ વિવિધ આર્થિક વિકાસ–કાર્યક્રમોનો અમલ કાર્યક્ષમ રીતે થાય તે હેતુથી જરૂરી વહીવટીતંત્ર ગોઠવવું જોઈએ. તેમના વિકાસ કાર્યક્રમોની કામગીરી એવા અધિકારીઓ અને કર્મચારીઓને સોંપવામાં આવે કે જેઓ પછાતવર્ગના લોકોના અર્થકારણથી અભિજ્ઞ હોય, ઊંડી સૂઝવાળા અને ઉત્સાહી હોય. ખારવાઓ ખૂબ ઉમદા અને સ્વાભિમાની હોય છે. એમનામાં કામ કરતી વખતે આ ખાસ ધ્યાનમાં રાખવું પડશે અને એ રીતે તેમના વિકાસનો વહીવટ ગોઠવવો પડશે.

ઠાકોર

પ્રાસ્તાવિક :

ગુજરાત સરકારે નિયુક્ત કરેલ બક્ષી કમિશને જે જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતમાં મૂકેલ છે, તેમાં ઠાકોરો (ઠાકરડા, બારૈયા, ધારાળા, અને પાટણવાડિયા)નો પણ સમાવેશ કરેલ છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને જે છ જ્ઞાતિઓનો સઘન અભ્યાસ કરવાનું કામ સોપ્યું હતું, તેમાં આ જ્ઞાતિ પણ આવી જાય છે.

અભ્યાસનો હેતુ :

ગુજરાતમાં ઠાકોર જ્ઞાતિની વસ્તી મોટા પ્રમાણમાં છે અને લગભગ આખા યે ગુજરાતમાં ફેલાયેલી છે. ઘણા પ્રયત્નો કરવા છતાં ઠાકોર-વસ્તીના ચોક્કસ આંકડા કોઈ જગ્યાએથી કે વિસ્તારોમાંથી પૂરેપૂરા પ્રાપ્ત થઈ શકયા નથી. માત્ર અભ્યાસમાં પસંદ કરેલ ગામોના આંકડા પ્રાપ્ત થયા છે. ઠાકોર જ્ઞાતિ ગુજરાતમાં વિશિષ્ટ અને આગવી પ્રતિભા ધરાવનાર જાતિ તરીકે જાણીતી છે. એમના સમાજના આ ગૌરવને સાચવવું હશે તો એમના વિષે સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. ગુજરાતની વસ્તીના બહુસંખ્યક ઠાકોર સમાજની જો ઉપેક્ષા કરવામાં આવશે તો ગુજરાતનું વિકાસચિત્ર કોઈ સંજોગોમાં સંપૂર્ણતા પ્રાપ્ત ન કરી શકે. અભ્યાસ દરમ્યાન ક્ષેત્રકાર્યમાં પસંદ થયેલ ગામો સિવાય પણ ઠાકોરની વસ્તી ધરાવતાં અન્ય ગામોમાં સમાજના આગેવાનોની મુલાકાત લીધી હતી તે દ્વારા સમગ્ર સમાજમાં ગરીબી સર્વવ્યાપી એમ લાગ્યું છે. આ ગરીબીને સમજીને તેના નિવારણ માટે ઉપાયો સુચવવાનો અહીં પ્રબળ હેતુ છે.

ઠાકોર

મૂળ લેખક

શ્રી ગૌરીશંકર પંડ્યા

સંક્ષેપકાર

શ્રી જશવંતસિંહ રાઠોડ

અભ્ય સ-પ્રવિધિઓ :

ઠાકોરોની વસ્તી સમગ્ર ગુજરાતમાં હોવાને પરિણામે સમગ્ર ગુજરાતને અભ્યાસમાં આવરી લેવું મુશ્કેલ હતું. આથી ઠાકોરોની વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓને પસંદ કર્યા હતા, જેમાં મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, પંચમહાલ અને ખેડા આવી જાય છે. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં અમદાવાદ અને રાધનપુર શહેરને પસંદ કરવામાં આવ્યા હતા, કારણ કે અમદાવાદ એ ગુજરાતના કેન્દ્રમાં અને વિકાસ તરફની આગેકૂચમાં પ્રથમ કક્ષાનું શહેર હોવાથી અહીં સમગ્ર ગુજરાતમાંથી વસ્તી સ્થળાંતર કરી મજૂરી કે ધંધાર્થે આવતી જાય છે. રાધનપુર આજુબાજુના પછાત ઠાકોર-વિસ્તારોની વચ્ચે આવેલ શહેર પસંદ કર્યું છે. રાધનપુર અને અમદાવાદ જેવાં શહેરોમાં ઠાકોરો કેવી રીતે ગોઠવાય છે અને કેવા ધંધાઓ તરફ વળે છે તે જોઈ તપાસી શકાય એમ છે. જિલ્લાઓ પસંદ કર્યા તેમાં પણ ઘનિષ્ઠ ઠાકોર વસ્તી ધરાવતા તાલુકાઓ અને તેમાં ય ઠાકોરોમાં જે અલગ અલગ સમૂહો છે, તે દરેક સમૂહનું પ્રતિનિધિત્વ કરી શકે તેવા ત્યાંના વિસ્તારોમાંથી ગામોની પસંદગી કરવામાં આવી હતી. પસંદ થયેલ ગામોમાંથી બે પ્રકારનાંને નજર સમક્ષ રાખ્યાં હતાં. એક તો માત્ર ઠાકોર વસ્તી ધરાવતાં ગામો, બીજાં અન્ય જ્ઞાતિઓ સાથે ઠાકોરો રહેતા હોય તેવાં ગામો. તેને પરિણામે બન્ને પરિસ્થિતિમાં ઠાકોરોની વર્તમાન વાસ્તવિક સમસ્યાઓ જાણી શકાઈ છે. દરેક ગામમાંથી ૨૦ થી ૨૫ કુટુંબો સ્તરિત નમૂના પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યાં હતાં. એ ગામો નીચે બનાવ્યા પ્રમાણે હતાં :

વિસ્તાર પ્રમાણે પસંદ થયેલાં કુટુંબોની સંખ્યા :

જિલ્લો	તાલુકો	ગામ	કુલ કુટુંબસંખ્યા
મહેસાણા	ચાણસ્મા	છાપાવાડા	૨૫
	ચાણસ્મા	રામપુરા	૨૫
	ખેરાળુ	કહીપુર	૨૫
	વિજાપુર	મહુડી	૩૦
	હારીજ	ખાખડી	૨૫
	સમી	મહમદપુરા	૨૫
	કડી	છાલેસરા	૨૫
	પાટણ	નોરતા	૨૫
ગાંધીનગર	ગાંધીનગર	રાંધેજા	૨૫
ખેડા	કપડવંજ	દોપટ	૨૫
	માતર	દેથલી	૨૫
	બોરસદ	ગંભીરા	૨૫
	પેટલાદ	જોગણ	૨૫
પંચમનાલ	લુણાવાડા	લીંબોદરા	૨૦
સાબરકાંઠા	બાયડ	જીતપુર	૨૦
	પ્રાંતિજ	દોલતાબાદ	૨૫
			૩૯૫ (૮૭.૮૮%)
બનાસકાંઠા		રાધનપુર શહેર	૨૫
અમદાવાદ		અમદાવાદ શહેર	૩૦
			૫૫ (૧૨.૨૦%)
કુલ			૪૫૦

માહિતીના એકત્રીકરણ માટે સંશોધકોએ પસંદ થયેલા દરેક ગામમાં દશથી પંદર દિવસ રહીને પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. જે અનેક રીતોનો ઉપયોગ કર્યો હતો. તેમાં મુખ્યત્વે ૧. અનુસૂચિ, ૨. મુલાકાત, ૩. સહભાગી નિરીક્ષણ તથા ૪. એકમ અભ્યાસ હતાં. વંશાવળીનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. વ્દ્તીયિક માહિતી એકત્ર કરવામાં તથા ઐતિહાસિક માહિતી જાણવામાં ગ્રંથાલય અને બારોટોના ચોપડાઓ ઉપયોગી નીવડયા હતા.

વિસ્તાર, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને વસ્તી

ઠાકોર સમાજની વસ્તી ઘણી છે. તે ગુજરાત ભરમાં ફેલાયેલો છે. તેના સમગ્ર જીવન-વહેવારો પર પ્રાદેશિકતાની પૂરેપૂરી અસર છે. તેથી તેમના જીવનના સર્વાંગી વ્યવહારો તપાસતાં પહેલાં ભૌગોલિક વિસ્તાર ઊંડાણથી જોવો આવશ્યક બની જાય છે. ગુજરાતની ભૌગોલિક સરચના વિશિષ્ટ અને આગવી પ્રતિભા ધરાવતી પ્રથમ નજરે જ તરી આવે છે. ગુજરાતને વિશાળ સાગરકાંઠો મળ્યો છે. નાની-મોટી નદીઓ અહીં વહી રહી છે, જેમણે ગુજરાતને અનેક જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં વહેંચી નાખ્યો છે. વળી પ્રાચીન સંસ્કૃતિનો ઉદ્ભવ નદી કાંઠે વિકસેલો જોવા મળે છે. આ પ્રાચીન જાતિઓ સાથે બહારથી આવેલ જાતિના સંસર્ગથી જે મિશ્રણો કાળક્રમે થતાં રહ્યાં તેમાંથી અનેક નવી નવી જ્ઞાતિઓ ઉદ્ભવી છે.

ગુજરાતમાં ઠાકોરોની વસ્તી અત્યારે મુખ્યત્વે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં છે હાલના મહેસાણા બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર અને ખેડા જિલ્લાઓમાં તેમની વસ્તી છે.

આ વિસ્તારો ઘણા પ્રાચીન છે. મુખ્યત્વે ઉત્તર ગુજરાત એ ઠાકોરોની મૂળ વસાહત હોય તેવું લાગે છે. વર્ષો સુધી પાટણ ગુજરાતની રાજધાની તરીકે રહ્યું છે. જેથી આવી લડવૈયા પ્રજાઓ ગમે ત્યાંથી આવીને પાટણમાં વસી હશે. ખેડા જિલ્લાનાં ઘણાં ગામો બારૈયાઓએ વસાવેલાં છે. તેમાં કેટલાંક ગામોનાં વસાવનાર મહેસાણા તરફથી આવ્યા હશે એમ લાગે છે.

ઉત્તર ગુજરાતમાં જે સંશોધનો થયાં છે તે આ વિસ્તારમાં પ્રાચીન માનવ વસાહતો હોવાનાં એંધાણ આપી જાય છે. હાલના સાબરકાંઠાના ભિલોડા તાલુકાના દેવની મોરી અને શામળાજીમાંથી ખેરાળુ તાલુકાના ધરોઈ અને વલાસણા ગામેથી, વિજાપુર તાલુકાના હીરપુર અને પેઢામણીથી અને મહેસાણા તાલુકાના લાંધણજ વગેરે ગામોમાંથી પુરાતન વસ્તુઓ, ક્ષત્રપકાલીન સિક્કા, ઈશુની શરૂઆતના કાળનાં કુંભ અને વાસણો, અકીકનાં હથિયારો તથા ઠીકરાં મળી આવ્યાં છે. બનાસ નદીકાંઠેથી પણ પાષાણયુગનાં હથિયારો-ઓજારો, શિલ્પો અને કાંસાની મૂર્તિઓ વગેરે મળી આવ્યાં છે.

સંશોધનોને આધારે એમ કહી શકાય કે ઉત્તર ગુજરાતમાં માનવ વસાહતનો આરંભ છેક ઈશુની શરૂઆતની સદીથી થયો હશે. શરૂઆતની લગભગ પાંચ સદીના ઐતિહાસિક કાળને જોતાં ગુજરાતનો ઉત્તર તેમ જ પૂર્વ ભાગ ગુપ્ત સામ્રાજ્યના તાબા હેઠળ હોવાનું ડો. સાંકળિયાનું મંતવ્ય છે. મૌર્ય અને ગુપ્તકાળ પછીથી છેક દશમી સદીના આરંભકાળ સુધી ઉત્તર ગુજરાત પર અનુક્રમે જોધપુર, ઉજ્જૈન અને કનોજના ગુર્જર પ્રતિહારો, વલભીના મૈત્રકો અને લાટ તરફના રાષ્ટ્રકૂટોનું વધતા-ઓછા અંશે પ્રભુત્વ રહ્યું હોય તેમ જણાય છે.

ઈશુની દસમી સદીના મધ્યકાળથી સોલંકીઓની સત્તા આરંભાઈ. આ સમયે ગુજરાતની ઉત્તર દિશામાં વાઘેલા અને પરમારોની આજ્ઞા પ્રવર્તતી હતી. ઈશુની ૧૩મી સદીથી વાઘેલાઓ પાસેથી ગુજરાતની સત્તા મુસ્લિમોના હાથમાં આવી. ચૌહાણોના છેલ્લા રાજવી ઝાલોરના વીસળદેવ પાસેથી સત્તા મુલતાનના ખુરમાન લોહાનીએ કબજે કરી હતી, જેણે ગુજરાતના સુબાનું આધિપત્ય સ્વીકાર્યું હતું. તે ૧૩૯૪ થી માંડી છેક ૧૫૭૬ સુધી ચાલુ રહ્યું. મહમદ શાહ પહેલાના આ ગાળા દરમ્યાન પાટણને બદલે અમદાવાદ ગુજરાતની રાજધાની બની. આથી ઉત્તર ગુજરાતના મધ્યભાગમાં સત્તાનું કેન્દ્ર આવ્યું. પાટણ શહેર આશરે છસો-સાતસો વર્ષ સુધી રાજધાનીના સ્થાને રહ્યા બાદ પરિસ્થિતિ બદલાઈ.

૧૫મી સદી દરમિયાન ચિત્તોડના રાજા સંગ્રામસિંહે ગુજરાત પર આક્રમણ કર્યું હોવાના ઉલ્લેખો મળે છે. મોગલોએ મુસ્લિમો પાસેથી સત્તા કબજે કરી ઉત્તર ગુજરાતના બળવાખોર રાજપૂતોનું જબરદસ્તીથી ધર્માન્તર કરાવવાનું શરૂ કર્યું, જેથી રાજપૂતો અને ઠાકોરો જેવી લડાયક પ્રજા સ્થળાંતર કરી ગઈ હશે. વળી તેઓમાંથી કેટલાકને બળપૂર્વક ધર્માન્તર પણ કરવું પડ્યું હશે. તેઓ "મોલેસલામ" અર્થાત્ "મૌલા ઈસ્લામ" તરીકે ઓળખાયા, જેઓ બનાસકાંઠાના પાલનપુરની આસપાસ વસે છે. ખેડા જિલ્લાઓનાં ગામોમાં પણ તેમની વસ્તી છે.

ઈ.સ. ૧૭૬૩થી ૧૮૧૮ સુધીનો ગાળો મરાઠાઓની સત્તાનો ગાળો ગણાવી શકાય. દામાજી ગાયકવાડે ઈ.સ. ૧૭૬૩ પછીથી વડનગર, વિજાપુર, ખેરાળુ અને પાટણની જાગીરો પાછી મેળવી રાધનપુર અને કડી વચ્ચેના ઘણા વિસ્તારો પર કાબૂ ધરાવનાર બાબી કુટુંબને પણ વિસનગરમાંથી તગડી મૂકયું હતું. આ ઉપરાંત મરાઠાઓએ પૂર્વ

ભાગમાંથી ઈડર રાજ્ય પાસેથી પ્રાંતિજ, વિજાપુર, મોડાસા તથા બાયડ જેવા પ્રદેશો પડાવી લીધા હતા. ગુજરાતમાં અંદરોઅંદર લડતા મોગલો, પેશ્વા, મરાઠા અને ગાયકવાડ વચ્ચે પણ મોટા પ્રમાણમાં સત્તાની સાઠમારીના સંઘર્ષો ખેલાતા હતા. તેનો લાભ અંગ્રેજ સરકારે લીધો. ૧૮૫૮ના બળવા સમયે તારંગાના કોળીઓએ બંડ કર્યું હતું અને ઉત્તર ગુજરાતના મહેસાણા, કડી, કલોલ તેમ જ વિજાપુર વિસ્તારના લોકોએ હથિયારબંધી કાયદાનો ભારે વિરોધ કર્યો હતો. ઈ.સ. ૧૯૩૩માં "મહીકાંઠા એજન્સી" અને "બનાસકાંઠા એજન્સી" એ બંનેને એક કરી દઈ "સાબરકાંઠા એજન્સી" એવું નામ આપ્યું હતું. જેનું મુખ્ય મથક સાદરા હતું.

આ રીતે અનેક રાજકીય સત્તાના સંઘર્ષોના હથોડા ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની ભૂમિ પર ઠોકાયા છે. ૧૯૬૦માં થયેલી ગુજરાત રાજ્યની નવરચનામાં મહેસાણામાં સમાવિષ્ટ હતા તે દહેગામ અને આંતરસૂબા એ બે પ્રદેશોને અમદાવાદ અને ખેડા જિલ્લામાં મૂકવામાં આવ્યા. આ અગાઉ બનાસકાંઠામાં ગણાતા સમી તાલુકાને નવરચનામાં મહેસાણા જિલ્લામાં મૂકવામાં આવ્યો. ગાંધીનગર જિલ્લો મહેસાણા અને અમદાવાદ જિલ્લાનાં ગામો લઈ બનાવામાં આવેલો છે.

આ રીતની ઉત્તર ગુજરાતની ઐતિહાસિક ભૂમિકા છે, જેને પરિણામે ધર્માન્તરો અને સ્થળાંતરો થતાં રહ્યાં છે. તેથી પોતાનું અસ્તિત્વ ટકાવવા લડાયક પ્રજાઓ જ વધુ પ્રમાણમાં ત્યાં ટકીને રહી હોય તેમ લાગે છે. આથી જ ઠાકોરોની વસ્તીનો મોટો ભાગ ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે. આ ઉપરાંત મૂળે ગાંધીનગર એ મહેસાણાનો ભાગ છે. ત્યાં અને જૂના પાટણ અને ગાયકવાડની રાજ્યસીમાઓ પર પણ આ લડાયક પ્રજા વસેલી છે. તેમાંથી મોટા ભાગનું સ્થળાંતર અન્ય વિસ્તારોમાંથી થયું હશે અથવા રાજપૂતો ભાગી અન્ય

વિસ્તારોમાં જઈ સ્થાનિક ભીલો અને કોળીઓની કન્યાઓ સાથે લગ્ન સંબંધોથી જોડાયા હશે. આને કારણે નવી પ્રજા થઈ તેવા ઉલ્લેખો રાસમાળામાં મળે છે.

ઠાકોરોની ઐતિહાસિક ભૂમિકા :

"ઠાકોર" શબ્દ મૂળ ઠકરાત પરથી આવેલો છે. મોટા જમીનદારો, ગીરાસદારો, નાનાં-મોટાં ગામના ધણીને "ઠાકોર" તરીકે ઓળખવામાં આવતા. આજે ઠકરાઈ રહી નથી, જમીનદારો પણ બહુ ઓછા રહ્યા છે. ગુજરાતના ઠાકોરોને સમજવા ત્રણ શબ્દોનો ભેદ સમજી લેવો આવશ્યક બને છે. રાજપૂતો (ગરાસિયા), ઠાકોર (ઠાકરડા) અને કોળી. આ ત્રણે આજે અલગ અલગ જ્ઞાતિ તરીકે અસ્તિત્વ ધરાવે છે. ત્રણે જૂથમાં ઊંચા-નીચાનું સ્તરીકરણ જોવા મળે છે. કોળી કરતાં ઠાકોર પોતાને ઊંચા ગણે છે અને ઠાકોર કરતાં રાજપૂતો પોતાને ઊંચા ગણે છે. એક બીજા જૂથ વચ્ચે રોટી-બેટી વહેવાર નથી. નીચેના સ્તરવાળા ઉપરના સ્તરવાળાને ત્યાં જમી શકે, પાણી પી શકે પણ ઉપરના સ્તરવાળા નીચેના સ્તરવાળાને ત્યાં ભોજન કે પાણી લેતા નથી. આ ત્રણે જ્ઞાતિઓ પોતાને "ક્ષત્રિય" સાથે જોડે છે, જેમાં મૂળ રાજપૂતો જ ક્ષત્રિયો છે. બાકીના કાળક્રમે અનેક મિશ્રણોનો પરિપાક છે, જેમ કે બનાસકાંઠા-સાબરકાંઠામાં વસતા ગરાસિયા. આ લોકોની ઉત્પત્તિ 'રાસમાળા' લેખક રાજપૂત પુરુષો અને ભીલ કન્યાઓ વચ્ચે બંધાયેલા સંબંધોમાંથી થયેલ બતાવે છે. તેમ ઠાકરડા જ્ઞાતિ માટે પણ એ પ્રકારના ઉલ્લેખો થયેલા છે. વળી કોળીઓ ઠાકરડાઓથી ખાવા-પીવાના વધુ પડતા જુદા આચાર-વિચારોને કારણે અલગ પડયા. ઠાકરડા અને કોળીઓ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા ખેંચવી મુશ્કેલ છે. છતાં બંને અલગ અલગ અને સ્પષ્ટ જૂથો છે. ઊંચા મનાતા ઠાકોરો પોતાથી નીચેના ઠાકોરોને કોળી તરીકે પણ ગણાવે છે.

ઊંચા પોતાની કન્યાને પોતાનાથી ઊંચે આપે. સર્વોચ્ચ ક્ષત્રિયો પોતાની કન્યાઓ રાજપૂતો જોડે આપે તેમજ નીચેથી પણ લાવે ખરા. આમ નીચેના સ્તરવાળા તેમની નીચેથી લાવે એમ કરતાં કરતાં ઠાકોરોમાં છેક નીચેના સ્તરવાળાનો સંબંધ કોળીઓ સાથે જોડાઈ જાય છે. આમ ત્રણે જૂથો પોતાની ઉત્પતિ ક્ષત્રિયોમાંથી બતાવે છે. તેમ જ તેમનામાં મળતી અટકો પણ મૂળ રાજપૂતોની છે, જેમ કે પરમાર, સોલંકી, વાઘેલા, મકવાણા, ચૌહાણ, વગેરે.

જે જ્ઞાતિ વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણો પછી બીજા નંબરનું સ્થાન ભોગવતી હતી, તે કાળક્રમે આર્થિક વ્યવસ્થાના આધારે સામાજિક દરજ્જાની મુલવણી થતાં તેમ જ માંસાહારને કારણે નીચે આવી ગઈ અને વાણિયા, પટેલો જેવી જ્ઞાતિઓ સામાજિક દરજ્જાની રીતે તેમની ઉપર આવી ગઈ.

ગુજરાતના રાજપૂત, કોળી અને ઠાકોરો :

ચુંવાળમાં કુકવાવ, ભંકોડા, છનિયાળ અને ડેકાવાડાના સોલંકીઓ કટોસણ, ઝિંઝુવાડા અને પનારના મકવાણા, સાભ્રમતીના કિનારા ઉપરના ઘાંટી અને વાઘપુરના રાઠોડ, ચરોતરમાં ધોડાસરના ડાભી, મહીકાંઠામાંના આમલિયારાના ચૌહાણ, કાંકરેજના વાઘેલા—આ સર્વ કુટુંબવાળા પ્રથમ કોળીઓના સંબંધમાં આવ્યા એટલે તેમને કોળી લોકોની રીતભાત દાખલ કરવી પડી. "ખાલસા" અને "ગરાસિયા" એવા બે પ્રકારનાં ગામ હતાં. મોગલ અને મરાઠા સરકાર પોતાને હાથે જે ગામોની વ્યવસ્થા કરતા હતા તે ખાલસા કહેવાય છે અને ઠાકોરોની વંશપરંપરાની સત્તા નીચે જે ગામ હતાં તે ગરાસિયા ગામ કહેવાય છે. ખાલસા ગામનો વહીવટ સરકારથી કરવામાં આવે છે, અને ગરાસિયા ગામ ગરાસિયાઓના કબજામાં રહે છે. તેઓ પાસેથી

સરકારને મહેસૂલ લેવાનું હોય છે. ગરાસિયા ગામના ખરેખરા બે ભેદ પડેલા છે. જે ગામ રજપૂત અથવા ગરાસિયા લોકોના તાબામાં હોય છે તે ગરાસિયા ગામને નામે ઓળખાય છે. અને જે કોળીઓના તાબામાં છે તે સામાન્ય રીતે મહેવાસ કહેવાય છે. રજપૂત લોકો બહારથી આવેલા છે તોપણ જ્યારે મુસલમાનોએ ગુજરાત ઉપર હલ્લો કર્યો ત્યારે, તે દેશ તેમના તાબામાં હતો. તેઓ કોળીઓ કરતાં વધારે સુધરેલા તેમ જ વધારે શૂરવીર જાતિના લાગે છે. કોળી લોકો જોકે મૂળના રહેવાસી છે, તો પણ ઘણું કરીને તેઓ હુલ્લડખોર અને કાંઈ નહિ તો ટંટાખોરિયા "ગામડિયા જેવા જણાય છે." (રાસમાળા, ભાગ–૨, પાન નં. ૨૭૪)

"મુખ્ય મહેવાસિયો જોવા જઈએ તો ચુંવાળ, પ્રાંતીજ, હરસોલ અને મોડાસા પરગણાના કોળિયો છે. આંબલિયારા, લોહર અને નિરમાલીના કોળી ઠાકોરો તથા માંડુવા, પુનાદર અને કરોલના મકવાણા જમીનદારો છે. તેઓના તાબામાં આશરે પંદર માઈલ ક્ષેત્રફળની વાત્રક નદીની પાસેની ધરતી છે. બીજો જથ્થો કોળીઓનાં નવ ગામનો છે. તે વિજાપુર પરગણામાં સાભ્રમતી નદી ઉપર છે. આ જથ્થાને લગતાં દક્ષિણમાં વરસોડા, માણસા અને પેથાપુરમાં રજપૂત સંસ્થાન છે. બનાસની પાસે આઠ હજાર કામઠાવાળા કોળીઓ તથા ચુંવાળના પાંચ હજાર છે." (રાસમાળા, ભાગ–૨, પાન ૧૧૭)

બહુચરાજીના દેરાથી થોડા માઈલને છેટે દેતરોજ કરીને ગામ છે. તે ચુંવાળના મધ્ય ભાગમાં છે. આ ઠેકાણે એ દેવીનું એક બીજું દેરું છે. તે અસલ છે એમ કેટલાક માને છે. તે તેની પાસેના કોળી ઠાકરડાની કુળદેવી છે. દેતરોજના કુળવાળાની સાથે સોલંકી રાજવંશના ઘરની શાખાના મુખીનો સંબંધ થયો હતો, એવું ચુંવાળના દશોદી ભાટ કહે છે. પણ તે કયારે થયો હતો તે જાણવામાં આવ્યું

નથી. તેના વંશજ કોળીઓની સાથે મળી ગયા અને તેઓ માંહેલો કાનજી જે રાતના ઉપનામથી ઓળખાતો હતો તેને તાબે ચુંવાળીસ ગામ હતાં, તે ઉપરથી 'ચુંવાળ' કહેવાય છે. (રાસમાળા, ભાગ–૨, પાન ૯૯)

ચુંવાળના સોલંકી કોળીની પડોશમાં મકવાણા કોળી રહેતા હતા. તેમના તાબામાં ઝિંઝુવાડા. કટોસણ અને પનારના ગરાસ હતા. કેસર મકવાણાને હરપાળ કુંવર હતો. તે ઝાલા રાજપૂતોનો મૂળ પુરુષ હતો. તે સિવાય વજેપાળ અને શાંતાજી કરીને બે કુંવરો હતા. મુસલમાનો સાથે લડાઈ થઈ તેમાં વજેપાળ ઘવાઈને કેદ પકડાયો. પછી તે મોલે-સલામ થયો. એના વંશજ મહીકાંઠામાં માંડુવાના જમીનદાર છે. શાંતાજીએ જોરાવરીથી સાંથલ લીધું. ત્યાં મહમદ બેગડાના વારામાં તેનો વંશજ કાનોજી રહેતો હતો. કાનોજી એક ભીલ ઠાકોરની કન્યા વેરે પરણ્યો હતો. તેથી તે નાત બહાર રહ્યો હતો પણ મહમદના હાથ નીચે તે શાહી નોકરી ઉપર હતો. તેથી તેણે તેને કટોસણની જાગીર આપી હતી. તેના તાબામાં ચોરાશી ગામ હતાં. કાનોજીથી તેરમો પુરુષ નારણજી કરીને કટોસણનો ઠાકોર થયો. (રાસમાળા, ભાગ–૨, પાન ૧૦૯, ૧૧૦)

બારૈયાનો ઉલ્લેખ પણ 'રાસમાળા'માં થયેલો છે. ઘોઘાના અને પીરમના બારૈયાઓએ અણહિલપુરના રાજાઓની દરિયાઈ સત્તાનું જે કોઈ રહ્યું હતું તે સર્વ સ્વાધીન કરી લીધું. એવામાં સોરઠના રાજાઓની ઉપર ખાંટ તથા ભીલોએ દબાણ કર્યું અને તેઓના સગાઓએ વાઘેલા ધરતીનો નાશ કરી નાખ્યો. ઉત્તરમાંથી ગોહિલ. સિન્ધમાંથી સોઢા પરમાર અને કાઠી (કચ્છમાંથી) તેમ જ બીજી જાતિના લોકો આવીને ગુજરાતમાં પેઠા અને ચુડાસમા, વાળા અને

અસલી મેર લોકોની સાથે લગ્ન સંબંધમાં આવી તેઓની મદદથી સ્થાનિકોની ભોંય ખુંચાવી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. (રાસમાળા, ભાગ–૨, પાન ૨૫૩)

મહી કાંઠામાં કણબી, વાણિયા અને બીજી ગરીબડી જાતિના ઘણા લોકોની વસ્તી હતી પણ દેશની સત્તા જેઓના હાથમાં હતી અને જેઓ હથિયાર ધારણ કરવાવાળા હતા તેઓ રાજપૂત, કોળી અથવા મુસલમાન જાતિના હતા. તેમાં જે કે કોળી લોકો રજપૂતોની સત્તા નીચે જોવામાં આવતા હતા. (રાસમાળા, ભાગ–૨, પાન ૧૧૩)

મહીસાગર કાંઠે પ્રાચીન જાતિ કોળી જણાય છે. કોળી, બારૈયા પાટણવાડિયા, મલિડા વગેરે મહીસાગર નદીને પવિત્ર ગણે છે. આજે પણ બારૈયા અને પાટણવાડિયા જાતિ મહી સાગરના સમ ખાતી નથી.

મહી કાંઠે ઈ. સ. ૧૮૨૭માં ઉમેટામાં મહીકાંઠા એજન્સીનો વિસ્તાર હતો. એ રેવાકાંઠા એજન્સીનો એક ભાગ હતો. અહીંયાં મહી કાંઠે ભીલ અને બારૈયાની વસતિ મુખ્ય હતી. બારોટનાં ચોપડામાં મહી નદીના બારામાં રહેવાથી તે બારૈયા કહેવાયા એવી એક દંતકથા છે. મહી કાંઠાની બારૈયા પ્રજા ખડતલ, શક્તિપૂજક અને મહી સાગરને વધારે પવિત્ર માને છે.

ધુવારણમાં મુખ્યત્વે સંધી અટકવાળા: બારૈયા જોવા મળે છે. બારૈયા, પાટણવાડિયા, ઝિંઝુવાડિયા વગેરે અટકો ચૌલુક્ય રાજ્ય દરમિયાન વધારે રૂઢ બની હતી.

મહીસાગર કાંઠે પ્રાચીન જાતિઓમાં ડાભી પણ આવે છે. બારોટની દંતકથા મુજબ તેઓ પોતાની ઉત્પત્તિ ધર્મમાંથી બતાવે છે. બારૈયામાં પણ ડાભી અટક જોવા મળે છે. બીજી એક દંતકથા ડાભીને ઈન્દ્રદ્યુમ્ન રાજાના ભાયાત તરીકે ઓળખાવે છે. ઘોડાસર રાજ્યના મૂળ

પૂર્વજો બુંદેલખંડના હતા અને કોળી સ્ત્રી સાથે લગ્ન કરવાથી તેઓ ડાભીના નામે ઓળખાયા, એમ ખેડા જિલ્લાનું ગેઝેટિયર કહે છે. મહી કાંઠે પુનાદ્રા રજવાડું હતું, જે મકવાણા, કોળી હતા; પરંતુ મહમદ બેગડાના સમયે તેઓ મુસલમાન બન્યા હતા.*

'ઠાકોર' (ઠાકરડા) શબ્દની વ્યુત્પત્તિ :

'ઠાકોર' શબ્દ મૂળ ઠકરાત પરથી આવેલો છે. એક બારોટે કહ્યું હતું કે જેઓ 'ઠા'માં એટલે કે સારી રીતે રહ્યા તે ઠાકોર, અને જેઓ 'ઠા'માં ન રહ્યા તે ઠાકરડા. આ શબ્દ અંગેનો ઉલ્લેખ "ભગવદ્ ગો મંડળ"ના શબ્દકોષમાં મળે છે.

'ઠાકોર' ('ઠાકરડા') તરીકેના નામાભિધાન સાથેની વસ્તી* સમગ્ર ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે, જ્યાં અત્યારે કોળી અને ઠાકરડા જાતિનાં બન્ને જૂથો અલગ તરી આવ્યાં છે. કોળીને નીચા ગણવામાં આવે છે અને તેની સાથે રોટી–બેટી વ્યવહાર કરવામાં આવતો નથી. પણ કેટલીક જગ્યાએ ઉપરનું જૂથ જ્યાં કન્યા આપે ત્યાંથી લાવતા નથી, જેથી કન્યા કેટલીક વાર પોતાનાથી નીચા જૂથમાંથી આવતી હોવાથી કોળી ગણાતા જૂથોમાંથી લાવવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાં આ જાતિમાં એક ભેદ અત્યારે સ્પષ્ટ દેખાય છે કે નાતરું કરવાવાળા અને નાતરું નહીં કરવાવાળા. જે જૂથ નાતરું કરે છે તેને નીચા ગણી તેની સાથે બેટી વ્યવહાર કરાતો નથી. અને નાતરું નહીં કરવાવાળા પોતાને પાલવી ઠાકોર ગણાવે છે, જે બીજાં બધાં જૂથોમાં પોતાને

* "મહીસાગર કાંઠાની પ્રાચીન જાતિઓ" રાજેન્દ્ર ર. મહેતા, ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક વૉલ્યુમ–૪૧. જુલાઈ–૧૯૭૯ ઑક્ટોબર–૧૯૭૯ નં. ૩ અને ૪, પાન ૯૮.

ઊંચા માને છે. તેમાં પણ પહેલાના રહેવાસી કે જેઓ ગામધણીઆ હતા, તેઓ પોતાને ઊંચા ગણે છે. કેટલાક તો પોતાને રાજપૂતોમાં ઘટાવવાનો પ્રયત્ન કરે છે. દિવસે દિવસે આર્થિક સ્થિતિ નબળી થતી જાય છે. જમીનો જે હતી તે સામાજિક પ્રસંગો ઊજવવામાં વેચાણ કે ગીરોમાં ચાલી ગઈ છે. આજે મોટા ભાગનો વર્ગ મજૂરી, ચોકિયાત કે પગી તરીકેનું કામ કરે છે અને કેટલાક મજૂરી માટે શહેરો તરફ જાય છે. શહેરો તરફનો પ્રવાહ સારો એવો જોવા મળે છે.

બારૈયા :

બારૈયા કે ધારાળા તરીકે જેમને ખેડા જિલ્લામાં ઓળખાવામાં આવે છે તેઓ પોતાને "બારૈયા" તરીકે ગણતા નથી, પણ તેઓ અટકોથી જ ઓળખાવવાનો પ્રયત્ન કરે છે. જેમ કે 'સોલંકી' 'પરમાર', 'ચૌહાણ'. "ધારાળા" શબ્દ બારૈયાઓને માટે "ખીજ" તરીકે વપરાતો, કારણ કે આ બહાદુર પ્રજા મૂળે હથિયારધારી હતી. તેઓ પોતાની સાથે "ધાર" વાળું હથિયાર "ધારિયું" રાખતા, જેથી ધારાળા કહેવાતા. ખાસ કરીને પટેલો જ્યારે ચોકિયાત તરીકે તેમને સાથે લઈ જતા. આજે આ શબ્દને ધૃણાપૂર્વક જોવાય છે. અને કોઈને "ધારાળા" કહેવામાં આવે તો તેને ઘણું ખોટું લાગે છે. આ શબ્દ સંબોધિત માણસને હલકો બતાવવા માટે વપરાય છે એમ તેઓ માને છે.

બારૈયાઓનું ચોક્કસ પ્રકારનું સામાજિક સંગઠન હતું જેનો ઉલ્લેખ ચરોત્તર સર્વસંગ્રહ (પાન ૭૯૭)માં મળે છે.

આ જ્ઞાતિમાં ત્રણ પંચ છે : (૧) એકસોપંદરના ઠાકરડા ક્ષત્રિયોનું પંચ (૨) બાવનના ઠાકરડા ક્ષત્રિય પંચ અને (૩) સત્તાવીશના ઠાકરડા ક્ષત્રિય પંચ. આ ત્રણ પંચ ખેડા જિલ્લામાં છે, જ્યારે ચોથું કાનમનું છે.

આ ક્ષત્રિય કોમોમાં રજપૂતોની તમામ અટકો હોય છે, જેમ કે ચૌહાણ, પરમાર, રાઠોડ, ગોહિલ, યાદવ, વાઘેલા, ચાવડા, મકવાણા, સોલંકી, ડાભી વગેરે. ક્ષત્રિયોની ચોસઠે ચોસઠ શાખાઓ એમનામાં હોય છે. એક શાખાવાળો પોતાનાથી ઉતરતી તેમ જ પોતાની શાખામાં કન્યા આપતો નથી. ખાસ કરીને કન્યાઓની દેવડ ઉત્તર તરફથી દક્ષિણ તરફ હોય છે, જેમ કે કઠલાલની કન્યા મહુધા જશે, પણ મહુધાની કન્યા કઠલાલ નહિ જાય.

મોલેસલામ ક્ષત્રિયો :

બાદશાહી કાળમાં એક યા બીજા કારણે જેમણે મુસલમાનો સાથે ખાનપાન અને બેટીવ્યવહાર કર્યો તે 'મોલેસલામ' કહેવાયા.

આ મોલેસલામ ક્ષત્રિયોમાંના ખડાલ, ધોળ, કૂવા, કૌસમ, વાઘજીપુરા વગેરે જગ્યાએ વસતા હજારો મોલેસલામ મકવાણા, બારૈયા ઠાકોરોમાંથી થયેલા છે. જ્યારે ભેટાસી, નાપા તેમ જ માતર, બોરસદ, આણંદ વગેરે તાલુકાઓમાં વસતા મોલેસલામો રજપૂતોમાંથી થયેલા છે.

ઉપર પ્રમાણેના અનેક પ્રકારના ઐતિહાસિક આધારો જુદા જુદા સ્વરૂપે મળે છે. આ સિવાય 'સૌરાષ્ટ્રની પછાત જાતિઓ' 'કડી પ્રાંતનો ઇતિહાસ', 'ગુન્હેગાર જાતિઓ', 'માણસાઈના દીવા' વગેરે અનેક પુસ્તકોમાં ઠાકોરોની ઢગલાબંધ માહિતી મળે છે. બધી માહિતી અત્રે આપવી અપ્રસ્તુત હોઈ ઉપરની વિગતો પરથી ઠાકોરોના મૂળ વિશે સ્પષ્ટ જાણી શકાય તેમ છે.

આ ઉપરાંત ઠાકોરોમાં દરેક ગોત્રવાળાના આગવા બારોટો (વહીવંચા) હોય છે, જેઓ દર બેત્રણ વર્ષે આવી દરેક કુટુંબના નવા જન્મેલ

બાળકની નોંધ કરે છે અને પેઢીનામું વાંચે છે. તેઓ અમુક કુળ ક્યાંથી આવ્યું તેનો મૂળ પુરુષ સુધીનો ઇતિહાસ બતાવે છે, જો કે મોટાભાગના બારોટોના ચોપડામાં ઘણી અતિશયોક્તિઓ ભરેલી હોય છે. એક જમાનામાં આ ચોપડા ઘણા આધારભૂત ગણાતા. તેમાંથી કેટલીક શાખાનો ઇતિહાસ અમારા મૂળ અહેવાલમાં આપવામાં આવેલ છે. આ ટૂંકા અહેવાલમાં તે લેવામાં આવ્યો નથી.

વસ્તી :

ઠાકોરોની વસ્તીના આંકડા મળવા મુશ્કેલ છે કારણ કે આખાયે ગુજરાતમાં તેમની વસ્તી છૂટી-છવાઈ છે. હવે વસ્તીગણતરી પત્રકોમાં જ્ઞાતિવાર આંકડા મૂકાતા નહી હોવાથી એકંદરે સંખ્યા પ્રાપ્ત થઈ શકી નથી. તાલુકા પંચાયતોમાં તપાસ કરવાથી પણ આ પ્રકારની માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી. કારણ કે મોટા ભાગના વિસ્તારમાં તો લગભગ દરેક ગામમાં થોડાં ઘણાં કુટુંબો વસતાં હોય છે. જ્યારે કેટલાંક રહેવાસી ગામો આખાં ઠાકોરોનાં છે પણ તેની વસ્તીની ચોક્કસ સંખ્યા જાણી શકાઈ નથી. ગુજરાતમાં વધુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, ખેડા અને પંચમહાલ છે. તેમાં કેટલાક વિસ્તારોમાં ઠાકોરોની વસતિ લગભગ ૫૦થી ૯૦ ટકા જેટલી છે. અમુક-અમુક વિસ્તારોમાં ઠાકોર વસ્તીના સળંગ પટ્ટા જોવા મળે છે. જેમ કે ચુંવાળ, પાટણ વિભાગમાં પણ વધુ વસ્તી છે. તે જ રીતે બોરસદ તાલુકો વગેરે અનેક વિસ્તારો ઠાકોરોથી ભરેલા જોવા મળે છે. બનાસકાંઠામાં રાધનપુરથી ડીસા સુધીમાં પણ એમની ઘણી વસ્તી છે.

ભૌતિક જીવન

ઠાકોરોના વસવાટી ગામ બે પ્રકારનાં જોવા મળે છે. પ્રથમ તો મેવાસી (મહેવાસી કે મેવાસ) ગામો કે જ્યાં માત્ર ઠાકોરો જ વસવાટ કરે છે. એ ગામોમાં જુદાં જુદાં ફળિયાં હોય છે, જેને વાસ (વાહ) કહેવામાં આવે છે. દરેક વાસમાં દસથી પચાસ સુધી ઘરો હોય છે. આ ઘરો હારબંધ અડોઅડ બાંધવામાં આવેલ હોય છે, જ્યારે કેટલાંક ઘરો છૂટાછવાયાં પણ હોય છે. બીજું, જે ગામોમાં અન્ય જ્ઞાતિઓ સાથે ઠાકોરોનો વસવાટ છે ત્યાં ઠાકોરવાસ અલગ હોય છે. વધુ ઘરો હોય તો નજીક નજીકમાં બે ત્રણ વાસમાં ઘરો વહેંચાયેલ હોય છે. વાસમાં લીમડાનાં ઝાડ પણ જોવા મળે છે, જેને છાંયડે મોટી ઉંમરના વૃદ્ધો નવરાશને સમયે આરામથી બેસે છે. આ સિવાય પણ કેટલાક વિસ્તારોમાં ચોમાસા સિવાય થોડા લોકો ખેતરોમાં રહેવા જાય છે. ખેતરોમાં છાપરાં બનાવી રહેતા હોય છે.

વસવાટ મોટે ભાગે ગોત્રવાર જોવા મળે છે. એટલે કે એક જ ગોત્ર કે શાખાના માણસો નજીક નજીકમાં રહે છે.

ઘર :

ઘર ક્યાં બનાવવું તે જે તે સ્થળની સ્થાનિક પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. ઘર સામાન્યત : સપાટ જમીનમાં બાંધવામાં આવે છે. ઘર બનાવતાં પહેલાં પોતાની પાસે આર્થિક જોગવાઈ કેટલી છે તે જોવાનું હોય છે. ગમે ત્યાંથી પૈસા ઉછીના ઉધાર કરી ઘરમાં કેટલી વસ્તુઓની જરૂર પડશે તે જાણી તે ભેગી કરે છે. ઈંટોના મકાનો સારી સ્થિતિ હોય તો જ બનાવે છે. નહિતર માટીથી ઘરની

દીવાલો ઊભી કરવામાં આવે છે. ત્યારબાદ ઉપર છાજ નંખાય છે. છાજમાં સ્થાનિક વિસ્તારમાંથી મળતી ચીજવસ્તુનો ઉપયોગ વધારે થાય છે. દોરી, વળી, વાંસની ચીપ વગેરે વપરાય છે. ઉપર દેશી નળિયાં ઢાંકવામાં આવે છે. એક નાનું સરખું ૨૦ × ૨૦ ફૂટનું ઘર કરવું પણ ગરીબાઈને કારણે ઘણું મુશ્કેલ પડે છે. ઘર બાંધલાતી રીત વિસ્તાર પ્રમાણે થોડી થોડી જુદી પડતી હોય છે. સામાન્યત: સ્થળ મુહૂર્ત—ભૂમિપૂજન, પૂજા-વિધિઓ વગેરે બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે. મોટા ભાગે જેને પાકાં મકાન કહી શકીએ તેવાં ઘરોમાં આવી ખાસ વિધિ કરતામાં આવે છે. (બધા જ આ રીતે વિધિ કરે તેવું પણ નથી.) ઘર બાંધવાની શરૂઆત થયા પછી જે વિધિઓ આવે તે પણ કરવામાં આવે છે. જેમ કે બારણાની શાખ ઊભી કરતાં કે મોભ ઊભો કરતાં પણ વિધિઓ કરવામાં આવે છે. ઘર બંધાઈ ગયા પછી બ્રાહ્મણને બોલાવીને નવા ઘરનું વાસ્તુ કરવામાં આવે છે. ઘરમાં પ્રથમવાર ચૂલો ગોઠવી તેની ઉપર રસોઈ કરવામાં આવે છે. બધાં જ કુટુંબો વાસ્તુ કરાવતાં નથી.

ઠાકોર સમાજમાં મોટાભાગનાં ઘરો કાચાં અને એક ઓરડા સાથે ઓસરીવાળાં અથવા બે ઓરડાવાળાં જોવા મળે છે. તપાસેલ ૪૫૦ કુટુંબોના મકાનોમાંથી ૯૬.૯ ટકા કુટુંબોનાં મકાનો કાચાં હતાં. જમીન-વિહોણા અને જમીનવાળાના સમૂહ પ્રમાણે જોતાં જમીનવિહોણામાં ૯૮.૨ ટકા કુટુંબોનાં ઘરો કાચાં હતાં. જ્યારે ૧.૮ ટકા કુટુંબોનાં મકાનો પાકાં હતાં. જમીનવાળાં કુટુંબોમાં પણ મોટા ભાગની સંખ્યા કાચાં મકાનવાળાં કુટુંબોની હતી પણ મકાનોના પ્રમાણમાં જમીનવિહોણાં કુટુંબો કરતાં જમીનવાળાં કુટુંબોમાં પાકાં મકાનની સંખ્યા વધુ છે.

ઓરડાઓની સંખ્યામાં એક ઓરડો ધરાતતાં હોય એવાં જમીન-વિહોણાં કુટુંબોમાં ૬૫.૩ ટકા અને વધારે જમીનવાળાંમાં ૩૪.૭ ટકા

કુટુંબોનો સમાવેશ થયો છે. બે અને ત્રણ ઓરડાની સંખ્યા ધરાવતાં કુટુંબોમાં જમીનવિહોણાં કરતાં જમીનવાળાં કુટુંબોનું પ્રમાણ વિશેષ છે. કુલ્લે ૪૬.૯ ટકા એક ઓરડાવાળાં, ૪૨.૮ ટકા બે ઓરડાવાળાં, જ્યારે ફક્ત ૧૦.૭ ટકા કુટુંબો જ ત્રણ ઓરડાવાળાં મકાન ધરાવે છે.

ઘરના દરેક ખંડમાં બારીની સગવડ હોતી નથી. ઘરના પાછળના ભાગમાં કેટલાંક ઘરોને બારીની સગવડ હોય છે. કેટલાંક ઘરોને પાછળની દીવાલમાં બારણું પણ હોય છે. ખુલ્લી જમીન હોય ત્યાં વાડો બનાવે છે. ત્યાં ઢાર બાંધે છે.

ઘરવખરી :

ઘરવખરીની ચીજોમાં વાસણો, ખાટલા, ગાદલાં, ગોદડાં, ઘરેણાં વગેરે મુખ્ય છે. વાસણોમાં સૌથી વધારે પિત્તળ અને એલ્યુમિનિયમનાં જોવા મળતાં હોય છે. પિત્તળનાં વાસણોમાં તપેલાં, થાળી, વાટકા, લોટા વગેરે હોય છે. એલ્યુમિનિયમનાં વાસણોમાં તપેલી, કઢાઈ, વાટકા વગેરે જોવા મળે છે. તાંબાનાં વાસણમાં પાણી ભરવાનું બેડું, ગોળો ઈત્યાદિ હોય છે. સ્ટીલનાં વાસણો નહિવત્ પ્રમાણમાં જોવા મળે છે, જ્યારે કાંસાનાં વાસણોમાં તાંસળાં હોય છે પણ વાટકા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. માટીનાં વાસણોમાં પાણી ભરવાનાં માટલાં, રોટલા કરવા માટેની લોઢી તથા લાકડાના દોરાથી ભરેલા ખાટલા હોય છે. શણના રેસામાંથી બનાવેલી દોરી તથા સૂતરની દોરીનો ઉપયોગ કરવામાં આવે છે. ફર્નિચરનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે, પરંતુ ઘડિયાળ—રેડિયા વગેરે શોખનાં સાધનો કોઈ કોઈ જગ્યાએ જોવા મળતાં હોય છે.

હથિયારોમાં તલવાર, ધારિયું, ભાલો, કાતર (લોખંડ અતે લાકડાનાં), ઘોકા ઢાલ વગેરે કેટલાંક ઘરોમાં જોવા મળે છે. ક્યાંક ક્યાંક

બંધૂક કે પિસ્તોલ પણ જોવા મળે છે. બહારગામ જતાં હથિયાર હાથમાં રાખે છે.

કુલ ૪૫૦ કુટુંબોમાં ઘરવખરીનાં ૧૩૯૬૨ સાધનો હતાં. આમ કુટુંબદીઠ સાધન સંખ્યા ૩૧ ની થાય છે. જોવા મળે છે કે તેમની પાસે ઓછામાં ઓછાં જીવન જરુરિયાતનાં સાધનો છે.

ઘરેણાં :

જ્યારે છોકરીનાં લગ્ન થાય છે ત્યારે ઘરેણાં આપવામાં આવે છે. ઘરેણાં સોનાંનાં અને ચાંદીનાં જોવા મળે છે. વધુ પડતાં ઘરેણાં ચાંદીનાં હોય છે. અગાઉ ઘરેણાં વધુ હતાં. અત્યારે ઓછાં જોવા મળે છે.

સ્ત્રીઓ તહેવાર કે સામાજિક પ્રસંગોએ ઘરેણાં પહેરે છે. પહેલાંના સમયમાં પુરુષો કેડમાં કંદોરો, કાનમાં બુટ્ટી (મરચી), હાથમાં કડું, પગમાં બેડી કે તોડો, પહેરણમાં ચાંદીનાં બટન વગેરે પહેરતા, જે અત્યારે ભાગ્યે જ જોવા મળે છે.

પહેરવેશ :

બાળકો :

બાળકોમાં છોકરાઓ ચડ્ડી અને બુશશટ પહેરે છે. છેક નાની છોકરીઓ ચોળી (કાપડું) અને ચણિયો પહેરે છે. ૬ થી ૭ વર્ષની છોકરીઓ ફ્રોક પહેરે છે.

પુરુષો :

પુરુષો ખમીશ, ધોતી અને માથે ટોપી પહેરે છે અને ફેંટો (ફાળિયું) બાંધે છે. શિક્ષિત યુવકો પેન્ટ અથવા લેંઘો અને શર્ટ પહેરે

છે. તેમના પહેરવેશ અને દેખાવ ઉપરથી જ આ ઠાકોર છે એમ ઓળખાઈ જાય છે.

સ્ત્રીઓ :

સ્ત્રીઓના પહેરવેશમાં ઘાઘરો , કબજો અને સાડલો મુખ્ય છે. સાડલો ટૂંકો હોય છે. એટલે ઘણી વાર આ સાડલાને ઓઢણી પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે ઘાઘરો, કબજો કે સાડલો વગેરે લાલ-લીલા રંગના ફુલવાળા કે ભાતવાળા જોવા મળે છે. ચણિયો ઘેરવાળો હોય છે.

ખોરાક-પીણાં :

સવારના ખોરાકમાં ચા-રોટલો હોય છે. બપોરના શાક-રોટલા ખાય છે. બપોરનું જમવાનું લગભગ ૧૨ થી ૧ વાગે થતું હોય છે. મજૂરી કરનાર બપોરના આવીને રસોડું બનાવે છે. સાંજે મોટા ભાગે શાક અને ખીચડો બનાવી ખાય છે. કયારેક શાક રોટલા પણ બનાવતા હોય છે. ખોરાકમાં ખાસ કરીને બાજરી, ઘઉં, ચોખા અને તેલ-ગોળનો વપરાશ હોય છે. મરચાંનું પ્રમાણ વિશેષ હોય છે.

વાર-તહેવાર અને ઉત્સવ જેવા પ્રસંગોએ શીરો-પૂરી વગેરે બનાવીને ખાય છે. કયારેક માંસનો પણ ઉપયોગ કરે છે. માંસમાં ખાસ કરીને મરઘી, માછલી, બકરું, સસલું વગેરે ખાય છે.

સવારમાં ચા મુખ્ય પીણું છે. બીજા નંબરના પીણામાં દારુ આવે

છે. દારુ બનાવી વેચે પણ છે, દારુ પીનારાઓમાં એ મહેમાનગતિનુ મુખ્ય સાધન હોય છે.

વ્યસન :

વ્યસનમાં બીડી, છીંકણી, ચા અને દારુ મુખ્ય છે.

આર્થિક જીવન

સમાજ વ્યવસ્થાના કેન્દ્રમાં આર્થિક વ્યવહારોએ સ્થાન લીધું છે. તેની આસપાસ સમગ્ર જીવન ગોઠવાય છે. જે સમગ્ર સમાજમાં ગરીબીની સંસ્કૃતિ છે ત્યાં રોટલાની આસપાસ જીવનના વ્યવહારોને ગોઠવવાનો પ્રયત્ન થતો હોય છે. ગરીબ સમાજમાં યે ઉપરના સારા આર્થિક સ્તરે પહોચવા કેટલાંક કુટુબો પોતાના જ સમાજનું શોષણ શરુ કરી દે છે.

સમાજની ગરીબી અનેક બાબતો પર આધાર રાખે છે, જેમાં જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ પણ જવાબદાર હોય છે. વળી વારંવાર થતાં ધંધાનાં પરિવર્તનોને કારણે પણ ગરીબ વ્યક્તિ વધુ ગરીબ બનતી હોય છે. જુદા જુદા વિસ્તારોમાં ઠાકોરોની આર્થિક સ્થિતિ જુદી જુદી જોવા મળે છે, જો કે મૂળમાં ઠાકોર સમાજનો લગભગ મોટો ભાગ ગરીબીની રેખા નીચે જીવન જીવે છે. ઠાકોર સમાજ પાસેથી થોડી ઘણી ખેતીની જમીન જે હતી તે ય ચાલી ગઈ; એટલે ખેતમજૂર તરીકે તેમને જીવવું પડે છે. આ મજૂરી પણ બારે માસ પૂરતી મળતી નથી. પોતાના ગામમાં કે વિસ્તારમાં જયાં મોટા ભાગનો વર્ગ મજૂરી

કરવાવાળો હોય ત્યાં કાયમી મજૂરી મળતી નથી. સામાજિક-ધાર્મિક ખર્ચાઓ દેવું કરવા ફરજ પાડે છે કે જમીન વેચવા મજબૂર બનાવે છે. આને પરિણામે તેઓ ગરીબાઈના મુખમાં ઊંડાને ઊંડા ધકેલાતા જાય છે.

જમીન :

ભૌગોલિક વિસ્તાર પ્રમાણે જોતાં મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની જમીન ગોરાડુ અને રેતાળ છે. સમી અને હારીજ તાલુકાની જમીન રેતાળ તથા ખારાશવાળી, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લાની જમીન રેતાળ અને ગોરાડુ છે. ખેડા જિલ્લામાં નદીકિનારાની જમીન કોતરવાળી અને ગોરાડુ છે, જ્યારે બાકીનો વિસ્તાર સપાટ જરાયત જમીનમાં વહેંચાયેલો છે. બનાસકાંઠા તથા રાધનપુર વિસ્તારની જમીન રેતાળ તથા ખારાશવાળી છે. માત્ર આકાશિયા ખેતી થઈ શકતી હોવાથી ત્યાં શિયાળુ પાક નહિવત લેવાય છે. પિયતનું પ્રમાણ ખેતીમાં ખૂબ ઓછું જોવા મળે છે.

કુલ ૪૫૦ કુટુંબોમાંથી ૨૮૦ કુટુંબો પાસે જમીન છે. શહેરી વિસ્તારમાં રહેતા ઠાકોરો પાસે જમીન નથી. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા મોટા ભાગના ઠાકોર કુટુંબો પાસે વત્તા-ઓછા પ્રમાણમાં જમીન છે. ૨૮૦ કુટુંબોમાંથી ૨૧૧ કુટુંબો જાતે જમીન ખેડે છે. ૨૧૧ કુટુંબોમાંથી ૩ કુટુંબો જમીન ગીરો રાખે છે અને ૩ કુટુંબો ભાડે જમીન ખેડે છે. ૪૧ કુટુંબોએ પૈસાની જરૂરિયાતને કારણે પોતાની જમીન ગીરો મૂકી છે. ૨૮ કુટુંબોએ પોતાની જમીન ભાડે ખેડવા આપી છે. જમીન ઓછી હોવી, જમીન ભાડે ખેડવા આપવી, ગીરો મૂકવી વગેરે કારણોને લીધે ખેતીનાં સાધનો પ્રમાણમાં ખૂબ ઓછાં જોવા મળે છે, જ્યારે કેટલાક કુટુંબો પાસે તો સાધનો બિલકુલ ચ્હાં નથી.

જમીનના કદ પ્રમાણે, જમીન ધરાવતાં ૨૮૦ કુટુંબોમાંથી ૦ થી ૨.૨૦ એકર જમીનમાં ૧૫૬, ૨.૨૧ થી ૫.૦૦ એકર સુધીમાં ૮૫ કુટુંબો, ૫.૦૧ થી ૭.૨૦ એકરના કદમાં ૧૭ કુટુંબો, ૭.૨૧ થી ૧૦ એકરમાં ૧૫ કુટુંબો, ૧૦થી ૧૫ એકરમાં ૫ કુટુંબો, જ્યારે ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા માત્ર ૫ કુટુંબો હતાં. આમ જમીનનું પ્રમાણ કેટલું ઓછું છે તે અહીં દેખાઈ આવે છે.

ખેતીનાં ઓજારો :

તપાસેલ ૨૮૦ કુટુંબોમાં નાનાં-મોટાં ખેતીનાં કુલ ઓજારોની સંખ્યા ૧૧૩૧ થતી હતી. હળ ૧૧૯, કરબ ૧૦૨, સમાર ૭૧, વાવણિયા ૧૧૩, (કોદાળી, પાવડો, દાતરડાં વગેરે) નાનાં ઓજારો ૬૭૮, ગાડાં ૨૦, કૂવા ૨૬, પાણી ખેંચવાના પંપ ૧૧ અને કોષનો સમાવેશ થતો હતો. નાનાં ઓજારો સિવાય બાકીનાં ખેતીનાં ઓજારોની સંખ્યા ખૂબ જ ઓછી છે. ખેડા, પંચમહાલ અને સાબરકાંઠા વિસ્તારોમાં પિયતનાં થોડાં સાધનો જોવા મળ્યાં હતાં. પરંતુ એ ગણ્યાંગાંઠ્યાં જ કહી શકાય.

પશુઓ :

તપાસેલ ૪૫૦ કુટુંબોનું કુલ પશુધન ૯૦૦ નું હતું, જેમાં જમીનવિહોણાં ૧૭૦ કુટુંબો પાસે ૧૧૮ પશુધન હતું, જે કુલ પશુધનની સંખ્યાના ૧૩.૧ ટકા થાય છે. જમીનવાળાં કુટુંબો પાસે ૭૮૨ પશુધન હતું, જે કુલ પશુધન સંખ્યાના ૮૬.૯ ટકા થાય છે. કુલ પશુધનનું જાતિવાર વર્ગીકરણ કરીએ તો ગાય ૭.૭ ટકા, ભેંસ ૨૯.૦ ટકા, બકરી ૮.૫ ટકા, બળદ ૧૪.૭ ટકા, વાછરડા-વાછરડી તથા પાડા-પાડી ૨૭.૦૦ ટકા અને મરઘાં ૧૩.૧ ટકા હતાં.

મિલકત :

૪૫૦ કુટુંબોની સ્થાવર–જંગમ મિલ્કત ૪૩,૨૪૧૯૫ રૂ. ની હતી. જમીનવિહોણાં ૧૭૦ કુટુંબોની કુલ મિલકત ૫૬૧૮૮૦ રૂ. ની થતી હતી, જે કુટુંબદીઠ ૩૩૦૫ રૂપિયા થાય છે. જમીનવાળાં ૨૮૦ કુટુંબોની સ્થાવર–જંગમ મિલકત રૂા. ૩૭,૬૨૩૧૫ ની થતી હતી, જે જમીનવાળાં કુટુંબોની કુટુંબ દીઠ ૧૩૪૩૭ રૂ. થાય છે. જમીનવિહોણાંમાં કુલ મિલકતમાં સૌથી વધુ કિંમત ઘરોની છે. જ્યારે બાકી કુટુંબોમાં કુલ મિલકતમાંની સૌથી વધુ કિંમત જમીનની જોવા મળે છે.

આવકનાં સાધનો અને અર્થવ્યવસ્થા :

ઠાકોરો જીવન–જરૂરિયાતની વસ્તુ મેળવવા થતા ખર્ચને પહોંચી વળવા માટેની આવક, કયાં કયાં સાધનો દ્વારા પ્રાપ્ત કરે છે અને આવકનાં સાધનો સાથે તેમનો દૈનિક જીવન વ્યવહાર કેવો છે તે જોઈએ. સવારે ૬ વાગ્યે પુરુષ–સ્ત્રી ઊઠયા પછી ચા રોટલો ખાતાં હોય છે. રોટલો ન હોય તો માત્ર ચા પીવે છે. ચા–નાસ્તો કર્યા પછી પોતાના કામ–ધંધે નીકળી જતાં હોય છે. પુરુષો પોતાની ખેતી હોય તો ખેતીએ અને બીજે મજૂરી કરતા હોય તો ત્યાં સવારથી નીકળી જાય છે. સાંજે જમ્યા પછી ગામને ચોતરે અથવા જે તે ફળિયામાં જ્યાં કાયમ બેસતા હોય ત્યાં બેસે છે. શહેરમાં તેઓ મોટા ભાગે મિલોમાં કામ કરવા જાય છે.

સ્ત્રીઓ મોટા ભાગે રસોઈ તથા ઘરનું કામ કરે છે. જેમની પાસે ભેંસ છે તેવાં કુટુંબોમાં સ્ત્રીઓ ભેંસ પાલન પાછળ મોટા ભાગનો સમય આપે છે. પોતાની ખેતીમાં પણ મદદ કરે છે. ખેતી ન હોય તો પુરુષ સાથે મજૂરી કરવા પણ જાય છે.

મોટા ભાગનાં બાળકો શિક્ષણ લેવા માટે જતાં નથી, પરંતુ ઢોર ચારવા અને મજૂરીકામ થઈ શકે એમ હોય તો ત્યાં જાય છે,

શ્રમવિભાજન :

ઠાકોર સમાજમાં શ્રમનું વિભાજન ચોક્કસપણે થયેલું જોવા મળે છે. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પોતપોતાનું નિયત કાર્ય કરે છે. દા. ત. ખેતી અંગેનાં તમામ કામ પુરુષો કરે છે. સ્ત્રીઓ સવારે વહેલી ઊઠી જાય છે. ચા બનાવવી, પાણી ભરવું, છાણ–વાસીદું કરવું, બળતણ લાવવું, ચૂલો સળગાવવો, અનાજ સાફ કરવું, દળવું, ખાંડવું, રાંધવું, લીંપવું, છાણા થાપવાં, દૂધ દોહવું જેવાં મોટા ભાગનાં ઘરનાં કામ તેઓ જ કરે છે. આ ઉપરાંત ખેતીનાં કેટલાંક કાર્યો જેવાં કે નીંદવું, કાપવું, લણવું, ભેગું કરવું વગેરે પણ તેઓ મદદ કરે છે. બાળકો ઢોર ચારવાનું રખેવાળી કરવાનું, ઢોર પાવાનું, ઘાસ લાવવાનું, નાનાં ભાઈ–બહેનો હોય તો તેમને રમાડવાનું વગેરે કામ કરે છે.

આર્થિક દરજ્જો :

૪૫૦ કુટુંબની કુલ ૨૬૭૫ વ્યક્તિઓના આર્થિક દરજ્જાનું વર્ગીકરણ કરતાં કમાનાર વ્યક્તિ ૧૬.૮ ટકા, કમાનાર પર આધારિત હોય એવી ૪૩.૮ ટકા અને નહીં કમાનાર હોય એવી ૩૯.૪ ટકા વ્યક્તિઓ માલમ પડે છે.

ધંધાકીય વર્ગીકરણ :

જમીનવિહોણાં ૧૭૦ કુટુંબોમાંથી ૯૨ કુટુંબો મજૂરી દ્વારા, ૧૯ કુટુંબો નોકરી દ્વારા, ૪૭ કુટુંબો મજૂરી અને પશુપાલન દ્વારા, ૬ કુટુંબો નોકરી અને મજૂરી દ્વારા, ૧ કુટુંબ નોકરી–ધંધો તેમ જ

મજૂરી દ્વારા અને ૫ કુટુંબો ધંધો કરી આવક મેળવતાં હતાં, જમીન-વાળાં ૨૮૦ કુટુંબોમાંથી ૬૦ કુટુંબો ખેતી દ્વારા, ૩ કુટુંબો મજૂરી દ્વારા, ૧૯૪ કુટુંબો મજૂરી અને ખેતી દ્વારા, ૧૩ કુટુંબો ખેતી અને નોકરી દ્વારા, ૫ કુટુંબો ખેતી અને ધંધા દ્વારા તથા નોકરી, ખેતી તેમ જ ધંધા દ્વારા ૫ કુટુંબો આવક પ્રાપ્ત કરતાં હતાં.

વ્યવસાય :

અનેક પ્રકારના વ્યવસાય કરી ઠાકોરો પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. ખેતી હોય તો તેની સાથે ખેતમજૂરી, પશુપાલન વગેરે પૂરક ધંધા કરવા જરૂરી બને છે. આ ઉપરાંત મજૂરી, સાથીનું કામ, નોકરી, વ્યાપાર, દારૂનો ધંધો, ચોરી વગેરેમાં પણ તેમનો હિસ્સો જોવા મળે છે. આ સિવાય ઊંટગાડી કે બળદગાડા દ્વારા માલની હેરફેરનું કામ, માર્કેટયાર્ડમાં પોર્ટર તરીકેની મજૂરી, રખેવાળ તરીકેનું કામ, ખેતરોની ચોકી કરવાનું કામ, ગ્રામપંચાયતોમાં પટાવાળા કે ચોકિયાતનું કામ કરતા તેઓ જોવા મળે છે. કેટલાક લાકડાં કાપીને વેચવાનું કામ પણ કરે છે. અમુક વિસ્તારોમાં સ્ત્રીઓ કાલાં ફોલવાનું, છાણ એકત્ર કરી છાણાં થાપીને તેને કે છાણના ઉકરડા બનાવી તેનું ખાતર વેચવાનું કામ પણ કરે છે.

આવક :

તપાસ દરમ્યાન ૪૫૦ કુટુંબોની કુલ આવક રૂ. ૧૪,૯૯૦૭૭ હતી. ખેતી અને પશુપાલનની આવક ૩૨.૨ ટકા, નોકરીની ૧૧.૦૦ ટકા, ધંધાની ૩.૬ ટકા, મજૂરીની આવક ૪૯.૬ ટકા, જ્યારે અન્ય સાધનો દ્વારા તેઓ ૩.૫ ટકા આવક મેળવતા હતા. કુટુંબદીઠ સરાસરી વાર્ષિક આવક રૂપિયા ૩૩૩૧ થાય છે. અને

કુટુંબદીઠ માસિક આવક રૂપિયા ૨૭૮ થાય છે. માથાદીઠ વાર્ષિક આવક લગભગ રૂપિયા ૫૬૦ અને માથાદીઠ માસિક આવક રૂપિયા ૪૭ થાય છે. એટલે કે સોએ સો ટકા કુટુંબો સરેરાશ આવક પ્રમાણે ગરીબીની રેખાની નીચે છે.

ખર્ચ :

મોજણી કરેલ કુટુંબોનો કુલ ખર્ચ રૂ. ૧૬,૫૩૯૨૮ થતો હતો, આ ખર્ચનું વર્ગીકરણ કરતાં અનાજમાં ૩૮.૩ ટકા, દૂધમાં ૭.૨ ટકા, ખાંડ ગોળમાં ૯.૦ ટકા, ઘી-તેલમાં ૮.૫ ટકા, ચા-કૉફીમાં ૧.૮ ટકા, ગરમ-મસાલામાં ૧.૪ ટકા, દારૂમાં ૧.૧ ટકા, તમાકુ-બીડીમાં ૪.૦ ટકા, ફળફળાદિમાં ૦.૪ ટકા અને માંસ-ઈંડામાં ૦.૭ ટકા ખર્ચ આવે છે. કુલ ખર્ચમાંથી ખોરાકી ખર્ચ ૭૪.૦૮ ટકા થયો હતો, જ્યારે ૨૫.૯૨ ટકા ખર્ચ મુસાફરી, કપડાં, પગરખાં, શિક્ષણ, સામાજિક, ધાર્મિક અને અન્ય વિગતો પાછળ થયો હતો. કુલ ખર્ચમાંથી કપડાંમાં ૧૬.૭ ટકા, શિક્ષણમાં ૦.૭ ટકા અને સામાજિક ધાર્મિક કામોમાં ૩.૮ ટકા થયો હતો. ૪૫૦ કુટુંબોના કુલ ખર્ચમાંથી ખોરાકી ખર્ચ ૭૪.૦૮ ટકા થાય છે. આમ કુટુંબદીઠ વાર્ષિક ખોરાકી ખર્ચ રૂપિયા ૨૭૨૨ થાય છે. કુટુંબદીઠ માસિક ખોરાકી ખર્ચ રૂપિયા ૨૨૭ થાય છે, જ્યારે માથાદીઠ વાર્ષિક રૂ. ૪૫૮ થાય છે. ખોરાકી ખર્ચ સાથેનો કુટુંબ-દીઠ વાર્ષિક ખર્ચ રૂપિયા ૩૬૭૫ થાય છે અને માસિક ખર્ચ રૂપિયા ૩૦૬ થાય છે. માથાદીઠ વાર્ષિક ખર્ચ લગભગ રૂપિયા ૬૧૮ અને માથાદીઠ માસિક ખર્ચ રૂપિયા ૫૨ થાય છે.

દેવું :

ખર્ચ કરતાં આવક ઓછી હોય ત્યાં દેવું કરવાની ફરજિયાત પરિસ્થિતિ ઊભી થાય છે. તપાસેલાં આ ૪૫૦ કુટુંબોમાંથી ૩૮૩ (૮૫.૧ ટકા)

કુટુંબો દેવાદાર હતાં. જેમાં જમીન-વિહોણાં અને જમીનવાળાં કુટુંબો બેઉ હતાં.

૪૫૦ કુટુંબોનું કુલ દેવું રૂપિયા ૭,૦૧૨૭૫ હતું. કુલ દેવામાંથી ૫૦.૧ ટકા દેવું શાહુકાર-વેપારીઓનું, ૪.૭ ટકા સરકારી, ૧૬.૫ ટકા સહકારી મંડળીનું, ૮.૨ ટકા બેંકનું, ૧૬.૮ ટકા સગાંવહાલાંનું, ૩.૨ ટકા જમીનદારનું અને ૧.૨ ટકા ફેક્ટરીનું દેવું હતું. હેતુ જોતાં આ દેવાની રકમના સામાજિક-ધાર્મિક ક્ષેત્રે ૨૪.૧ ટકા, ખેતી અર્થે ૨૫.૮ ટકા, મકાન બાંધવા ૩.૦ ટકા, નિર્વાહખર્ચમાં ૩૫.૪ ટકા, વેપાર-ધંધા માટે ૨.૩ ટકા, શિક્ષણમાં ૧.૨ ટકા, જૂનું દેવું ચૂકવવા ૦.૩ ટકા, દવાદારૂમાં ૨.૩ ટકા અને પશુપાલન-ખરીદી તથા સુધારણામાં ૫.૬ ટકાનો ઉપયોગ થયો છે. દેવાનો સૌથી વધુ ઉપયોગ નિર્વાહ, ખેતી અને સામાજિક-ધાર્મિક પ્રસંગેમાં થયેલો જણાયો છે.

સામાજિક સંગઠન

ગુજરાતની વસ્તીમાં ઠાકોરોની વસ્તી ઘણી છે. કોઈ જગ્યાએ લગભગ ૪૫ ટકા જેટલી છે. ઠાકોરો સમગ્ર ગુજરાતમાં ફેલાયેલા છે. ઠાકોર સમાજ આટલો બૃહદ હોવા છતાં એક સૂત્રે બંધાયેલ નથી. અનેક શાખા વિશાખાઓમાં વહેંચાયેલ છે. સમગ્ર ઠાકોરોમાં રોટીબેટી વ્યવહાર નથી, પણ પ્રાદેશિકતા પ્રમાણે વહેવારો ઊભા થયા છે અને ચોક્કસ ગામો સાથે જ તેમના સગાઈ સંબંધો જોડાયેલા હોય છે. એટલે લગભગ મોટા ભાગના સમાજમાં પ્રાદેશિકતા સાથે ચોક્કસ ગામોનો ગોળ પણ હોય છે, જેમાં બાર, સત્તાવીશ, બેતાલીસ, બાવન કે વધુ

નક્કી કરેલાં ગામો રોટી-બેટી વ્યવહારથી જોડાયેલ હોય છે. તેમાં દીકરી આપવાના અને વહુ લાવવાના વિસ્તાર જુદા જુદા હોય છે. પોતાનાથી ઊંચા દરજ્જાવાળાં કુટુંબોમાં દીકરી આપવાનો રિવાજ છે. આમ સમગ્ર ઠાકોર સમાજ અનેક વિભાગોમાં વહેંચાયેલો છે.

સમગ્ર ઠાકોરોમાં પિતૃવંશીય, પિતૃસત્તાક અને પિતૃસ્થાનીય કુટુંબ-વ્યવસ્થા જોવા મળે છે. મિલકતનો વારસો પિતા પછી પુત્રોને પ્રાપ્ત થાય છે. બાળકોનાં નામની પાછળ પિતાનું નામ લાગે છે. વંશ પિતાનો ચાલે છે. લગ્ન કરવાથી પુરુષનું ગોત્ર બદલાતું નથી જ્યારે સ્ત્રીનું ગોત્ર બદલાઈ છે. સ્ત્રી લગ્ન કરીને પતિને ઘેર જઈને રહે છે. પિતાની મિલકતમાં તેનો હક હોતો નથી. સામાજિક પ્રસંગે દીકરીને કશું ક આપવાનો રિવાજ ખરો.

કુટુંબના અગત્યના નિર્ણયો પુરુષ લે છે. પુરુષોનો દરજ્જો સ્ત્રીઓ કરતાં ઊંચો હોય છે. ઘરમાં મોટો દીકરો હોય તો તેને પૂછવામાં આવે છે. સ્ત્રીની મરજી જાણવામાં આવે છે છતાં આખરી નિર્ણય પુરુષો લે છે. કમાણી પુરૂષ પાસે રહે છે.

ગોત્ર વ્યવસ્થા :

ઠાકોર સમાજમાં ગોત્રવ્યવસ્થા જોવા મળે છે. મૂળ રજપૂતમાંથી એક યા બીજા સ્વરૂપે ઊતરી આવ્યા હશે. પરિણામે જેટલાં ગોત્રો રજપૂતોમાં જોવા મળે છે તેટલાં ગોત્રો ઠાકોરોમાં પણ છે.

કેટલાક વિસ્તારમાં ગોત્રના વસવાટના મૂળ ગામમાંથી પોતાના વડીલો સ્થળાંતર કરી જે સ્થળે ગયા હોય ત્યાં સ્થળાંતર પહેલાંના ગામ કે વિસ્તારને ગોત્રની જગ્યાએ લગાડવામાં આવે છે. ઠાકોર સમાજમા

સ્વગોત્રવાળાં કુટુંબો સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે. એક જ ગોત્રવાળાં નજીક-નજીક રહેતાં હોય છે. સ્વગોત્રના વડીલોની માનમર્યાદા અન્ય કરતાં વધુ સચવાય છે ગોત્રની સ્ત્રી, કુંવારી કે પરિણીતને માનપૂર્વક જોવાય છે.

વસતિ અને વયજૂથ :

૪૫૦ કુટુંબોની કુલ વસતી ૨૬૬૪ની હતી, જેમાં પુરુષો ૫૫.૧૬ ટકા અને સ્ત્રીઓ ૪૪.૮૪ ટકા હતી. પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું દેખાય છે. કુલ વસતિમાંથી ૪૦ ટકા જેટલી સંખ્યા ૧૪ વર્ષ સુધીની હતી અને ૬૦ વર્ષથી ઉપરનો વર્ગ લગભગ ૩ ટકા હતો. જ્યારે બાકી રહેલ વર્ગ કે જેના ઉપર કમાણીનો આધાર છે તેવો વર્ગ ૫૭ ટકા જેટલો હતો. તેમાં ૨૮ ટકા વર્ગ સ્ત્રીઓનો હતો. એટલે કમાણી કરનાર નાના વર્ગ ઉપર બહુ મોટો આધારિત વર્ગ છે.

કુટુંબનું કદ :

કુલ કુટુંબોમાં ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબોનું પ્રમાણ વધુમાં વધુ જોવા મળ્યું હતું, જે ૫૨.૮૯ ટકા હતું. ૧૦ સભ્ય સંખ્યા ઉપરનાં કુટુંબોનું પ્રમાણ માત્ર ૪.૨૨ ટકા જ હતું, જ્યારે ૧ થી ૩ સભ્યસંખ્યા ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૧૩.૫૬ ટકા હતું. ૭ થી ૧૦ સભ્યસંખ્યા ધરાવતા કુટુંબો ૨૯.૩૩ ટકા હતાં.

કુટુંબનું વિભાજન :

કુટુંબોમાં વિભાજન થવામાં અનેક કારણો જોવા મળ્યાં છે, જેમાં ઘરમાં ભાઈભાઈના ઝઘડા, સાસુ-વહુના ઝઘડા વગેરે મુખ્ય હોય છે.

ભાઈ-બહેનોના સામાજિક પ્રસંગો પત્યા બાદ મિલકત વહેંચવામાં આવતી હોય છે. જુદા થયા બાદ કેટલાક જૂના ઘરમાં અલગ ચૂલો બનાવે છે. સામાજિક રિવાજ મુજબ મૂળ ઘર પર અધિકાર નાના ભાઈનો રહે છે. માતા-પિતા કે કુંવારાં ભાઈબહેન નાના ભાઈ સાથે રહે છે. અલગ થાય તો પણ સામાજિક પ્રસંગોના ખર્ચ બધાએ સરખા ભાગે વહેંચવાનો હોય છે. પ્રાથમિક કુટુંબોની સંખ્યા ૨૫૭ (૫૭.૧૧ ટકા) અને સંયુક્ત કુટુંબોની સંખ્યા ૧૯૩ (૪૨.૮૯ ટકા)ની હતી.

ગ્રામ વ્યવસ્થામાં ઠાકોરનું સ્થાન :

જ્ઞાતિવ્યવસ્થાના માળખામાં મૂળે વૈદિક સમાજવ્યવસ્થા છે, જેમાં ક્ષત્રિયોનો નંબર બ્રાહ્મણ પછી બીજો આવતો હતો. કાળક્રમે અનેકવિધ નવી નવી જ્ઞાતિઓ ઉત્પન્ન થતી રહી. કોઈ જ્ઞાતિનાં પ્રજાતીય તત્ત્વો મૂળ સ્વરૂપે રહેવા પામ્યાં નથી. અત્યારે આર્થિક વ્યવસ્થા સામાજિક દરજ્જામાં મુખ્ય ભાગ ભજવતી હોવાને કારણે ક્ષત્રિયનું સ્થાન વાણિયા અને પટેલો બાદ આવી ગયું છે. તેમાંય ઠાકોરોનું સ્થાન રજપૂતો બાદ આવવાથી તેમનું સ્થાન નીચે ઊતર્યું છે. ગ્રામ વિસ્તારોમાં ઠાકોરોનો વસવાટ બે પ્રકારનો જોવા મળે છે. એક તો મેવાસી ગામો કે જેમાં બધાં જ કુટુંબો ઠાકોરોનાં હોય અને થોડાંક કુટુંબો-વસવાયા વાળંદ, સુથાર, લુહાર, કુંભાર, હરિજન જેવી જ્ઞાતિનાં હોય છે. મેવાસી ગામો સિવાય જ્યાં ઠાકોરો વસે છે તે અન્ય જ્ઞાતિઓ સાથેનો વસવાટ છે, જેમાં તેમનો સામાજિક દરજ્જો કેટલીક જ્ઞાતિઓ કરતાં નીચો છે. દિવસે દિવસે જમીનો ચાલી જવાથી માત્ર મજૂરી કે ખેતમજૂરી ઉપર જ જીવનનિર્વાહ કરતા હોવાથી બીજી જ્ઞાતિઓ ઉપર તેમને આધાર રાખવો પડે છે. તેમાંય માંસાહારને કારણે ઉપરની જ્ઞાતિઓ તેમની સાથે રોટી-વ્યવહાર રાખતી નથી.

મેવાસનાં ગામોમાં હજુ પણ ગૌરવભેર જીવવાનો મૂળગત ખમીરવંતો ઠાકોરી સ્વભાવ જોવા મળે છે. ગામમાં સ્ત્રીઓએ પૂરેપૂરા મલાજા-મર્યાદા સાથે જીવન જીવવું પડે છે. ઠાકોરોના ગામ વચ્ચેથી ખુલ્લા માથે, અન્ય જ્ઞાતિનો પુરુષ ઘોડી પર બેસીને કે અન્ય જ્ઞાતિની સ્ત્રીઓ પગમાં પગરખાં પહેરીને જઈ શકતાં નથી. મેવાસનાં ગામોમાં વડીલોની મર્યાદા રાખવામાં આવે છે. બ્રાહ્મણ પ્રત્યે માનની લાગણીથી જોવાય છે. વસવાયા તરફ પણ ઉદાર મનોવૃત્તિ ધરાવાય છે. હરિજનો સાથે ખેતીવાળા ઘરાકવટી ધરાવતા હોય છે. પહેલાં ખેતીનાં સાધનોમાં ચામડાની રાશ, બળદની માંથડી, કાંસા, ચંપલો વગેરે તેઓ આપી જતા, જેના બદલામાં બાર મહિને ૨૦ કિલો જેટલા દાણા આપવાના રહેતા. અત્યારે આવા સંબંધો ઓછા છે. છતાં વારતહેવારે કે સામાજિક પ્રસંગોએ પોતાના ઘરાકને યથાશક્તિ અપાય છે. હરિજનોને તેઓ અસ્પૃશ્ય માને છે તેમાંય ઠાકોર સમાજ પરંપરાગ્રસ્ત સમાજ હોવાથી અસ્પૃશ્યતામાં વધુ માને છે. જો કે શિક્ષિત વર્ગમાં અને શહેરોમાં આવા ખ્યાલો ઓછા થતા જાય છે.

અન્ય જ્ઞાતિઓ સાથેના વસવાટમાં ઠાકોરોનો વસવાટ ગામના છેડે અલગ હોય છે. ખેડા જિલ્લામાં તો મોટા ભાગના કુટુંબો પોતપોતાનાં ખેતરોમાં અલગ ઘરો બનાવીને વસવાટ કરે છે. જેમની પાસે થોડીઘણી જમીન હોય તે ખેતી કરે કે બારમાસ માટે સાથી તરીકે ખેતમજૂરી કરે કે છૂટક મજૂરી કરે. આ સિવાય તેઓ ચોકિયાત તરીકેનું, પગી તરીકેનું, કે પાકના રક્ષણ માટેનું કામ કરે છે. સાથે સાથે દારૂ ગાળવાનું કે વેચવાનું અને કેટલાંક કુટુંબો સીમચોરી તેમ જ ઘરફોડ ચોરીઓનું કામ પણ કરે છે. હવે તેનું પ્રમાણ ઓછું થતું જાય છે. આ રીતે નબળી આર્થિક પરિસ્થિતિને કારણે ઉપલા સ્તરની જ્ઞાતિઓ તેમને હીન રીતે જ જુએ છે. ઠાકોરોના સંબંધ ગામની અન્ય જ્ઞાતિઓ સાથે સારા અને સુમેળભર્યા હોય છે, વળી તેમના તીખા સ્વભાવને કારણે તેમની

સાથે ઝઘડાના પ્રસંગો ઉપલા સ્તરની જ્ઞાતિઓ પાડતી નથી. તેમને સમજાવીપટાવીને માનભેર રાખવાનો તેઓ પ્રયત્ન કરે છે.

તેમને બ્રાહ્મણો સાથેના સંબંધ પણ છે. તેને ગોર, જજમાનનો સંબંધ કહે છે. ગોર બળેવ પર રાખડીઓ બાંધે, સામાજિક પ્રસંગો પર વિધિઓ કરે, જેના બદલામાં તેઓ તેને યથાશક્તિ દક્ષિણા આપે છે. આ સિવાય બારોટો પણ દરેક ગોત્રના હોય છે, જે બેત્રણ વર્ષે આવે છે, અને વંશવારસોનાં નામ વંશાવળીના ચોપડામાં દાખલ કરે છે. આ બારોટો વહીવંચા તરીકે ઓળખાય છે, જે તેમના કુટુંબનો ઈતિહાસ પણ વાંચી સંભળાવે છે અને વાર્તાઓ કહે છે. તેને ઘણા પૈસા આપવામાં આવે છે. બારોટ ગામમાં આવે એટલે દરેકને ઘરે એક ટંક જમે છે. આજે મોટા ભાગના બારોટો શહેરી વિસ્તારોમાં રહે છે.

ઠાકોરોમાં અંદરોઅંદરના ઝઘડાઓ કે કાયમી વેર પણ જોવા મળે છે. તેમાં ખાસ કરીને આવાં ગામોમાં બે જૂથ સ્પષ્ટ હોય છે, જેને પાર્ટી (પાલટી) કહે છે. તેમાં ઝઘડાઓ, મારામારી કે ખૂન સુધી પણ જાય છે.

આ જાતિ સ્વભાવગત જ ખમીરવંતી હોવાને કારણે અન્યાય કે અપમાન બિલકુલ સહન કરી શકતી નથી. તેને પરિણામે સંઘર્ષો પણ ઊભા થાય છે. આના કારણે ઘણા ઠાકોરો બહારવટિયા પણ થઈ ગયા છે. અને કેટલાકે બહારવટું વર્ષો સુધી કરી આસપાસના વિસ્તારમાં હાક બેસાડી દીધી હતી. તેમાંથી ઘણા બહારવટિયાઓના રાસડા પણ મળે છે.

જાતપંચ :

ઠાકોર સમાજ બહુ મોટા વિસ્તારમાં ફેલાયો હોવાથી અને નાનાં-મોટાં પ્રાદેશિક જૂથોમાં વહેંચાઈ ગયેલ હોવાથી તેનું આખું એક જ

સંગઠન નથી. પણ વિસ્તારવાર અને પોતપોતાના સામાજિક સંબંધોના ગોળવાર સંગઠનો ટકી રહ્યાં છે. સામાજિક-નૈતિક નિયમોનું પાલન ચેતન-અચેતન રૂપે કરતા જ હોય છે. આ નીતિનિયમો લેખિત સ્વરૂપે નથી પણ પરંપરાગત અને મૌખિક છે. ઠાકોર સમાજમાં અનેક પ્રાદેશિક જૂથો અલગ અલગ છે, જેઓ એકબીજાને ઊંચા-નીચા માને છે. કેટલાકમાં "નાતરા"નો રિવાજ છે, કેટલાકમાં નથી. નાતરું કરવાવાળાને નીચા ગણવામાં આવે છે.

સગાઈ-સંબંધ :

ઠાકોર સમાજમાં લોહી પર આધારિત સંબંધોનું ઘણું મહત્વ છે. લોહી પર આધારિત સંબંધોમાં માતા-પિતા, પુત્ર, પુત્રી, ભાઈ-બહેન, જેવા સબંધો મુખ્ય છે. એક જ ગોત્રમાં જન્મેલા વચ્ચે પણ લોહીના સંબંધો હોય એમ મનાય છે.

કેટલાક સંબંધો :

ઠાકોર સમાજમાં મર્યાદાના સંબંધો ચોક્કસ પ્રકારના સગા-સંબંધીઓ વચ્ચે હોય છે. પિતા અને પુત્ર, પિતા અને પુત્રી, ભાઈ અને બહેન. માતા અને પુત્રી, જેઠ અને વહુ, સસરો અને વહુ વગેરે વચ્ચે મર્યાદા રાખવામાં આવે છે. બીજી બાજુ મશ્કરીના સંબંધો પણ કેટલાંક સગાંઓ વચ્ચે હોય છે, જેમકે સાળી-બનેવી, દિયર-ભાભી, ભાભી-નણંદ, સાળા-બનેવી વગેરે. લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ જનૈયાઓની મશ્કરી કરવામાં આવે છે. ઠાકોરોમાં પતિ કે પત્નીને એક બીજા દ્વારા નામથી બોલાવવામાં આવતાં નથી. પત્નીને બોલાવવી હોય તો મોટી છોકરીનું નામ લઈને બોલાવે છે અથવા "એ" શબ્દથી બોલાવે છે. પતિને બોલાવવા મોટા છોકરાનું નામ કે "એ" શબ્દનો પ્રયોગ કરાય છે.

રાજકીય જાગૃતિ :

ધીરે ધીરે ઠાકોર સમાજમાં રાજકીય જાગૃતિ આવતી જાય છે, જેને પરિણામે ઠાકોર વસ્તી ધરાવતા વિસ્તારોમાં ગ્રામ પંચાયતમાં, તાલુકા પંચાયતમાં અને જિલ્લા પંચાયતમાં તેમનું પ્રતિનિધિત્વ વધતું જાય છે. અત્યારે ધારાસભ્યોમાં લગભગ ૫૦ થી ૬૦ની સંખ્યા ઠાકોરોની છે. તે જ બતાવી આપે છે કે દિવસે દિવસે ઠાકોર રાજકીય ક્ષેત્રે ઘણા આગળ આવતા જાય છે. રાજ્યમાં મુખ્ય મંત્રીથી માંડી ઘણા ઉચ્ચ હોદ્દાઓ પર ઠાકોર સમાજની વ્યક્તિઓ જોવા મળે છે. એટલે કે એમનામાં રાજકીય જાગૃતિનાં પગરણ શરૂ થયાં છે. તેઓ રાજકીય રીતે પૂરેપૂરા સભાન બન્યા છે, જેને પરિણામે વિકાસશીલ પ્રવૃત્તિઓનો લાભ પણ લેતા થયા છે. વળી પોતાના સમાજની બહુમતીનો પૂરેપૂરો ઉપયોગ કરતા થયા છે. પોતાનું પ્રતિનિધિત્વ જાળવવાના પ્રયત્નો દરેક વિસ્તાર-માંથી થયા છે. રાજકીય જાગૃતિનો ઉપયોગ કરી સામાજિક પરિવર્તન માટેના પ્રયત્નો પણ થઈ રહ્યા છે. પોતાની બહુસંખ્યક વસ્તીનો લાભ આમ પ્રથમ તો રાજકીય ક્ષેત્રે તેઓ લેતા થયા છે. ધીરે ધીરે એક દિશાનું પરિવર્તન સર્વાંગી વિકાસ તરફ દોરી જશે એવું લાગે છે.

સામાજિક રીતરિવાજો :

સામાજિક રીતરિવાજો :

સામાજિક રીતરિવાજોમાં વિસ્તાર પ્રમાણે ફેરફારો જોવા મળે છે. મહેસાણા, સાબરકાંઠા અને ખેડાના પ્રદેશ જુદા જુદા હોવાથી રીતરિવાજો અલગ અલગ છે. તેમ જ આપવા લેવાના રિવાજોમાં પણ ફેરફારો જોવા

મળે છે. અહીં બધા વિસ્તારોના રીતરિવાજો ન આપતાં એકાદ બે વિસ્તારોને અનુલક્ષીને લખાયું છે.

રજસ્વલા સ્ત્રી :

સ્ત્રી માસિક ધર્મમાં આવે છે ત્યારે તેને "બહાર બેઠી" "છેટી છે" "અડવાનું નથી" "હાથ ચોખ્ખો નથી" "અભડાયેલી છે" વગેરે શબ્દપ્રયોગોથી ઉલ્લેખવામાં આવે છે. લગભગ બધા વિસ્તારોમાં આ ચાર દિવસ દરમ્યાન કેટલાક નિષેધો પાળવામાં આવે છે, જેમાં રાંધવાનું કે પાણી ભરવાનું કામ તેઓ કરતી નથી. તેનાથી ઘરમાં કપડાં, ગોદડાં વગેરેને અડકી ન શકાય. તે માટી, તાંબા કે કાંસાના વાસણો સાફ ન કરી શકે. દેવની જગ્યાએ તે જતી નથી. તે માત્ર બહારનું જ કામ કરે છે. આ ચાર દિવસ દરમ્યાન જાતીય સંબંધ બાંધવામાં આવતો નથી.

માસિક આવતું બંધ થાય તો ગર્ભ રહ્યો હશે તેમ તે માને છે. સ્ત્રી પોતાના પુરુષને જાણ કરે ત્યારે ખબર પડે છે. આ વેળા કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. ગર્ભ ન રહે તો દેવની માનતા રાખવામાં આવે છે. ભૂવા પાસે દોરા-ધાગા કરાવી માનતા રખાય છે. ગર્ભ રહેવાનાં કારણમાં માત્ર જાતીય સંબંધો નહીં, દેવની કૃપા પણ માનવામાં આવે છે.

ખોળો ભરવો :

ગર્ભ રહ્યા બાદ સાતમા માસે ખોળો ભરવામાં આવે છે. પ્રથમ ગર્ભધાન વખતે જ ખોળો ભરવામાં આવે છે. બે દિવસ કેટલાક વિસ્તારોમાં કુટુંબીજનોને કે નાનાં બાળકોને જમાડવામાં આવે છે. પ્રથમ સુવાવડ સિવાયની બધી સુવાવડો સાસરામાં થાય છે.

આર્થિક સ્થિતિ સારી નહી હોવાથી સુતાવડ પહેલાં કોઈ ખાસ પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. પણ સામાન્ય રીતે ઘરમાં જે રસોઈ બનતી હોય તે જ આપવામાં આવે છે.

પ્રસૂતિ :

પ્રસૂતિની પીડા ઉપડે ત્યારે ગામમાંથી પોતાની જ્ઞાતિની કે અન્ય જ્ઞાતિઓની દાયણોને બોલાવવામાં આવે છે. બે દાયણો અને કુટુંબની બે-ત્રણ સ્ત્રીઓ હાજર રહે છે. સુવાવડ માટે ઘરમાં એક ખૂણામાં કે અંદરના ખંડમાં એક બાજૂ ખાટલો રાખવામાં આવે છે. સુવાવડમાં મુશ્કેલી થાય કે વધુ સમય જાય તો સ્ત્રીને નજીકના દવાખાને લઈ જવામાં આવે છે. બાળકના જન્મ બાદ ચપ્પા કે છરાથી નાળ કાપવામાં આવે છે. ઉકરડામાં કે ઘરની આસપાસ તેને દાટવામાં આવે છે. સુવાવડ બાદ ૧૦ દિવસ સુધી સ્ત્રીને ઘીનો શીરો બનાવી આપવામાં આવે છે. ગુંદર, સવા, સૂંઠ વગેરે પણ અપાય છે. ગળથૂથીમાં બાળકને ઘી કે મધ ચટાડવામાં આવે છે. છોકરી કરતાં છોકરાનું મહત્ત્વ વધારે છે. દાયણ છઠ્ઠીની વિધિ સુધી દરરોજ આવે છે, પિયરમાં સુવાવડ થાય તો તેની ખબર તેનાં સાસરિયાને આપવામાં આવે છે. થોડા દિવસ બાદ તેઓ છોકરાને રમાડવા જાય છે. આવેલ સગાંઓને સારી રીતે રાખી સ્થિતિ અનુસાર પૈસા કે કપડાં અપાય છે. સ્ત્રીને સવા માસ સુધી ખાટલામાં જ રાખે છે. તેને અડવામાં આવતી નથી. ઘરમાં કોઈ સ્ત્રી કામ કરનાર ન હોય તો ૧૫ દિવસ બાદ ઘરમાં તે થોડું-થોડું કામ કરતી થઈ જાય છે.

છઠ્ઠીની વિધિ :

આ વિધિ બાળકના જન્મબાદ છઠ્ઠા દિવસે કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે રાત્રે વિધાતા બાળકનું ભવિષ્ય લખવા

આવે છે. તે માટે એક બાજઠ કે પાટલા પર ઘીનો દીવો કરી કોરા કાગળ, કંકુ, જુવારના સાંઠાનો કિત્તો વગેરે મૂકવામાં આવે છે. નામ કુટુંબના વડા કે બાળકની ફોઈ પાડે છે.

બાબરી ઉતારવી :

બાળકો ન થતાં હોય અથવા પ્રથમ પુત્રની બાબરી ઉતારવાની માનતા હોય તો અનુકૂળ સમયે બાળકના માથાના વાળ ઉતારવામાં આવે છે. જેને બાબરી ઉતારવી કહે છે. કેટલાક કુળદેવીના સ્થાનકે તે ઉતારે છે. બધા જ બાબરી ઉતરાવે છે તેવું નથી.

જિયાણું :

પ્રથમ સુવાવડ સ્ત્રીના પિયરમાં થતી હોવાથી જ્યારે સ્ત્રીને છ સાત માસ બાદ સાસરીમાં મોકલવાની થાય ત્યારે જિયાણાનો દિવસ નક્કી કરી જમાઈ અને બે-ચાર કુટુંબીઓને બોલાવે છે. તેમની સાથે દીકરીને સાસરે મોકલે છે. આ સમયે શક્તિ હોય તો સોના કે ચાંદીનો દાગીનો ભાણા કે ભાણી માટે અને પોતાની દીકરી માટે કરાવે છે; બેથી પાંચ જોડ કપડાં કરે છે અને ઘોડિયું લઈ આપે છે. જમાઈ અને સાથે આવેલને શક્તિ પ્રમાણે પહેરામણી કરે છે. બાળક મોટું થાય ત્યાં સુધી કોઈ ધાર્મિક વિધિઓ કરવામાં આવતી નથી.

લગ્ન પહેલાંના જાતીય સંબંધો :

લગ્ન પહેલાં કુંવારી છોકરીઓ જાતીય સંબંધ બાંધી શકતી નથી. છાનાં છપનાં કોઈ યુવકની સાથે પ્રેમસંબંધ હોય અને જાતીય સંબંધ બાંધતાં પકડાઈ જાય એ વાત નિંદાનો વિષય બને છે.

અને છોકરી કે છોકરાને મારવામાં આવે છે. ઘણી વખત તો તે મોટા ઝઘડાનું સ્વરૂપ પણ પકડી લે છે. છતાં કદીક યુવાન યુવતીઓ મેળા કે હોળી જેવા તહેવારોમાં એકબીજાની મશ્કરીઓ કરી પ્રેમ પ્રગટ કરે છે પણ તેને જાહેર થવા દેતાં નથી.

લગ્ન બાદ સ્ત્રીઓ બીજા પુરુષ સાથે જાતીય સંબંધ બાંધી શકતી નથી. જો થોડીક પણ શંકા તેના પતિને આવી જાય તો મારામારી કે ખૂન થઈ જાય છે. આવી સ્ત્રીને ખૂબ મારવામાં આવે કે કાઢી મૂકવામાં આવે છે. કયાંક સ્ત્રીઓનાં નાક કાપી નાખવાના કિસ્સાઓ પણ બનેલા છે. આમ છતાં છાનાછપના સંબંધો બનવાના કિસ્સાઓ મળે છે પણ આવા સંબંધો પ્રગટ થતા નથી. પ્રગટ થતાં ઘણું મોટું અનિચ્છનીય પરિણામ આવતું હોય છે.

લગ્ન :

ઠાકોર સમાજમાં લગ્ન કરતું આવશ્યક માનવામાં આવે છે. ખાસ કરીને સ્ત્રીઓ માટે, પુરુષો માટે પણ આ ખરું. છતાં કેટલાક સંજોગોમાં મોટી ઉંમરના કુંવારા પુરુષો જોવા મળે છે. એકસાથી લગ્ન વધુ પડતાં થાય છે. બહુ ઓછાં લગ્નો બહુસાથી એટલે કે બહુ-પત્નીત્વનાં જોવા મળે છે. પ્રથમ પત્નીને બાળકો ન હોય કે તે મૃત્યુ પામી હોય તો (પ્રથમ બાબતમાં હયાત પત્નીની સંમતિથી) બીજી પત્ની લાવવામાં આવે છે.

લગ્ન-ઉંમર :

ઠાકોર સમાજમાં લગ્નની ઉંમર ૧૦ થી ૨૨ વર્ષની ગણી શકાય. સ્ત્રીઓનાં લગ્ન ૧૦ થી ૧૫ વર્ષના ગાળામાં થતાં પણ દેખાય છે. જો કે તેનું પ્રમાણ વીસેક ટકાનું જોવા મળ્યું છે. વિસ્તાર પ્રમાણે જોતાં

સાબરકાંઠા અને ખેડામાં બાળલગ્નોનું પ્રમાણ વધુ જોવા મળે છે. મહેસાણામાં પણ થોડુંક વધુ પ્રમાણ છે. છોકરી એ પારકી થાપણ હોવાથી જેટલું વહેલું લગ્ન થાય તેટલી માતા પિતાને ચિંતા ઓછી થાય છે. વધુ પ્રમાણમાં લગ્નો ૧૫ થી ૧૯ વર્ષની ઉંમરમાં થાય છે. ૬૭.૩૩ ટકા સ્ત્રીઓનાં લગ્નો આ ઉંમરગાળામાં થયેલાં જોવા મળ્યાં હતાં પુરુષોમાં આ ઉંમરમાં લગ્ન થયેલાનું પ્રમાણ ૪૮.૭૯ ટકાનું હતું. ૧૯ થી ૨૨ વર્ષની ઉંમરમાં સ્ત્રીઓનું લગ્ન પ્રમાણ માત્ર ૧૭.૩૩ ટકા હતું, જ્યારે પુરુષોનું પ્રમાણ ૪૬.૫૪ ટકાનું હતું એટલે કે મોટા ભાગનાં લગ્ન ૧૯ વર્ષ પહેલાં કરી નાખવામાં આવે છે. લગ્નમાં પોતાની દીકરી માટે પતિ પસંદ કરવામાં તેનું ઘર, આર્થિક સ્થિતિ, જમીન, જ્ઞાતિમાં તેના કુટુંબનો મોભો, ઘરમાં તેના માતા–પિતાનો સ્વભાવ, છોકરાનો દેખાવ, ચારિત્ર્ય, તેની કામ કરવાની શક્તિ વગેરે બાબતો જોવામાં આવે છે. આ સિવાય શિક્ષણને પણ મહત્ત્વ આપવા માંડયું છે. તે જ રીતે પુત્રવધૂ પસંદ કરવામાં પણ ઉપરના કેટલાક ગુણો ધ્યાનમાં રાખવામાં આવે છે.

લગ્નક્ષેત્ર :

લગ્નક્ષેત્રે ઠાકોર સમાજમાં ચોક્કસ પ્રકારની મર્યાદાઓ જોવા મળે છે. પોતાના ગોત્રમાં સંબંધ બાંધી શકાતો નથી. પોતાના ગોત્ર સિવાય માતૃપક્ષેથી પણ મોટા ભાગનાં જૂથોમાં કન્યા લાવવામાં આવતી નથી. (મામાના સંબંધીઓમાંથી કન્યા લાવતા નથી.) જ્યાં કન્યાઓ આપવાનો રિવાજ છે ત્યાંથી પણ કન્યા લાવતા નથી.

લગ્નસાથી પસંદ કરવામાં મુખ્ય ભાગ માતા–પિતા જ ભજવે છે. ઠાકોર સમાજમાં મોટા ભાગનાં લગ્નો માતા–પિતા દ્વારા નક્કી થાય છે. મર્યાદાવાળો સમાજ હોવાથી લગ્ન પહેલાં છોકરા-છોકરીને

મળવા દેવાતાં નથી. છોકરા-છોકરીની ઈચ્છા પણ જાણતામાં આવતી નથી. લગ્ન પહેલાં જમાઈ કન્યાને ઘરે કે કન્યા તેના ભાવિ પતિને ત્યાં જઈ શકતી નથી કે ભાવિ પતિ સાથે વાતચીત પણ કરી શકતી નથી. આ લગ્ન ગોઠવવામાં મદદગાર બંનેનાં કુટુંબ વચ્ચેનો એક પરિચિત વ્યક્તિ હોય છે. તેને "ભાંજગાડિયા" કે "મોરવાઈ" કે "મોરવી" કહેવામાં આવે છે. તે જ આગળ પડીને આ બધું નક્કી કરાવે છે. અન્ય સગા મારફતે છોકરા કે છોકરી તેમ જ તેના ઘર વિષે જાણી લઈ લગ્ન સંબંધ નક્કી કરવામાં આવે છે.

સગાઈ :

સગાઈ ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરે થાય છે. કેટલાક વિસ્તારોમાં ૧૦ વર્ષ પછીની ઉંમરે પણ સગાઈ કરવામાં આવે છે. સગાઈની શરૂઆત છોકરી–પક્ષ તરફથી કરવામાં આવે છે. સગાઈ કરવામાં મોરવી એટલે કે તે ગામનો આગળ પડતો સંબંધી મહત્ત્વનો ભાગ ભજવે છે. સગાઈની વિધિ છોકરાના ઘરે થાય છે. સગાઈ કરવા ૪ થી ૫ માણસો જાય છે. સગાઈવિધિ છોકરાનો સાળો કરાવે છે. બ્રાહ્મણ તથા હજામ પણ જોડે રહે છે. સારું મુહૂર્ત જોઈ મોરવી સાથે કન્યા પક્ષવાળા તેના ઘરે આવે છે. ત્યાં છોકરાને નવાં કપડાં પહેરાવી, બાજઠ મૂકી તેની સામે તલવાર આપી બેસાડે છે. તેનો સાળો દહીંથી તેના પગ ધોઈ કંકુ લગાડે છે. ત્યારબાદ કપાળમાં કંકુનો ચાંલ્લો કરે છે. તેના ઉપર ચોખા ચોંટાડે છે. પછી તેના હાથમાં નક્કી કરેલી ચાંલ્લાની રકમ આપે અને તેને ગોળ ખવડાવે છે. ચાંલ્લામાં રૂા. ૧ થી ૫૧ સુધીની રકમ હોય છે. કન્યા પક્ષવાળા મહેમાનને સવારે કંસાર, શાક, ખીચડી વગેરે ખવડાવે છે. તેના કુટુંબીજનોને પણ જમાડાય છે. તેઓ એક દિવસ રોકાય છે. બીજા દિવસે રવાના થાય છે. ત્યાર બાદ વરપક્ષવાળા કન્યા જોવા જાય છે. આમાં ફરજિયાત જોવા જવાનું હોતું નથી. બન્ને

પક્ષ સંમત થઇ લગ્નનો દિવસ નક્કી કરે છે.

જન જાય તે પહેલાં છોકરાપક્ષે માંડવો રોપવાનો હોય છે. છોકરાનાં કુટુંબીજનોને ભેગાં કરી આખો દિવસ માંડવો, ગણેશ અને ગોત્ર પૂજન વગેરેની વિધિ કરવાની હોય છે. આ લોકો વરઘોડાનો ગોળ કે કંસાર કેટલીક જગ્યાએ વહેંચે છે. કેટલીક જગ્યાએ વહેંચતા નથી. બધી વિધિ બ્રાહ્મણ કરાવે છે.

માંડવાની વિધિમાં કુટુંબના પાંચ કુંવારા છોકરા ખીજડાના ઝાડનાં પાંચ લાકડાં લાવે છે. તેને સ્ત્રીઓ વધાવે છે. તેમાંથી એક જાડા લાકડાનો માણેકથંભ બનાવવા સુથારને ત્યાં આપી આવે છે. છોકરાને કંસાર કરી જમાડે છે. ત્યારબાદ કુંભારના ઘરેથી ચીતરેલાં માટલાં લાવે છે. તેને ગોત્રીજો કહેવામાં આવે છે. ઘરમાં બ્રાહ્મણ ગણેશનું ચિત્ર દોરી ગણેશની સ્થાપના કરે છે. ગ્રહશાંતિની વિધિ કરે છે. રાત્રે વરઘોડાની તૈયારી થાય છે. વહેલી સવારે વરઘોડો કાઢવામાં આવે છે. જાન વરની જાય છે. જે મોટે ભાગે બપોરના કે સાંજના વખતે જાય છે. જેવું અંતર એ પ્રમાણે સમય જોઈ જાન નીકળે છે. સગાંસંબંધીઓ અને આમંત્રિત મહેમાનો જાનમાં જાય છે. જાનમાં ૫૦ થી ૧૦૦ માણસ જાય છે. "લુરાણી" સિવાય સ્ત્રીઓ જાનમાં જતી નથી. સંબંધીઓને આમંત્રણ આપવા માટેના રિવાજ મુજબ ઘરના ઉંબરા ઉપર કંકુવાળા ચોખાની પાંચ ઢગલીઓ કરવામાં આવે છે. પહેલાં જાન ગાડામાં જતી. હાલમાં બસ કે રેલવેમાં કે અન્ય સાધન દ્વારા જાય છે. જાન જતી વખતે વરના પહેરવેશમાં પેન્ટ, બુશશર્ટ તથા ફેંટો હોય છે. પહેલાં ધોતિયું, ખમીશ, ફેંટો વગેરે પહેરતા. એ પગમાં બૂટ-મોજાં પહેરે છે. તેના હાથમાં તલવાર, શ્રીફળ તથા માથે ફૂલોનો ગુચ્છો હોય છે, જેને ખૂંપ કહે છે. જાનૈયાઓ પણ નવાં કપડાં પહેરે છે. કેટલાક વિસ્તારોમાં જાન સાથે હથિયારમાં તલવાર, બંદૂક વગેરે લઈ જાય છે. હાલમાં તેનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે.

જાન કન્યાને ગામે જઈ ત્યાં ભાગોળે ઉતરે છે. ત્યાં સામૈયામાં ગોળનું પાણી અપાય છે. જાનને વધાવવા કન્યા પક્ષવાળા આવે છે. સાથે બ્રાહ્મણ અને હજામ હોય છે. છોકરાને ચાંલ્લો કરી તેના હાથમાં ૫ થી ૧૧ રૂા. આપે છે. બધાને કંકુના ચાંલ્લા કરી બધાને ઝળમાળું આપવાનું હોય છે. જાનને ઉતારે લઈ જવાય છે. ત્યારબાદ જમવાની સગવડ કરે છે. પહેલાં વરને જમાડવામાં આવે છે, પછી જાનને જમાડવામાં આવે છે. જમવામાં કંસાર, ખીચડી, શાક વગેરે હોય છે. મોડી રાત્રે લગ્નની વિધિ કરાવવામાં આવે છે. કન્યાપક્ષવાળા છોકરાને પીઠી કરાવે છે. તેને કપડાં આપે છે. ત્યારબાદ તેને લગ્નના મંડપમાં છોકરીના ઘરે લાવે છે. ત્યાં વરને પૂંખવાની વિધિ તેની સાસુ કરે છે.

ચોરીની વિધિ :

ચોરીમાં છોકરાને બેસાડવામાં આવે છે. ત્યારે તેનો ખૂંપ કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ છોકરીને લાવવામાં આવે છે. છોકરીનો મામો તેને ઘરમાંથી બહાર લગ્ન મંડપમાં લાવે છે. છોકરી અને છોકરાને સામસામે બેસાડે છે. વચ્ચે કપડું રાખવાનું હોય છે. તેને વિધિ કરી બ્રાહ્મણ છોડી નાખે છે. બ્રાહ્મણ છોકરા અને છોકરીનો હાથ પકડાવે છે. બંનેના કપડાંના છેડા બાંધે છે. હસ્તમેળાપની વિધિ થયા બાદ ચોરીના ચાર ફેરા ફરવાના હોય છે. ચોરીના ચાર ફેરા ફર્યા બાદ બન્નેને કંસાર જમાડાય છે. પછી બન્નેને ગણેશ આગળ લઈ જવામાં આવે છે. લગ્ન બાદ ઘરમાં પ્રવેશ કરતાં છોકરાની સાળી બારણું રોકે છે. છોકરી પક્ષવાળા તેને અમુક પૈસા કે દાગીના કરાવવાની ખાતરી આપે છે. લગ્ન વખતે કન્યાને જે દાન આપવાનું હોય તે આપે છે. છોકરાને ઉતારે લઈ જવામાં આવે છે. પછી વરપક્ષવાળા દહેજ લાવ્યા હોય તે કન્યાને આપવા જાય છે. તેમાં દાગીના-કપડાં વગેરે હોય છે. દહેજનું ખર્ચ બેથી ત્રણ હજાર રૂપિયાનું હોય છે. દહેજ

વધાવવાની વિધિ થાય છે, જેમાં પાંચ સ્ત્રીઓ કંકુ ચોખાથી દહેજને વધાવે છે. દહેજ વધાવવા આવેલ સ્ત્રીઓને પાંચ ખારેક તથા ટકો (૧૦ પૈસા) આપવાનો રિવાજ છે.

ત્યારબાદ પૂરતની વિધિ થાય છે. તેમાં કન્યાપક્ષવાળા છોકરા પક્ષને એટલે કે પોતાની દીકરીને વાસણો આપે છે. સાથે અન્ય ભેટ આપવામાં આવે છે. ત્યારબાદ પહેરામણીની વિધિ કરવામાં આવે છે. તેમાં પાઘડી, ધોતિયાં તથા અમુક રોકડ રકમ આપે છે. આ વિધિ પત્યા બાદ તાગની વિધિ થાય છે. આમાં બ્રાહ્મણ, રાવળ, હજામ, વાઘરી, કુંભાર વગેરેને લગ્ન માટે બાંધેલા પૈસા આપે છે. આ રકમ ગામે નક્કી કરેલી હોય છે. જાનને બપોરે જમાડી રવાના કરવામાં આવે છે. પહેલાં જાન વધુ રોકવામાં આવતી, હાલમાં રોકતા નથી.

જાન વરઘરે આવે ત્યારે ગામના ઝાંપામાં ઊતરે છે. ત્યાં છોકરીની સાસુ તેને પોંખવા આવે છે. આ વિધિ બ્રાહ્મણ કરાવે છે. છોકરી તેની સાસુના સાડલાનો છેડો પકડે છે. ત્યારે તેને કોઈ દાગીનો આપવાની તે ખાતરી આપે છે. ઘરમાં ઘઉં, જુવાર ઉછાળે છે. વલોણું ખેંચાવવાની વિધિ કરે છે. પૈસા રમાડવામાં આવે છે. ત્યારબાદ ગાંઠ છોડાવવામાં આવે છે. પગે લાગવાની અને મીંઢળ છોડવાની વિધિ કરવામાં આવે છે. કંસારનું નૈવેધ કરવામાં આવે છે. ત્યાં બ્રાહ્મણ પાસે વિધિ કરાવી માતાજીને પ્રણામ કરી મીંઢળ છોડાવે છે. ઘરે આવી છોકરો તેના વડીલોને પ્રણામ કરે છે.

૭થી ૧૦ દિવસની અંદર છોકરી પક્ષવાળા તરફથી છોકરીને તેડવા માટે આવે છે. તેને આણું કહે છે. તેઓ એક દિવસ રોકાઈ છોકરીને તેડી જાય છે. ત્યાં તેમણે છોકરીથી નાની વ્યક્તિને કાપડ કે પૈસા આપવાના હોય છે. ત્યારબાદ તહેવાર પ્રસંગે તેડવા જાય છે. આમ

૧ વર્ષ સુધી ચાલે છે. પછી છોકરી પોતાના પતિને ત્યાં કાયમ માટે રહી જાય છે.

છૂટાછેડા :

છૂટાછેડાના બનાવો ઘણા ઓછા બને છે. બન્ને પક્ષે કાયમી ઝઘડો થતો હોય તેવા સંજોગોમાં છૂટાછેડા આપી દેવાય છે. છૂટાછેડામાં સ્ત્રીની દરેક વસ્તુ તેને પાછી આપી દેવી પડે છે.

પુનર્લગ્ન :

વિધવા પુનર્લગ્ન કરી શકતી નથી, પણ નાની ઉંમરે વિધવા બનેલી સ્ત્રી હોય તો તે વિધુર કે છૂટાછેડા લીધેલ પુરુષ સાથે ફરી લગ્ન કરી શકે છે. સ્ત્રીઓને ફરી લગ્નમાં ઘણી મુશ્કેલી પડે છે. તેમની જોડે કોઈ લગ્ન કરવા તૈયાર થતું નથી. વિધવાનું સ્થાન પુરુષ સમોવડિયું હોય છે. તેના પતિના ભાગમાં આવતી મિલકત તેને મળે છે. તેને કુટુંબમાં બધા જ હક્કો મળે છે. દિયરવટાની પ્રથા નથી. મોટી બહેન મરી જાય તો તેની નાની બહેનનાં લગ્ન મૃત બહેનના પતિ સાથે થઈ શકે છે. પુરુષનાં તેની મોટી સાળી સાથે લગ્ન થઈ શકતાં નથી. આમાં પણ સામા પક્ષવાળા મંજૂર હોય તો જ નાની સાળી સાથે લગ્ન થઈ શકે છે. દરેક સ્તિારમાં થોડાઘણા ફેરફારો જોવા મળે છે. મોટા ભાગના વિસ્તારમાં ઉપર પ્રમાણે લગ્ન વિધિ થાય છે.

મૃત્યુ :

વ્યક્તિ ખૂબ જ બીમાર હોય કે મરણપથારીએ ત્યારે તેનાં સગાં-સંબંધીઓ, કુટુંબીજનો અને ગામના સંબંધીઓ ખબર કાઢવા

આવે છે. સગાંઓમાં સાસરી પક્ષના, જેનાં લગ્ન થયેલાં હોય તે બહેનો, છોકરીઓ, ફુવા, માસા વગેરે સંબંધીઓ આવે છે.

મૃત્યુબાદ કુટુંબીજનોને બોલાવવામાં આવે છે. મૃત્યુપ્રસંગે આવેલાં સ્ત્રી-પુરુષો મૃત્યુ પામનાર વ્યક્તિની અંતિમ ક્રિયામાં ભાગ લે છે. એઓ કુટુંબીજનોને આશ્વાસન આપે છે. મૃત દેહને સ્નાન કરાવવામાં આવતું નથી, પણ તેના હાથે પગે હળદર-કંકુ લગાડવામાં આવે છે. શબને તેની નજીકનાં કુટુંબીજનો ઠાઠડીમાં સવિધિક બાંધી ઉપાડી લઈ જાય છે. દીકરો આગળ દોણી લઈ જાય છે. ચાર નજીકનાં સગાં કે ભાઈઓ ઠાઠડી ઉપાડે છે. બાકીના માણસો પાછળ આવે છે. એમની સાથે બાજરીનો પૂળો, એક લોટામાં ઘી, ચાર શ્રીફળ, દોણી, તાંસળા જેવું વાસણ હોય છે, મૃતદેહને વિસામા આગળ ઉતારી થોડી વાર ઊભા રહી ફરી ઉપાડવામાં આવે છે. શબને સૌ પ્રથમ સ્મશાનમાં મૂકી તેની ઉપર ઓઢાડેલું કપડું કાઢી નાંખવામાં આવે છે. કુટુંબીજનો સ્નાન કરી તેના મોંમાં પાણી તથા પૈસા મૂકવામાં આવે છે. પછી ભાઈ કે મોટો છોકરો તેની ચિતાની આજુબાજુ અંગારા લઈ ચારથી પાંચ આંટા મારે છે. પછી શબને અગ્નિ મૂકે છે. મૃતદેહ લગભગ બળી રહે ત્યારે તેને ઘીનો ઠાગ દેવામાં આવે છે. ત્યાર પછી બધા નહાય છે અને બધાં કપડાં પલાળી નાખી નદી કિનારે સૂકવે છે. સ્ત્રીઓ પણ રડતાં રડતાં સ્નાન કરવા આવે છે,

જે સ્ત્રી વિધવા બને તેની ત્યાં ચૂડલા-કર્મની વિધિ કરે છે. નાના બાળકનું મૃત્યુ થયું હોય તો તેને દાટવામાં આવે છે.

બીજા દિવસે મૃત્યુ પામનાર વ્યક્તિની ચિતા ઠારવા જાય છે. તેને "ટાઢી વારવાનું" પણ કહે છે. તેનાં અસ્થિ (હાડકાં) લઈ પવિત્ર નદીમાં નાખે છે, હાડકાં લઈ સ્નાન કરી ઘરે આવે છે.

થોડા દિવસ પછી સુવાણું એટલે કે શોકસભા જેવું હોય છે. તે દિવસે હજામ આવી તેમના દાઢીના અને માથાના વાળ કાઢી જાય છે. સ્મશાન ગઈ હોય તેટલી વ્યક્તિઓએ ફરજિયાત સુવાણામાં જવું પડે છે. સગાંસંબંધીઓને ચીઠ્ઠી લખી સુવાણાની જાણ કરવામા આવે છે. આ જાણ કરવા ભંગીને મોકલે છે. વૃદ્ધ માણસ હોય તેનું બારમું કરવામાં આવે છે. બધાં સગાંસંબંધીઓ ૧૧મા દિવસે આવે છે. તે દિવસે માળ બાંધવાની વિધિ પણ કરવામાં આવે છે. માળ બાંધવાની વિધિ બ્રાહ્મણ કરે છે. કેટલાક સરાવવાની વિધિ કરાવે છે. પણ આવી બધી વિધિ આર્થિક રીતે સદ્ધર કુટુંબો જ કરાવે છે. બારમું કરવું ફરજિયાત નથી. બારમામાં રૂા. ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલો ખાધા-ખોરાકીનો ખર્ચ થાય છે.

ધાર્મિક જીવન

ઠાકોર સમાજ હિન્દુ જ્ઞાતિ વ્યવસ્થાનો એક ભાગ હોવાથી હિન્દુ સમાજમાં જે દેવ-દેવીઓની પૂજાવિધિઓ કરવામાં આવે છે તે જ દેવ-દેવીઓની પૂજાવિધિ તેમનામાં કરવામાં આવે છે, વાર-તહેવારો પણ હિન્દુ સમાજની અન્ય જ્ઞાતિઓની માફક ઉજવવામાં આવે છે.

ઠાકોર સમાજ ઘણા મોટા વિસ્તારમા ફેલાયેલ હોવાથી અલગ સ્થાનિક સમૂહોના સ્વરૂપે ધાર્મિક જીવન એકસરખું નથી. કેટલાંક દેવી-દેવતાઓની પૂજાવિધિઓ ગામ આખું મળીને ઊજવે છે. દેવ-દેવીઓને સ્થાનકે તેઓ નિયમિત ભાગ્યે જ જાય છે, પણ તે દેવ રૂઠે નહીં તેથી તેની અવગણના કરતા નથી; માત્ર દેવ તરીકે ખૂબ

માને છે. કેટલાંક કુટુંબોમાં અનેક દેવ–દેવીઓનાં ચિત્રો પણ જોવા મળે છે. તેઓ મુખ્યત્વે શંકર, અંબાજી, બહુચરાજી, રામ, કૃષ્ણ, હનુમાન, ભાથીજી, ભૈરવ, રામદેવ પીર, મહાકાળી, ગણગતિ, શીતળામાતા, જોગણીઓ, બળિયાદેવ વગેરેને માને છે. કેટલાક ઘરોમાં નિયમિત પૂજા કરે છે. કેટલીક જગ્યાએ કબીરપંથીઓની સંખ્યા પણ ઘણી મોટી જોવા મળે છે. વળી કેટલાક નાથપંથ તથા સ્વામીનારાયણ ધર્મમાં શ્રદ્ધા ધરાવનારા છે. વારતહેવારે કોઇની ઈચ્છા હોય ત્યારે પાઠ કરાવે છે. ધર્મમાં માનનાર દારૂ કે માંસનો ઉપયોગ કરતા નથી. કેટલાક બહુચરાજી, અંબાજી કે ડાકોર દર પૂનમે નિયમિત જતા હોય છે. ઠાકોર સમાજમાં દેવ–દેવીઓ પર અખૂટ શ્રદ્ધા જોવા મળે છે, કારણ કે પરંપરાગત સમાજ હોવાથી તેમાં ધર્મના દર્શનને બધા સમજે છે તેમ નથી પણ જીવન વ્યવહારમાં જે મુશ્કેલીઓ આવે છે–બિમારી આવી જાય, કોઈ મરી જાય, પાક નાશ પામી જાય, ઢોર મરી જાય–તેને પરિણામે દેવ–દેવીઓની પૂજા કરવામાં આવે છે. કેટલાક તહેવારો નીચે પ્રમાણે છે :

અખાત્રીજ :

ખેતીની શરૂઆતનો શુભ દિવસ છે. જે દિવસે "હળોત્તરા" કરવામાં આવે છે. બળદ શણગારી, હળ જોડી બળદની પૂજા કરી ખેતર ખેડવાનું મુહૂર્ત કરે છે. કંસાર બનાવી ખાય છે. ખેતમજૂરો પણ "સાથી" તરીકે અખાત્રીજથી જોડાય છે.

નાગપાંચમ :

નાગ કે ભાથીજીના નામથી જુદા જુદા વિસ્તારોમાં ઓળખે છે.

શ્રાવણ માસમાં સુદ કે વદમાં આવતી પાંચમ કરે છે. નાળિયેર અને કુલેર ચડાવી ઉપવાસ કરે છે.

શીતળા સાતમ :

શીતળા માતાની અવકૃપા ન થાય માટે શ્રાવણ માસમાં સાતમને દિવસે ઠંડુ ખાવામાં આવે છે.

બળેવ (રક્ષાબંધન) :

બળેવના દિવસે ગોર (બ્રાહ્મણ) ઠાકોરોને ઘેર જઈ રાખડી બાંધે છે. તેને દક્ષિણામાં એક–બે રૂપિયા મળે છે. બહેન ભાઈને રાખડી બાંધે છે.

નવરાત્રી :

નવરાત્રી એ માતાજીનો તહેવાર હોવાથી ગરબા કાઢીને માતાજીના ગરબા ગાય છે. કેટલાક નવ દિવસ ઉપવાસ કરે છે. માતાજીની માંડવી કાઢે છે.

દશેરા :

કેટલાક વિસ્તારોમાં ઠાકોરો ઘોડા દોડાવે છે અને હરીફાઈ રાખે છે. હથિયારોની પૂજા કરવામાં આવે છે. સ્થિતિ પ્રમાણે મિષ્ટાન્ન બનાવે છે.

દિવાળી–બેસતું વર્ષ :

ધનતેરસથી ભાઈબીજ સુધીના તહેવારો ઊજવવામાં આવે છે.

ધનતેરસના દિવસે ધનપૂજા કરવામાં આવે છે. લાડુ, શીરા પૂરી, વડાં વગેરે બનાવી ખાય છે.

આમ દિવાળીના તહેવાર બેસતા વર્ષ સુધી ઊજવે છે. બેસતા વર્ષના દિવસે વહેલાં નાહી-ધોઈ નવાં કપડાં પહેરે છે અને રાત્રે વેરઝેર ભૂલાં એકબીજાને ઘરે મળવા જાય છે.

હોળી :

ઠાકોર સમાજનો સંબંધ હોળી સાથે વધારે હોય છે. હોળીના ૧૫ દિવસ પહેલાં રાત્રે દાંડીએ રમે છે. માત્ર પુરુષો અને બાળકો હોળીના દિવસે ઉપવાસ કરી સાંજે હોળી પ્રગટાવી ખાય છે. ધાણી, ચણા કે નાળિયેર હોળીમાં નાખે છે. નવપરિણીતો સજોડે હોળીનાં દર્શન કરવા જાય છે. આ વખતે જૂનાં વેરઝેર હોય તો ઝઘડા પણ થાય છે.

ભૂતપ્રેત અને ભૂવાઓમાં પણ તેઓ શ્રદ્ધા ધરાવે છે. કોઈ બીમાર પડે કે કંઈ પણ દુઃખ આવે તો ભૂવાને ઘેર જઈ દોરા કરાવે છે, અથવા ભૂવાને ઘરે બોલાવે છે. ભૂત-પ્રેત ગામમાં કઈ જગ્યાએ છે, કયું ભૂત છે, તે કેવા ચેનચાળા કરે છે, કેવી રીતે બિવડાવે છે વગેરે વિશેની પરંપરાગત માન્યતાઓથી દરેક ઠાકોર પરિચિત હોય છે. ભૂત કાઢવામાં ભૂત શું માંગે છે તે પ્રમાણે મંગાવી વળગેલાના માથા પરથી તે ઉતારી ભૂતના સ્થાનકે મૂકી આવે છે.

ભૂવાઓ કોઈને સાપ કે વીંછી કરડે તે પણ ઉતારે છે. ઠાકોર સમાજમાં સંતો થયા છે, જે સંતોને આજે પણ તે વિસ્તારના લોકો માનથી પૂજે છે. તેમનાં મંદિર કે દહેરીઓ ઠાકોર વિસ્તારમાં જોવા મળે છે. નોરતામાં "નરભેરામ બાપા" થઈ ગયા જેને આજે લોકો શ્રદ્ધાથી પૂજે છે.

સમસ્યાઓ અને સૂચનો

ગુજરાતમાં ઠાકોરોની સંસ્કૃતિ વિશિષ્ટ અને આગવી છે. તેઓ અત્યારે પણ રજપૂત યુગમાં જીવતા હોય તેમ ભૂતકાળનાં સ્વપ્નો વાગોળી જીવે છે. મૂળે બહાદુર, લડાયક અને સહનશક્તિવાળી પ્રજા છે, પણ કાળક્રમે ગરીબી તરફ ઘસડાતા જાય છે. મોટા ભાગના ગરીબીની રેખા નીચે જીવન વિતાવે છે.

જીવનનિર્વાહનાં સાધનો કે પરંપરાગત ધંધામાં પરિવર્તન થતાં રહ્યાં છે, જેને પરિણામે ગરીબો વધુ ગરીબ બનતા જાય છે. સમગ્ર રીતે જોઈએ તો ઠાકોરોમાં, એક-બે ટકા કુટુંબો સિવાય, બીજાં બધાં અત્યંત ગરીબીમાં સબડે છે. જમીનો પણ ધીરે ધીરે અન્ય વર્ગો તરફ ચાલી જાય છે અને દિવસે દિવસે તેઓ ખેતમજૂર બનતા જાય છે. સામાજિક રીતરિવાજ અને ગરીબ સ્થિતિ હોવા છતાં, ઠાકોરી ખર્ચા તેમને વધુ ગરીબ અને ધંધા માટે સાધનવિહીન બનાવે છે. છતાં પ્રજા ગૌરવભેર જીવવાના પ્રયત્નો કરે છે. આજે પણ કેટલાક પોતાને "પછાતવર્ગ"માં મૂકવા કે ગણવા માગતા નથી. પછાત વર્ગમાં મૂકવાનો અર્થ "નીચેની જ્ઞાતિઓ સાથે પોતે છે" એવો કરી કેટલાક કહે છે કે અમારે પછાત બનીને સરકારના લાભ લેવા નથી. આ બતાવે છે કે ઠાકોરો ગૌરવભેર અને માનભેર જીવન જીવવા માગે છે. આ વર્ગનું ચોક્કસ ગૌરવ જળવાય અને તેઓ માનભેર જીવી શકે તેવું કરવું જોઈએ.

ઠાકોરોનો વસવાટ મુખ્યત્વે બે રીતનો છે જે આપણે આગળ ઉપર વિગતે જોઈ ગયા છીએ. માત્ર મેવાસના ગામો કે જ્યાં આખા

ગામમાં ઠાકોર કુટુંબો જ હોય અથવા અન્ય જ્ઞાતિઓ સાથે તેમનો વસવાટ હોય, આ ઉપરાંત ગામડામાંથી શહેરો તરફ જતા ઠાકોરો પણ છે. તેઓ અનેક પ્રકારની સમસ્યાઓના ભોગ બને છે. તેમનો મૂળ વ્યવસાય લગભગ ખેતી હતો. તેની જગ્યાએ અનેક પ્રકારના નવા ધંધાઓ સમાજના પરિવર્તન સાથે દેખાય છે. આને કારણે તેઓ શોષણના ભોગ બનતા જાય છે. આખી સંસ્કૃતિ "ગરીબીની સંસ્કૃતિ"ના સ્વરૂપે બહાર આવી છે.

સમસ્યાઓ :

૧. રહેઠાણની સમસ્યા :

મોટા ભાગના ઘરો કાચાં માટીનાં હોય છે. હજુ પણ કેટલાક વિસ્તારો અને ગામોમાં "કૂબા" જોવા મળે છે. ઉપરનું છાજ મોટે ભાગે દેશી નળિયાંનું હોય છે. ઘરો ઘણા જૂનાં હોય છે. નવાં કરવા માટે પૈસા હોતા નથી. કેટલાંક ઘરોનો ઉપરનો ભાગ ડાંગર અને બંટીનું પરાળ નાંખી ઢાંકી રાખે છે. મોટા ભાગનાં ઘરો એક જ ખંડનાં હોય છે. કોઈક ઘરને બહાર ઓશરી જેવું હોય છે.

કેટલીક જગ્યાએ ઘરો મોટાં હોય છે. વળી એવું પણ જોવા મળ્યું કે જેમ જેમ ઘરના ભાગ પડતા જાય તેમ તેમ ઘરને ટૂંકાવી તે નાનાં કરતા જાય છે. ધંધા માટે શહેરોમાં જાય ત્યાં નાની નાની ખોલીમાં પોતાના કુટુંબ સાથે રહે છે. કાચાં છાપરાં બનાવી ગમે તે જગ્યાએ ગંદા વસવાટોમાં પડી રહે છે. આ રીતે ઠાકોરો માટે રહેઠાણની સમસ્યા બહુ ગંભીર સ્વરૂપ પકડતી જાય છે.

જમીન :

મોટા ભાગનાં કુટુંબો જમીનવિહોણાં છે, અને જમીન ધરાવતાં

કુટુંબોમાં પણ જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે. ઘર ખર્ચને નહીં પહોંચી વળતાં અને સામાજિક-ધાર્મિક ખર્ચ માટે જમીનો ગીરો મૂકતા જાય છે કે વેચાતી આપતા જાય છે.

આ ઉપરાંત હાશીજ, સમી, રાધનપુર અને ધોળકા ધંધુકાના કેટલાક વિસ્તારોમાં જમીન ખારી છે, જેને પરિણામે તે જમીનમાંથી કંઈ જ પાકતું નથી. પરિણામે ત્યાંના ઠાકોરોને ખેતમજૂરી માટે રખડવું પડે છે.

ખેતી :

જેની પાસે થોડીઘણી જમીન છે તે પણ સારી નથી. આજે કોઈ પણ પ્રકારની ખેતી પૈસા સિવાય થઈ શકતી નથી અને લગભગ મોટા ભાગના વર્ગ પાસે પૈસા નથી. અનાજ ન હોય ત્યાં બિયારણ ક્યાંથી લાવે ? બળદ હોતા નથી. ખેતીનાં સાધનો પૂરતાં હોતાં નથી. આથી ખેતી પણ કરી શકતા નથી. ખેતી ભાગે આપી દે છે. બિયારણ દોઢું કે બમાણું આપવાની શરતે લાવે. વળી પિયતનાં સાધનો પણ ઓછાં. બીજા પાસેથી પાણી લઈ પિયત કરે તો પૈસા આપી શકે નહીં. પોતાનું બોરિંગ કે એન્જિન હોય તો લાઈટ બિલ કે ઑઈલ લાવવાના પૈસા ન હોવાથી મોટા ભાગનો સમય એન્જિન બંધ રહે છે.

મજૂરીની સમસ્યા :

દિવસે દિવસે ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે. ખેતી તરફથી મજૂરી તરફની ગતિ સળંગ ચાલ્યા કરે છે. ખેતમજૂરી માટે અન્ય જ્ઞાતિઓને ત્યાં પુરૂષો "સાથી" તરીકે રહેતા હોય છે, જેમાં બાર માસ માટે જોડાય છે. તેમાં ૭૦૦ થી ૧૫૦૦ રૂપિયા સુધી બાર મહિનાના મળે છે. આ ઉપરાંત ખાવું, ચા-પાણી, બીડી, કપડાં અને

જોડા મળે છે. રાતદિવસ માલિકને ત્યાં જ રહે છે. પોતાના કુટુંબ તરફ ધ્યાન આપી શકતા નથી.

આ સિવાય રસ્તા કે ઘર બાંધકામની મજૂરી મળે પણ તે કાયમી નહીં. પાક સાચવવાનું, ઢોર ચરાવવાનું–આ રીતે જીવનનિર્વાહ કરવા અનેક પ્રકારની મજૂરી કરી તેઓ ગુજરાન ચલાવે છે. શહેરોમાં મિલોમાં, ફેક્ટરીઓમાં, હોટલોમાં, મકાન-બાંધકામ વગેરેની મજૂરી કરવા જાય છે. આમ મજૂરીમાં પણ કાયમી ધોરણે બહુ ઓછું મળે છે.

આરોગ્યની સમસ્યા :

ગામડાં કે શહેરોમાં, જ્યાં તેમનો વસવાટ છે ત્યાં તે ઘરો પૂરતાં હવાઉજાસવાળાં અને સગવડભર્યાં નથી. શહેરોમાં તો ગંદા વિસ્તારોમાં અનેક વ્યક્તિઓ સાથે તેઓ રહે છે. કપડાં પણ અપૂરતાં પહેરે અને દારુના વ્યસની પણ ખરા. અપૂરતા ખોરાકને કારણે અનેક પ્રકારની બીમારીઓનો ભોગ બને છે. દવાના પૈસાના અભાવે દવાખાને જતા નથી. ભગત-ભૂવાનો આશરો લે છે. ખંભાતમાં અકીકનો ઉદ્યોગ ચાલે છે. તેમાં ઠાકરડા, કોળીઓ અને અન્ય કોમો કામ કરે છે. અકીકની ધૂળની અસર તેમના આરોગ્ય ઉપર પડે છે અને તેઓ ક્ષય રોગના ભોગ બને છે. આને ગંભીરપણે જોવું જોઈએ અને તેમના આરોગ્ય માટેની સુવિધાઓ ઊભી કરવી જોઈએ

શિક્ષણ :

ઠારોરની વસ્તી ઘણી મોટી હોવા છતાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ગામડાંઓની નિશાળોમાં નામ લખ્યું હોય પણ મોટા ભાગનાં બાળકો ભાગ્યે જ નિશાળે જાય છે કારણ કે અશિક્ષિત મા-

બાપો શિક્ષણ પ્રત્યે અભિરુચિ રાખતાં નથી. બાળક ભણવાને બદલે મજૂરી તરફ વળે છે. મોટા ભાગના ઠાકોરોની વસ્તીવાળા ગામોમાં નિશાળોની હાલત જોઈએ તો એમની કેળવણી પ્રત્યેની અરુચિનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય. કેટલાંક ગામોમાં સાત ધોરણ સુધીની શાળા પણ નથી. હોય તો પણ હાજર સંખ્યા ઘણી ઓછી હોય છે. કેટલીક જગ્યાએ શિક્ષિત બેકારો નજરે પડતાં મા–બાપો પણ પોતાનાં બાળકોને શિક્ષણ આપતાં ડરે છે. ભણ્યા છતાં નોકરી મળતી નથી. આજે તો પૈસા આપીને નોકરી મેળવવી પડે છે. તેના કરતાં ન ભણે તો અત્યારથી જ કમાતો થાય એમ માની ભણાવતા નથી. ઠાકોર સમાજમાં અશિક્ષિતો લગભગ ૭૧ ટકા જેટલા છે.

સૂચનો :

ઠાકોર સમાજ દિનપ્રતિદિન અનેક નવી નવી સમસ્યાઓનો ભોગ બનતો જાય છે. જીવનનિર્વાહનાં સાધનોમાં પરિવર્તન આવતું જાય છે. તેને કારણે પરંપરાગત ધંધાઓની ફેરબદલી થતાં ગરીબી ઘટવાને બદલે વધી રહી છે. તેને પરિણામે આ સમાજ વધુમાં વધુ શોષણનો ભોગ બનતો જાય છે. આ સમાજને ગૌરવભેર જીવવા માટે આર્થિક રીતે જ્યાં સુધી પગભર કરવામાં ન આવે ત્યાં સુધી તેનું ગૌરવ જળવાવું મુશ્કેલ છે.

ક્ષેત્રકાર્યમાં જે સૂચનો મળ્યાં છે તેને આધારે અને અમારા અભ્યાસના તારણો રૂપે અહીં કેટલાંક સૂચનો રજૂ કરીએ છીએ :

શિક્ષણના અભાવને કારણે ઠાકોર સમાજને બક્ષી કમિશન સૂચિત આર્થિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં મૂકવામાં આવ્યો છે. જો કે ઠાકોરો તે પણ જાણતા નથી! પોતાને માટેની કેવી યોજનાઓ

છે તે પણ તેઓ જાણતા નથી. તેમનામાંથી બહુ જ ઓછાં કુટુંબો આર્થિક–શૈક્ષણિક રીતે આગળ આવ્યાં છે. તેઓએ પણ અન્ય જ્ઞાતિઓની માફક આ અશિક્ષિત સમાજનું શોષણ કર્યું છે. મોટા ભાગનો વર્ગ પરંપરાગત ખોટી મોટાઈના ખ્યાલોમાં જીવે છે. અમે પછાત નથી અને 'પછાતના લાભો અમારે ન જોઈએ' એમ માને આવો "પછાતપણા"નો ખોટો ભ્રમ તેમના માનસમાંથી દૂર કરવો જોઈએ. આ બધી બાબતો ધ્યાનમાં લઈ તેમના મોભાને ધ્યાનમાં રાખી તેમની ઈચ્છા મુજબનો વિકાસ થવો જરૂરી છે. તેમની સંસ્કૃતિને અનુકૂળ તથા સમાજને મધ્યમાં રાખી એમની ઈચ્છાઓ પ્રમાણેનો વિકાસ થવો જોઈએ.

આર્થિક વિકાસ :

૧ ભૌતિક સાધનો :

અ. ઘર :

ગ્રામ અને શહેરી વિસ્તારમાં મોટા ભાગનાં કુટુંબોની ઘરોની હાલત બિસ્માર છે. તો આ ઘરો અમુક પ્રમાણમાં વિસ્તારવાર હુડકો અને ગૃહનિર્માણ બોર્ડની મદદથી દર વર્ષે બનાવવાં જોઈએ. ચાલી શકે તેવાં હોય તેવાં ઘરોને સમારવા માટે મદદ કરવી જોઈએ.

આરોગ્યપ્રદ ઘરો હોવાં જોઈએ :

મકાન બાંધવામાં આવે તો જજરૂ, નાવણિયું, પાણી અને વિજળીની સગવડો હોવી જોઈએ. શહેરોમાં મોટા ભાગનાં ઠાકોર કુટુંબોને આવી કોઈ સગવડો નથી. તેને પરિણામે તેઓ અનેક રોગોના ભોગ બને છે.

આ પ્રકારનાં આરોગ્યપ્રદ ઘરો ગ્રામ અને શહેરી વિસ્તારોમાં, દરેક તાલુકામાં, દરેક વર્ષે થોડાં થોડાં બાંધવાં જોઈએ.

૨. આર્થિક ઉત્કર્ષ :

અ. જમીન :

અનેક પ્રકારની સમસ્યાઓમાં જમીનની સમસ્યા ઘણી ગંભીર છે. જમીનોની ફેરબદલી ઘણી જગ્યાએ થઈ રહી છે. તેમાં "ઠાકોર સમાજ" અગ્રસ્થાને છે. જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે તેની પાસે જમીન વેચી મળતા પૈસા સિવાય કોઈ જ આધાર નથી. તેને પરિણામે જમીનનો એકએક ટૂકડો દર વર્ષે જરૂરિયાત પ્રમાણે વેચતા જાય છે અથવા ગીરો મૂકે છે. ગીરો આપેલ જમીન છોડાવી શકતા નથી. વેચાણ કે ગીરોની પ્રક્રિયા સરકારી દફ્તરોમાં નંધાવ્યા સિવાય ખાનગીમાં પણ ઘણા મોટા પાયે ચાલતી હોય છે. તેને ગમે તે રીતે બંધ કરવી જોઈએ. દિનપ્રતિદિન ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે. જેમ કલેકટરશ્રીની પરવાનગી વગર આદિવાસી જમીન વેચી શકતો નથી તે રીતનો ઠાકોરો માટે કાનૂન કરવો જોઈએ. જ્યાં ખારી જમીનોનું પ્રમાણ વધારે છે ત્યાં ખાર વધતો જાય છે. તેને વૈજ્ઞાનિક ધોરણે અગ્રતા આપી ત્યાં ખાર અટકાવવાની પ્રક્રિયા કરવી જરૂરી છે.

ખેતી :

જેમની પાસે થોડી ઘણી જમીનો છે તેઓની ખેતી માટે ખેતીનાં સુધારેલ ઓજારો, બિયારણો, રાસાયણિક ખાતરો અને બળદો માટે લોન અને સબસીડીની વ્યવસ્થા કરવી જોઈએ. તેમને માટે પિયતની સગવડ પણ જરૂરી છે. નવા કૂવા, જૂના કૂવાનું સમારકામ, કૂવા પર

મૂકવા માટે મશીનો કે વીજળીની મોટરો વગેરે માટે લોન અને સબસીડી દ્વારા પૂરતી મદદ કરવી જોઈએ. જમીનો સરખી ન હોય તો તે માટે લેવલિંગ કરાવવું જોઈએ.

દૂધાળાં ઢોર :

ઠાકોરોમાંથી મોટા ભાગનાં કુટુંબો ઢોર રાખે છે. કેટલાક ગરીબ ઠાકોરો તો ગામની અન્ય વ્યક્તિઓની ગાય કે ભેંસ ભાગે બાંધતા હોય છે. કેટલાંક કુટુંબો દૂધાળાં ઢોર રાખી સારા પ્રમાણમાં દૂધ મેળવે છે. તો જરૂરિયાત હોય તેવાં કુટુંબોને સારી ભેંસો લોન અને સબસીડીના ધોરણે આપવાની વ્યવસ્થા થાય તો તેમને પૂરક રોજી મળી શકશે.

ખેતમજૂરોને લઘુતમ વેતન મળવું જોઈએ.

મોટા ભાગનો વર્ગ ખેતમજૂરીનું અને બાંધકામની મજૂરીનું કામ કરે છે. કેટલાક વિસ્તારોમાં લઘુતમ વેતન મળતું નથી. તો તે માટેના ચોક્કસ દરો તેમને પ્રાપ્ત થવા જોઈએ.

ગૃહઉદ્યોગો :

ઠાકોર સમાજમાં કેટલાક વિસ્તારોમાં સ્ત્રીઓ કંઈ કામ કરતી નથી, તેમ જ તેમને યોગ્ય કામ પણ મળતું નથી. તો સ્ત્રીઓ, વૃદ્ધો અને જરૂરતવાળા પુરુષોને પૂરક રોજી મળે તેવા ગૃહઉદ્યોગો, અંબર–ચરખા ચલાવવા, પાપડ વણવા, બીડી બનાવવી, ભરત–ગૂંથણ તથા સીવણ કામ કરવું વગેરેની યોગ્ય તાલીમ આપી તેમને તાલીમ પછી ધંધો શરૂ કરવાની વ્યવસ્થા ગોઠવી આપવામાં આવે તો પૂરક રોજી પ્રાપ્ત કરી શકે.

ટેકનિકલ ધંધાઓની તાલીમ :

ઠાકોરો શરીરે મજબૂત અને ખડતલ હોઈ કોઈ પણ પ્રકારનું કામ કરવાની શક્તિ ધરાવે છે. ડ્રાઈવિંગ, વેલ્ડીંગ, મોટર મિકેનિકનું કામ વગેરેની યોગ્ય તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે તો રસપૂર્વક તેઓ આ પ્રકારના ધંધાઓ કરશે.

શિક્ષણ :

ઠાકોરોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. કેટલાક વિસ્તારોમાં સળંગ ઠાકોર સમાજની વસ્તીના પટ્ટાઆવેલા છે. ત્યાં શિક્ષણની સગવડો પણ પૂરેપૂરી ઉપલબ્ધ નથી અને ભણવા માટે દૂર જવું પડે છે. મોટા ભાગનાં ગામોમાં ૪ થી ૭ ધોરણ સુધીની જ શિક્ષણની વ્યવસ્થા છે. બહાર રહેવાની સગવડ હોતી નથી જેને કારણે તેઓ શિક્ષણ લઈ શકતા નથી.

વધુ વસ્તીવાળા વિસ્તારોમાં નીચે પ્રકારની સુવિધાઓ જરૂરી લાગે છે : **૧.** બાલવાડીઓ કરવી જોઈએ, જેથી બાળકને નિશાળે જવાની ટેવ પડે.

૨. છાત્રાલયો :

ઠાકોરોની સંખ્યા પછાત જ્ઞાતિઓમાં વધુ છે. તો વસ્તીના ધોરણે પણ તેમને માટે જ્યાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સગવડો હોય ત્યાં છાત્રાલયો ખોલવાં જોઈએ.

૩. આશ્રમશાળાઓ :

આદિવાસી વિસ્તારોની જેમ ઠાકોર વિસ્તારોમાં પણ શિક્ષણનું

પ્રમાણ ઘણું ઓછું છે અને આર્થિક રીતે તેઓ ખૂબ જ મુશ્કેલી ભોગવે છે તો તેમના માટે આશ્રમશાળાઓ ખોલવામાં આવે તો સાત ધોરણ સુધી બાળક શાંતિથી ભણી શકે.

પ્રૌઢ શિક્ષણ :

ઠાકોર સમાજમાં ૧૫ થી ૩૫ વર્ષની વયવાળા સભ્યોને રાત્રી વર્ગો દ્વારા લખતાં-વાંચતા શીખવવું જોઈએ અને તેમને સમાજોપયોગી શિક્ષણ આપવું જોઈએ કે જેથી તેઓ શિક્ષણનું મહત્વ સમજતા થાય.

આરોગ્ય :

ઠાકોરો ગરીબીને કારણે અનેક પ્રકારની બીમારીઓથી પીડાય છે. તેઓ રોગોનો ઈલાજ કરી શકતા નથી અને પરંપરાગત દોરા-ધાગા, મંત્ર-તંત્ર તથા ભૂવાઓમાં વિશ્વાસ કરી બેસી રહે છે. તેને પરિણામે જીવલેણ બીમારીઓમાંથી ઊભા થઈ શકતા નથી. હવા-ઉજાસ વિનાનાં નાનાં-નાનાં ઘરો, વિટામિન વગરનો ખોરાક વગેરેને પરિણામે રોગોના ભોગ બનતા હોવાથી તેઓ તેનો ઈલાજ કરાવી શકે તેવી સહાય આપવી જોઈએ.

છારા

મૂળ લેખક

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

સંક્ષેપકાર

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

તપાસ વિસ્તાર :

ગુજરાતમાં છારાઓની મુખ્ય વસતિ અમદાવાદ, ભાવનગર અને દાહોદમાં છે. આથી બધા વિસ્તારોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે તપાસ વિસ્તારમાં અમદાવાદ, ભાવનગર અને દાહોદનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તપાસ પ્રવિધિ :

છારા જાતિના સમગ્ર જીવનની અને તેના જુદા જુદા પાસાંની જાણકારી માટે જે પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે આ પ્રમાણે છે :

૧. અવલોકન :

છારા જાતિનો મુખ્ય વ્યવસાય દારૂ ગાળવો અને ચોરી કરવી એ છે. આવી પ્રવૃત્તિની માહિતી પ્રશ્નોત્તરી દ્વારા મેળવવી મુશ્કેલ અને અશકય છે. આથી આ વ્યવસાયને ઊંડાણથી જાણવા માટે સહભાગી અને અસહભાગી અવલોકનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૨. વ્યકિત-અભ્યાસ

આગળ દશાવ્યું તેમ, છારા જાતિના મોટા ભાગના કુંટુંબો દારૂ-

ચોરીનો ધંધો કરે છે. આ પ્રવૃત્તિ વ્યક્તિ શા માટે, કઈ રીતે, કોનાથી પ્રેરાઈ છે તેની અને તેનાં સારાં માઠાં પરિણામો વગેરેની વિસ્તૃત માહિતી માટે દારૂ અને ચોરીનો વ્યવસાય કરનાર તેમ જ એ ધંધા સાથે સંકળાયેલ અન્ય વ્યક્તિ અને સમૂહોનો વ્યક્તિ-અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૩. મુલાકાત :

આ જાતિની સામાજિક-સાંસ્કૃતિક, ધાર્મિક વગેરે બાબતોની માહિતી છારા સમાજનાં આગેવાન સ્ત્રી પુરુષ, આગેવાન યુવકો, ભૂવા ભગત વગેરેને મળી મેળવેલ છે. ઉપરોકત સંશોધન-પ્રવિધિ દ્વારા છારા સમાજનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કર્યો હતો.

છારા જાતિની વસતિ કયા સ્થળે કેટલી છે તેમજ તેમના વિષે કોઈ અભ્યાસો થયા હોય તો તે બધું જાણવા માટે ગ્રંથાલયનો ઉપયોગ કર્યો હતો. આમાંથી કોઈ ખોટી હોય તો નમ્ર ક્ષમાયાચના છે.

પૃષ્ઠભૂમિ

છારા જાતિ ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં વસવાટ કરે છે. ભારતમાં પ્રદેશવાર તેમનાં નામ જુદાં જુદાં છે. ગુજરાત રાજ્યમાં પણ આ જાતિ ભિન્ન ભિન્ન નામોથી ઓળખાય છે, જેમ કે અમદાવાદમાં છારા, દાહોદમાં સાંસી અને ભાવનગરમાં આડોડિયા. બક્ષીપંચના અહેવાલ ને આધારે કહી શકાય કે ગુજરાતમાં ગુનાહિત જાતિઓની વસતી અંદાજે ત્રણ લાખ છે.

છારા જાતિની ઉત્પતિ અંગે પણ ઘણા મતમતાંતરો છે. આમ છતાં છારા નામ કઈ રીતે આવ્યું તે કહેવું મુશ્કેલ છે.

ઐતિહાસિક દૃષ્ટિએ આ કોમનો વિચાર કરીએ તો આ જાતિનું મૂળ નામ 'ભાંતુ' હતું, ભાંતુ જાતિનો ઉદ્ભવ આજથી લગભગ ૫૦૦ વર્ષ પહેલાં થયો હતો. જ્યારે સવંત ૧૫૦૦ દરમિયાન મહારાણા પ્રતાપની હકૂમત ચિતોડગઢમાં હતી ત્યારે આ જાતિ કુચિયાળા ગામમાં રહેતી હતી. આમ આ કોમનું મૂળ વતન મારવાડમાં છે. ત્યાં આશરે ૩૫૦થી ૪૦૦ વર્ષ પહેલાં ભયંકર દુષ્કાળ પડયો હતો. આ સમયે મુસ્લિમોની હકૂમત હતી અને તેઓ બળજબરીથી હિન્દુ લોકોને ધર્મ-પરિવર્તન કરાવતા હતા. આથી ભાંતુ જાતિ પોતાના સ્વભાવ અને ધર્મના રક્ષણ માટે મારવાડ છોડી ચાલી નીકળી. આપત્તિના સમયમાં ઘર છોડયું હોવાથી કશી માલ-મિલકત તે લોકો પોતાની સાથે રાખી શકયા નહીં. મારવાડ છોડયા બાદ તેઓ જુદી જુદી જગ્યાએ ભટકવા લાગ્યા. જીવનનિર્વાહ માટે કોઈ સાધન ન હોવાથી ચોરી-લૂંટફાટ જેવી પ્રવૃત્તિ કરવા લાગ્યા. મારવાડમાંથી આવ્યા બાદ તેઓ વાગડ પ્રદેશમાં, કચ્છ-ભૂજમાં રહ્યા અને ત્યાંથી ગુજરાત સૌરાષ્ટ્રમાં આવ્યા છે.

છારા જાતિની ઉત્પત્તિ વિષે જે મંતવ્યો જાણવા મળ્યાં તે આ મુજબ છે :

(૧) છારાએ શબ્દ 'છારી' એટલે કે ચપ્પુ ઉપરથી આવ્યો હશે, કારણ કે આ લોકો ચપ્પુ-છરી હંમેશા સાથે રાખતા હતા.

(૨) એક મત એવો છે કે આ કોમ શેરમલ ભાંતુ અને નુરમલ ભાંતુ આ બે ભાઈઓમાંથી ઊતરી આવી છે. શેરમલના વશંજો હતા તે છારા (સાંસી ભાંતુ) કહેવાયા અને નુરમલ ભાંતુના વંશજો વણજારા તરીકે ઓળખાયા.

(૩) ૧૯૨૨–૨૩માં આ લોકો અમદાવાદમાં આવ્યા ત્યારે ચંદ્રભાગા પુલની સામે રહેતા હતા. આ સમયે ગાંધીજી અને અંબાલાલ સારાભાઈ ત્યાં આવતા. ગાંધીજી અને બીજાઓને લાગ્યું કે આ કોમના માણસો ઘણા સારા છે. તેઓએ સારા કહ્યા તે 'સારા'નું અપભ્રંશ થઈને છારા થયું અને એ નામે આ જાતિ ઓળખાવા લાગી.

અમદાવાદમાં છારાનો વસવાટ :

૧૯૨૨–૨૩માં અમદાવાદમાં આ કોમ એલિસબ્રિજ વિસ્તારમાં રહેતી હતી. ત્યાં ચોરી વગેરેની પ્રવૃત્તિ વધારી, આથી તેમને આ સ્થળેથી ખસેડી વાડજ મોકલ્યા આમ છતાં ચોરીની પ્રવૃત્તિ વધતાં ૧૯૨૬માં બ્રિટિશ સરકારે છારા જાતિ માટે સેટલમેન્ટ બનાવી. આ સેટલમેન્ટમાં છારાઓની દિવસમાં ત્રણ વખત હાજરી લેવાતી. અહીં બાળકોને કપડાં અને અભ્યાસની સવલતો તથા વૃદ્ધોને જમવાનું પણ સરકાર તરફથી અપાતું. સેટલમેન્ટમાં યુવાનોએ નોકરી કરવી ફરજિયાત હતી.

૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્ર થયો. એક સુમત એવો પ્રવર્ત્યો કે જેના બાપ ચોર હોય તેના દીકરા ચોર હોય એવું નથી. આને લઈને આ જાતિને ગુનાહિત કોમ ગણવામાં આવતી હતી તેને બદલે ૧૯૪૭થી ભૂતપૂર્વ ગુનેગારોની જાતિ ગણવામાં આવી.

૧૯૬૦માં વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના પ્રમુખસ્થાને અનુસૂચિત જનજાતિ દ્વારા શોલાપુરમાં એક સંમેલન યોજાયું હતું. તેમાં ઠરાવ કરવામાં આવ્યો હતો કે ભારતની આ ભૂતપૂર્વ ગુનેગાર જાતિઓને વિમુકત જાતિ એવું નામ આપવું. ત્યાર પછી છારા જાતિ વિમુકત જાતિ તરીકે ઓળખાવા લાગી.

૧૯૭૨માં શ્રી બક્ષીના અધ્યક્ષ પદ નીચે એક પંચ નિયુકત થયું હતું, જેણે અમુક જાતિઓનો અભ્યાસ કરી તેમને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવી જાતિમાં મૂકી છે. છારા પણ એવી જ એક જાતિ છે કે જે બક્ષીપંચ સૂચિત પછાત જાતિમાં આવેલ છે.

વસતિ અને વિસ્તાર :

છરા જાતિનાં કુટુંબો ભારતમાં કયાં કયાં વસે છે અને ત્યાં શું પ્રવૃત્તિ કરે છે તે નીચેના કોઠા ઉપરથી જોઈ શકાશે.

ક્રમ	પ્રદેશનું નામ	સ્થળ	કયા નામે ઓળખાય	મુખ્ય ધંધો	ગૌણ ધંધો
૧	મારવાડ	જોધપુર–મેવાડ	મારવાડા	ચોરી લૂંટફાટ	ખેતી
૨	ગુજરાત	અમદાવાદ	છારા	,,	મીલમજૂર
		દાહોદ	સાંસી	,,	–
		ભાવનગર	આડોડિયા	,,	મજૂરી, દારૂ ગાળવો
૩.	મહારાષ્ટ્ર	–	કંજર	,,	દારૂ ગાળવો
૪.	મહેસુર	–	ભાંતુ	,,	ભીખ માંગવી
૫	દિલ્હી	–	સાંસી	,,	રેલવેમાં ગીત ગાવાં
૬.	ખાનદેશ	નંદરબાર	કંજર	,,	ગીત ગાવાં

વસવાટ :

છારા–આડોડિયા કોમનો વસવાટ અન્ય સમાજથી અલગ છે. આ જાતિના લોકો એક સાથે જ રહે છે, અને જ્યાં રહે ત્યાં પોતાની કોમના સભ્યો સાથે જ રહે છે. બીજા સમાજથી અલગ રહેવા પાછળનું કારણ પોતાની ગુનાહિત પ્રવૃત્તિ હોઈ શકે.

દેખાવ અને સ્વભાવ :

શરીરે મધ્યમ કદના, મજબૂત બાંધાના, ખડતલ તેમજ કસાયેલા છે. રંગે ઘંઉવર્ણા. સ્વભાવે ઝગડાખોર પણ ખરા.

ભાષા :

મરાઠી અને હિન્દીના મિશ્રણવાળી અલગ ગુજરાતી એવી એમની બોલી છે. તેઓ ગુજરાતી ઘણું સારું બોલી જાણે છે. પરંતુ કોમના સભ્યો અંદરોઅંદર પોતાની બોલીમાં જ વાત કરે છે.

ભૌતિક સંસ્કૃતિ

આગળ બતાવ્યું તેમ ગુજરાતમાં આ કોમની મુખ્ય વસતિ અમદાવાદ, દાહોદ અને ભાવનગરમાં છે. છેલ્લા ઘણાં વર્ષોથી સ્થાયી વસવાટ કરતા હોવાથી તેમના વસવાટમાં આધુનિકતા જોવા મળે છે.

મહોલ્લાની સંરચના :

આ કોમના મહોલ્લામાં પ્રવેશવા માટે કોઈ મુખ્ય પ્રવેશદ્વાર

નથી હોતું. મહોલ્લાની કોઈપણ બાજુએથી વસવાટમાં પ્રવેશી શકાય છે. મહોલ્લાની બાંધણી વ્યવસ્થિત નથી હોતી. સમગ્ર મહોલ્લો એક ઝૂંપડપટ્ટી જેવો જ લાગે છે.

મકાનોના પ્રકાર :

આ લોકોના મકાન ત્રણ પ્રકારનાં જોવા મળે છે. જેમાં (૧) પાકાં ધાબાવાળાં મકાન (૨) કાચી ઈંટ–માટીનાં ઉપર દેશી કે મેંગલોરી નળિયાવાળાં મકાન અને (૩) ઝૂપડાં. મકાન સામાન્ય રીતે ૨૫'×૩૦'નાં છે. મકાનની ઊંચાઈ ૧૨થી ૧૫ ફૂટ હોય છે.

મોટા ભાગનાં મકાનોને એક મુખ્ય ખંડ અને આગળ ઓસરીનો ભાગ હોય છે. કોઈક જ મકાનમાં બે કે ત્રણ ખંડ હોય છે. મોટા-ભાગનાં મકાનો સ્વતંત્ર છે. મકાનોમાં સામાન્ય રીતે હવા–ઉજાસ રહે તે માટે બારી–બારણાં રાખવામાં આવે છે. મકાનના મોટા ઓરડામાં રસોડું, રસોઈનાં સાધનો. કોઠાર વગેરે હોય છે. દેવસ્થાન પણ મોટા ખંડમાં જ રાખે છે. પાણી માટેનું પાણીયારું તેઓ ઓસરીમાં અથવા ઓસરી બહાર રાખે છે. ઘરમાં કુટુંબનાં સભ્યોના ફોટા ઉપરાંત રામ-દેવપીર, ખોડિયાર, કૃષ્ણ વગેરે દેવ–દેવીઓનાં ચિત્રો જોવા મળે છે.

ઘરવખરી :

આ જાતિના સભ્યોમાં કેટલાકની આર્થિક સ્થિતિ સારી છે. જ્યારે કેટલાક લોકો ગરીબ પણ છે. આ લોકો શહેરી વિસ્તારમાં રહેતા હોવાથી તેમજ સભ્ય સમાજના સંપર્કમાં આવવાથી તેમની રહેણીકરણી અને જીવનધોરણમાં ઘણું પરિવર્તન આવી ગયું છે. ઘરવખરીનાં સાધનોમાં

છારાઓ પાસે જીવન જરુરિયાતનાં સાધનો જેવાં કે પિત્તળ, સ્ટીલના વાસણો. ગાદલાં–ગોદડાં, પલંગ, ખાટલા, કબાટ વગેરે હોય છે. અમુક કુટુંબો પાસે રેડિયો, સીક્ષા, સ્કુટર, મેટાડોર પણ હોય છે. શહેરી વિસ્તારને કારણે ઘણાં મકાનોમાં લાઈટ અને પંખાની પણ સગવડ છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય દારૂ ગાળવાનો જ હોવાથી ૯૫ ટકા કુટુંબોને ત્યાં દારૂ ગાળવાનાં સાધનો જોવા મળે છે.

શહેરી વિસ્તારના સંસર્ગને કારણે આ લોકોના પોશાકમાં ઘણું પરિવર્તન આવી ગયું છે. પહેલાં તેઓ મારવાડી ઢબનો પોશાક પહેરતા હતા. હાલ પુરુષો લેંઘો, પેન્ટ, ખમીશ કે બુશકોટ પહેરે છે. સ્ત્રીઓ ચણિયો, પોલકું અને સાડીનો ઉપયોગ કરે છે. યુવાન છોકરીઓ પંજાબી કે પઠાણી પહેરવેશ પણ ધારણ કરે છે.

આ જાતિમાં સ્ત્રીઓ ચાંદીનાં તેમજ સોનાનાં જુદાં જુદાં ઘરેણાં પહેરે છે. તે કઈ ધાતુનાં હોય છે, કયાં પહેરે છે વગેરેની વિગતો નીચે આપી છે.

ક્રમ	ધાતુ	ઘરેણાનું નામ	કોણ પહેરે ?	કયાં પહેરે ?
૧	સોનું	બીંદલી	સ્ત્રી	માથા ઉપર
૨	ચાંદી	ચીપ	,,	વાળમાં
૩	સોનું	હાર	,,	ગળામાં
૪	સોનું/ચાંદી	હાંસડી	,,	,,
૫	સોનું	ઝૂમરી	,,	કાનમાં
૬	,,	કાંય	,,	,,
૭	,,	કુંડલ	,,	,,
૮	,,	એરિંગ	,,	,,

૯	સોનું	નથડી	સ્ત્રી	,,
૧૦	,,	કુલ્લી	,,	,,
૧૧	,,	વીંટી	પુરૂષ/સ્ત્રી	આંગળીમાં
૧૨	,,	ઘોડો	સ્ત્રી	,,
૧૩	ચાંદી	કંદોરો	,,	કેડમાં
૧૪	,,	ઝાંઝર	,,	પગમાં
૧૫	,,	પાયલ	,,	,,

ખોરાક અને પીણાં :

ખોરાકમાં ઘઉં–બાજરીના રોટલા તેમજ લીલાં શાકભાજી, કઠોળ, માંસ–મચ્છી વગેરે લે છે. સામાન્ય રીતે સવારે રોટલી–શાક અથવા રોટલા અને મટન લે છે. સાંજે શાક–ખીચડી કે રોટલા–ચટણી લે છે. પીણામાં ચાની ટેવ ખૂબ જ છે. બીડી પણ ઘણા પુરુષો પીએ છે. આ ઉપરાંત દારૂનું વ્યસન વ્યાપક રીતે પ્રસર્યું છે. પુરુષોમાં આ પ્રમાણ વિશેષ છે. કેટલીક સ્ત્રીઓ પણ દારૂ પીએ છે. આ ઉપરાંત સામાજિક–ધાર્મિક પ્રસંગોમાં દારૂનો ઉપયોગ વધુ કરે છે. કેટલાક ચરસના પણ શોખીન થતા જાય છે.

મિલકત :

મિલકત બાબતે ભિન્ન ભિન્ન પરિસ્થિતિ જોવા મળે છે. અમુક કુટુંબો પાસે સારી મિલકત છે. જ્યારે અમુક પાસે ઓછી મિલકત છે. મિલકતમાં સામાન્ય રીતે મકાન, ઘરવખરીનાં સાધનો, ફરનિચર, વૃક્ષ વગેરેને ગણે છે. હાલમાં અમુક કુટુંબ પાસે દોઢથી બે લાખની મિલકત પણ છે. તો કેટલાંક કુટુંબો પાસે જીવન જરૂરિયાતનાં સાધનો પણ નથી.

આર્થિક જીવન

વ્યક્તિ કે કુટુંબ પોતાની જીવન જરૂરિયાત સંતોષવા કોઈ પણ પ્રવૃત્તિનો સહારો લે છે. છારા જાતિના સભ્યો આજીવિકા ચલાવવા માટે પોતાના સમાજે માન્ય કરેલ અને પરંપરાગત રીતે ચાલી આવતી એવી ગુનાહિત પ્રવૃત્તિ–ચોરી કરવી, દારૂ ગાળવો–વગેરે કરે છે. છારા જાતિના કુટુંબના ઘણા સભ્યો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ હોય છે. આમ છતાં હાલમાં આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધતાં તેમ જ અન્ય સમુદાયના વધુ સંપર્કમાં આવવાથી આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં વિવિધતા જોવા મળે છે. ઉદાહરણ તરીકે આ કોમના સભ્યો હાલમાં નીચેના વ્યવસાયોમાં સામેલ છે :

(૧) દારૂ બનાવી વેચવો,
(૨) ચોરી કરવી,
(૩) મિલ-મજૂર તરીકે કામ કરવું,
(૪) ગધેડાં રાખી મજૂરી કરવી,
(૫) ખેતી કરવી,
(૬) કસાઈ કામ કરી માંસ વેચવું,
(૭) શિક્ષકીય કાર્ય કરવું,
(૮) સુથારી કામ કરવું,
(૯) સરકારી નોકરી કરવી,
(૧૦) દુકાન કરી વેપાર કરવો,
(૧૧) રિક્ષા ચલાવવી,
(૧૨) લારી રાખી મજૂરી કરવી,
(૧૩) ડ્રાઈવિંગ કરવું.

કેટલીક વ્યક્તિઓ શારીરિક નિર્બળતાને કારણે ભિક્ષાવૃત્તિ કરે છે.

ક્ષેત્રકાર્યમાં આવરી લીધેલ ત્રણ શહેરોમાં અંદાજે ૬૮૫ કુટુંબો છે. તેમાંથી ૬૩૩ કુટુંબોના વડા ચોરીના ધંધા સાથે સંકળાયેલ છે, ૨૭ મિલ-મજૂર તરીકે છે, ૩૩ ખેતી કરે છે. અને ૪ ગધેડાં રાખી માલવાહનની મજૂરી કરે છે. ૬ માંસ વેચનાર, ૧ ચિત્રકાર શિક્ષક, ૧૧ સુથાર, ૧૧ સરકારી નોકર, ૨૬ દુકાન ચલાવનાર, ૧૪ રિક્ષા ચલાવનાર, ૬ લારી ચલાવનાર છે. અને ૩૪ ડ્રાઈવિંગ કરે છે. ૬ જણ ધંધાકીય વકીલ અને ૨૫ એસ.ટી. માં ટર્નર છે. આમ છારા જાતિનાં કુટુંબના સભ્યો જુદા જુદા વ્યવસાયમાં પડેલા છે. ઉપર્યુક્ત વ્યાવસાયિક વર્ગીકરણમાં જે સભ્યો આવે છે તેમાં એવું જોવા મળ્યું કે એક કુટુંબમાંના સભ્યો એકથી વધુ વ્યવસાયો સાથે સંકળાયેલા હોય છે. આમ છતાં દિવસે દિવસે પૈસાની લાલચે આ લોકો દારૂ ગાળવાનું વધુ પસંદ કરે છે. એક માહિતીદાતા, કે જે પ્રતિષ્ઠિત વકીલ છે, તેમણે રમૂજમાં કહ્યું હતું કે અમારે ત્યાં દારૂ એ મુખ્ય વ્યાવસાય છે જ્યારે અન્ય કોઈ પણ પ્રવૃત્તિ તે ગૌણ વ્યવસાય છે.

છારા જાતિના સભ્યો જે જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા છે. તેની વિગતો આ પ્રમાણે છે.

(૧) દારૂ :

આ કોમનો મુખ્ય વ્યવસાય દારૂ ગાળવાનો છે. તેમાં મુખ્ય જો કોઈ કારણ હોય તો તે છે સહેલાઈથી વધુ પૈસા મેળવવાની ઇચ્છા. છારા જાતિના જ એક શિક્ષિત માહિતીદાતાના જણાવ્યા અનુસાર એમની કોમના ૯૫ ટકા લોકો પૈસા જલદીથી કમાવાની વૃત્તિથી પ્રેરાઈ દારૂ ગાળે છે. માત્ર ૫ ટકા એવાં કુટુંબો છે કે જે પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા દારૂ નથી ગાળતા.

તેઓ પાસેથી જાણવા મળ્યું તે મુજબ, દારૂ બનાવીને વેચવામાં આવે ત્યાં સુધીમાં ખર્ચ કાઢતાં ૫૦ ટકા ચોખ્ખો નફો રહે છે. આથી હાલમાં ઘણાં શિક્ષિત અને નોકરિયાત કુટુંબો પણ દારૂ ગાળવાની પ્રવૃત્તિ કરે છે.

છારા લોકો દારૂ શેમાંથી બનાવે છે, તે માટે કયાં સાધનોનો ઉપયોગ કરે છે તેની માહિતી આ પ્રમાણે છે.

દારૂ બનાવવા માટેનાં સાધનો :

ક્રમ	વીગત	કિંમત
૧	માટલું	૭.૦૦
૨	ટોકણી	૩૦.૦૦
૩	કોઠી	૧૨.૦૦
૪	લોખંડની સગડી	૧૫.૦૦
૫	તાર (વાયર)	–
૬	પ્લાસ્ટિકની નળી	૧.૦૦
૭	બોટલ	૧.૦૦
૮	ચાકુ (પતરાનું)	૨.૦૦
૯	કોલસા	૫.૦૦ (એક કિલો)

દારૂ બનાવવા માટે જે વસ્તુનો ઉપયોગ કરવામાં આવે છે તે આ પ્રમાણે છે.

ક્રમ	વસ્તુ	ઉપયોગ
૧	ગોળ	પાણી સાથે મિશ્રણ કરવામાં આવે છે.
૨	નવસાર	ગોળના પાણીને તેજ બનાવે છે.
૩	ગરમ ટીકડી	આથો વધુ તેજ બને છે.
૪	કાળાં મરી	વધારે પડતી ગરમી ઉત્પન્ન કરે છે.
૫	હરડે	મિશ્રણ ખાટું ન થાય તે માટે વપરાય છે.
૬	લાલ મરચું	દારૂ તેજ બને તે માટે.
૭	સિંગતેલ	ઊભરો ન આવે તે માટે.

ઉપરોકત ક્રમ નંબર ૧ થી ૭ ને વૉશ કહેવામાં આવે છે.

સાત બોટલ દારૂ માટે ઉપરોકત દર્શાવેલ વસ્તુનું પ્રમાણ આ મુજબ છે : ગોળ કિ. ગ્રામ ૧૦૦, ટીકડી ગ્રા. ૫૦, કાળાં મરી ગ્રામ ૧૦૦, હરડાં ગ્રામ ૧૦૦, લાલ મરચું અને તેલ થોડું થોડું.

વૉશને માટલામાં નાખી જમીનની અંદર એકાદ-બે દિવસ રાખવામાં આવે છે, કે જેથી આથો આવે. બે દિવસ પછી વૉશને બહાર કાઢી કોઠીમાં નાખવામાં આવે છે. કોઠીને સગડી ઉપર મૂકી નીચે તાપ કરવામાં આવે છે અને વૉશ ઊકળે એટલે વરાળ નળી વાટે દારૂ રૂપે બહાર આવે છે.

છારા લોકોનું કહેવું એમ છે કે દારૂના ધંધાને પ્રોત્સાહન પોલીસ લોકો તરફથી જ અપાય છે, કારણ કે એક કુટુંબે છૂટથી દારૂ ગાળી વેચવો હોય તો તેણે પોલીસને રૂા. ૪૦૦ થી ૫૦૦નો માસિક હપ્તો આપવો પડે છે.

છારા સમાજમાં દારૂના વ્યવસાયમાં મોટા ભાગની સ્ત્રીઓ રોકાયેલ છે. તેની પાછળનું કારણ એવું જાણવા મળ્યું કે પોલીસ

સ્ત્રીઓને બહુ માર મારતી નથી અને કેસમાં સ્ત્રીઓ જલ્દીથી છૂટી જાય છે.

દારૂના વેચાણ માટે આ લોકો બહાર જતા નથી. દારૂનો જથ્થાનો ૯૦ ટકા હિસ્સો તો બહારથી માણસો આવીને પી જાય છે. અમુક જ જથ્થો વેચવા બહાર જવું પડે છે.

(૨) ચોરી કરવી :

છારા લોકો ભારતમાં જે રીતે નામચીન બન્યા છે તેની પાછળ તેઓ ચોરી કરે છે તે કારણ છે. છારા જાતિમાંથી ઘણા સ્ત્રી–પુરુષ ચોરી કરે છે. પહેલાંના સમયમાં છારા લોકો રેલ્વેમાં ચોરી, લૂંટફાટ ધાડ, ઢોર ચોરી, ઘરફાડ ચોરી વગેરે પ્રકારની ગુનાખોરી કરતા હતા. પ્રવર્તમાન સમયમાં સ્ત્રીઓ કાપડની ચોરી અને પુરૂષો સોના–ચાંદીના દાગીના અને રોકડ પૈસાની ચોરી કરે છે. આ લોકો મોટા ભાગે ગુજરાત બહાર મુંબઈ, દિલ્હી, મદ્રાસ, કલકત્તા જેવાં મોટાં શહેરોમાં જ ચોરી કરે છે.

હાલમાં છારા લોકો જે દુકાનમાં ચોરી કરવા જાય છે ત્યાં વેપારીને ગ્રાહક બની ભૂલમાં નાંખી અથવા છેતરીને ચોરી કરે છે. ચોરી કરવા જાય ત્યારે ઓછામાં ઓછા સાત અને વધારેમાં વધારે અગિયાર માણસો હોય છે. તેમાંથી બે આગેવાન હોય છે.

ચોરી કરવા જવાનું હોય તે પહેલાં બ્રાહ્મણ પાસે સારું મુહૂર્ત કઢાવે છે. તેઓ ચોરી કરવા માટે રવિવાર અને સોમવારે સવારે જાય છે. મંગળવારે દિવસમાં ગમે ત્યારે, બુધવારે દિલ્હી બાજુ અને ગુરુવારે મુંબઈ બાજુ જતા નથી. ચોરી કરવા માટે નીકળે તે

સમયે ટુકડીના કોઈ પણ સભ્યને પોલીસ મળે, બિલાડી આડી ઊતરે, સામેથી છીંક થાય, પાછળથી કોઈ બૂમ પાડે, જમણી બાજુ ગધેડું બોલે, દૂધનું વાસણ મળે, કૂતરો કાન ફફડાવે તો તેને અપશુકન માની તે વખતે તેઓ ચોરી કરવા જવાનું માંડી વાળે છે.

ટોળકીના બધા સભ્યો સ્ટેશન પર પહોંચે પછી જ આગેવાન દરેક સભ્યને ટિકિટ આપે છે. એટલે કે જ્યાં સુધી સ્ટેશન પર ન જાય ત્યાં સુધી આ આગેવાન સિવાય કોઈને પણ ખ્યાલ નથી હોતો કે ચોરી કરવા કયા સ્થળે જવાનું છે ! દરેક સભ્યને ટિકિટ મળી જાય પછી બધા અલગ અલગ ડબ્બામાં ગોઠવાઈ જાય છે. ગાડીના ડબ્બ માં પોતે પૈસાદાર હોય તેમ જ કોઈ સારા કુટુંબના માણસો હોય તેમ અન્ય સભ્યો સાથે વાત અને વર્તણૂંક કરે છે. જે શહેરમાં ચોરી કરવા જાય ત્યાં કોઈ સારી હોટલમાં નિવાસ કરે છે. સામાન્ય રીતે હોટલમાં દરરોજનું સારૂં એવું ભાડું આપે છે.

આગળ જણાવ્યું તે મુજબ પુરુષ અને સ્ત્રી સભ્યો ચોરી જુદી જુદી રીતે કરે છે. આ બન્ને પદ્ધતિઓ અને ચોરી કરવાની વસ્તુ વગેરેમાં ભિન્નતા છે, આથી સ્ત્રી અને પુરુષ જે રીતે ચોરી કરે છે તેની વિગત આ મુજબ છે.

સ્ત્રી સભ્યોની ચોરી કરવાની રીત :

સ્ત્રી ટોળકીના બે–ત્રણ સભ્યો વેપારીને ત્યાં ગ્રાહક બનીને જાય છે. બાકીના સભ્યો દૂર ઊભા રહે છે. વેપારી પાસેથી કાપડના જુદા જુદા તાકા મંગાવે છે. તેમ કરતાં કરતાં વેપારી સાથે પેલું કાપડ બતાવો, ઉપરનો તાકો બતાવો, આ તો મેચીંગ થાય તેમ નથી વગેરે વાતો કરતી જાય છે અને વેપારીનું ધ્યાન ન જાય તે રીતે

ચણિયાના ખીસ્સામાં કાપડ નાંખી દે છે. (ચોરી કરનાર છારા સ્ત્રી-ઓના ચણિયાના ખીસ્સા અર્ધાથી એક મીટર કાપડના બનાવેલા હોય છે.) આમ કરતાં બે ચાર તાકા ચોરી લે છે. થોડું કાપડ વેચાતું પણ ખરીદે છે. જે કાપડ ચોરીને લાવે છે તે અમુક વેપારીને આપી દે છે. આવા વેપારીઓ દરેક શહેરમાં મળી રહે છે. આવા વેપારી કાપડની કિંમત બહુ ઓછી આપે છે. દા.ત. એક મીટરના રૂા. ૧૦૦ ભાવ હોય તો તેના રૂા. ૩૦ થી ૪૦ આપે છે. ચોરી કરવાથી જે મળે તેના ભાગ જુદા જુદા હોય છે. તેમાં આગેવાનના ૭ ભાગ, તેની સાથે દુકાનમાં હોય તેના ૫ ભાગ અને બાકીના સભ્યોને ૪ ભાગ મળે છે.

પુરુષ સભ્યોની ચોરી કરવાની રીત :

પુરુષો દાગીના અને રોકડ રકમની ચોરી કરે છે. પુરુષો જે શહેરમાં ચોરી કરવા ગયા હોય ત્યાં રાત્રે ફરવા નીકળે છે. અમુક વેપારીઓ કે જેને ત્યાં રોજનો સારો વેપાર ચાલતો હોય છે ત્યાંથી ચોરી કરવાનું વધારે પસંદ કરે છે. વેપારીઓ દરરોજનો વકરો રાત્રે સાથે લઈ જતા હોય છે. બીજે દિવસે સવારે એ રકમ ફરી પાછા દુકાને લાવે છે. સવારમાં વેપારી દુકાન ખોલે ત્યાં જ આ લોકો પહોંચી જાય છે. વેપારી દુકાન ખોલી પોતાનો થેલો બેસવાની જગ્યાની બાજુમાં મૂકે છે. પછી ભગવાનનાં દર્શન કરે છે અને ધૂપ-દીપ કરે છે. આવા જ સમયે ગ્રાહક બનીને આવેલા આ સભ્યો થેલો લઈને છટકી જાય છે. આ રીતે કોઈ સોનીની દુકાને જઈને સોનીને ભૂલમાં નાંખી દાગીનાનો દાબડો ઉઠાવી લે છે.

ઉપરોક્ત બન્ને રીતે પુરૂષ અને સ્ત્રી સભ્યો ચોરી કરે છે. આમ છતાં તેમની પાસેથી એવું જાણવા મળ્યું કે પ્રવાસ ભાડું, રહેવા-જમવાનો ખર્ચ, ચોરી કરીને પાછા ફરે ત્યારે પોલીસને આપવા પડતા

હપ્તા વગેરેને કારણે ચોરી કરનારની સંખ્યામાં ઘટાડો થતો જાય છે.

અન્ય વ્યવસાય :

બીજા લોકો સાથેનો સંપર્ક, શિક્ષણનો ફેલાવો વગેરેને લઈને છારા જાતિના ઘણા સભ્યો નોકરી, વિવિધ પ્રકારની મજૂરી, વકીલાત, દુકાન, ધંધો વગેરે કામમાં જોડાતા જાય છે.

આવક-ખર્ચ, દેવું :

આ કોમનો મુખ્ય વ્યવસાય દારૂ ગાળી વેચવો અને ચોરી કરવી હોવાથી આવક-ખર્ચનું સ્પષ્ટ ચિત્ર મેળવવું ઘણું મુશ્કેલ છે. એમની સાથેની ચર્ચાનું તારણ એવું આવે છે કે જેટલી આવક થાય છે એટલું ખર્ચ થઈ જાય છે.

દારૂને કારણે આજે ઘણાં છારા કુટુંબોએ સારી મિલકત વસાવી છે. દારૂ જેવા વ્યવસાયમાં ૫૦ ટકા જેવો ચોખ્ખો નફો થાય છે. પરંતુ મોજશોખનાં સાધનો વાપરવા તરફ વધુ પડતો ઝોક, જુગાર રમવો, દારૂ પીવો તથા સામાજિક પ્રસંગોમાં વધુ પડતા ખર્ચ કરવા વગેરેને લઈને જેટલી આવક આવે તેટલું ખર્ચ કરી બેસે છે. જ્યારે અમુક કુટુંબો કે જેઓ પોલીસની છત્રછાયા નીચે આ પ્રવૃત્તિ કરે છે તેઓએ એકથી બે લાખની મિલકત અને રોકડ કરી લીધી છે એમ કહેવાય છે.

ચોરી કરનાર કુટુંબોને આવક અંગે પૂછતાં એવું જાણવા મળ્યું કે પ્રતિ માસ સરાસરી રૂા. ૪૦૦થી ૫૦૦ મળે છે, જે કુટુંબના ભરણ-પોષણ માટે પૂરતા થતા નથી. મિલ-મજૂર, નોકરિયાત, વકીલાત

વગેરે કરના વર્ગની આવક નિશ્ચિત છે. તેમને રૂા. ૧૦૦૦થી ૧૨૦૦ દર માસે મળે છે. બાકીનો વર્ગ કે જે છૂટક કામ કરે છે તેમને માસિક રૂા. ૭૦૦થી ૯૦૦ મળે છે. ઉપરોક્ત દરેક વર્ગના લોકોનું કહેવું એવું છે કે જેટલી આવક થાય તેટલું ખર્ચ થાય છે. ઘણી વખત દેવું પણ કરવું પડે છે.

છારા જાતિમાં ઘણાં કુટુંબો દેવાદાર છે. દેવું કરવા પાછળ જો કોઈ મુખ્ય પરિબળો હોય તો તે સામાજિક રીત-રિવાજમાં અને ધાર્મિક પ્રસંગોની ઉજવણી વગેરેમાં કરવો પડતો ખર્ચ છે.

સામાજિક સંગઠન

છારા જાતિમાં પરંપરાગત રીતે ચાલ્યું આવતું જાતિસંગઠન અને ગોત્ર વ્યવસ્થા પણ છે. માલા અને બીઠુ એ બે ગોત્ર છે, જેમાં માલા ગોત્રનાં છોકરા-છોકરી માલામાં અને બીઠુનાં છોકરા-છોકરી બીઠુમાં લગ્નવ્યવહાર કરી શકતાં નથી. આ બે મુખ્ય ગોત્રમાં તમાયચી, ગાંગડ, ગારિયા, બજરંગી, મીણા, કોડિયા, ઈન્દ્રા વગેરે શાખાઓ છે. કુલ ત્રીસ જુદી જુદી શાખાઓ છે, જેમાં સોળ શાખા માલામાં અને ચૌદ શાખા બીઠુમાં આવે છે.

છારાઓમાં પિતૃસત્તાક, પિતૃસ્થાનીય, પિતૃવંશીય કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. કુટુંબમાં મુખ્ય વ્યક્તિ વડીલ પુરુષ છે. વારસાનો હકદાર પુરુષ છે. સ્ત્રી લગ્ન બાદ પતિને ત્યાં કાયમ માટે વસવાટ કરે છે. આમ છતાં ઘરની કમાણી સ્ત્રી પાસે છે. આ ઉપરાંત અન્ય સમાજ કરતાં આ જાતિની સ્ત્રી વધારે સ્વતંત્ર રહે છે. આ જાતિમાં સંયુક્ત કુટુંબ કરતાં કેન્દ્રીય કુટુંબનું પ્રમાણ વધારે છે.

કુટુંબમાં પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, પિતા-દીકરી, માતા-પુત્ર, નણંદ-ભોજાઈ, સાસુ-વહુ વગેરે વચ્ચે જો ઝઘડા થાય તો તેને કુટુંબનો વડીલ પુરુષ પતાવવા પ્રયત્ન કરે છે. એનાથી ઝઘડો ન પતે તો ઝઘડાને જાતિ પંચમાં લઈ જવામાં આવે છે.

અન્ય જાતિ સાથેના સંબંધો

'ગુનેગાર જન્મતો નથી. બનાવવામાં આવે છે.' આ વાક્ય આ કોમ માટે ઘણું બંધબેસતું છે. આ કોમની ગુનાહિત પ્રવૃત્તિને કારણે અન્ય સમાજના લોકો તેમનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. 'છારા' અંગેની જે છાપ પડી છે તે બૃહદ સમાજના માનસમાંથી જતી નથી. આજે ગુજરાતમાં કે ગુજરાત બહાર પણ કોઈ મોટી ચોરી થાય તો તેમાં છારાનું નામ લેવામાં આવે છે. સાથોસાથ આ કોમના સભ્યો અન્ય સમુદાયથી વિખૂટા રહેવા ઈચ્છે છે તે પણ એટલું જ સત્ય છે. ફક્ત દારૂ પીનારાઓ અને પોલીસ સાથે જ આ કોમને સંબંધ હોય તેવું નિરીક્ષણ પરથી જણાય આવે છે. કોમમાં આજે ઘણા નોકરી કરતા અને શિક્ષિત લોકો છે તેઓ પણ અન્ય લોકો સાથે કામ પૂરતો જ સંબંધ રાખે છે.

આ કોમના સભ્યોને સિંધીઓ સાથે પોતાની પ્રવૃત્તિના સંદર્ભમાં ઉત્પાદન અને વેચાણનો ઘણો સંબંધ છે. પોલીસ લોકોનું તો કહેવું એવું હતું કે સાચા ગુનેગારો સિંધી છે, નહિ કે છારા. આ લોકો ચોરી કરીને જે વસ્તુઓ લાવે તે બધી સિંધી લોકો સસ્તા ભાવે ખરીદી લે છે. દારૂનું વેચાણ કરવામાં સિંધી લોકોનો હિસ્સો ઘણો છે. આમ ઉપરોક્ત સંબંધો ઉપરથી ખ્યાલ આવશે કે આ બધા સારા હેતુ માટેના નથી પરંતુ સ્વાર્થી પ્રકારના કહી શકાય તેવા છે.

જાતિપંચ :

હાલમાં આ સમાજમાં બે જાતિપંચો છે. (૧) ચોવીસ ગામ પંચ અને (૨) નવાગામ પંચ. પ્રથમથી ચોવીસ ગામ પંચ હતું. તેમની કોમના જ એક ભાઈએ એક નાની પુસ્તિકામાં આ અંગેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે આ કોમનો ઉદ્‌ભવ લગભગ ૫૦૦ વર્ષ પહેલાં થયો હતો. ત્યારે બાગલિયા વડ (બાજુમાં વડ), હાલની કીકર (બાવળિયાનું ઝાડ), બૂચા કૂવા (સ્થાપન કર્યું તે સ્થળ), પીળી ભીંત (ગામનું નામ) અને નવ ભાદા (નવ જાતિ) એ સ્થળો મળી પ્રથમ પંચ રચાયું ત્યારથી આજ સુધી આ પંચ પરંપરાગત રીતે ચાલ્યું આવે છે. ભારતમાં જ્યાં જ્યાં આ જાતિના લોકો વસે છે ત્યાં આ પંચ છે. આ પંચનું નામ ચોવીસ ગામ પંચ પાડવામાં આવ્યું હતું. જેમાં બાદશાહ, વજીર, ઉપરી, પોસ્ટમેન વગેરે પ્રકારના હોદ્દા છે. આમાં શાખ પ્રમાણે પેઢી દર પેઢી હોદ્દો મળે છે. દા.ત. રાજાના હોદ્દા પર ધમંડી જ આવે. રાજાનું મૃત્યુ થાય તો તે રાજાનો હોદ્દો તેની જ શાખાના (ધમંડી)ને મળે છે. આ ચોવીસ ગામ પંચમાં અશિક્ષિત લોકો હતા. જેઓ ઘણી વખત ભારે દંડ અને શિક્ષા કરતા. આ વાત નવયુવાનો અને શિક્ષિતોને ખૂંચતી. આથી તેમણે એક બીજું પંચ બનાવ્યું, જેનું નામ નવ ગામ પંચ રાખવામાં આવ્યું. આ નામ તેઓએ પોતાના જૂના ઈતિહાસ ઉપરથી લીધેલ છે. આ પંચમાં તખત, વજીર, એલચી, વાડાવાળો અને ટપાલી એવા હોદ્દા છે.

હોદ્દા પ્રમાણે દરજ્જો અને કાર્ય ભિન્ન ભિન્ન છે. હોદ્દા પ્રમાણે દરેકને પોતાની જાતિમાં ચડતા-ઉતરતા ક્રમમાં મોભો મળે છે. આ બંને પ્રકારના પંચ સમાજ ઉપર સારું એવું નિયંત્રણ ધરાવે છે.

આ જાતિ પંચનાં કોઈ વિશિષ્ટ કે નકકી કરેલાં કાર્યો નથી. પંચ પોતાના સમાજની કંઈ પણ મુશ્કેલી જોવી કે અંદરોઅંદર

ઝઘડા, સમાજમાં થતા ઝઘડા, અને પતિ-પત્ની વચ્ચેના ઝઘડાનું નિરાકરણ કરવામાં મદદ રૂપ બને છે. ગુનેગારને શિક્ષા કે દંડ વગેરે કરે છે. જે ગુનેગાર સાબિત થાય તેને ગુના પ્રમાણે શિક્ષા કરે છે. એમાં ગુનેગારને પાણી અને અગ્નિ પરીક્ષામાંથી પણ પસાર થવું પડે છે.

પંચના માણસો ગુનેગારને કેવો દંડ કરે છે તેના થોડા દાખલા આ પ્રમાણે છે.

(૧) સામાન્ય પ્રકારના ઝઘડામાં 'હેલ્લો મારવા'ના (હાલ પૂરતું સમાધાન : જામીન આપી તત્કાલ પૂરનો ઝઘડો પાછો ઠેલવવો) રૂ. ૫-૫ બંને પક્ષો પાસેથી લેવાના.

(૨) સામાન્ય પ્રકારનો ઝઘડો જ્યારે પંચને સોંપવામાં આવે ત્યારે પંચે રૂા. ૧૦ પંચાયત માટે લેવાના

(૩) ખૂન પ્રકરણમાં ફરિયાદના રૂા. ૫ પંચાયત માટે અને રૂા. ૨૫ હેલ્લો મારવાના લેવા.

(૪) ખૂન પ્રકરણના ઝઘડામાં જામીનના રૂા ૨૫-૨૫ બંને પક્ષોએ આપવાના; તે પૈસા જામીનને મળે.

(૫) અનૈતિક પ્રકારના ઝઘડા બાબતમાં હેલ્લો મારવાના રૂા. ૧૦/ લેવા.

(૬) કોઈ પુરુષ કે સ્ત્રી દારૂ પીધેલ હાલતમાં કોઈ સભ્ય સાથે ઝઘડો કરે તો ગુનેગાર વ્યક્તિએ રૂા. ૨૫ પંચાયતને ભરવાના રહે છે.

(૭) પંચે જે નિર્ણય આપ્યો હોય તે માન્ય ન હોય અને તેને કેસ ફરી મૂકવો હોય તો તેના રૂા. ૧૧ આપવાના રહે છે.

(૮) કોમનો કોઈ સભ્ય અંદરો-અંદર કોઈ સામે તીક્ષ્ણ શસ્ત્ર કાઢે તો પ્રથમ વખતે રૂા. ૫૦, બીજા વખત રૂા. ૧૦૦ અને ત્રીજા વખતના રૂા. ૨૦૦ દંડ લેવાય છે.

(૯) એક હેલો મારી ઝઘડાની સમજૂતી કરી હોય અને તેમાં કોઈ પક્ષે પ્રથમ હેલાને તોડી નાંખ્યો હોય તો બીજા હેલાના દરેક પક્ષ પાસેથી રૂા ૨૫ લેવાના હોય છે. પ્રથમ હેલો જેણે તોડયો હોય તેને પંચ જે દંડ કરે તે માન્ય રાખવો પડે છે.

(૧૦) દહેજ (મોલ)ના રૂા. ૫૬૦ લેવાના હોય છે.

(૧૧) પતિ-પત્ની છૂટાછેડા લેવા ઈચ્છે તો તેમાં જે વ્યકિતનો ગુનો દેખાય તેણે રૂા ૫૦ પંચને આપવાના રહે છે.

ઉપરોકત જુદા જુદા ગુના માટે પંચ ગુનેગારને શિક્ષા કરે છે. ઘણીવાર એવું બને છે કે વ્યકિત ગુનો કબૂલ કરવા તૈયાર થતો નથી અને પોતે દોષિત છે તેવું સ્વીકારતો નથી અને પંચ સમક્ષ પોતે નિર્દોષ છે તેવો દાવો કરે છે. આવા સમયે પંચ 'સાચ-જૂઠ' કરે છે. અને વ્યકિતએ પોતે ગુનેગાર નથી તેવું સાબિત કરવા પંચે દર્શાવેલ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. પંચ હાલમાં સાચ-જૂઠ માટે બે પરીક્ષા કરે છે. (૧) પાણી પરીક્ષા અને (૨) અગ્નિ પરીક્ષા

પાણીની પરીક્ષા :

આ પરીક્ષાને તેઓ ધીજની પરીક્ષા તરીકે પણ ઓળખાવે છે. આમાં પંચ મળે છે. ગુનેગાર વ્યકિતને બોલાવવામાં આવે છે. પરીક્ષામાં ગુનેગાર પોતે અથવા તો પોતે જે કોઈ વ્યકિતના નામનું સૂચન કરે

તેણે પરીક્ષામાંથી પસાર થવું પડે છે વ્યકિતને ધોતી પહેરાવવામાં આવે છે. બાદમાં પંચ વ્યકિત અને સમાજના થોડા સભ્યોને નરોડા પાસે આવેલ તળાવ પાસે લઈ જાય છે. ગુનેગારને પાણીમાં ઊભા રાખવામાં આવે છે. ગુનેગારને પાણીમાં ડૂબકી મારી જવાનું હોય છે. કેટલો સમય પાણીમાં ડૂબ્યા રહેવું તે માટે પંચે બે પધ્ધતિ નકકી કરી છે.

(અ) પંચનો કોઈ સભ્ય તીર-કામઠું લઈને ઊભા રહે છે. તે તીર છોડે એ સમયે એક દોડનાર વ્યકિત જઈ તે તીર પાછું લઈ પંચને આપે છે. દોડનાર વ્યકિત તીર લઈને પાછો આવે ત્યાં સુધીમાં જો વ્યકિત પાણીમાંથી બહાર નીકળી જાય તો તે ખોટો છે તેમ સાબિત થાય અને તીર લઈને પાછો આવે ત્યાં સુધી વ્યકિત પાણીમાં ડૂબ્યો રહે તો તે સાચો છે તેમ માનવામાં આવે છે.

(બ) આ પધ્ધતિમાં પંચનો માણસ ગુનેગારને પાણીમાં ડૂબકી મારવાનું કહે છે. ગુનેગાર જેવો ડૂબે કે તરત જ એક બીજી વ્યકિત ચાલવા માંડે છે તેણે સો કદમ ચાલવાનાં હોય છે. સો કદમ ચાલ્યા પહેલાં ગુનેગાર પાણીમાંથી બહાર નીકળી જાય તો તે જૂઠો છે અને પાણીમાંથી એ સમય દરમિયાન ન નીકળે તો તે સાચો છે તેવું સાબિત થાય છે.

(૨) અગ્નિપરીક્ષા :

સૌ પ્રથમ ટપાલી (પંચનો એક હોદ્દો છે) પારસ પીપળાનાં સાત પાંદડાં તોડી લાવે છે. તેને એક રાત્રી પાણીમાં પલાળવામાં આવે છે. ગુનેગાર વ્યકિતને આ દિવસે છારાનગર બહાર જ ધોતી આપે છે. અને એક તારવાળી જનોઈ પહેરી આખી રાત્રી રાખવામાં આવે છે. તેની પાસે અન્ય કોઈ વ્યકિતને જવા દેવામાં આવતી નથી. ફકત ટપાલ તેની પાસે રહે છે.

સવારે પંચ અને સમાજના અન્ય સભ્યો ભેગા થાય છે. ચાલીસ કિલો છાણા મંગાવવામાં આવે છે. તેમાં અઢી કિલો વજનનો લોખંડનો કુહાડો મૂકવામાં આવે છે. એજ છાણાના ઢગલામાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે. આ સમયે ગુનેગાર વ્યક્તિને નવડાવી ત્યાં હાજર કરવામાં આવે છે. તેના હાથની હથેળી બરોબર તપાસી તેના ઉપર ઘી ચોપડી, તેમાં પીપળાનાં પાન મૂકવામાં આવે છે. અને સુતરના તાંતણાથી પાનને બાંધી દેવામાં આવે છે. અગ્નિમાં મૂકેલ કુહાડો લાલ થઈ જાય એટલે તેને ચીપિયાથી બહાર કાઢવામાં આવે છે. અને ગુન્હેગાર વ્યક્તિના હાથમાં મૂકી તેને સાત કદમ ચાલવાનું કહેવામાં આવે છે. સાત કદમના અંતરે લીલા ઝાડની એક ડાળી મૂકી હોય છે. તેની ઉપર આ કુહાડો નાખી દેવામાં આવે છે. ત્યારબાદ બન્ને હાથ બાંધી દેવામાં આવે છે અને પાંચ દશ મિનિટ પછી તેને ખુલ્લા કરવામાં આવે છે. હાથ ખુલ્લા કરે ત્યારે પહેલેા કાચો વીંટેલ દોરો કે પાંદડાં બળેલ ન હોવાં જોઈએ. તેમ જ હાથમાં કોઈ જગ્યાએ ફોલ્લો ન હોવો જોઈએ. જો ઉપર મુજબ દોરો અને પાંદડાં રહે કે હાથમાં ફોલ્લો ન પડે તો વ્યક્તિ સાચી છે, ગુનેગાર નથી અને દોરો અને પાંદડાં બળી જાય તથા હાથમાં ફોલ્લો પડી જાય તો વ્યક્તિ ગુહેગાર છે તેમ સાબિત થાય છે.

આ પરીક્ષામાં વ્યક્તિ ગુનેગાર સાબિત થાય તો આ સમયે જેટલો ખર્ચ થયો હોય તે તેણે ભોગવવો પડે છે પણ જો તે સાચો સાબિત થાય તો ફરિયાદ કરેલ વ્યક્તિએ બધો ખર્ચ ભોગવવો પડે છે. તેમ જ પંચ જે કહે તે દંડ આરોપીને આપવો પડે છે.

સગાઈસંબંધો :

છારા સમાજમાં સગાઈસંબંધ બે પ્રકારના જોવા મળે છે.

(૧) લોહી પર આધારિત,

(૨) લગ્ન પર આધારિત,

પિતા, માતા, પુત્ર બહેન, ભાઈ, કાકા-કાકી, દાદા-દાદી આ બધાં વચ્ચે લોહીના સંબંધ છે.

લગ્ન સંબંધમાં સાળો, સાળી, મામા-મામી, નાના-નાની, સાઢુભાઈ, નણંદ, ભોજાઈ, બનેવી વગેરે અનેક પ્રકારનાં સગાં આવી જાય છે. આ જાતિમાં મામા-ફોઈનાં છોકરાં લગ્નસંબંધથી જોડાઈ શકે છે.

આ જાતિમાં પોતાના લોહી પર આધારિત કે લગ્ન પર આધારિત સંબંધીઓને બોલાવવા માટે નિશ્ચિત શબ્દાવલી છે. જે સંબંધ-નામ આપવાથી તે અમુક વ્યક્તિ અથવા વ્યક્તિઓ માટે છે તેમ કહી શકાય. તે સંબંધ-સૂચક શબ્દો અને સંબોધન શબ્દો જુદા જુદા પણ હોય છે.

મશ્કરી અને મર્યાદાના સંબંધો :

છારા જાતિમાં ઉપરોકત બન્ને પ્રકારના સંબંધો જોવા મળે છે. લોહી પર આધારિત જે સંબંધો છે તેમાં માનમર્યાદાના સંબંધો હોય છે. જેમ કે માતા, પિતા, ભાઈ બહેન વગેરે સાથેના સંબંધો મર્યાદાવાળા છે, જેમાં વડીલોની હાજરીમાં અમુક પ્રકારનું વર્તન થઈ શકે વગેરે ખ્યાલો છે. સામાન્ય રીતે લગ્ન પર આધારિત સંબંધો છે તેમાં અમુક સગાં સાથે મશ્કરીના સંબંધો બંધાય છે. આમાં પણ જોવો સમાજ, સામાજિક વાતાવરણ અને સંસ્કાર તે પ્રમાણે એકબીજાની મશ્કરી થાય છે.

સામાજિક રીત-રિવાજ

જુદી જુદી જ્ઞાતિ કે જાતિના લોકોના રિવાજો તેમની પોતાની સંસ્કૃતિ પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે. સમાજ તેના સભ્યો પાસેથી સામાજિક રીતરિવાજોને અનુરૂપ વર્તનની અપેક્ષા રાખે છે. છારા જાતિના અમુક રિવાજો એવા છે કે અન્ય સમાજને કલ્પનામાં પણ ન આવે અથવા તો અન્ય સમુદાય તેનાથી આશ્ચર્ય અનુભવે. છારા સમાજના સામાજિક રિવાજો કંઈક આ પ્રકારના છે :

રજસ્વલા સ્ત્રીના સંદર્ભમાં તેઓ 'ઘરબાર' 'લૂગડેથી' 'છેટી બેસે' 'અટકાવ' કે 'શિર સે હૈ' વગેરે શબ્દો પ્રયોજે છે. રજસ્વલા સ્ત્રી રસોઈ બનાવવી, પાણી ભરવું, મંદિર જવું, ધૂપ-દીપ કરવાં વગેરે કાર્યો કરતી નથી. આવી સ્ત્રી ઘર–આંગણે સફાઈ કરવી, કપડાં ધોવાં વગેરે કાર્યો કરી શકે છે. આ દિવસો દરમિયાન જાતીય સંબંધ બાંધતી નથી. જાતીય સંબંધ બાંધવામાં તે પાપ માને છે.

સ્ત્રી સતત બે માસ રજસ્વલા ન થાય તો ગર્ભ રહ્યો છે તેમ માને છે અને પોતાના પતિને તેની જાણ કરે છે. સ્ત્રીને ગર્ભ ન રહે તો બાધા રાખવામાં આવે છે. ગર્ભ રહ્યા પછી કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી, ગર્ભ રહ્યા પહેલાં જો કોઈ બાધા રાખી હોય તો બાળકના જન્મ પહેલાં તે પૂરી કરવી પડે છે.

પ્રસવ :

સામાન્ય રીતે પ્રથમ પ્રસવ માટે સ્ત્રી પોતાના પિયરમાં જાય છે.

બાળકનો જન્મ તેના સમાજની દાયણ કરાવે છે. આમ છતાં સ્ત્રીને તકલીફ જણાય તો દવાખાને લઈ જવામાં આવે છે. પુત્રજન્મથી કુટુંબમાં વધારે આનંદ થાય છે. પ્રસવ બાદ સ્ત્રીને ખોરાકમાં ગોળ, ઘી તેમ જ માંસાહાર આપવામાં આવે છે.

પ્રસવ બાદ સુવાવડી સ્ત્રી દ્વારા સવા માસ સુધી ધાર્મિક કામ કે દેવના દીવા થતા નથી કે રસોઈ બનાવાતી નથી.

પુત્ર કે પુત્રીના જન્મ બાદ છઠ્ઠા દિવસે છઠ્ઠીનો વિધિ કરવામાં આવે છે. બાળકના જન્મ પછી છ દિવસ સુધી તેને વસ્ત્ર પહેરાવવામાં આવતાં નથી. છઠ્ઠા દિવસે વસ્ત્ર પહેરાવી તેની કુઈ નામકરણ વિધિ કરે છે.

છારા લોકોનાં થોડાં નામોની યાદી આ પ્રમાણે છે :

પુરુષોનાં નામ

૧ : વૃદ્ધ પુરુષો (૫૦ વર્ષ ઉપર) :

જલિમસિંહ, સરદારભાઈ, ભાડિયા, ભગા, જુરિયા, ચીચનું, છીકણિયા, ઈસરી, દેરિયા, ધાનિયા, ફતિયા, ચરુ, પેચુ, લગરિયા, લીંડયા, ઉદયા, ચેલીયા, કોદરીયા.

૨ : યુવાનો (૨૦ થી ૫૦ વર્ષ) :

સુરેન્દ્ર, રઘુનાથ, સુરેશ, કુલચંદ, કાંતિ, છોટુ, પ્રકાશ, જસવંત ઘનશ્યામ, કનુ.

૩ : બાળકો :

મનિયા, રોક્ષી, પંકજ, કમલેશ, રાજેન્દ્ર, નરેન્દ્ર, ખપરિયા, ચીલ, ગાવું, શૈલેશ, નિરંજન, અવિનાશ, આશિષ, વિશાલ.

(૭) સ્ત્રીઓનાં નામ :

૧ : વૃદ્ધ સ્ત્રીઓ :

કડાદશી, સીમલી, ધમરધા, જયકા, પોશન, નારશ, કેન્દ્રી, પતંગી, શાની, શારદા, લાખુ દાઉમ, બોડી, લોગા, કાતમા, સવલી, પોપટી, લજ્જુબ્બો, ચીમનુ, લાલમુઢ.

૨ : યુવાન સ્ત્રીઓ :

સુશીલા, સુમિત્રા, રંવાક્ષી, કેસર, ચંદા, રસીલા, નર્મદા, પૂર્ણિમા, ગાયત્રી, ત્રિભૂણી, ઈંદિરા, નિરુ, ભારતી, મીનાક્ષી, ઊર્મિલા.

૩ : બાળકીઓ :

ટવીંકલ, પદ્મા, અવનિકા, અરુણા, સુનિતા, નમુતા, રચના, જ્યોતિકા, સુનંદા, શિલ્પા, પલ્લવી, રુપાલી, અર્પણા, મૃગાલ, આમ્રપાલી.

લગ્ન :

સામાન્ય રીતે છોકરીને પ્રથમ રજોદર્શન થાય ત્યારપછી તેનું લગ્ન કરાય છે. લગ્નમાં પસંદગીપાત્રતામાં છોકરીના ચારિત્ર ઉપર

ખૂબ જ ભાર મૂકવામાં આવે છે. છોકરી સારા ચારિત્રની છે તેની સાબિતી આપવા માટે આજે પણ લગ્નની પ્રથમ રાત્રીનું લોહીના ડાઘાવાળું કપડું આડોસી-પાડોશી તેમ જ પંચ સમક્ષ રજૂ કરવું ફરજિયાત છે. આ જાતિમાં લગ્નની ઉંમર ઘણી નાની હોવાથી લગ્ન પહેલાંના જાતીય સંબંધોના દાખલા જોવા મળતા નથી.

છોકરાની ઉંમર ૧૫થી ૧૬ વર્ષની અને છોકરીની ઉંમર ૧૩થી ૧૪ વર્ષની થાય ત્યારે લગ્ન કરી શકાય છે. પહેલાંના સમયમાં છોકરા-છોકરીની પસંદગીમાં છોકરો કેટલી વાર જેલમાં ગયો છે, ઝઘડો કરવામાં કેવો પાવરધો છે, ચોરી કેવીક કરે છે વગેરે "ગુણો" જોવામાં આવતા હતા. પરંતુ હાલમાં છોકરાનું ચારિત્ર, અભ્યાસ, દેખાવ, સ્વભાવ, તેનું કુટુંબ વગેરે જોવામાં આવે છે. છોકરી માટે ઉપર જણાવ્યા મુજબ ચારિત્ર તેમજ સુંદરતા, સ્વભાવ, કામ કરવાની આવડત, તેનું કુટુંબ, તેનાં માતા-પિતાનો સમાજમાં મોભો વગેરે બાબતો જોવામાં આવે છે.

આ સમાજમાં છોકરા પક્ષવાળાએ છોકરીપક્ષને દહેજ આપવું પડે છે. તેમાં છોકરી દેખાવે સુંદર હોય અને તેનો બાંધો સારો હોય તો રૂા. ૬૬૦/- દહેજ આપવું પડે છે અને છોકરી સામાન્ય હોય તો રૂા. ૫૬૦/ દહેજ આપવું પડે છે.

લગ્ન બે રીતે થાય છે : એક તો વિધિસરનું લગ્ન કે જેમાં બ્રાહ્મણને બોલાવી લગ્નનો વિધિ કરાવવામાં આવે છે. તેમાં મંડપ રોપવો, ગણેશ બેસાડવા, ગૃહશાંતિ હોમ કરવો, વગેરે વિધિસરની ક્રિયાઓ ચારથી પાંચ દિવસ ચાલે છે. બીજી રીતે લગ્ન થાય તે સાદું લગ્ન છે. જેમાં પોતાના સમાજ-પંચના આગેવાનો વર-કન્યા પાસે દારૂની ધાર આપે એટલે લગ્ન થઈ જાય. પ્રથમ પ્રકારના લગ્નમાં આશરે પાંચથી દશ

હજાર (દહેજ વગર) ખર્ચ થાય છે. સાદા લગ્નમાં બેથી ત્રણ હજાર ખર્ચ થાય છે. હાલમાં લગ્નમાં કન્યાને અપાતી વસ્તુનું પ્રમાણ વધતું જાય છે. છેલ્લે એક કુટુંબે પાંત્રીસ હજાર દહેજ આપ્યું હતું એવું જાણવા મળ્યું છે.

આ કોમમાંથી અન્ય જ્ઞાતિમાં લગ્ન થયાં હોય તેવા દાખલા બહુ ઓછા છે. આમ છતાં કોઈ પુરૂષ કે સ્ત્રી સભ્ય અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તો તેની સાથે રોટી-બેટી કે કોઈ પણ પ્રકારનો સંબંધ રખાતો નથી. વિધવા પુનર્લગ્ન સમાજમાન્ય છે. સાળીવટું થયાના દાખલા ઘણા છે. દિયરવટું થાય છે, જ્યારે જેઠવટું થતું નથી.

આ કોમના ભૌગોલિક રીતે ત્રણ વિભાગો છે : ગુજરાતી, કાઠિયાવાડી અને માળવી. આમાં ગુજરાતી અને કાઠિયાવાડીમાં છૂટાછેડા લઈ શકાય છે, જ્યારે માળવી સ્ત્રી છૂટાછેડા લઈ શકતી નથ. છૂટાછેડા લેવામાં મુખ્યત્વે ઝઘડા થવા, ચારિત્ર ઉપર શંકા જવી વગેરે કારણો છે. પતિ-પત્ની છૂટાછેડા દ્વારા જુદાં થાય ત્યારે એકબીજાની દહેજની રકમ પાછી આપવી પડે છે. છૂટાછેડા લે ત્યારે જે બાળકો હોય તે પુરૂષે રાખવાં પડે છે.

મૃત્યુ :

આ કોમમાં મૃત્યુ અને તેના પછીની વિધિઓ ઘણી અલગ તરી આવે તેવી છે. વ્યક્તિ મૃત્યુ પામી છે એવો ખ્યાલ આવે એટલે તુરત જ નજીકનાં સગાં-વહાલાંને બોલાવવામાં આવે છે. સાથોસાથ ઢોલ અને શરણાઈવાળાને બોલાવવામાં આવે છે. વ્યક્તિના મૃત્યુ પ્રસંગે આવેલાં સગાંઓ મૃતદેહને સ્નાન કરાવી નવાં વસ્ત્રો પહેરાવે છે. મૃત્યુ પામનાર વ્યક્તિ કુંવારો કે કુંવારી હોય તો તેને હળદર લગાવે છે. કુંવારો છોકરો મૃત્યુ પામે તો તેને ભરવાડનો અને કુંવારી છોકરી

મૃત્યુ પામે તો ભરવાડણનો પોશાક પહેરાવવામાં આવે છે. મૃતદેહને ઠાઠડીમાં લઈ જાય છે. ઠાઠડી ઉપર નવાં વસ્ત્રો, ફૂલહાર રખાય છે તેમાં ગુલાલ છાંટવામાં આવે છે. એક બાજુ ઢોલ વાગતો હોય, ફટાકડા ફૂટતા હોય, પૈસા ઉડાડતા હોય વગેરે દશ્યો છારા જાતિની સ્મશાનયાત્રામાં જોવા મળે છે. મૃત વ્યક્તિને એક બાજૂ અગ્નિદાહ આપે છે, ત્યારે બીજી બાજુ સ્મશાનયાત્રામાં આવેલા સૌ દારૂની મિજબાની કરે છે. અગ્નિદાહ આપી પાછા ફર્યા બાદ મૃત વ્યક્તિને ઘેર બધાંને મીઠાઈ આપવામાં આવે છે. આમ છારા સમાજમાં મૃત્યુની ક્રિયામાં લગ્ન જેવું વાતાવરણ જોવા મળે છે. મૃત્યુ પછીના બાર દિવસ સુધી મૃત્યુ હોય તે ઘેર રસોઈ કે ચા-પાણી બનાવતા નથી. અન્ય સગાં-સંબંધી, પાડોશીને ત્યાંથી આવી વસ્તુઓ આવે છે. ઉપરોક્ત બધી જ ક્રિયા યુવાન કે વૃદ્ધ કોઈ પણ મૃત્યુ પામે તેમાં જોઈ શકાય છે. મૃત્યુ બાદ શોકાતુર ઘરે બે ત્રણ દિવસ સુધી ભજન કરાવવામાં આવે છે. કોઈ સુખી અને પૈસાદાર કુટુંબ હોય તો વધારે દિવસ પણ ભજનનો કાર્યક્રમ રાખે છે. બારમાનો વિધિ પણ કરવામાં આવે છે અને ત્યારબાદ છ માસે કે વર્ષે શોક ઉતારવાનો વિધિ થાય છે. આ સમાજમાં મૃત્યુ બાદની સમગ્ર વિધિમાં આશરે ત્રણથી ચાર હજારનો ખર્ચ થાય છે.

ધાર્મિક જીવન

ધર્મ અને તેની ભૌતિક સંસ્કૃતિ સાર્વત્રિક છે. દરેક સમાજમાં તેની હસ્તી હોય છે. આમ છતાં સંસ્કૃતિ પ્રમાણે ધાર્મિક માન્યતાઓ ભિન્ન-ભિન્ન પ્રકારની જોવા મળે છે. આ જાતિના સભ્યો હિન્દુ ધર્મમાં માને છે, પરંતુ આ કોમમાં આવતાં બે ગોત્ર ભોગા અને ધારંગા

અંશત : મુસ્લિમ ધર્મ પાળે છે. જેમાં તેઓ ફક્ત રમજાનના રોજા પાળે છે. બાકી બધી વિધિઓ હિન્દુ ધર્મ પ્રમાણે કરે છે.

આ જાતિનાં દેવ-દેવીઓમાં કાળકામાતા, મેલડી, અંબાજી, ખોડિયાર ભવાની, મહાકાળી, હનુમાન, રામદેવ પીર, કૃષ્ણ, રામ, શંકર વગેરેનો સમાવેશ થાય છે.

આ જાતિમાં ધર્મનું સ્થાન :

છારા જાતિનો મોટો વર્ગ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે, આવી પ્રવૃત્તિમાંથી નિર્વિઘ્ને પસાર થવાય તે માટે તેઓ ધર્મમાં વધારે શ્રદ્ધા રાખે છે, કારણ કે વ્યક્તિને જ્યારે પોતાના વ્યવસાયમાં સ્થિરતા જણાતી ન હોય, પોતે ખોટાં કાર્ય કરી રહ્યો હોય ત્યારે તેમાંથી બચવા ધર્મ તરફ વધુ ઝૂકે છે. એવું જ કંઈક છારામાં જોવા મળે છે. અમુક સમયે તો શ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધાનાં તત્વો વધારે જોવા મળે છે.

જીવનના સર્વ પ્રસંગો, ઉત્સવોમાં ધર્મનું સ્થાન આગવી રીતે તરી આવે છે.

ધાર્મિક ભાવના :

ધર્મમાં બધા પોતાના ઈષ્ટદેવને માને છે. દરેક ગોત્રને કોઈને કોઈ કુળદેવી હોય છે. પ્રસંગોપાત્ર તેની પૂજા કરનામાં આવે છે અને નૈવેદ પણ ધરવામાં આવે છે.

આ દેવ-દેવીઓમાં કેટલાંકની પૂજા સામૂહિક રીતે કરવામાં આવે છે. છારા લોકો સામૂહિક પૂજામાં કૃષ્ણ અને શંકરને પૂજે છે જ્યારે વ્યક્તિગત પૂજામાં ખોડિયાર, ભવાની, મહાકાળી વગેરે દેવીને પૂજે છે.

સામાન્ય રીતે આ લોકો દેવની પૂજા મલીદો (રોટલી-ગોળનું મિશ્રણ) કે મીઠાઈ ચઢાવી કરે છે, જ્યારે દેવીની પૂજામાં નૈવેદમાં બકરો અથવા લાપસી ચડાવે છે.

તહેવારો-ઉત્સવો :

આ જાતિના લોકો હિન્દુ ધર્મમાં આવતા તહેવારો, ઉત્તરાયણ, શિવરાત્રી, હોળી રામનવમી, નવરાત્રી અને દિવાળી વગેરે મનાવે છે. તહેવારો મનાવવા પાછળનું કારણ ફક્ત આનંદ છે, એવું આ લોકો માને છે.

ભૂત પ્રેત અને ભગત-ભૂવા :

છારા લોકો ભૂત પ્રેતમાં ખૂબ જ માને છે. તેઓની માન્યતા પ્રમાણે ભૂત-પ્રેત એકાંતમાં વસતું હોય છે. તેઓ એમ પણ માને છે કે કોઇ વ્યક્તિ આપઘાત કે અકસ્માતથી મરી ગઈ હોય તો તે ભૂત બને છે. વળી મરતી વેળાએ કોઈ ઈચ્છા બાકી રહી ગઈ હોય તો પણ તે ભૂત બને છે, જે કુટુંબીજનોને હેરાન કરે છે.

ભૂત-પ્રેતના ત્રાસમાંથી બચવા તેઓ ભગત અને ભૂવા પાસે જાય છે. ભૂવા વળગાડ થયેલ વ્યક્તિને દાણા જોઈને નિરાકરણ માટે શું શું કરવું વગેરે સૂચવે છે. સામાન્ય રીતે ભૂવા દેવ-દેવીને નૈવેદ ધરવાનું કહે છે.

ડાકણ :

છારા લોકો ડાકણમાં પણ માને છે. તેઓની માન્યતા પ્રમાણે ડાકણો બે પ્રકારની હોય છે. (૧) એવી ડાકણ કે જે સ્ત્રી મૃત્યુ પામી

છે, પરંતુ તેનો આત્મા અતૃપ્ત રહેતાં ભટકયા કરે છે જ્યારે (૨) એવી ડાકણ કે જે સ્ત્રી જીવિત છે, અને જેનાં હાવભાવ, નજર વગેરે ઝેરીલા પ્રકારનાં હોય છે.

છારા લોકોને આવી મુશ્કેલીઓમાં ભગત-ભૂવા માર્ગદર્શક બને છે. આ લોકોમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ભગત-ભૂવાને ઘણું જ મહત્વ આપે છે એક રીતે છારા માટે ભૂવા એ સામાજિક દાકતર છે.

ઉપસંહાર અને આયોજન

પરિવર્તન પામતી આ જાતિ :

સમાજ પરિવર્તનશીલ છે. અલબત્ત આ પરિવર્તનનો આધાર સમાજનું સ્વરૂપ, આજુબાજુનું વાતાવરણ, જૂનાં મૂલ્યો સાથેનો તેનો સંબંધ અને શિક્ષણ ઉપર છે. જેવી રીતે દરેક સમાજ કે સમુદાયમાં પરિવર્તન આવે છે, તેમ આ કોમમાં પણ આવી રહ્યું છે. જીવનના દરેક પાસામાં આપણને આ બદલાયેલી પરિસ્થિતિ દૃષ્ટિગોચર થાય છે.

દેખાવ અને પહેરવેશમાં આજે ઘણું પરિવર્તન આવ્યું છે. તેઓનાં કપડાં ઉપરથી છારા-આડોડિયા સાંસી છે તેવો ખ્યાલ આવતો નથી. હવે અન્ય સમાજના સહવાસથી તેમના પોશાકમાં પરિવર્તન આવી ગયું છે.

પહેલાં તેઓ ગુજરાન ચલાવવા માટે ચોરીનો વ્યવસાય કરતા હતા. આજે તેઓ ચોરી તેમ જ દારૂ ગાળી પોતાનું ગુજરાન ચલાવે છે. હાલમાં ઘણા સભ્યો સરકારી નોકરી, મિલ કામદાર, ડ્રાઈવર, વકીલ વગેરે તરીકે કામ કરે છે.

સામાજિક રીત-રિવાજોમાં તેઓ પરંપરાને અનુસરી રહ્યા છે. આમ છતાં હાલમાં દેખાદેખી વધી ગઈ છે. તેને કારણે દીકરીનાં લગ્ન સમયે દહેજ વધુ આપવું કે મૃત્યુ પાછળની ક્રિયામાં વધુ ખર્ચ કરવું વગેરે દેખાઈ આવે છે.

ધર્મ એક એવી બાબત છે કે જેને વ્યક્તિ છોડી શકતી નથી. આ જાતિમાં પણ પરંપરાથી ચાલી આવતી ભૂત-પ્રેત, ડાકણ વગેરે અંગેની માન્યતાઓ તથા બલિદાન, ભગત-ભૂવા વગેરેને સ્થાન છે.

ઉપર્યુક્ત હાલનું ચિત્ર હોવા છતાં છારા જાતિમાં પરિવર્તન આવી રહ્યું છે. પરિવર્તન લાવવા માટેનાં અનેક પરિબળોમાં શિક્ષણે ઘણું મહત્વનું પ્રદાન કર્યું છે. આજથી ત્રીસેક વર્ષ પહેલાં આ લોકો શિક્ષણથી ડરતા હતા. જ્યારે આજે શિક્ષણ તરફ અભિરુચિ ખીલી છે. યુવાનો દૃઢ રીતે માને છે કે શિક્ષણ હશે તો જ અમારી જાતિનો વિકાસ થશે. આ જાતિમાં મા બાપ દારૂ-ચોરીના ધંધા સાથે સંકળાયેલ હશે તો પણ પોતાના બાળકને શિક્ષણ આપશે. આ શિક્ષણના કારણે છારા જાતિમાં અત્યારે દશ-બાર એલ. એલ. બી. થયેલાં, ત્રીસેક ગ્રેજ્યુએટ અને સ્કૂલ-કોલેજમાં જનાર તો ઘણાં છોકરા-છોકરી છે. આ રીતે શિક્ષણનું પ્રમાણ વધતું જશે તો લાંબા સમયે ઘણો ફેર પડશે.

આ કોમ માટે આયોજન કેમ જરૂરી છે ?

સ્વતંત્રતા બાદ ભારતના બંધારણમાં વ્યક્તિગત વિકાસ અને બિનસંપ્રદાયિકતાને પ્રમુખ સ્થાન અપાયું છે. સાથોસાથ સરકાર પણ જે જ્ઞાતિ કે સમાજ પાછળ રહી ગયાં હોય તેના ઉત્થાન માટે જરૂરી પ્રયત્નો કરે છે. આવી જાતિઓનો વ્યવસ્થિત વિકાસ થઈ શકે તે માટે પંચવર્ષીય યોજનાઓમાં તેને માટે અલગ રકમ ફાળવી આયોજન કરવામાં આવે છે.

છારાઓ ઉપર શંકા જાય છે. પરંતુ એટલો વિચાર કરવો જોઈએ કે ગુનેગાર જન્મતો નથી, બનાવવામાં આવે છે. આથી સરકારી માણસોએ અને અન્ય સમુદાયોએ છારા વિષેની જે પરંપરાગત છાપ પડી છે તેમાંથી બહાર આવી વાસ્તવિકતા તપાસવી જોઈએ. આજે આ કોમમાં ઘણા શિક્ષિતો અને બીજો કોઈ ધંધો કરી શકે તેવા શકિતશાળી લોકો છે. પંરતુ તેમને જોઈતો અવકાશ મળતો નથી. આમ લોકોએ છારા વિષે જે છાપ છે તેમાંથી બહાર આવવું જોઈએ. જોકે આ બાબત ઘણી જ જટિલ છે.

(૨) વહીવટી તંત્ર :

સ્વતંત્રતા પછી દેશમાં પછાત લોકોના વિકાસ માટે ઘણાં આયોજનો થયાં. મહાનગરોમાં પણ શહેરી વિકાસ માટે તથા તેની સુંદરતા માટે આયોજનો થયાં. આમ છતાં છારા જાતિના વિકાસ માટે આમાં કશો હિસ્સો જોવા મળ્યો નથી. છારાના મહોલ્લામાં કોઈ પ્રાથમિક સુવિધાની સગવડ નથી. તેમને માટે સ્ટ્રોટ લાઈટ કે વ્યવસ્થિત રસ્તા નથી. તેમની ફરિયાદો કે પ્રશ્નો સાંભળવાનો કોઈને સમય નથી. ત્યાં જે પોલીસ મૂકવામાં આવી છે તેની પ્રવૃત્તિ ફકત હપ્તા ઉઘરાવવાની અને છારા લોકોને મારવાની રહી છે. આમ કરવાથી પ્રશ્નનું નિરાકરણ થવાને બદલે પ્રશ્ન ગૂંચવાય છે. આથી તેમના પ્રશ્નો બરોબર સાંભળી, સમજી, વિચારી તેના ઉપાયો કરવા જોઈએ. ઊલટાનું ૧૯૫૬થી તેઓને ખેતી કરવા માટે જમીન આપવામાં આવી હતી તે પણ ૧૯૭૮માં લઈ લેવામાં આવી ! આ રીતે તેમના વિકાસ કાર્યમાં વેગ આપવાને બદલે તેમાં અવરોધો ઊભા કરવામાં આવ્યા છે.

(૩) ત્રિકોણિયો જંગ :

છારા લોકોની ગુનાહિત પ્રવૃત્તિમાં ત્રિકોણાકાર જંગ છે. જે

છારા સમાજની ગુનાહિત પ્રવૃત્તિને વધુ જટિલ અને ગૂંચવણભરી બનાવે છે. આ ત્રિકોણાકાર પરિસ્થિતિમાં (૧) પરંપરાગત રીતે ચાલ્યું આવતું જાતિ પંચ (૨) પોલીસ અને (૩) છારા સમાજના શિક્ષિત યુવાનો અને સમાજ સુધારાની અપેક્ષા રાખતા છારા લોકો છે.

છારા સમાજ ઉપર જેનું નિયંત્રણ છે તે પંચ, પોલીસ લોકોને સહકાર અને સાથ આપે છે. પંચના આગેવાનોની આર્થિક સ્થિતિ સારી કહી શકાય તેવી છે. પંચના આગેવાનો પણ દારૂના ધંધા સાથે સંકળાયેલા છે. આથી પોતાનો ધંધો સારી રીતે ચાલે તે માટે પોલીસને મોટા હપ્તા આપે છે. પોલીસની ભૂમિકા ગુનાહિત પ્રવૃત્તિ નાબૂદ કરવાની છે. પરંતુ છારાનગરમાં તો જે કુટુંબે છૂટથી દારૂ ગાળવો હોય તેણે પોલીસને રૂા. ૩૦૦થી રૂા. ૫૦૦ સુધીનો હપ્તો આપવો પડે છે અને જે ટુકડી ચોરી કરીને પાછી ફરે તેણે રૂા ૫૦૦થી ૧૦૦૦ સુધી પોલીસને આપવા પડે છે. આમ છારાનગરમાં ગુનાહિત પ્રવૃત્તિ વધે તેવું જ પોલીસ વિષયક આયોજન છે. ઉપરાંત બંને સ્થિતિથી અલગ ઘણા શિક્ષિત યુવાનો તેમજ સમાજ સુધારાની પ્રવૃત્તિમાં રસ ધરાવનાર લોકોને આની સામે સૂગ છે. તેઓ આ ગુનાહિત પ્રવૃત્તિનો વિરોધ કરે છે. પરંતુ તેમનું જૂથ નાનું હોવાથી તેમનું કોઈ સાંભળતું નથી. એટલું જ નહિ પણ હવે તો જે યુવાનો આવી ગુનાહિત પ્રવૃત્તિનો વિરોધ કરે છે તેની ઉપર પોલીસ લોકો પંચનો સાથ લઈ ખોટા કેસ કરે છે. આ ત્રિકોણાકાર સ્થિતિ જ પ્રશ્નને વધુ જટિલ બનાવે છે.

આમ છતાં ઉપરોકત મર્યાદાને ધ્યાનમાં લેવામાં આવે અને ત્યાર બાદ તેના પ્રશ્નોનું નિરાકરણ કરવાતું વિચારીએ તો ઘણી સુગમતા રહેશે.

છારા સમાજમાંથી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટેના થયેલા પ્રયાસો :

ગુનાહિત પ્રવૃત્તિ કરતા લોકોને સુધારવામાં જેટલું કામ કાયદો કરે છે તેમાં કરતાં જો યોગ્ય સમાજસેવકો હોય તો તે આવી પ્રવૃત્તિઓ છોડાવી શકે છે. પરંતુ આપણી કમનસીબી એ છે કે આજે સમાજને યોગ્ય, નિસ્વાર્થ અને સેવાભાવી સેવકો મળતા નથી. થોડા વર્ષો પહેલાં અમદાવાદમાં દારૂબંધીના વ્યવસ્થાપક શ્રી અર્જુન લાલાએ છારાનગરમાં આવી પ્રવૃત્તિ અટકાવવા ઘણું કામ કર્યું હતું. એવું કહેવામાં આવે છે કે આ સમયમાં ત્રણ વર્ષ સુધી છારા લોકોએ ગુનાહિત પ્રવૃત્તિ છોડી દીધી હતી.

છારા સમાજના જ અમુક શિક્ષિત યુવાનો ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે પ્રયાસો કરે છે. આ કામને વધુ વ્યવસ્થિત કરી શકાય તે માટે ૧૯૬૫માં 'છારા વિદ્યાર્થી સંઘ'ની સ્થાપના કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ દારૂની પ્રવૃત્તિ બંધ કરાવવાનો હતો. પરંતુ સમાજના આંતરિક ઝઘડામાં તેને સહાયતા ન મળતાં, ૧૯૭૫ની રજી ઓકટોબરે 'છારા ડેવલપમેન્ટ એસોસિયેશન'ની સ્થાપના થઈ. તે મંડળ પણ બહુ ન ચાલતાં છેલ્લે ૧૯૭૯ની ૧ લી મેના રોજ 'છારા યૂથ સોસાયટી'ની સ્થાપના કરવામાં આવી, જેમાં અંદરોઅંદર સહકાર અને બંધુતાની ભાવના વધારવાનાં અને ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવાનાં મુખ્ય ધ્યેયો રાખવામાં આવ્યાં છે.

છારા સમાજના જે શિક્ષિત યુવાનો આવાં મંડળો ચલાવે છે તેમને સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી સહાકાર અને હૂંફ મળશે તો ઘણું સારૂં કામ થશે અને તેઓ છારા કોમના અને અન્ય સમાજની સલામતીના ફાયદામાં હશે.

ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટેનાં સૂચનો

આગળ આપણે છારા લોકોની આર્થિક પ્રવૃત્તિ અંગે વાત કરી. તેના સંદર્ભમાં એટલું કહી શકાય કે તેમને માટે આયોજન કરતાં પહેલાં તે કોમમાં થતી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવી જરૂરી છે અને તેમનો શૈક્ષણિક વિકાસ થાય તેવું આયોજન કરવું જોઈએ.

છારા સમાજમાં દારૂ ગાળવો અને ચોરી કરવી મુખ્ય પ્રવૃત્તિ છે. છારા સમાજમાંથી ૯૫ ટકા કુટુંબો દારૂ ગાળવાના વ્યવસાય સાથે સંકળાયેલ છે. આ પ્રવૃત્તિને ડામવા માટે નીચેના ઉપાયો લઈ શકાય :

(૧) દારૂ ગાળનાર કુલ કુટુંબોમાંથી ૯૫ ટકા કુટુંબો પૈસાની લાલચથી દારૂ ગાળે છે. આવાં કુટુંબોમાંથી પોલીસને હપ્તા અપાય છે. દારૂની પ્રવૃત્તિને ઉત્તેજનારાં તો અમુક જ કુટુંબો છે, જેને છારા લોકો અને પોલીસ સારી રીતે જાણે છે. આવી માથાભારે વ્યક્તિઓને હદપાર કરવામાં આવે તો અન્ય લોકો ગભરાટથી આ પ્રવૃત્તિ કરતા અટકશે.

(૨) પોલીસ ઈમાનદાર હોવી જોઈએ, જે મુશ્કેલ બાબત છે. આજે છારાનગરમાં ઘણી પોલીસ છે, જે હપ્તા લેવા અને ખોટા કેસ ઊભા કરવા સિવાય બીજું કશું કામ નથી કરતી, એમ કહેવાય છે. પરંતુ પોલીસ ઈમાનદારીથી કડક બને અને દારૂની પ્રવૃત્તિ ચલાવનાર ઉપર કેસ કરે તો દારૂની પ્રવૃત્તિ કરતાં ઘણા અટકશે.

(૩) પોલીસ જ્યારે દારૂનો કેસ કરે છે ત્યારે અમુક નક્કી કરેલ માણસોને અથવા તો જે વ્યક્તિ કોર્ટમાં હાજર ન રહે તેને જ પંચમાં લે છે. એ તો સ્વાભાવિક છે કે કોર્ટમાં પંચ હાજર ન રહેતાં ગુનેગાર વ્યક્તિ છૂટી જાય છે. અને એ પણ સત્ય હકીકત છે કે કોર્ટમાંથી

કેસનો નિકાલ જલદી થતો નથી, એવી સામાન્ય ધારણા છે. આથી દારૂમાં સંડોવાયેલ વ્યક્તિઓ માટે કોઈ ખાસ કોર્ટ હોવી જોઈએ. આવી ખાસ કોર્ટમાં કેસ આવવાથી ગુનેગારને યોગ્ય દંડ કે સજા થશે તો દારૂની પ્રવૃતિ અટકાવી શકાશે.

(૪) છારાનગરમાં રહેતા શિક્ષિત અને યુવાન વર્ગનું નૈતિક બળ કેળવવું જોઈએ. સાચી વસ્તુને સાચી અને ખોટી વસ્તુને ખોટી કહેવાની હિંમત હોવી જોઈએ. આજે યુવાનો હિંમતથી દારૂની પ્રવૃત્તિ બંધ કરાવવા કામે લાગે તો આ પ્રવૃત્તિ જરૂરથી અટકી શકે.

(૫) જે કુટુંબો હાલમાં પોતાના ગુજરાન માટે લાચારીથી દારૂ ગાળે છે તેમની એક યાદી બનાવી તેમને યોગ્ય વ્યવસાય આપવો જોઈએ.

ઉપરોકત જુદા જુદા ઉપાયો કરવાથી છારાનગરમાંથી દારૂની પ્રવૃતિ બંધ કરાવી શકાય. દારુ ગાળતાં કુટુંબોની જેમ છારા સમાજમાં ચોરીનો ધંધો કરતાં ત્રીસ ટકા કુટુંબો છે. તેઓ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી અને ગુજરાત બહારથી ચોરી કરી લાવે છે. આમાં ચોરીનો માલ રાખનાર, પોલીસ વગેરેને વધારે ફાયદો થાય છે. ચોરીની પ્રવૃત્તિ અટકાવવા માટે આવાં કેટલાંક પગલાં ભરવાં જોઈએ :

(૧) જે છારા સભ્યો ચોરી કરે છે તેમની વ્યવસ્થિત ગેંગ છે, જેમાં એક વ્યકિત ગેંગનો નેતા હોય છે. ગેંગના અન્ય સભ્યો નેતા સાથે રહીને થોડા સમયમાં નેતા બની જાય છે. આથી હાલમાં જે નેતા છે તેને ઓળખી લઈ બહાર કાઢી મૂકવો અથવા તો પકડી લેવો જોઈએ. નેતા જવાથી સભ્યો આપોઆપ ઢીલા પડશે અને નવા સભ્યો આગળ નહિ આવતાં થોડા સમયમાં આ પ્રવૃત્તિ અટકશે.

(૨) છારા કોમના તેમ જ અન્ય એવા સમાજના લાંબા ગાળાના

ફાયદા માટે ગુનાહિત પ્રવૃત્તિ કરતા કે ચોરી કરતા માણસોને કોઈ સામાજિક કાર્યકરની દેખરેખમાં આશ્રમ પરિવાર જેવી સંસ્થામાં રાખવા. આશ્રમ પરિવાર એટલે એવો પરિવાર કે જ્યાં આવા સભ્યોને એક જગ્યાએ રાખી, સવાર–સાંજ પ્રાર્થના કરાવવામાં આવે અને નાનાં નાનાં કામો કરાવી સવાર–સાંજ નિયમિત શિક્ષણ આપી તેમને કોઈ ને કોઈ જગ્યાએ કામે લગાડેલાં રાખે. આમ કરવાથી પોતાના સમાજથી તેઓ અલગ રહેશે અને નવું વાતાવરણ સર્જાશે. આ રીતની આશ્રમ પરિવારની અમારી કલ્પના છે. આમ કરવાથી નવી પેઢી ચોરીના ધંધામાં નહિ આવે અને આપોઆપ આ ધંધો બંધ થશે.

(૩) ગુનાહિત બાળકો માટેની શાળામાં છોકરાઓને સાચું શિક્ષણ અને સંસ્કાર આપવામાં આવે છે. આવી શાળાઓ ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવામાં સફળ થઈ છે. આથી ગુનાહિત વિસ્તારની બહાર આવી શાળા ખોલવામાં આવે તો અનેક કિશોરોને ભાવિ અંધકારમાંથી બહાર લાવી શકાય અને એ રીતે ગુનાહિત પ્રવૃત્તિ કરતાં અટકાવી શકાય.

(૪) છારા સમાજમાં આર્થિક પ્રવૃત્તિમાં મુખ્ય ફાળો સ્ત્રીનો છે. સ્ત્રી–માતા જ છોકરાને ચોરી કરવા મોકલે છે. આથી સ્ત્રીઓને વર્ગ, ચર્ચા, પરિસંવાદ અને પ્રદર્શનો દ્વારા સારું શિક્ષણ આપવામાં આવે તો આ પ્રવૃત્તિ અટકાવી શકાય.

ઉપરોક્ત ઉપાયો ચોરી અને દારૂ ગાળવાના વ્યવસાયને અટકાવવા માટેના છે. એમને વાસ્તવિક બનાવવા માટે નીચેની બે બાબતોનો વિચાર કરવો જોઈએ :

(૧) છારાનગરમાં યોગ્ય, પ્રામાણિક, નિષ્ઠાવાન અને સેવાભાવી પોલીસ અધિકારી મૂકવા જોઈએ, જે અધિકારી આવી પ્રવૃત્તિ અટકાવવા માટે નિ:સ્વાર્થ ભાવે કામ કરે અને છારા લોકોના પ્રશ્નો સમજી તેમને

યોગ્ય માર્ગદર્શન આપે. તેમની નીચેના માણસોને પણ સેવાભાવથી કામ કરવાનું કહે.

(૨) બીજી મુખ્ય જરુરિયાત તે સામાજિક કાર્યકરની છે. જો કોઈ સમાજસેવક આવા વિસ્તારમાં જઈ કામ કરે તો તેને જરુરથી સાથ મળે. ૧૯૫૬ની આજુબાજુ દારૂબંધીના વ્યવસ્થાપક શ્રી અર્જુન લાલા છારાનગરમાં સમાજસેવક તરીકે આવ્યા. થોડાં સંમેલનો અને ચર્ચા બાદ સાચી પ્રવૃત્તિ કઈ હોય શકે તેનો ખ્યાલ આપ્યો. તેમના પ્રયત્ને છારાનગરમાં એ સમયમાં ગુનાહિત પ્રવૃત્તિ તદ્દન બંધ થઈ ગઈ હતી. આથી આગલા અનુભવને આધારે કહી શકાય કે હાલમાં સેવાભાવી કાર્યકર્તાની જરૂર છે.

સૂચિત કાર્યક્રમો :

છારા જાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે. આર્થિક રીતે પણ ઘણા લોકો ગરીબ છે. તેમને માટે પૂરતી પ્રાથમિક સુવિધા પણ નથી. તો આ બધા મુદ્દાઓ નજર સમક્ષ રાખી તેમનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટેનાં કેટલાંક સૂચનો આ પ્રમાણે છે :

આ કોમની આર્થિક સ્થિતિ સુધારવા નીચેના કાર્યક્રમો વિચારી શકાય :

(૧) છારાનગર બાજુમાં "સંસ્કાર કેન્દ્ર"નું એક મકાન છે. ત્યાં પહેલાં સીવણ ક્લાસ ચાલતા હતા. આમાં ઘણી છારા સ્ત્રીઓ પણ આવતી અને તાલીમ મેળવી પોતે સ્વરોજગારી મેળવતી. ઘણી સ્ત્રીઓને સીવણકામ ફાવે છે. આથી સરકાર તરફથી હપ્તા–પદ્ધતિથી કે લોન દ્વારા સીવણ માટે સંચા મળે તો ઘણી સ્ત્રીઓ પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરુપ બની શકે.

(૨) છારા કુટુંબોમાંથી કેટલાંક શાકભાજીની લારી ફેરવે છે. બીજા થોડા સભ્યોની આ કામ કરવાની ઈચ્છા છે. જે લોકો શાકભાજી માટે કે માલ માટે લારીની ઈચ્છા રાખતા હોય તેમને સરકાર તરફથી જરૂરી આર્થિક મદદ મળવી જોઈએ.

(૩) ઘણાં છારા કુંટુંબો પાસે મરઘાં છે. આથી જે લોકો મરઘાં ઉછેર કેન્દ્ર શરૂ કરવા ઈચ્છતા હોય તેમને મરઘાં ઉછેર તાલીમ અને અમુક સંખ્યામાં મરઘાં આપવાં જોઈએ, જેથી તેઓ પૂરક રોજી મેળવી શકે.

(૪) છારાનગરમાં હાલમાં સિંધી કુટુંબોની ઘણી દુકાનો છે, જે છારા લોકોનું આર્થિક રીતે ઘણું શોષણ કરે છે. છારા લોકોને શોષણમાંથી મુક્ત કરવા હોય તો કોઈ સહકારી વસ્તુભંડાર સ્થાપવો જોઈએ, જેથી છારા લોકોને વાજબી ભાવે વસ્તુઓ મળી શકે.

(૫) સેટલમેન્ટના સમયે છારા સ્ત્રીઓ મિલમાં તૈયાર થતાં કપડાં ધોવાનું કામ કરતી હતી, જેનું પ્રતિમાસ મહેનતાણું મિલ તરફથી મળતું. હાલના સંજોગોમાં મિલમાં તૈયાર થતાં કપડાં ધોવાનું કામ છારા સ્ત્રીઓને આપવામાં આવે તો ઘણી સ્ત્રીઓને રોજી મળી શકે.

(૬) દિવસે દિવસે પરિવર્તનની સાથે છારા યુવક-યુવતીઓને નવા વ્યવસાયો કરવાની વૃત્તિ જાગી છે. આ કોમના જે સભ્યોની માંગણી હોય તેમને વેપારધંધા માટે તાલીમ અને લોન આપી વ્યવસાય કરતાં કરવાં જોઈએ. આ લોકોને સાઈકલના માલ-સામાન વેચવામાં અને તેના રિપેરિંગમાં, પ્રોવિઝન-સ્ટોર કે ઇલેક્ટ્રિકનાં સાધનો વગેરેના કામમાં વધુ રસ છે.

(૭) આ કોમના સભ્યોનો શારીરિક બાંધો ઘણો સારો છે. ઘણા સભ્યો

સિપાઈ, પહેરેગીર થવા ઈચ્છે છે. આવા પ્રકારની નોકરીમાં તેમને વધુ તક મળે તેવા પ્રયત્નો થવા જોઈએ.

(૮) પોલીસ અને તેના જેવા દરજ્જાની અન્ય પ્રકારની નોકરીમાં શિક્ષણને બહુ મહત્વ આપવામાં આવતું નથી. આ કોમના સભ્યોમાંથી જેમણે ઓછું શિક્ષણ મેળવેલ છે અને પોલીસ થવા ઈચ્છે છે તેમને આવી નોકરીમાં તક અને પ્રાધાન્ય આપવામાં આવે તો તેમની શક્તિનો યોગ્ય ઉપયોગ થાય અને ઘણા નવા યુવાનોને કામ મળી રહે.

(૯) એમનું એક સૂચન એવું છે કે જો અમોને સી.આઈ.ડી. ખાતામાં નોકરી આપવામાં આવે તો સમાજમાંથી ઘણા ગુના અટકાવી શકાય. અમદાવાદના એક છારાનું સૂચન એવું છે કે અમદાવાદમાં થોડા શિક્ષિત યુવાન છારા સભ્યોને સી. આઈ. ડી.માં મૂકવામાં આવે તો ઘણી ચોરી પકડાય અને અન્ય ગુનાઓ અટકાવી શકાય. આનો અમલ અત્યારે તો શક્ય નથી; પરંતુ છારાઓમાં વિકાસની બે દશાબ્દીઓ જાય પછી આ કામ કરવા જેવું છે.

(૧૦) સરકારશ્રી તરફથી રસ્તા સુધાર, ખોદકામ, તળાવના પાળા બાંધવા વગેરે માટે કોન્ટ્રાક્ટ અપાય છે. તો આ કામમાં આ કોમના અને અન્ય લોકોની મજૂર સહકારી મંડળી બનાવી તેમને આ પ્રકારનું કામ સોંપવામાં આવે તો ઘણા સભ્યોને કામ મળી રહે.

(૧૧) છારા નગરમાં ઘણાં છારા ભાઈઓ સિંધી કુટુંબો પાસેથી રિક્ષા ભાડે લઈ ચલાવે છે. દાહોદ અને ભાવનગરમાં પણ છારા ભાઈઓ અન્યની રિક્ષા ભાડે લઈને ચલાવે છે. તો આવા સભ્યોને તેમ જ જે લોકો રિક્ષા ચલાવવાનું જાણે છે, જેમની પાસે લાઈસન્સ અને બેજ છે, તેમને બેંક દ્વારા લોન આપી રિક્ષા અપાવવામાં આવે

તો ઘણાં કુટુંબો પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે.

(૧૨) દીવાસળી અને તેની પેટી બનાવવાનું કારખાનું ખોલવામાં આવે તો ઘણા છારા સ્ત્રી-પુરુષ સભ્યો તે કામ કરવા તૈયાર થાય.

(૧૩) ઘણી છારા બહેનો ભરત-ગૂથંણ કામ કરે છે. તેમને આ પ્રકારનું કામ મળી રહે અને તૈયાર થયેલ વસ્તુ કોઈ દ્વારા ખરીદવામાં આવે તો ઘણી બહેનો આ પ્રકારનું કામ કરતી થાય.

(૧૪) 'લિજ્જત'ના કેન્દ્રો દ્વારા તથા અન્ય સાહસિકોના ઉદ્યમે પાપડ ઉદ્યોગ વિકાસ પામતો જાય છે. આ કોમની બહેનોને પણ એવું એકાદ કેન્દ્ર કરવામાં મદદ કરી તેમાં રોકવામાં આવે તો ઘણી બહેનોને કામ મળી રહે.

(૧૫) છારા સમાજમાં આવતા સામાજિક-ધાર્મિક પ્રસંગોના સમયે ઘણા છારા લોકોને અન્ય છારા કે બીજા જ્ઞાતિના સભ્યો પાસેથી પૈસા વ્યાજે લેવા પડે છે. પૈસા ધીરનાર વ્યાજ ઘણું લે છે. અમુક પ્રસંગોમાં કોઈ મંડળી કે બેંક દ્વારા જરૂરી રકમ આપવામાં આવે તો છારા સભ્યો શોષણમાંથી મુકત થઈ શકે.

સામાજિક સ્થિતિ સુધારણા માટેના સૂચનો

(૧) છારા કુટુંબનું કદ ઘણું મોટું છે. એ માટે યોગ્ય કાર્યકર્તાઓ રોકી કુટુંબનિયોજનનો પ્રચાર અને કામ થાય તો કુટુંબનું કદ ઘટે, જેને લઈને સામાજિક-આર્થિક સ્થિતિ સુધરી શકે.

(૨) લગ્ન-મરણ જેવા પ્રસંગોમાં છારા લોકો ઘણું જ ખર્ચ કરે છે. આવા અયોગ્ય ખર્ચા ઘટાડવા માટે સંમેલનો યોજી તેમને સમજાવવા જોઈએ. ઘણા શિક્ષિત યુવાનો આવા ખર્ચનો વિરોધ કરે છે. આથી આવા યુવાનોને સહકાર આપી તેમની પ્રવૃત્તિને ઉત્તેજન આપવું જોઈએ.

શૈક્ષણિક સ્થિતિ સુધારવા માટેનાં સૂચનો :

છારાઓના શિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આજથી

વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં જે શિક્ષણ મેળવતાં ડરતા હતા તે લોકો હવે પોતાનાં બાળકોને શિક્ષણ આપવા આતુર છે.

(૧) હાલમાં ઘણાં છોકરા-છોકરી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષણ લઈ રહ્યાં છે. કેટલાક યુવાનો ગ્રેજ્યુએટ પણ છે. તેમને બક્ષીપંચની જાતિઓ માટે જે અનામત જગ્યાઓ છે તેમને માટેની સમજ અને શિક્ષણ આપવાં જોઈએ. આથી અભ્યાસનો ઉત્સાહ વધશે.

(૨) જ્યાં જ્યાં આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા લોકો વસે છે, તેની આજુબાજુમાં ફકત તેમને માટે બાલવાડી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા ખોલવી જોઈએ. એમાં શકય હોય તો છારાને શિક્ષક તરીકે નીમવા જોઈએ. સાથેસાથ કોઈ છાત્રાલય જેવી વ્યવસ્થા કરવી જોઈએ. એમાં શિક્ષણ લેતાં છોકરા-છોકરીને ખાથાપીવાની સગવડતા સરકારશ્રી તરફથી અપાતી હોય. અમુક રજાઓમાં જ છોકરા-છોકરીને પોતાના ઘેર જવા દેવાં જોઈએ. બને તો આદિવાસી વિસ્તારની જેમ આશ્રમશાળાઓ ખોલવી જોઈએ. પરિણામે શિક્ષણનો વધારો થશે. છોકરાંઓમાં અલગ સંસ્કારનું સિંચન થશે અને પોતાની કોમની ગુનાહિત પ્રવૃત્તિથી અળગા રહેવાથી ગુનાહિત માનસ નહિ બને.

આરોગ્યની પરિસ્થિતિ સુધારવા માટેના સૂચનો :

છારા લોકો શારીરિક રીતે ઘણા ખડતલ છે છતાં અમુક ટેવ અને પરિસ્થિતિને કારણે તેમનાં આરોગ્ય ઉપર વિપરીત અસર થાય છે. તેમનું આરોગ્ય સારૂં જળવાઈ રહે તે માટે નીચેની બાબતોનો ખ્યાલ કરી કાર્યક્રમ કરવો જોઈએ :

(૧) છારાનગરમાં હાલમાં ૫૫૦ કુટુંબો વસવાટ કરે છે. છતાં ત્યાં જાહેર મુતરડી કે સંડાસની વ્યવસ્થા નથી, સંડાસ માટે તેઓ બહાર ખુલ્લામાં જાય છે. જાહેર આરોગ્ય માટે તાત્કાલિક સંડાસ-મુતરડી બનાવવાં જોઈએ.

(૨) છારાનગરમાં રહેતા લોકોને પીવાના પાણી માટે બોરની વ્યવસ્થા છે, જે દ્વારા છારાનગરમાં પીવા માટેનું પાણી આપવામાં આવે છે. પરંતુ ત્યાં જે પાણી નીચે ઢોળાય છે તેના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. આથી ગટરની વ્યવસ્થા કરવામાં આવે તો તો કાદવ થતો અટકાવી શકાય, મચ્છર અને માખીઓનો ઉપદ્રવ ઘટે અને કોલેરા–મેલેરિયા જેવા રોગ ન ફેલાય

(૩) છારા લોકોમાં કેટલાક પાસે સારાં મકાન છે; જ્યારે મોટા–ભાગના કુટુંબોને મકાનની સગવડ નથી. આવા કુટુંબોમાં એક મકાનમાં ઘણા બધા સભ્યો સાથે રહે છે. આથી મકાન વિહોણા માટે મકાનની વ્યવસ્થા કરી આપવી, જેથી બાલમાનસ ઉપર વિકૃત અસર ન પડે અને દરેક કુટુંબ સારી રીતે રહી શકે.

ઉપર જણાવેલાં જુદાં જુદાં સૂચનોનો અમલ કરી, છારા જાતિ માટે કાર્યક્રમો બનાવી, તેનો વાસ્તવિક અને વ્યવહારલક્ષી ઉપયોગ કરવામાં આવશે તો આ જાતિનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ થશે અને આ લોકોમાંથી ગુનાહિત પ્રવૃત્તિ અટકશે. જો યોગ્ય કાર્યકર્તા અને સંસ્થા દ્વારા ઉપર્યુક્ત કાર્યક્રમ અમલમાં મૂકાશે તો ભાવિ પેઢીનો ઉત્કર્ષ અને વિકાસ થશે જ. આ જે બધા કાર્યક્રમો સૂચવેલ છે તે બધામાં જ છારા સમાજનો પૂર્ણ સહયોગ લેવો પડશે. જ્યાં સુધી તેમનો સહયોગ ન મળે ત્યાં સુધી કોઈપણ યોજના સફળ થઈ શકવાની નથી. એ પણ સૂચવવા માગીએ છીએ કે આ સહયોગ સક્રિય હોવો જોઈએ. જે અભિપ્રાયો ઉપર અપાયા છે તેમાં કોઈનો દોષ જોવાનો જરાય ઈરાદો નથી. પ્રસ્તુત સમાજ વિકસિત થાય તે જ ધ્યેય રહ્યું છે. છતાંય કોઈને ખોટું લાગ્યું હોય તો દરગુજર થાય.

પરિશિષ્ટ–૧

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિઓ/વર્ગ/જૂથો

૧. આગ્રી

૨. આહીર, આયર–બોરીચા

૩. બાકૃણ (મુસ્લિમ)

૪. બારોટ, વહીવંચા–ચારણ–ગઢવી

૫. બાવચા

૬. બાવરી અથવા બાઓરી

૭. બાવા, અતીત બાવા, ગોસ્વામી, વૈરાગી બાવા, ગોસાઈ. દશનામ ગોસ્વામી, રામાનંદી, પુરી, ભારતી, કાપડી, નાથબાવા, ભરથરી, માર્ગી, ગંગાજળીઆ, દશનામી બાવા, ગિરિ.

૮. ભાલીઆ

૯. ભામટા, પરદેશી ભામટા

૧૦. ભરવાડ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ

૧૧. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજ્યના રાજકોટ વિભાગના ભીલ, ઈડરના મારવાડી અથવા માજી રાણા ભીલ.

૧૨. ભોઈ, ભોઈરાજ, ઢીમર, ઝીંગાભોઈ, કેવટભોઈ ભાનારાભોઈ, મછિન્દ્રભોઈ, પાલેવારભોઈ, કિરાતભોઈ, કહારભોઈ, પરદેશીભોઈ શ્રીમાળીભોઈ

૧૩. ચારણ ગઢવી

૧૪. છારા, આડોડીઆ, સાંસી

૧૫. ચુનારા

૧૬. ચુંવાળિયા કોળી

૧૭. ડબગર

૧૮. દિવેચા કોળી

૧૯. ડફેર (હિન્દુ અને મુસ્લિમ)

૨૦. ધોબી

૨૧. ફકીર (મુસ્લિમ)

૨૨. ગધઈ (મુસ્લિમ)

૨૩. ગાડલીઆ અથવા ગાડી લુહારીઆ

૩૪. ગળીઆરા (મુસ્લિમ)

૨૫. ઘાંચી (મુસ્લિમ)

૨૬. ઘેડીઆ કોળી

૨૭, ગોલા–રાણા

૨૮. હિંગોરા (મુસ્લિમ)

૨૯. જુલાયા ગરાણા, તરિયા અને તરી (બધા મુસ્લિમ)

૩૦. જત (મુસ્લિમ)

૩૧. કૈકાડી

૩૨. કાંબડીઆ ભગત

૩૩. કાંગસીઆ

૩૪. ખાટકી અથવા કસાઈ, ચામડીઆ ખાટકી, હાલારી ખાટકી (બધા મુસ્લિમ)

૩૫. ખટીક

૩૬. ખાંટ

૩૭. ખારવા–ભાડેલા

૩૮. ખ્રિસ્તી, ગુજરાતી ક્રિશ્ચિયન (ફક્ત અનુસૂચિત જાતિઓમાંથી ધર્મ પરિવર્તન કરનાર)

૩૯. કોળી, ઈડરિયા કોળી, ખારવા કોળી, રાઠવા કોળી, બારીયા કોળી, ઢેબરીયા કોળી

૪૦. લબાના, મહેરાવત, ગોટી હડકસી, ઝેડિ, ઢીંગા, પેલ્યા, શાબતે, બામણ

૪૧. લોધા

૪૨. મીર, ઢાઢી મિરાસી, લંધા (બધા મુસ્લિમ)

૪૩. માછી (હિંદુ) ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, બિતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ, કહાર

૪૪. મદારી, નાથ ભરથરી

૪૫. માજેઠી કુંભાર, દરબાન અથવા માજેઠી (બધા મુસ્લિમ)

૪૬. મકરાણી (મુસ્લિમ)

૪૭. મતવા અથવા મતવા-કુરેશી (મુસ્લિમ) ગવલી (હિંદુ)

૪૮. મે–મેતા

૪૯. મેણા (ભીલ)

૫૦. મેર

૫૧. મિયાણા (મુસ્લિમ)

૫૨. મોચી, જાગુસાલી, સિવણીઆ, મ્યાનગર, જિનગર, દસાણીઆ, ચામડીઆ, ભરતભરા, ચાંદલીઆ, સોનારી, આરી, ભરતભરા,

૫૩. નટ, નટ–બજાણીઆ, બજાણીઆ, બાજીગર, નટકા

૫૪. ઓડ

૫૫. પઢાર

૫૬. પધ્મશાલી, પટ્ટશાલી

૫૭. પીંજરા–ધાંચી, પીંજરા, મન્સુરી પીંજરા (બધા મુસ્લિમ)

૫૮. રબારી, ભોપા, કોડીઆતર, સોરઠીઆ રબારી, ચંધ્યા

૫૯. રાઠોડીઆ

૬૦. રાવળ, રાવળિયા, જતી અથવા રાવળયોગી, રાવળજતિ અથવા જાગરિયા

૬૧. સલાટ (સોમપુરા સલાટ સિવાયના) સલાટ ઘેરા

૬૨. સંધી (મુસ્લિમ)

૬૩. સરાણીઆ

૬૪. સરગરા

૬૫. શ્રાવણ, સરવણ

૬૬. શિકલીગર

૬૭. સીદ્દી

૬૮. સિપાઈ, પટણી–જમાત અથવા તુર્ક જમાત (બધા મુસ્લિમ

૬૯. તળપદા કોળી

૭૦. તનકર

૭૧. તરગાળા, ભવૈયા, નાયક, ભોજક

૭૨. ઠાકરડા, ઠાકોર, પાટણવાડીઆ, ધારાળા, બારીયા

૭૩. ઠેબા (મુસ્લિમ)

૭૪. વાદી

૭૫. હરિજન વણકર અને ચમારના વહીવંચા ચારણ ગઢવી

૭૬. વાળંદ નાયી અને બાબરા (હિંદુ) હજામ, ખલીફા, (મુસ્લિમ)

૭૭. વણકર સાધુ

૭૮. વાંસફોડા, વાંસફોડીઆ અથવા વાંઝા

૭૯. વણજારા શિનાગવાલા, અને કાંગસીવાલા (હિંદુ) અને ફક્ત ડાંગ જિલ્લાના વણજારા (મુસ્લિમ)

૮૦. વાઘરી, દાતણીઆ વાઘરી, વેડુ વાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડીયા વાઘરી, ચીભડીયા વાઘરી, મારવાડા અથવા મારવાડા વાઘરી

૮૧, વાઘેર (હિન્દુ અને મુસ્લિમ)

૮૨. વાંઢારા

નોંધ : ઉપરોક્ત જાતિઓમાંથી જાતિ ક્રમાંમ–૫. બાવચા, ૧૧. ભીલ, ૫૫. પઢારને આદિવાસી જાતિઓમાં અને ૫૨. મોચીને હરિજન જાતિઓમાં લેવામાં આવતાં હવે આ યાદી હેઠળ ૭૮ જાતિઓ રહે છે.